લતા અને લલિતા.

ભાગ ૨ જો.

[સચિત્ર સાંસારિક નવલકથા]

લખનાર
ચુનીલાલ વર્ધમાન શાહ
વઢવાણનિવાસી.

પ્રસિદ્ધ કરનાર
બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.

ઇ. સ. ૧૯૧૭—વિ. સં. ૧૯૭૩.

મૂલ્ય ૧૨ આના.

અમદાવાદ

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

મેરી મિલ્લત હૈ મુહબ્બત મેરા મજ઼હબ ઇશ્ક઼ હૈ,
ખ્વાહ હૂઁ મૈં કાફ઼િરોંમેં ખ્વાહ દીંદારોંમેં હૂઁ.

જ઼ફ઼ર.

Look round our world; behold the chain of Love
Combining all below and all above.

* * * * *

All served, all serving; nothing stands alone;
The chain holds on, and where it ends, unknown.

POPE.

“ રે કલ્યાણી! સખિ! ગુરૂ! પ્રિયે! પ્રેમની દિવ્ય જ્યોતિ!
“ તારે પન્થે વિહરીશ હવે, જાળ જંજાળ તોડી!
“ સંસારીને શિખવીશ હવે સ્નેહ, વૈરાગ્ય, ભક્તિ,
“ ને અન્તે હું મરીશ સુખમાં ઈશનું નામ બોલી!

કલાપી.

પ્રસ્તાવના.

[પ્રથમ આવૃત્તિ.]

"લતા અને લલિતા" નો દ્વિતીય ભાગ આજે વાચકોના કરકમળમાં વિરાજે છે. તેનો પ્રથમ ભાગ પ્રસિદ્ધ થયાને લગભગ સવા વર્ષ વીતી ગયું છે અને તેટલા સમયમાં મારા આ લેખનો કેવો આદર થાય છે તે જોવાની મને તક મળી છે. આટલા સમયના અનુભવપરથી હું જોઇ શક્યો છું કે ગુજરાતી ભાષા બોલનારા જનસમાજે આ નવલકથાનો સારો સત્કાર કર્યો છે અને કથાના ભવિષ્યના વિભાગોને માટે જનસમાજની વિધવિધ ઉચ્ચ અભિલાષાઓ બંધાવા પામી છે. આ અભિલાષાઓ મારા હૃદયને ઉત્તેજક થઇ પડે અને તેથી કથાનો વિકાસ વધારે સુંદર આકારમાં થતો જતો જોવાય તે સ્વાભાવિક જ છે. નવલકથાકારોનો હેતુ નવલકથા લખવામાં શો હોવો જોઇએ તે વિષે જૂદા જૂદા વિદ્વાનો તરફથી બહુ બોલાયું છે અને તેથી અત્ર તેનું પુનઃકથન કરવાની જરૂર નથી. રસ સાથે બોધ આપવાનું કાર્ય નવલકથાએ બજાવવું જોઇએ, એવો તેનો ટૂંકો હેતુ વિચારીએ, તોપણ એટલું તો અત્ર જણાવવું જોઇએ કે આ બોધ કેવળ લુખ્ખો અને ફીક્કો હોવો જોઇએ નહિ. કેવળ બોધનાં જ પ્રકરણો ભરીને નવલકથાની રચના કરવાથી ઇષ્ટ હેતુ સધાતો નથી, પરન્તુ તે બોધને વાર્તાના વળામાં એવી રીતે વણી લેવો જોઇએ કે જેથી તેની અસર વાચક ઉપર બેમાલૂમ રીતે થવા પામે. જો આ રીતે તે બોધ અપાએલો ન હોય તો તે અસરકારક થઇ પડતો નથી અને પરિણામે તે નવલકથા નવલકથાના એક ઉચ્ચ મહાગુણથી વંચિત રહેલી લેખાય. આ હેતુ મેં લક્ષ બહાર રાખ્યો નથી અને ગુજરાતી ભાષાના સારા સારા નવલકથાકારોએ પણ તે ધ્યાનમાં જ રાખીને પોતાની નવલકથાઓ લખી છે. બોધને વાર્તામાં વણી લેવાનું કામ ઉત્તમ, મધ્યમ કે કનિષ્ઠ પ્રકારે કરવામાં આવે તે તો લેખકની શક્તિપર અવલંબી રહે છે.

પ્રથમ વિભાગ બહાર પડી ગયા પછી મને જૂદા જૂદા પત્રકારો તથા વ્યક્તિઓ તરફથી જૂદી જૂદી સૂચનાઓ કરવામાં આવી છે; અને સાથે કેટલાકો તરફથી તે કૃતિની એકલી પ્રશંસા જ કરવામાં આવી છે. કોઇને શાબ્દિક ચિત્રમાં સુંદરતા ખીલી રહેલી લાગી છે, તો કોઇને ક્યાંય અતિશયોક્તિ જણાઇ છે; કોઇને નામધારી સુધારા સામેના આક્ષેપો નિરર્થક લાગ્યા છે તો કોઇને વિધવાવિવાહ વિરૂદ્ધની દલીલો અસરકારક જણાઇ છે! આ પ્રમાણે બહુ બહુ મતવૈચિત્ર્ય જોવામાં આવ્યું છે. એ ખરૂં છે કે સ્વમતાગ્રહીઓને સત્ય પણ અપ્રિય થઇ પડે છે; પરન્તુ સત્યપ્રિય મનુષ્યોને સ્વમત વિરૂદ્ધનું પણ સત્ય પ્રિય થઇ પડે છે. જે એક માર્ગે ભવિષ્યનો પ્રજાવર્ગ દોરાવાથી વિશેષ લાભ થવાનો સંભવ લેખક માનતો હોય તે માર્ગે તેને દોરવાનું કાર્ય તે પણ સાંસારિક નવલકથા લખનારનું એક કર્તવ્ય છે, અને તે કર્તવ્ય, ઉચ્ચાશયયુક્ત—પવિત્ર રૂપરેખાઓ ઉપર લોકરૂચિને આનંદ ઉપજાવનારાં વિવિધ રંગયુક્ત ચિત્રો દોરીને લેખકે બજાવવાનું છે. **विविधरुचिर्हि लोकः** અને **मुण्डे मुण्डे मतिर्भिन्ना** વાળા આ જગતમાં સર્વલોકપ્રિય થવાનું કાર્ય એક લેખકને માટે અશક્ય જ લેખાવું જોઇએ.

મને થએલી કેટલીક સૂચનાઓ અનુસરવાયોગ્ય જણાઇ છે અને તે આ દ્વિતીય વિભાગમાં તથા હવે પછીના વિભાગોમાં અનુસરાએલી જોવામાં આવશે. જે સત્યયુક્ત ભાસતું આલેખન આ કથામાં કરવામાં આવ્યું છે તે કેવળ તટસ્થ ભાવે અને ઉચ્ચ લક્ષ્યબિંદુ તરફ દૃષ્ટિ રાખીને જ કરવામાં આવ્યું છે. કાંઇ જ અન્યથા ભાવ રાખવામાં આવ્યો નથી અને રાખવાની ઇચ્છા પણ નથી. સમયનિર્માણ તથા સમયવહનમાં અનૌચિત્ય હોવાનું જણાવનારાઓએ કાંઇ જ સ્પષ્ટતા કરી નથી એટલે તે સૂચના મને નિરર્થક થઇ પડી છે. આ કથામાં આપવામાં આવતાં ચિત્રો સંબંધે એક એવી સૂચના મને કરવામાં આવી છે કે આવાં ચિત્રો આવેશાત્મક નહિ પણ વર્ણનાત્મક હોવાં જોઇએ કે જેથી

પ્રેક્ષકો જેમ જેમ તેનું વધુ નિરીક્ષણ કરે, તેમ તેમ તેમાંથી કાંઇક વધુ ને વધુ નવીનતા તથા માહિતી આલેખાએલી નિહાળે. આ સૂચના મને ખરેખર અનુસરણીય લાગી હતી; પરન્તુ મેં મારી મનઃસૃષ્ટિમાં જે ચિત્રો આલેખ્યાં હતાં તથા તેને કાગળ ઉપર પાડીને ચિત્રકારની સમક્ષ મૂકયાં હતાં તેમાંની સુંદરતાનો થોડો જ ભાગ ચિત્રકારની પીંછીમાં ઉતરી શકયો છે. કેટલાંક ચિત્રો રદ કરીને અને વારંવાર ચિત્રકારને તસ્દી આપીને જેમ બને તેમ વધારે યથાર્થ ચિત્રો આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, છતાં એટલું તો કબૂલ કરવું જોઇએ કે તેમાં જોઇએ તેટલી ભાવસૂચકતા આવી શકી નથી. લેખક પોતે જ જો ચિત્રકાર હોય તો તે કેટલી સુંદરતા એ ચિત્રોમાં આણી શકે તે વિષે અત્ર કહેવું નિરર્થક છે. ખરેખરાં વર્ણનાત્મક ચિત્રો આલેખવાનું કાર્ય આવી સ્થિતિમાં મુશ્કેલ અને અશક્યવત્ થઇ પડયું છે. આ નિરાશા દૂર કરવાનો વ્યવહારૂ માર્ગ એ છે કે લેખકે પોતાની પાસે સારા ચિત્રકારો રાખીને તેમની પાસે ચિત્રો દોરાવવાં અને ક્ષણે ક્ષણે તેઓને આલેખનાના સંબંધમાં સૂચનાઓ કરતા રહેવું. ગુજરાતી ભાષાની નવલકથાઓને માટે આ ખર્ચાળ કામ ઉપાડી લેવાનું કેટલું અશક્ય છે તે જણાવવાની કાંઈ જ જરૂર નથી. છતાં હવે પછીનાં વિભાગોમાં વધારે ભાવસૂચક ચિત્રો આપવાની ધારણા રાખી છે.

"લતા અને લલિતા" ના આ વિભાગમાં વાચકોને કાંઇક નવીનતા જણાયા વિના નહિ રહે. આ નવીનતા તેઓને આનંદદાયક અને આવશ્યક લાગે છે કે નહિ તે જાણવાનો હું જિજ્ઞાસુ છું; તેમ જ વિદ્વાનો તરફની સૂચનાઓનો પણ તેટલો જ જિજ્ઞાસુ છું. વાચકો અને વિદ્વાનો તે વિષેના પોતાના વિચારો મને જણાવશે તો હું તેમનો આભારી થઈશ.

સારંગપુર, અમદાવાદ.
તા. ૧૦ મી ઑક્ટોબર ૧૯૧૨. } ચુનીલાલ વર્ધમાન શાહ.

અનુક્રમણિકા.

લતા અને લલિતા.

ભાગ ૨ જો.

પ્રકરણ ૧ લું.

ચક્કર ફર્યું !

વહી જતાં વ્હાણો બગ સમ હિસે દૂર દરિયે,
ઝુલંતાં પાણીમાં શિખરવત મોજાં કુદી રહે !

કલાપી.

પૂર્ણિમાની ભરતીમાં સમુદ્ર આવા સુંદર દૃસ્યથી પ્રેક્ષકનાં તન અને મનને શાંતિદાન કરી રહ્યો છે. જળપટપર નૃત્ય કરી રહેલાં તરંગો અને તેઓનો કિનારા સાથેનો અફળાટ કાંઇ ઓર જ પ્રકારનો ગંભીર નાદ ઉપજાવી રહ્યો છે. કિનારાપરની ઓઝોનમિશ્રિત ઠંડી હવા અનેક શરીરોને સ્પર્શસુખ સાથે આરોગ્ય-

પ્રદાન કરી રહી છે. વિશાળ ઉદધિનું દર્શન કાંઇ કાંઇ શ્મશાનવૈરાગ્યમય વિચારોને જન્મ આપતું તેનાપર પ્રવાસ કરી રહેલાઓની સ્થિતિની કલ્પના કરાવી રહ્યું છે. રાત્રિના નવેક વાગ્યા હશે. અત્યારે ગોપાળરાય શેઠ પોતાના વાલકેશ્વરના બંગલાની ઉંચી આકાશિકાપર એક મખમલથી મઢેલા વિરામાસનપર પડ્યા છે અને ત્યાંથી દેખાતા દરિયાની રમત નિહાળી રહ્યા છે. ચિંતા કે ઉદ્વેગમૂલક કાંઇ વિચારો ચિત્તમાં પરિભ્રમણ કરતા નથી. ચિત્ત માત્ર ખુશમિજાજ અને આનંદમાં સ્વાભાવિક નૃત્ય કરી રહ્યું છે.

થોડી વારે કાન્તા શેઠાણી પણ રાત્રિનો પોશાક પહેરીને ત્યાં આવી પહોંચ્યાં. શેઠે ઉઠીને બાજુએ પડેલા વિરામાસનને ઘસડી પોતાના આસનની બરાબર સામે ગોઠવ્યું એટલે શેઠાણી તે પર બિરાજ્યાં. કેટલીક વારે શેઠાણીએ વાત કાઢતાં કહ્યું: "વારુ, લલિતાના વેવીશાળનું પછી શું કર્યું ?"

"વેવીશાળ નક્કી કર્યું છે તે તો તું જાણે છે; મંગળદાસે એમ કહ્યું છે કે કાન્તિ હમણાં કાંઇ ઐતિહાસિક સ્થળો જોવા ગયો છે, તે પાછો ફરશે એટલે વેવીશાળની રીતસર થતી ક્રિયા કરી નાંખીશું." શેઠે જણાવ્યું.

"મારે તે સંબંધે તમને બીજું જ કાંઇ કહેવાનું છે. લલિતાની પસંદગીનો કાંઇ વિચાર કર્યો ?"

"લલિતાની પસંદગી ? હા, લગ્નમાં કન્યાઓને હમેશાં અવાજ મળવો જોઇએ એ વાત ખરી છે. તેના વેવીશાળ માટે સૌથી પહેલાં તો આપણે તેને જ પૂછવું જોઇએ; પણ હું ધારતો નથી કે કાન્તિલાલની પસંદગીની સામે લલિતાને કાંઇ વાંધો ઉઠાવવા જેવું હોય."

"લલિતા કાન્તિલાલને પસંદ કરે છે કે નહિ તે કાંઇ હું જાણતી નથી; માત્ર તેણે કાલે મારું ધ્યાન ખેંચ્યું હતું કે વેવીશાળ કરતાં

પહેલાં તેનો મત લેવામાં આવે; અને તેની તે માંગણી વાજબી છે. જેની સાથે તેને જીવન ગાળવાનું રહ્યું તે તેને મનપસંદ હોય તો તે સુખી થાય. તેમ જ કાન્તિલાલથી લ્હવ (પ્રેમ) જોડાયા પહેલાં તેનું વેવીશાળ કરવાનું પણ મને વાજબી લાગતું નથી.”

“ભલે, તેને પૂછી લઇશું; આ બાબતમાં તેનો મત લેવા સામે આપણને કાંઇ વાંધો નથી. આજકાલ સઘળે છોકરીઓના મત પ્રમાણે જ લગ્નો થાય છે ને! અંગ્રેજોમાં પણ તે જ રીવાજ છે. તેવા રીવાજને અભાવે આપણા હિંદુઓનો સંસાર દુઃખી લેખાય છે.” સ્વલ્પ વિરામ લેઇને શેઠ બોલ્યાઃ “વારૂ, ત્યારે લલિતાને અત્યારે જ બોલાવ ને? અહીં જ તેને પૂછી લેઇએ.”

શેઠાણીએ ત્યાં જ બેઠાં બેઠાં ચાકરને હાક મારી અને તેને સૂચવ્યું કે “લલિતા જો ફરીને આવી હોય તો તેને ઉપર બોલાવ.”

આ વેવીશાળ કરવામાં શેઠ અને શેઠાણી બન્ને એકમત હતાં. ગોપાળરાય અને તેમનું કુટુંબ મંગળદાસના પરિચયમાં વિશેષ આવ્યું હતું, પણ કાન્તિલાલના પરિચયમાં બહુ આવ્યું નહોતું. આથી કાન્તિલાલના સ્વભાવનું ઓળખાણ શેઠ કે શેઠાણીને પડ્યું નહોતું. કાન્તિલાલ દેખાવડો અને મીલનસાર હતો તથા કેળવણીમાં આગળ વધવાની તેની અભિલાષા હતી, એવી ઉપલક માહિતીથી સંતોષ માનીને ગોપાળરાયે લલિતા અને કાન્તિલાલનું જોડું જોડવાનો વિચાર ગોઠવ્યો હતો. કાન્તા શેઠાણીને કાન્તિલાલની સામે અંગત વાંધો લેવા જેવું કાંઇ જણાયું નહિ એટલે તેમણે પણ તેમાં સંમતિ આપી અને પછી જ મંગળદાસને ગોપાળરાય શેઠે પોતાનો વિચાર જણાવ્યો હતો. ગોપાળરાય જેવા એક લક્ષાધિપતિની કેળવાએલી પુત્રી પોતાના પુત્રને મળે તે જાણીને મંગળદાસ શેઠ તો પોતાનું અહોભાગ્ય માનતા હતા અને તેથી તેમણે ખુશીની સાથે શેઠની માંગણીનો સ્વીકાર કર્યો હતો. આ

વાત લલિતાને જણાવવામાં આવી હતી, પરંતુ તે સંબંધે હજીસુધી તેનો સ્વતંત્ર મત પૂછવામાં આવ્યો નહોતો. અંગ્રેજી સંસારમાં એક કન્યા પોતે જ પોતાના પતિને પસંદ કરે છે અને તેઓ વચ્ચે પ્રેમબંધન થયા પછી જ માતાપિતા તેઓનાં રીતસર લગ્ન કરી આપે છે, એવું લલિતાએ વાયોલેટ સાથેની મિત્રાચારીથી જાણ્યું હતું. અંગ્રેજ સંસારના ગુણોને સારી પેઠે સમજી શકનાર પોતાના પિતા પોતાના સંબંધમાં પણ તેમ જ કરશે એવું લલિતા માનતી હતી. વળી તેણે પ્રેમબંધનની આવશ્યકતા પણ પિતાને જાહેર કરી હતી, અને તેથી છેવટે કાંઇ નહિ તો વેવીશાળ કરતાં પહેલાં પોતાનો મત તો પૂછવામાં આવશે જ એવી લલિતાની ખાતરી હતી. કાન્તિલાલ જેવા મીલનસાર અને કેળવાએલા યુવકની પોતે કરેલી પસંદગીમાં શેઠને એટલો બધો વિશ્વાસ હતો કે લલિતાનો મત પણ તેને માટે અનુકૂળ હોવાનું શેઠે માની લીધું હતું. પરંતુ લલિતાનું મન ઉદ્વિગ્ન હતું. ભદ્રપુરમાં વૃદ્ધનગરના મંત્રીપુત્ર કુંદનલાલમાં તે સંમોહ પામી હતી અને તેથી પોતાનો મત લીધા વિના કાન્તિલાલની વેરે વેવીશાળ કરી નાંખવામાં આવે તે બાબતની ચિન્તા તેના ચિત્તમાં જાગૃત થઇ હતી. આથી છેવટે તેણે પોતાની માતાની પાસે પુનઃ માંગણી કરી કે "વેવીશાળ કરતાં પહેલાં મારો મત લેવામાં આવવો જોઇએ." અંગ્રેજી સંસારના રીવાજોને સારી પેઠે સમજનાર માતા તેમજ પિતાએ પુત્રીની તે માંગણી કબુલ રાખી અને તેટલા માટે લલિતાને બોલાવવામાં આવી.

થોડી વારમાં લલિતા પણ શેઠ તથા શેઠાણી બેઠાં હતાં ત્યાં આવી પહોંચી અને શેઠાણીની બાજુમાં એક ખુરશી ખેંચી લાવીને બેઠી. "શું છે, ફાધર ? મારૂં શું કામ છે ?"

"આવ, બ્હેન ! તું ફરી આવી ? અભ્યાસ હમણાં કેમ ચાલે છે ?"

"ઠીક ચાલે છે. બીજી ભાષા તરીકે સંસ્કૃત મૂકી દઇને ફ્રેંચ

લેવાનો મારો વિચાર છે. બે માસના વેકેશનમાં હું પ્રાઇવેટ ટ્યુટર (ખાનગી શિક્ષક) રાખીને ફ્રેંચમાં તૈયાર થઈ જઇશ."

"ફ્રેંચ શીખવાથી શું લાભ?" શેઠે સ્વાભાવિક પ્રશ્ન કર્યો.

"સંસ્કૃત બહુ કંટાળાભરેલું થઇ પડે છે અને ફ્રેંચ સહેલું થઈ પડે છે. વળી ફ્રેંચ ભાષાની વાર્તાઓ અમારી સ્કૂલમાં ઘણીએ પારસી છોકરીઓ વાંચે છે, ત્યારે હું તે વાંચવાથી બેનસીબ રહેવા પામું છું. કહે છે કે ફ્રેંચ ભાષાની વાર્તાઓમાં ઘણું જ્ઞાન ભરેલું છે." લલિતાએ ઉત્તર આપ્યો.

"મેં ફ્રેંચ વાર્તાઓનાં થોડાં અંગ્રેજી ભાષાન્તરો વાંચ્યાં છે. તેમાં જ્ઞાન જેવું તો બહુ હોતું નથી; પણ હા, સંસારને લગતી બાબતોમાં તે વાર્તાઓ ઘણી રસિક હોય છે એ ખરૂં." શેઠે જણાવ્યું.

"લલિતા !" શેઠાણીએ કહેવા માંડયું: "અત્યારે તને મેં એક અગત્યના કામ સારૂ બોલાવી હતી. મંગળદાસના કાન્તિલાલને તેં જોયા હશે. એક બે વાર આપણે ત્યાં તે આવેલા. તેમની સાથે તારૂં વેવીશાળ કરવાનો અમારો વિચાર છે તે તું જાણે છે. તે બાબતમાં તું ખુશી છે ને બાપુ ?!"

"કાન્તિલાલને હું પસંદ કરી શકું તેમ નથી." લલિતાએ તુરત જ માતાના પ્રશ્નનો ઉત્તર આપ્યો.

"એમ કેમ?" શેઠ એકદમ ચમકી જતા બોલ્યા: "કાન્તિલાલ એક બુદ્ધિશાળી, મળતાવડો અને સ્વરૂપવાન યુવાન્ છે. ઘણું કરીને આ વર્ષે તે જુનીયર બી. એ. માં છે. તેની સામે તને શું વાંધો દર્શાવવા જેવું છે? તેનામાં કાંઇ દુર્ગુણ હોવાનું તું જાણે છે?"

"એમાં જાણવાનું શું હતું? બસ, તે મને પસંદ નથી અને તેની સાથેનો લહવ કે લગ્ન હું ઇચ્છતી નથી એટલે પછી થયું." લલિતાએ કહ્યું.

"પણ તેનું કાંઈ કારણ? અથવા તો શું તેં બીજા કોઈને પસંદ કર્યો છે?"

"તે કાંઈ પણ હું તમને જણાવી શકતી નથી. જ્યારે મને પરણવાની ઇચ્છા થશે, ત્યારે હું મારી મેળે કહીશ કે ફલાણા વેરે મને પરણાવો." લલિતાએ માતાપિતાની આમન્યા રાખીને લજ્જા પુરઃસર બોલાવવાની કાંઇ જરૂર નહિ વિચારતાં ખુલ્લું કહી સંભળાવ્યું.

"એમ ગાંડાઈ ન થાય, બેટા! આ લગ્નથી તારા સુખમાં વધારો થવાનો સંભવ છે." શેઠે પુત્રીને સમજાવવા માંડયું.

શેઠાણી ભ્રકુટી ચડાવતાં તાડુકી ઉઠયાં: "જ્યારે તે ખુલ્લી રીતે પોતાનો વિચાર જણાવી દે છે, ત્યારે પછી તેને તમે શા માટે પજવો છો? બસ, તે કાન્તિલાલને પસંદ નહિ કરવાનું કહે છે એટલે પછી થયું; તેને આપણે તેની મરજી વિરૂદ્ધ શામાટે સમજાવવી જોઇએ? લગ્નની બાબતમાં એ પ્રકારનો બળાત્કાર કરવો તે એક પ્રકારનું જંગલીપણું છે."

શેઠાણીનો મિજાજ ફર્યો જોઇને શેઠ ચૂપ થઇ ગયા. "વારૂ, ત્યારે હવે તેને નહિ પૂછું; જેવી તેની મરજી. તેની મરજી વિરૂદ્ધ કાંઇ જ નહિ કરવાનો મેં નિશ્ચય કર્યો છે, તે તો તું જાણે છે; વારૂ, હવે જા બેટા! તારૂં બીજું કશું કામ નથી."

લલિતા ચાલી ગઈ. તેના હૃદયનો ભાર હવે ઓછો થઇ ગયો. કુન્દનલાલના પ્રેમમાં લુબ્ધ થએલું હૃદય હવે વિરામ પામ્યું. "હાશ, હાશ, હવે એક મોટી ચિન્તા દૂર થઇ! ચાલ, હું આ વાત કુન્દનલાલને એકદમ લખી જણાવું." એમ વિચારતી મલકાતે મુખે લલિતા પોતાના દિવાનખાનામાં પેઠી. બત્તી બહુ ઝીણી હતી તે વધારી એટલે આખું દિવાનખાનું ઝાકઝમાળ થઇ ગયું. તુરત જ તેણે કુન્દનલાલપર એક પત્ર લખી કાઢયો અને તેમાં જણાવી દીધું

કે "કાન્તિલાલની વેરે મારા પિતાએ કરવા ધારેલા વેવીશાળનું ચક્કર મેં ફેરવી નાંખ્યું છે અને હવે હું તમારી જ છું." પત્ર લખ્યો, બીડયો, શુભસૂચક લાલ શાહીથી સીરનામું કર્યું અને તે જ વખતે ચાકરને ટપાલની પેઠી તરફ દોડાવ્યો એટલે જ લલિતાને નિરાંત વળી.

* * * *

લલિતાનો મત પૂછવામાં આવતાં જે વિચિત્ર પરિણામ આવ્યું તેથી ગોપાળરાયને મોટો વિચાર પડયો. એક વાર મંગળદાસને મ્હોંએ વેવીશાળ કરવાનું વચન આપ્યા પછી ફરીને તેને કેવું કારણ જણાવીને ના કહેવી તેનો વિચાર કરવામાં શેઠનું ચિત્ત મુંઝાવા લાગ્યું. તે જ વિચારમાં બે દિવસ વીતી ગયા. હજી મંગળદાસને આ નવો નિશ્ચય જણાવવામાં આવ્યો નહોતો તેથી શેઠનું હૃદય ભરાએલું જ રહેતું. છેવટે આ વિગત મંગળદાસને કેવી રીતે જણાવવી તે બાબત શેઠે શેઠાણીનો મત પૂછયો.

શેઠાણીએ તો એકદમ પ્રત્યુત્તર આપ્યો: "એમાં તે શી મુશ્કેલી હતી? મંગળદાસને ખુલ્લું જણાવી દેવું કે એ લગ્ન લલિતાને પસંદ નથી, એટલે થયું."

શેઠ બોલ્યા: "પણ એક વાર તેને વચન આપ્યા પછી આપણાથી ફર્યું કેમ બોલાય?"

"ત્યારે લલિતાની મરજી વિરૂદ્ધ લગ્ન કરીને તેને દુઃખી સંસારમાં હડસેલી મૂકવી તે શું વાજબી ગણાય? મંગળદાસથી આપણે કાંઇ દબાએલા નથી; ઉલટો તે આપણો આશ્રિત છે."

શેઠ ચૂપ રહ્યા અને કાંઇક વિચારમાં પડી ગયા. શેઠાણી શેઠને મૌન જોઇને પુનઃ બોલ્યાં: "કેમ? મંગળદાસને જણાવી દેવાની હિંમત છે કે નહિ? તમે ન કહી શકો તેમ હોય તો પછી હું તેમને સંભળાવી દઉં."

શેઠને તે રૂચ્યું: "હા, હા, તેમ જ કર. મંગળદાસને તારી પાસે બોલાવીને તું સઘળી વાત કહેજે. હું જરા શરમાળ છું, એટલે કહેતાં મારી જીભ ઉપડશે નહિ."

છેવટે કાન્તા શેઠાણીએ મંગળદાસને એ વાત જણાવવાનું માથે લીધું. બીજે દિવસે રાત્રે શેઠાણીએ મંગળદાસ શેઠને પોતાની પાસે બોલાવ્યા. મંગળદાસ આવ્યા એટલે ગોપાળરાય શેઠ ખસી ગયા. શેઠાણીએ વાત ચાલુ કરતાં કહ્યું: "કેમ મંગળદાસ શેઠ! પછી તમારા દિકરા મુસાફરીમાંથી પાછા ફર્યા કે નહિ?"

"ના, કાન્તિ હજી નથી આવ્યો. કાલે તેનો પત્ર હતો કે હું આબુથી રાજપૂતાનાનાં કેટલાંક જૂનાં ઐતિહાસિક સ્થળો જોવા માટે જઉં છું. તેને એવો જરા શોખ છે એટલે ગયો હશે. પાછો ક્યારે ફરશે તે લખ્યું નથી." નિષ્ઠુર હૃદયના પિતાએ કેવળ કૃત્રિમ જવાબ આપ્યો.

"ઠીક; પણ અમે હવે કાન્તિલાલ અને લલિતાનું લગ્ન કરવાનો વિચાર માંડી વાળ્યો છે. લલિતા પોતે જ એ લગ્નને પસંદ કરતી નથી. એટલે પછી બીજો શો ઉપાય? તમારા કાન્તિલાલ ભણેલા, ગણેલા અને ડાહ્યા છે, લલિતાને યોગ્ય પણ છે, પરન્તુ તેની પોતાની મરજી નહિ એટલે નિરૂપાય!" શેઠાણીએ એકદમ ખુલાસો કરી નાંખ્યો.

એ ખુલાસો સાંભળતાં જ મંગળદાસથી ઝબકી જવાયું. કાન્તા શેઠાણી આ શું બોલે છે, અને સઘળું ચક્કર એકાએક કેવી રીતે ફરી ગયું, તેના અવનવા વિચારો તેના મગજમાં પેસીને તુફાન મચાવવા લાગ્યા. મ્હોંમાંથી એક પણ શબ્દ નીકળે તે પહેલાં તો તેનું મગજ ભ્રમવા લાગ્યું, હૃદય બળવા લાગ્યું અને વદનપર શોકની રેષાઓ છવાઈ ગઈ.

"વારૂ, એ જ જણાવવાનું હતું કે બીજું કાંઇ?" મંગળદાસે વિષણ્ણ વદને શેઠાણી તરફ નજર કરીને પ્રશ્ન કર્યો.

"એ જ જણાવવાનું હતું. મારા મનમાં એમ કે જ્યારે અમારો વિચાર એ સંબંધે બદલાયો છે, ત્યારે વેળાસર મંગળદાસ શેઠને જણાવી દેવામાં આવ્યું હોય તો ઠીક, તેટલા માટે જ તમને બોલાવ્યા હતા."

"વારૂ, હવે મને રજા છે?"

"જી હા. તસ્દી માફ કરજો હંઅ!" શેઠાણીએ વિવેક કર્યો.

મંગળદાસ શેઠ ગભરાતા અકળાતા અને ચિત્તની એવી અવસ્થિતિમાં દાદરનાં પગથીયાં ભૂલતા વિદાય થયા.

પ્રકરણ ૨ જું.

અરણ્યરૂદન.

મંગળદાસની ચિત્તવૃત્તિ મોટા ઉદ્વેગનો ભોગ થઈ પડી. ગોપાળરાય શેઠે એક વાર લલિતા વેરે પોતાના પુત્રનું વેવીશાળ કરવાનું વચન આપીને જ પોતાની ખુહારી કરી છે તે વિચાર ચિત્તમાં ક્ષણે ક્ષણે ઘોળાવા લાગ્યો. આ વચન પાછું ખેંચી લેવાથી ગોપાળરાયને તો કાંઇ નુકસાન નહોતું પરંતુ મંગળદાસે પોતાના પુત્રને ગુમાવ્યો હતો તેનો મહા શોકાગ્નિ મંગળદાસના હૃદયમાં પ્રજ્વલી રહ્યો હતો.

મંગળદાસે ગોપાળરાયના શેઠના બંગલામાંથી બહાર આવીને પોતાની ગાડીમાં બેઠક લીધી. ગાડીવાને પૂછ્યુંઃ "સાહેબ! ગાડી ક્યાં લેવી છે?"

"આગળ ચલાવ." ઉદ્વિગ્ન મનથી અને અર્ધ ભાનથી શેઠે જવાબ આપ્યો.

ગોપાળરાય શેઠના વાલકેશ્વરના બંગલાથી કેટલેક દૂર મંગળદાસનો એક નાનો બંગલો આવી રહેલો હતો. ગાડીવાન સમજ્યો કે

શેઠ ગાડીને આગળ ચલાવવાનું કહે છે તો તેમનો વિચાર બંગલે જવાનો હશે. ગાડીવાને ગાડી બંગલા તરફ ચલાવી અને થોડી વારે બંગલા આગળ આવી પહોંચતાં તેણે શેઠને કહ્યું: "સાહેબ! બંગલો આવ્યો."

"બંગલો શેનો? આપણે ઘર તરફ પાછા ફરવાનું હતું ને?"

"ના સાહેબ! આપે ગાડી આગળ ચલાવવાનું કહ્યું હતું." ગાડીવાને ઉત્તર આપ્યો.

પોતે ગાડીવાનને ગાડી આગળ ચલાવવાનો હુકમ આપ્યો હતો કે કેમ તે કાંઈ મંગળદાસને સાંભર્યું નહિ. ચિત્ત એટલું બધું મુંઝાઇ ગયું હતું અને હૃદય એટલું બધું ભરાઇ ગયું હતું કે તેને વિરામની જરૂર હતી. "ઠીક, ચાલ, આજે અહીં જ રાત્રિ ગાળીશું. ઘેર ટેલીફોન કરી દે કે શેઠ ઘેર પાછા નહિ ફરે."

ગાડીવાને શેઠના હુકમનો અમલ કર્યો. શેઠ બંગલામાં પેઠા અને નોકરને પોતાનું બિછાનું કરવા હુકમ આપ્યો. ઘણા દિવસથી બંગલે કોઈ રહેતું નહોતું. ફક્ત એક ઘાટી અને એક રામોશી બંગલાની તથા તેમાંના ફરનીચરની સંભાળ માટે રહેતા હતા, તેથી શેઠે બંગલામાં પેસતાં જ જોયું કે સઘળી ચીજો અવ્યવસ્થિત પડેલી હતી. હૃદયમાં ગભરાટનો ડુમો એટલો ભરાઈ ગયો હતો કે બંગલામાંની અવ્યવસ્થા માટે નોકરોને ઠપકો આપવાનું શેઠને સૂજ્યું નહિ. કપડાં ઉતારીને શેઠ એક સોફા ઉપર પડ્યા અને ચાકરે પાણી લાવી આપ્યું તે પીધું. ઘાટી પલંગપર બિછાનું પાથરીને ચાલ્યો ગયો.

એકાકિની અવસ્થા વિચારમાળાને ગતિ આપવા લાગી:

"આ જગતમાં જો કોઈ મોટામાં મોટો મૂર્ખો હોય તો તે હું જ છું! ગોપાળરાયની પુત્રી મારા પુત્રને મળે તે લોભમાં મેં પુત્રનો તિરસ્કાર કર્યો એટલું જ નહિ પણ પુત્રને ગુમાવવાને પણ હું તૈયાર થયો! અને અત્યારે? જે લોભમાં મેં પુત્રની દરકાર કરી નહોતી, જે મોટી

આશામાં મેં સુખસ્વપ્નો અનુભવ્યાં હતાં તે સર્વે અત્યારે વિજળીના ચમત્કારની પેઠે અદસ્ય થઇ ગયું! હાય! હાય! બીજું બધું તો ઠીક, પણ હવે હું જગતને મુખ કેવી રીતે બતાવીશ? પુત્રને ગુમાવ્યો, પુત્રવધૂ માટેની જે આશા હતી તે પણ અસત્ય નીવડી, અને હવે જ્યારે લોકો મને એક મૂર્ખ કહીને આંખોમાં આંગળીઓ ઘાલશે, ત્યારે હું શું જવાબ આપી શકીશ? ઘેર શું મ્હોં બતાવીશ અને નાના કીર્તિકરની બુદ્ધિ આગળ પણ હું કેટલો તુચ્છ લેખાઇશ? આશા! નિષ્ફળ આશા! તેં મને મોટી મુંઝવણમાં મેલ્યો છે! તારા પાશમં બંધાઇને મેં જે સહસા કાર્ય કર્યું છે તેને લીધે જ હું પસ્તાઉં છું! મારા અવિચારને લીધે જ અત્યારે હું મુંઝાઉં છું!"

થોડી પળો ચાલી ગઇ. જડ અને શૂન્યવત્ થએલા ચિત્તમાં પુનઃ વિચારો જાગૃત થવા લાગ્યાઃ "લલિતાની સાથે આટલો વખત સહવાસમાં રહ્યો, છતાં હું તેના ખરા સ્વભાવને ન જ ઓળખી શક્યો અને કાન્તિ માત્ર એકાદ બે વખતના પરિચયથી ઓળખી શક્યો! લલિતા કાન્તિ સાથેના લગ્નને પસંદ કરતી નથી એમ કાન્તા શેઠાણીએ કહ્યું! કેટલી ઉછાંછળી છોકરી તે હોવી જોઇએ, તે હવે મને તેની આ વર્તણુક ઉપરથી સમજાય છે! કાન્તિમાં કદાચ કાંઇ દુર્ગુણો હોય અને તેટલા માટે તેની વેરે તે લગ્ન કરવા ઇચ્છતી ન હોય તોપણ માતાપિતાને મ્હોંએ ખુલ્લી રીતે પસંદગી–નાપસંદગીની વાત કરનાર છોકરી કેટલી વિચિત્ર લેખાવી જોઇએ? કાન્તિને તે સુખ આપી શકત જ નહિ એ હવે મને ખરૂં જણાય છે! માતાપિતાની સમક્ષ પોતાના લગ્નની વાત કરવામાં પણ મર્યાદા નહિ રાખનાર લલિતા મારા ઘરમાં આવ્યા પછી પણ વડીલોની મર્યાદા રાખી મારા કુળને શું ઉજાળવાની હતી? કાન્તિ! કાન્તિ! તારા દૃઢ મનના શબ્દો અત્યારે મને સાંભરે છે! તું ખરૂં કહેતો હતો, પણ મેં તારા શબ્દોની અવગણના કરીને તને

ખરેખર દુઃખી કર્યો છે! હવે હું શું કરૂં? કાન્તિની માતાને હું શું જવાબ આપીશ? મારા અવિચારીપણાથી ગુમાવેલા પુત્રને હું પુનઃ કેવી રીતે મેળવી શકીશ?”

જે બનાવ બની ગયો તેમાં પોતાના અવિચારીપણાએ શેઠને દુઃખિત કર્યા હતા. એ દુઃખમાંથી હવે કેવી રીતે મુક્ત થવું તે વિચાર આગળ આવીને ઊભો. અવિચારી કાર્યને અંતે ઉપજતા પશ્ચાત્તાપ પછી માણુસ પુનઃ પૂર્વ સુસ્થિતિ સંપાદન કરવાનો અભિલાષી થાય છે. આ સુસ્થિતિ હવે કેવી રીતે મેળવવી તે કલ્પનામાં શેઠનું મગજ ગુંચાયું. ઘેર પત્નીને કે બીજા કોઇને લલિતાએ ના કહ્યાની વાત કહેવામાં આવે તો, શેઠની મૂર્ખતા ઉપર સૌ કોઈ તિરસ્કાર ધરાવતાં થાય, એટલું જ નહિ પણ પોતાને ખુલ્લી રીતે પસ્તાવો કરવો પડે. એક વડીલ કુટુંબનાં બીજાં અંગભૂતોની સમક્ષ પોતાના અવિચારી કાર્યને માટે પસ્તાવો કરે, તે સમય હિંદુ સંસારમાં હજી આવી પહોંચ્યો નથી; અને જો કદિ તે સંભવિત હોય તોપણુ પોતાની મહત્તાના અભિમાની મંગળદાસ શેઠને તો તેમ કરવા કરતાં આપઘાત કરવો જ વધારે ઉચિત જણાયા વિના રહે નહિ. જાણે કાંઇ જ બન્યું નથી, એવી રીતે વર્તે, તો કાન્તિલાલને પાછો બોલાવવાનો પ્રયત્ન કરી શકાય નહિ! કાન્તિલાલ ક્યાં ગયો છે, કઇ દિશાએ ગયો છે તેની માહિતી કોઇને પણુ નહિ હોવાથી તે સંબંધે વિચાર કરતાં શેઠ વધારે મુંઝવણમાં પડતા ગયા. વર્તમાનપત્રોમાં જાહેર ખબર છપાવવામાં આવે અને તેમાં કાન્તિલાલને પાછો બોલાવવા માટે પિતા પોતાની નમ્રતા જાહેર કરે, તો લલિતા વેરે કાન્તિના વેવીશાળનું ચોકઠું ફસી ગયાનું ઘરમાં સૌ કોઇને જાહેર કરવાની શેઠને જરૂર પડે!

“હા......ય! ત્યારે હવે હું શું કરૂં? કાન્તિને કેવી રીતે અને ક્યાંથી પાછો બોલાવું? હું જાતે મુસાફરીનું બ્હાનું કાઢીને કાન્તિને


શોધવા જઉં ? પણ ક્યાં જઉં ? કઈ દિશાએ જઉં ? ત્યારે મારી મૂર્ખતાના પરિણામમાં એક સત્યવાદી અને સુવિચારશીલ પુત્રને ગુમાવું ? ના, ના, એટલો ઘાતકી—એટલો કઠોર હૃદયનો હું કેવી રીતે થઇ શકું ? મૂર્ખ **મં**ગળદાસ ! પુત્રનું સત્યવાદિત્વ અને સુવિચારશીલતા અત્યારે તારા ધ્યાનમાં આવે છે ! અહા ! જે વખતે **આજ્ઞા ગુરૂણામવિચારણીયા**નો ગોળો અને ગોફણ લેઇને ગુરૂત્વના મિથ્યાભિમાનમાં હું મચી રહ્યો હતો અને પુત્રોને અનાજ્ઞાશીલ કહી તેમનો તિરસ્કાર કરતો હતો, તે વખતે આ બુદ્ધિ જાગૃત થઇ હોત તો કેટલું સારૂં હતું ? હાય ! પણ મારા ભાગ્યમાં પુત્રને ગુમાવવાનું જ લખ્યું હોય તે કેમ મિથ્યા થાય ? કાન્તિ ! કાન્તિ ! અત્યારે સઘળી બાજુએ દુઃખથી ઘેરાએલો તારો પિતા—અરે ના, હું તો હવે પિતૃત્વને લાયક પણ રહ્યો નથી—તેવો પિતા પસ્તાય છે, ગભરાય છે, તારા શબ્દોને સંભારીને રડે છે !”

હૃદયમાં ભરાએલા ગભરાટના બાષ્પે આંખદ્વારા પોતાનો માર્ગ શોધ્યો અને જળરૂપે તેનું વહન થવા લાગ્યું. આસપાસના અનેક પ્રસંગો સાંભરી આવ્યા. કીતકરનું કરેલું અપમાન, ક્રોધના આવેશમાં તેને મારેલા તમાચા, એ સઘળું શેઠને સાંભરી આવ્યું અને પશ્ચાત્તાપનો અગ્નિ જેમ જેમ વધુ તપવા લાગ્યો તેમ તેમ ગભરાટરૂપી બાષ્પ હૃદયમાં વિશેષ ને વિશેષ ઉત્પન્ન થવા લાગ્યો. આંખોદ્વારા થતું જળનું વહન તે ગભરાટને જેટલા પ્રમાણમાં ઓછો કરતું હતું તે કરતાં વધુ ગભરાટ પેદા થતો જતો હતો ! હવે તે ગભરાટે—તે બાષ્પે મુખદ્વારા માર્ગ શોધવા માંડયો અને શેઠ મુક્ત કંઠે રોઈ પડયા : “ ઓ પુત્ર ! ઓ કાન્તિ ! તું ક્યાં છે ? હવે તો તું સત્વર પાછો ફર અને મને—તારા આ ગભરાઈ ગએલા પિતાને ધીરજ આપ ! હાય ! હાય ! કાન્તિને શોધી કાઢવામાં હવે મને કોણ મદદ કરશે ? શું કરવું તે માટે હવે કોને જઇને પૂછું ? કોની સલાહ લઉં ? ગોપાળરાય ! તેં મારૂં સત્યાનાશ

વાળ્યું છે, તેં જ મારા પુત્રને ગુમાવરાવ્યો છે! પણ શું કરૂં ? તારી સાથે વૈર કરૂં, તારા ઉપર કીનો રાખું અને મારા હૃદયની બળતરાને શાંત કરૂં તેવી સ્થિતિમાં પણ હું રહ્યો નથી! મારો સઘળો આધાર તારા ઉપર છે અને તારાથી વૈર કરીને હું શું કરૂં? ઓ પ્રભુ! આ દુઃખી અવસ્થામાં, આ કલંકિત સ્થિતિમાં, આ મૂર્ખતાના પ્રકાશમાં મને જીવતો રાખવા કરતાં હવે તો મને તારી પાસે બોલાવી લે અને આ માનહાનિમાંથી મુક્ત કર!"

પણ આ અરણ્યરૂદનની—આ પોકળ શ્રાદ્ધની અસર થવી શું જરા પણ સંભવિત હતી? મધ્ય રાત્રિનો સમય હતો. નોકરો સૂઇ ગયા હતા. ગાડીવાન પણ ઘોડાને તબેલામાં બાંધીને ઘસઘસાટ ઉંઘતો હતો. શેઠના રૂદનના પડઘા માત્ર બંગલામાં પડતા હતા અને તે પડઘા-રૂપી પ્રત્યુત્તર વિના શેઠના રૂદનનો અને પ્રશ્નોનો જવાબ આપનાર બીજું કોઈ પણ નહોતું!! દૂર દરિયામાં ઉછળતાં મોજાં, આસપાસ ચક્કરડી ભમ્મરડી રમતો વાયુ કે તે અંધકારમય નિશા, કોઇ પણ શેઠના ચિત્તને શાંત કરવાનું સામર્થ્ય ધરાવતું નહોતું!

તે આખી રાત્રિ શેઠે પશ્ચાત્તાપ કરવામાં, આંસુ સારવામાં, જૂદા જૂદા વિચારો કરવામાં અને નવા નવા ઘોડા ગુંથવામાં ગાળી; એક ક્ષણની પણ ઉંઘ અને આરામ વિના નેત્રો લાલચોળ થઇ ગયાં, રૂદન અને અશ્રુસ્રાવથી આંખનાં પોપચાં સૂજી ગયાં અને મસ્તક ચડી આવ્યું. મનની બેચેનીનું પરિણામ શરીરની! પણ બેચેનીમાં આવ્યું અને સ્હવાર થતાં તો શેઠમાં ઊભા થવાનું સામર્થ્ય પણ રહ્યું નહિ. સ્હવારમાં રસોઇઓ ચાહ કરીને લાવ્યો, પણ તે બિચારો શેઠના મગજની સ્થિતિને જાણતો નહોતો. રસોઇઆએ શેઠની સામે ચાહના પ્યાલાવાળી રકાબી ધરી, પણ શેઠે લાત મારી રકાબી અને પ્યાલાને ઉરાડી મેલ્યાં. ઉની. ધગધગતી ચાહ રસોઇઆના શરીરપર પડી અને



"ઓ પ્રભુ!.........હવે તો મને તારી પાસે બોલાવી લે......"

The Bombay Art Printing Works, Fort.

પૃષ્ઠ ૧૪.

તે હાથ તથા પેટ ચંચવાળતો દૂર ખસી ગયો. ભ્રમતા મસ્તકથી ગુસ્સે ચડેલા શેઠે કહ્યું: "મેં તારી પાસે ક્યાં ચાહ મંગાવી હતી કે તું લાવ્યો ? જા, ગાડીવાનને ગાડી જોડવાનું કહે; હું ઘેર જવા માંગું છું."

ગાડી જોડાઇ અને એવી જ ઉદ્વિગ્ન સ્થિતિમાં શેઠ ઘેર ગયા.

પ્રકરણ ૩ જું.

દુઃખી યુગલ.

મિસ વાયોલેટ શાર્પની સ્થિતિ તરફ હવે આપણે વળીશું. રોબીન્સન ઘાયલ થયાને લગભગ ત્રણ માસ થઇ ગયા છે. તેના ડાબા હાથનું કાંડું કાપી નાંખ્યા પછી કેટલાક દિવસ તો તેના શરીરની અવસ્થા જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતી રહી હતી, પરન્તુ ત્યારપછી તેમાં સુધારો થતો ચાલ્યો હતો, અને અત્યારે તો હવે તેને સારી પેઠે સુવાણ આવી ગઇ હતી. કાંડાનો કાપેલો ભાગ રૂઝાઇ ગયો હતો. માંદગી દર્મ્યાન ક્ષીણ થઇ ગએલા શરીરમાં પુનઃ લોહી ભરાતું જતું હતું અને ધીમે ધીમે ઇસ્પીતાલમાં હેરા-ફેરા ખાવાની નવીન શક્તિ આવતી જતી હતી. દર્મ્યાનમાં ઇંગ્લાંડમાં તેનો વૃદ્ધ પિતા મરણ પામ્યો હતો, જે ખબર ડાક્ટરની સૂચનાથી હજીસુધી રોબીન્સનને આપવામાં આવ્યા નહોતા. ડાક્તરનું કહેવું એમ હતું કે એ ખબર તેને આપવાથી તેના હૃદયને ધક્કો લાગશે અને તેથી તે ફરીથી માંદો પડશે. રોબીન્સને પોતાની પ્રિયતમાને પોતાના પિતાના ખબર ઘણી વાર પૂછ્યા હતા, પરંતુ તેણે તેને હવે સારૂં હોવાના ખબર ઇંગ્લાંડથી આવ્યા કરતા હોવાનું જ દર વખત જણાવ્યું હતું.

પોતાના પ્રિયતમની માંદગીના ત્રણ મહિના સુધી વાયોલેટે પોતાનો અભ્યાસ મૂકી દઇને, ઘર ત્યજી દઇને અને માત્ર હૉસ્પિતાલમાં જ રહીને રૉબીન્સનની સેવા કરી હતી. અહીં વાયોલેટને રૉબીન્સનના બિછાનાની પાસે ભોંયપર સૂવું પડતું, કેટલીક વાર તુંડમિજાજી નર્સોના વાજબી ગેરવાજબી ઠપકા સાંભળવા પડતા અને આહાર તથા ઉજાગરાની અનિયમિતતાથી સહજ તાવ અને બીજી માંદગીઓ પણ તેને વેઠવી પડતી. આમ હોવા છતાં—શરીર અસ્વસ્થ હોવા છતાં પોતાની તે અસ્વસ્થતા તે ડાક્તરને જણાવતી નહિ કે દવા પણ લેતી નહિ. તેને ભય હતો કે જો પોતાના શરીરની ખરાબ અવસ્થા તે ડાક્તરને જણાવશે તો ડાક્તર પોતાને પોતાના પ્રિયતમ પાસે રહેવા દઇને તેની ચાકરી—બરદાસ્ત કરવા દેશે નહિ; અને તેથી રૉબીન્સનની સારી રીતે સેવા કરીને તેને સત્વર આરામ થએલો જોવાની ઇચ્છા રાખનાર વાયોલેટ પોતાની માંદગી ગુપ્ત રાખી રહેતી હતી તથા મુંગે મ્હોડે તે દુઃખ સહન કરતી હતી. રૉબીન્સન ગરીબ હતો અને તેથી તેનું બિછાનું જો તેને ઘેર લેઇ જવામાં આવે તો ઇસ્પીતાલના જેવી સઘળી સગવડ ઘર આગળ કરતાં ઘણા પૈસા ખર્ચ કરવા પડે તેમ હતું; શાર્પ સાહેબે જેટલા જોઇએ તેટલા પૈસા રૉબીન્સનને ધીરવાની હા કહી હતી પરન્તુ વાયોલેટે તે કરજ કરવાની ના કહી હતી અને ઇસ્પીતાલમાં જ તેને રાખીને તેની ચાકરી કરવાનું પોતાને માથે લીધું હતું. જેની સાથે પોતાનું ભવિષ્ય જોડાવાનું હતું, તેના પૈસાનું નકામું ખર્ચ થતું અટકાવવાની ખાતર માંદગીનું બિછાનું રૉબીન્સનને ઘેર લેઇ જવા દેવાનું વાયોલેટે વાજબી માન્યું નહિ અને તેના બદલામાં પોતાને શરીરે હરકત વેઠવાનું કબુલ કર્યું.

છેવટે જ્યારે રૉબીન્સનનું શરીર સારી પેઠે સારૂં થયું, ત્યારે ડાક્તરે તેને ઇસ્પીતાલમાંથી લેઇ જવાનું કહ્યું. રૉબીન્સનમાં હવે સારી

પેઠે શક્તિ આવેલી હતી, તેથી તેણે પણ ઘેર જવા ઇચ્છ્યું. વાયોલેટ પોતાના પ્રિયતમને ઘેર મૂકીને અને બે દિવસ સુધી ઘરને સુવ્યવસ્થિત કરીને પછી પોતાના પિતાને ત્યાં આવી. આ સઘળા વખતમાં લલિતા માત્ર એક જ વખત વાયોલેટને ઇસ્પીતાલમાં મળવા માટે જઈ શકી હતી. રોબીન્સન ઘાયલ થયા પછી થોડે દિવસે તે પોતાના પિતાની સાથે ભદ્રપુર લગ્નમાં ગઈ હતી અને ત્યાંથી આવ્યા પછી તે વાયો-લેટને સ્કુલમાં જોઈ શકતી નહિ, તેમ જ તેના પિતાના ઘેર પણ વાયોલેટ રહેતી નહિ. આથી બન્ને સખીઓનો મેળાપ બહુ જ ઓછો થઈ જવા પામ્યો હતો. વાયોલેટ પાછી પોતાના પિતાને ત્યાં આવીને રહી એટલે રોજ સાંજે ફરવા જતાં લલિતા વાયોલેટને ત્યાં જવા લાગી. રોબીન્સનની માંદગીના વખતમાં ઇસ્પીતાલમાં રહ્યા પછી વાયોલેટનું શરીર ક્ષીણ થઇ ગયું હતું અને ચહેરો પણ હમેશાં ઉદાસ રહેતો હતો. એક વાર લલિતાએ તેને પૂછ્યું: " વાયોલેટ ! તું આમ હમેશાં ઉદાસ કેમ રહ્યાં કરે છે ? મને લાગે છે કે રોબીન્સન ઉપરના પ્રેમમાં તું આશાભંગ થવા પામી છે તેથી જ તારા તનની અને મનની આવી દશા થવા પામી હશે. "

" લલિતા ! તું એમ ન માનતી કે હું તે પ્રેમમાં આશાભંગ થઈ છું. રોબીન્સન હવે તો મને પહેલાં કરતાં પણ વધુ પ્રેમથી ચાહે છે. " વાયોલેટે કહ્યું.

" તે તો ચાહતો જ હશે, પણ હું ધારૂં છું કે તું તેને ચાહતી નહિ હોય ! હાથ કપાઈ ગએલા રોબીન્સનને શું તું તારી જીંદગીનો ભાગીદાર બનાવીશ ? હું નથી માનતી કે એવા કદરૂપા શખ્સ ઉપર હવે તને ઉમળકો આવતો હોય ! અને તેથી જ હું તને પ્રેમમાં આશા-ભંગ થએલી માનું છું. " લલિતાએ પોતાની બુદ્ધિ પ્રમાણે વિચાર કરીને જણાવ્યું.

વાયોલેટનું વદન ક્રોધી લાગણીઓથી ભરપૂર જણાયું. તે લલિતાની સામે એવી દૃષ્ટિથી તાકી રહી અને થોડી વાર પછી બોલીઃ “ લલિતા ! મારૂં અને મારા પ્રિયતમનું આવડું મોટું અપમાન થવાની મેં તારા તરફથી આશા રાખી નહોતી. મારા અંતર્ના આધારરૂપ રોબીન્સનનો એક હાથ કપાઇ જાય તેથી શું તે કદરૂપો બને છે ? અને જો કદાચ તે તેથી કદરૂપો બનતો હોય તોપણ શું ? શું તેના અંતર્નો મારાપરનો પ્રેમ કદરૂપો છે ? શું તે પ્રેમમાં જરા પણ અંતરાય નડયો છે ? જેને એક વાર દિલ આપ્યું તે કુદરતના કોપથી ગમે તેવો કદરૂપો બની જાય તોપણ શું ? શું પ્રેમને સ્વરૂપની ખાતર વેચનારી લલિતા તે હું વાયોલેટ છું ? ”

“ વાયોલેટ ! એમ તું મારા પર ચ્હીડાય છે શામાટે ? ખોડીલા પતિ સાથે લગ્ન કરવું તે શું સોસાયટી (જનસમાજ) માં અપમાનભરેલું ઠરતું નથી ? તેવા પતિની સાથે કોઇ મેળાવડામાં, મીજલસમાં કે કલબમાં જઇએ, તો શું આપણને શરમાઈ જવું ન પડે ? કોઈ બ્હેનપણીઓ કે અજાણી સ્ત્રીઓ તેવા પતિને જોઇને આપણી હાંસી–મશ્કરી કરે, તે કેમ સહ્યું જાય ? હા બા, એવા પતિને પરણવા કરતાં તો હું કુંવારી રહેવાનું જ વધારે પસંદ કરૂં ! ” લલિતાએ પોતાના હૃદયમાં ઉપસ્થિત થતા ભાવોને વાયોલેટ આગળ સ્પષ્ટ રીતે ખુલ્લા કરી બતાવ્યા.

વાયોલેટ આ સાંભળીને જરા વિચારમાં પડી. લલિતાના આ કથનની અસર તેના મગજ ઉપર કાંઈ થઈ નહોતી; પરન્તુ લલિતાની માનીનતાનો પ્રતિવાદ કેવી રીતે કરવો તે બાબતનો જ તેને વિચાર થઇ પડયો. તે થોડી વાર રહીને બોલીઃ “ લલિતા ! મને નવાઇ એટલી લાગે છે કે જે દેશમાં માતાપિતા પોતાની પુત્રીને પોતાની પસંદગીના વર સાથે પરણાવે છે, તેવા દેશમાં તું જન્મ પામી છે અને જે દેશમાં કન્યા પોતે પતિ પસંદ કરે છે તેવા દેશમાં હું જન્મ પામી છું. જો

કદાચિત્ તારા જેવા વિચારો મારા મગજમાં જન્મ પામ્યા હોત તો નવાઇ લેખાત નહિ, કારણકે પતિની પસંદગી મારા વિચારપર આધાર રાખે છે, પણ તારા મગજમાં તેવા વિચારો જન્મ પામેલા જોઇ હું નવાઇ પામું છું. પરન્તુ હું તને પૂછું છું કે લગ્નમાં 'પ્રેમ' અગત્યની વસ્તુ છે કે 'સૌંદર્ય ?'"

"લ્હવમાં પડ્યા પહેલાં લગ્ન ન કરવાનો નિયમ સ્વીકારીએ તો લ્હવ–પ્રેમને જ લગ્નમાં પ્રધાન વસ્તુ ગણવી જોઇએ, તે ખુલ્લું જ છે."

"તો પછી એક નિખાલસ હૃદયનો 'પ્રેમ' ગુમાવીને 'સૌંદર્ય' વાળા પણ અપ્રેમી પતિને પસંદ કરવા જવું તે ક્યાંનો ન્યાય ?"

"સૌંદર્યવાળો પતિ અપ્રેમી હોય તે કહેવું જ ખોટું છે. પણ તું જ કબૂલ કરીશ કે સૌંદર્ય વિનાનો અને ખોડીલો પતિ હોય તો લાંબે વખતે તેનાપરનો સ્ત્રીનો પ્રેમ જ તિરસ્કારનું સ્વરૂપ ધારણ કરે છે; માટે હું તો એવા મતની છું કે પતિ એટલો સુંદર હોવો જોઇએ કે જેના પરનો પ્રેમ હમેશાં ટકી રહે અને તેના પર કદાપિ અભાવ ઉત્પન્ન થાય નહિ."

લલિતા છેલ્લા શબ્દો બોલી રહી એટલામાં એક અંગ્રેજ યુવક જેનું વય અનુમાને વીસ–બાવીસ વર્ષનું હશે તે ત્યાં આવી પહોંચ્યો. તેના માથાપર એક સુંદર ફેધરવેટ–વજનમાં હલકી ટોપી હતી, વસ્ત્રો સુંદર અને સ્વચ્છ હતાં, ઉપરના કોટનાં બટન ખુલ્લાં હતાં અને અંદર વેસ્ટકોટમાં ભેરવેલી ઘડીયાળની હીરાજડિત્ર સાંકળી સુંદર દેખાવ આપી રહી હતી. હાથમાં નીલમની વીંટી ચળકી રહી હતી અને કંઠમાં હીરાની પીન તેના ઉત્તમાંગને દીપાવી રહી હતી. તેને જોતાં જ એકદમ વાયોલેટ ગભરાઇ અને આંખો ફાડતી બ્હેબાકળા જેવી બની ગઇ. તે યુવકે લલિતા સામે જોઇને તેને એક દેશી છોકરી જાણતાં જ જરા પણ સંકોચ વિના વાયોલેટની સામે પોતાનો હાથ લંબાવ્યો

અને "કેમ છે, મીસ **વાયોલેટ**?" એમ અંગ્રેજીમાં પ્રશ્ન કર્યો.

તેણે લંબાવેલા હાથનો 'શેકહેન્ડથી' સત્કાર નહિ કરતાં **વાયોલેટ** સહજ ધીમે અવાજે બોલી: "હું ખુશીમાં છું મીસ્તર **સ્મીથ**! તમે કેમ પધાર્યા છો?"

સ્મીથ આજુબાજુ જોઇને બોલ્યો: "હું ધારૂં છું કે તમારા પિતાજી અહીં નથી, તો ડીસ્ટ્રીકટમાં એજન્સીઓ તપાસવા ગયા હશે. કેમ ખરૂં ને?"

"હા, તેમ જ છે; પણ તેનું તમારે શું કામ છે?" **વાયોલેટે** કિંચિત્ તિરસ્કાર દર્શાવ્યો.

"**વાયોલેટ**! મારી વ્હાલી! મને કહે કે તેં કેવી ભૂલ કરી છે? હજીસુધી પણ એ ઠુંઠા **રોબીન્સનને** વળગી રહેવામાં શું તેં ભૂલ કરી નથી? શું હું તને ઓછી ચાહું છું કે તું મને તારા નિખાલસ હૃદયનું વચન આપીને ફરી જાય છે?" **સ્મીથ** બોલ્યો.

"મીસ્તર **સ્મીથ**! શું આવા શબ્દોથી મને ત્રાસ આપવાને જ તમે અહીં આવ્યા છો? હું મને ફાવશે તેમ કરીશ, તેમાં તમારે શું? તમારે કોઇની પણ નિંદા કરવાની જરૂર નથી! અને હા, જો તમારે બીજું કાંઇ કામ ન હોય તો કૃપા કરીને અહીંથી જતા રહો." પ્રિયતમની નિંદાના શબ્દો તે બાળાને અસહ્ય થઇ પડયા અને તેથી તેણે ઉશ્કેરાઇ જતાં મી. **સ્મીથનો** ખુલ્લો તિરસ્કાર કર્યો.

"**વાયોલેટ**! ડીયર! તારા તે તિરસ્કારને પણ હું આશીર્વાદરૂપ માનું છું, અને તારો સુકોમળ ચહેરો તારી ગાળો સાંભળવા છતાં પણ અહીં બેસી રહીને જોયાં કરૂં એમ મારા હૃદયમાં થયાં કરે છે! છતાં શું તને મારી જરા પણ દયા આવતી નથી? મને કહે કે તું **રોબીન્સનમાં** મારા કરતાં શું વધારે જુએ છે? તે ગરીબ છે અને વળી હવે વધારે કદરૂપો થવા પામ્યો છે! સુધરેલી સોસાયટીમાં તેની સાથે

હરતાં ફરતાં શું તારૂં નાજુક દિલ નહિ દુભાય? વિચાર કર, **વાયોલેટ**! વિચાર કર!"

"ચૂપ રહો, મને વિચાર કરવાની જરૂર નથી; હું તમને સાફ કહું છું કે તમે અહીંથી જતા રહો! શરમાવું પડશે તો મને પડશે, તેમાં તમને શું છે? કદી નહિ માનશો કે હવે હું તમને ચાહું!" **વાયોલેટે** ઉત્તર આપ્યો.

"ત્યારે શું તું મને નિરાશ કરીશ? આજસુધીની મારી વિનતિને તું લક્ષમાં નહિ લે? દુઃખી થઇશ, **વાયોલેટ**! એક ખરેખરા આશકનો તિરસ્કાર કરીને તારા તરફ ઠગારા પ્રેમથી જોનારાને પરણીને તું ખરેખર દુઃખી થઇશ!"

"બસ થયું હવે; જલદી રસ્તે પડો, નહિતો ચપરાસીને બોલાવી તમારૂં અપમાન કરાવવું પડશે. હવેથી તમે મારા બંગલાના કોમ્પાઉન્ડમાં પગ પણ મેલશો નહિ, નહિતો સાંભળશો!"

"**વાયોલેટ**! શું તું એટલી બધી છકી ગઈ છે કે મારૂં અપમાન કરીશ? શું તું એ **રોબીન્સન**ની સાથે રહીને સુખી થવા ઇચ્છે છે? મગરૂર થઇશ નહિ, હું તને ક્ષણભર પણ ચેન પડવા દઇશ નહિ! યાદ રાખજે કે હું ઝેરી અજગર છું; **રોબીન્સન** એક વાર તો છટકી ગયો છે અને માત્ર ડાબો હાથ ગુમાવીને જ બચી ગયો છે, પણ ધ્યાનમાં રાખજે કે એક વાર આ જ પીસ્ટલવડે તું અને તારો પ્રિયતમ બન્ને ઠાર થશો!" એમ કહીને **વાયોલેટ**ની નજર આગળ પોતાના પેન્ટલૂનના ગજવામાંની પીસ્ટલ ધરતો તે સત્વર ત્યાંથી ચાલ્યો ગયો. પીસ્ટલ જોતાં જ **વાયોલેટ** અને **લલિતા** ધડકી ઉઠયાં. **લલિતા** તો બૂમ પાડવા જતી હતી પણ **સ્મીથ** જતો રહ્યો એટલે તે તેમ કરતી અટકી.

વાયોલેટના હૃદયમાં દુઃખનો ઉંડા નિસાસો મુકાયો. પોતાના પ્રિયતમનો **પાલવાબંદર** ઉપર જીવ લેવાને એ દુષ્ટ **સ્મીથે** જ પ્રયત્ન કર્યો હતો અને હજી તે પોતાને અને પોતાના પ્રિયતમને ઠાર કરવાના દાવમાં જ ફરે છે એ જાણીને તેના હૃદયને બહુ દુઃખ થયું. **રોબીન્સન** સાથે પ્રીતિ જોડયા પહેલાં **વાયોલેટ** તે **સ્મીથ** સાથે જ પ્રેમમાં પડી હતી. **સ્મીથ** એક પૈસાદારનો છોકરો હતો અને સારી કેળવણી પામેલો હતો. તેનો બાપ મોટો સરકારી અમલદાર હતો અને **સ્મીથ** એક એન્જીનીયર હતો. પરન્તુ **વાયોલેટ** જોઇ શકી હતી કે **સ્મીથમાં** વ્યભિચારનો મોટો દુર્ગુણ હતો અને તે દુર્ગુણ જાણવામાં આવ્યાથી તેણે તેના પરનો પ્રેમ ત્યજી દીધો હતો. **વાયોલેટને** મેળવવામાં નિરાશ થએલો **સ્મીથ** તેના પ્રિયતમને મારી નાંખવાના દાવમાં જ હમેશાં ફરતો હતો અને તે દાવ **પાલવાબંદરપર** આવ્યા છતાં **રોબીન્સન** એક હાથના ભોગે બચી જવા પામ્યો હતો. **સ્મીથ** હજી કેવળ નિરાશ થયો નહોતો. **શાર્પસાહેબ** ઇલાકાની એજન્સીઓ તપાસવાને બહારગામ ગયા હોવાનો લાભ લેઇને તે **વાયોલેટની** પાસે અત્યારે આવ્યો હતો. તેણે માન્યું હતું કે **રોબીન્સન** ઠુંઠો થવાથી કદાચ તેના પરનો **વાયોલેટનો** પ્રેમ ઉતરી જવા પામ્યો હશે અને તેથી તે તેને મેળવી શકશે. પરન્તુ તેમાં તે નિરાશ થયો અને હવે પ્રેમાનલને બદલે તે વૈરાનલથી બળવા લાગ્યો.

" **વાયોલેટ** ! આ કોણ હતો ? મને લાગે છે કે મીસ્તર **રોબીન્સનને** તેણે જ **પાલવા** ઉપર મારી નાંખવાનો યત્ન કર્યો હોવો જોઇએ." **લલિતાએ** કહ્યું.

" હા, તેમ જ જણાય છે ! મારા જાણવામાં પણ તે અત્યારે જ આવ્યું. કેવો ઘાતકી માણસ ? એવા વિષધર સર્પને હું પસંદ કરૂં તેવી મૂર્ખી શું તે મને માનતો હશે ? "

"પ્રેમની નિરાશાથી તે આટલો ઘાતકી થયો જણાય છે, નહિતો માણસ લાયક દેખાય છે; જોને તારા પ્રેમને માટે કેટલો આતુર જણાતો હતો? તને કેવી વિનતિ કરતો હતો?! વળી દેખાવમાં સુંદર અને પૉલીશ્ડ (સુધરેલી) રીતભાતવાળો માણસ જણાય છે!"

"લલિતા! એ દુષ્ટનાં વખાણ તું મહેરબાની કરીને મારી પાસે કરીશ નહિ; હું તે સાંભળી શકતી નથી!"

"શું તું એને પસંદ કરતી નથી? રોબીન્સનની સરખામણીમાં આ પુરૂષ વધારે લાયક લેખાય એમાં શી નવાઈ છે? તેનો સ્વભાવ ઘાતકી હોય એમ હું માનતી નથી; જોને તે કેવું દયા ઉપજે તેવું બોલતો હતો? પ્રેમમાંથી નિરાશા ઉત્પન્ન થતાં એક માણસ નિર્દય થાય એ તો સ્વાભાવિક જ છે; તે ઉપરથી એમ ન માનવું કે તેનો સ્વભાવ જ ઘાતકી છે. આ પુરૂષને ગુમાવવામાં તું ખરેખર ભૂલ કરે છે, વાયોલેટ!"

"હવે ચૂપ રહે; મને તારી ભલામણ નથી જોઇતી! માંહેની હકીકત તું શું સમજે?" એમ કહી ક્રોધ અને અણગમો દર્શાવતી વાયોલેટની ભ્રકુટીઓ ચડી. લલિતા પણ આગળ વાત ન લંબાવતાં ચૂપ રહી, અને બન્ને સખીઓ છૂટી પડી.

પ્રકરણ ૪ થું.

પ્રિયતમ-પ્રેયસીનો સંકેત.

જેમ જેમ લલિતા સંસારવિષયક દશ્ય અનુભવમાં આગળ વધતી જતી હતી, તેમ તેમ તે કુન્દનલાલમાં પ્રેમ રાખવા માટે વધારે ને વધારે આનંદિત થતી જતી હતી.

જેમ જેમ તેના યૌવનમય ભાવો વિકાસ પામતા જતા હતા, તેમ તેમ તે પોતાના હૃદયના પ્રિયતમના સહવાસને વધુ ને વધુ ઇચ્છતી હતી. જે અવસ્થામાં સ્ત્રીઓની અજ્ઞાતયૌવનમય મુગ્ધતાનું વાદળું ધીમે ધીમે દૂર ખસતું જાય છે અને જ્ઞાતયૌવનમય મુગ્ધતાનાં કિરણો પ્રકાશ આપવા લાગે છે તે અવસ્થામાં હવે લલિતા પહોંચી ચૂકી હતી અને તે અવસ્થામાં જાગૃત થવાયોગ્ય ભાવોને નિશાળમાંની પરિણીત અપરિણીત સખીઓના સહવાસે વધારે ત્વરાથી અંકુરિત કર્યાં હતા. તે અંકુરિત થએલા ભાવોને લલિતાના તરંગી સ્વભાવે વધારે ખીલવ્યા હતા અને કુન્દનલાલના પ્રેમઘેલા પત્રોએ તે ભાવોને ઉછળતા બનાવ્યા હતા. લલિતામાં આ યૌવનમય ભાવો અતિ સ્વલ્પ સમયમાં ખીલ્યા હતા અને એ ખરૂં છે કે અવસ્થાંતર અને સહવાસ તે ભાવોને જન્મ આપનાર હોવાથી તથા તે સંયોગોની પ્રાપ્તિ મનુષ્ય દૃષ્ટિથી સ્પષ્ટ નહિ જોઇ શકાતી હોવાથી સ્વલ્પ સમયમાં થએલો વિકાસ ઘણી વાર કુદરતી લીલાથી ઓછાં જાણીતાં હૃદયોને આશ્ચર્યચકિત કરી નાંખે છે. કાન્તિલાલને પોતાના પતિ તરીકે પસંદ નહિ કરવાનું કારણ લલિતાને બીજું કાંઇ નહોતું. કુન્દલાલમાં તે મોહ પામી હતી—તેની વાક્ચાતુરી, તેના ઐશ્વર્યની તેના મુખે કહેલી વાતો અને તેના સ્વરૂપ તથા એટીકેટથી તે મોહ પામી હતી, અને તેથી જ કાન્તિલાલને તે વધુ ગુણસંપન્ન નહિ માનીને તેને પોતાના પતિ તરીકે સ્વીકારવા તૈયાર નહોતી. વળી કાન્તિલાલના સ્વલ્પ પણ પ્રેમમય સહવાસ વિના પહેલેથી જ તે કુંદનલાલના પ્રેમની અનુભોગિની થઇ પડી હતી અને તેથી તે કુંદનલાલમાં જ મત્ત રહે તે સ્વાભાવિક હતું.

કાન્તિલાલ સાથે લલિતાનું વેવીશાળ કરવાનો જે વિચાર લલિતાનાં માતાપિતાનો હતો, તે વિચાર લલિતાએ બંધ રખાવ્યો છે એ સમાચારવાળી લલિતાએ લખેલી આનંદજનક પ્રેમપત્રિકા વૃદ્ધનગરમાં

કુંદનલાલને મળી. કેટલાક વખત પછી તેનો ઉત્તર પાછો લલિતાને મળ્યો અને તેમાં નીચે પ્રમાણે આલેખન કરાએલું હતું.

" વૃદ્ધનગરઃ તા, ૪ થી માર્ચ.

" I trust you now with all my heart,
" And nothing ever shall us part;
" Love has our hearts in fetters,
" Nothing else now really matters.
" Doubts I have, my Darling! none,
" Our hearts beat just like one!

" પ્રાણેશ્વરી પ્રિયતમા ! !

" તમારી પ્રીતિપત્રિકાએ મારા હૃદયમાં આપણા અવિચળ પ્રેમને માટે જે વિચારો જાગૃત કર્યા છે તે અહીં શબ્દોદ્વારા નહિ આલેખતાં તે જણાવવાને આ પત્રને મથાળે મૂકેલી કવિતા જ મેં બંધ-બેસતી લેખી છે. ચોક્કસ છે કે ભદ્રપુરમાં આપણા વચ્ચે જોડાએલો પ્રેમ આપણી જીંદગી સુધી દૃઢ રહેશે. તમારા પત્રના જવાબ રૂપે જ ઉપર મૂકેલી કવિતા છે, અને તે વાંચીને તમે મારા હૃદયને સમજી શકશો. આ પ્રેમી હૃદય તમારા વિરહને લીધે એટલું ગુંચવાઇ ગયું છે કે તેથી વધારે લખવાને હવે તે શક્તિમાન્ રહ્યું નહિ અને તેથી વિરહને દૂર કરવાના જ ઉપાયો તે શોધ્યાં કરે છે.

" એક નવીન વિગત આ પત્રમાં જણાવવાની છે. અત્રેનાં રાજ-કુંવરીનાં લગ્ન આવતી ૨૦ મી તારીખનાં છે, અને તે ઉપર તમને અત્રે તેડાવવા-હરકોઇ ઉપાયે તેડાવવાનો મેં નિશ્ચય કર્યો છે. આવતી કાલે ઘણું કરીને રાજ્ય તરફની છાપેલી કંકોતરી તમારા પિતા ઉપર આવશે. એકલી કંકોતરી ઉપરથી કદાચ તમારા પિતાજી લગ્ન ઉપર નહિ આવે કે તમને અહીં નહિ મોકલે અને તેથી બે ત્રણ દિવસ

પછી જો મારા પિતાજી તમારા પિતાજી ઉપર જૂદો પત્ર નહિ લખે તો હું પિતાજીના નામથી તમારા પિતાજી ઉપર પત્ર લખીશ અને તમે સઘળાં અથવા તો તમે એકલાં લગ્ન ઉપર અહીં આવો એવી યુક્તિ કરીશ. તમારા પ્રેમમાં હું એટલો મત્ત થઇ રહ્યો છું અને ભદ્રપુરમાંથી છૂટો પડયા પછી સમાગમ બિલકુલ નહિ થયો હોવાથી હું એટલો વ્યાકુળ રહું છું કે આ ઉપાયે પણ હવે તમને મળ્યા વિના મારૂં હૃદય શાંત થાય તેમ નથી. તમારા હૃદયની અવસ્થા શી હશે, તે તો તમે જાણો; પરન્તુ તમારા સહવાસ વિના—તમારા તે મધુર શબ્દોના શ્રવણ વિના અને તમારા વદનસરોજના દર્શન વિના આ પ્રેમી કુન્દનનું સઘળું તેજ હરાઇ જ ગયું છે! વધુ શું લખું? વધુ લખવા રહીશ તો કદાચ આંખમાંથી આંસુ પડી જશે અને આ પત્ર ભીનો થશે.

" લી.

" પ્રેમાનુરક્ત મત્તહૃદય—કુન્દન."

પુનઃ પોતાના પ્રિયતમનો ભેટો થશે એવો સંભવ દર્શાવનારો આ પત્ર વાંચીને લલિતાનું હૃદય હર્ષથી ઉછાળા મારી રહ્યું. ભદ્રપુરમાં કુન્દનલાલે તેને કહ્યું હતું કે "હું તમને વૃદ્ધનગર બોલાવીશ" તે શબ્દો આ વખતે લલિતાને મન કુન્દનલાલે બરાબર પાળ્યા સમજાયા. કયારે કંકોતરી આવે અને પોતે વૃદ્ધનગર જાય, તેવી જ ચિંતામાં હવે તે પડી. કુન્દનલાલનો પત્ર મળતાં તુરત જ તેણે તેનો ઉત્તર લખી વાળ્યો.

" મુંબઇઃ તા. ૭ મી માર્ચ,

" ડિયર કુન્દનલાલ!

" તમારા પત્રે મને જે આનંદ કરાવ્યો છે, તેનું વર્ણન હું આ પત્રમાં લખવા બેસું તો તેનો પાર જ ન આવે! ખરેખર, તમે ચતુર છો અને મને વૃદ્ધનગર બોલાવવાનું તમે કહેલું તે તમે ખરૂં કરી

બતાવ્યું છે. હવે તો હું તમને મળવાને બહુ જ આતુર થઇ રહી છું. હવે આપણા મીલાપનો તે સમય જલ્દી ક્યારે આવે તેની જ જંખના કર્યા કરૂં છું. હું અને પિતાજી બન્નેને બદલે હું એકલી જ ત્યાં આવું તેવો આગ્રહ કાંઇક વધારે પ્રમાણમાં કરજો અને હું પત્ર મળ્યેથી બરાબર ચાવી આપીશ એટલે પછી આપણો મેળાપ તો ચોક્કસ જ સમજી લેવો.

"અહા ! તમારી અંગ્રેજી કવિતાએ તો મને ખરેખર ઘેલી બનાવી મૂકી છે. મારી એક અંગ્રેજ બ્હેનપણીને તે કવિતા મેં બતાવી અને તેણે પણ તેનાં બહુ જ વખાણ કર્યાં છે. મને તે કવિતા એટલી પ્યારી લાગી છે કે મેં તે ગોખીને મ્હોંએ કરી છે અને મનમાં ને મનમાં આખો દિવસ તે જ કવિતા ગણગણ્યા કરૂં છું, અને તેની મધુરતાનો સ્વાદ ચાખું છું.

"મારો 'લેટેસ્ટ ફોટો' આ સાથે હું તમને મોકલી આપું છું અને તમારો ફોટો તો હું વૃદ્ધનગર આવીને જ તમારી પાસેથી મેળવીશ."

"લી.

"Anxious to see you (તમારા દર્શનની આતુર)

"Yours ever (તમારી સદાની)

"*Lalita* (લલિતા)."

બીજે જ દિવસે વૃદ્ધનગરના રાજ્ય તરફની કંકોતરી ગોપાળરાય ઉપર આવી પહોંચી, અને ત્યારપછી ત્રીજે દિવસે મંત્રીનો પોતાનો ભલામણ પત્ર પણ શેઠ ઉપર આવ્યો. તેમાં એવી મતલબનું લખાણ હતું કે "આપણો પ્રથમ મીલાપ ભદ્રપુરમાં થએલો અને જો આપણે આપણો સંબંધ ગાઢ કરવા ઇચ્છતા હોઇએ તો આપણે આવા પ્રસંગોપર જતા આવતા થવું જોઇએ; અને તેટલામાટે હું આ જુદા પત્રથી તમને આ લગ્નમાં ભાગ લેવાને ખાસ આગ્રહપૂર્વક લખું છું. કામ

કાજના બોજાને લીધે કદાચ તમે જાતે આવી શકો નહિ, તો છેવટે ચિરંજીવી લલિતાને તો અવશ્ય મોકલશો. તેમને માટે અહીં સગવડ કરવામાં કશી ન્યૂનતા રહેશે નહિ અને મારા કુટુંબની સાથે જ હું તેમના નિવાસની ગોઠવણુ કરીશ. આ સંબંધે હું તમને ફરી ફરીને આગ્રહ કરૂં છું અને તેનો તમારે સ્વીકાર કરવો." આ ઉપરાંત બીજું કેટલુંક લખ્યું હતું, પણ તેમાં છેવટે લલિતાને મોકલવાનો પુનઃ પુનઃ આગ્રહ કરવામાં આવેલો હતો. છાપેલી કંકોતરી કરતાં આ પત્ર વધારે અસરકારક નીવડયો. શેઠે શેઠાણીનો મત પૂછ્યોઃ " વૃદ્ધનગરના દીવાન ત્યાંનાં રાજકુંવરીના લગ્નપ્રસંગે આગ્રહપૂર્વક તેડાવે છે. મારાથી તો જઇ શકાય તેમ નથી, કારણકે લગ્નવાળા જ અઠવાડીયામાં મંગળદાસની મીલની જનરલ મીટીંગ છે અને તેમાં કેટલુંક અગત્યનું કામ નીકળનાર છે. લલિતાને સાથે લેઇને તું પોતે જા."

" હું જઉં ? હું એ અજાણ્યાઓમાં અને પહેલી જ વારના સહવાસીઓમાં જઉં નહિ અને મને ત્યાં ગમે પણ નહિ. લલિતાની ઇચ્છા હોય તો ભલે તે એકલી એક ચાકરને સાથે લેઇને જાય. હવે તે જરા ઉંમરમાં આવતી જાય છે અને એકલી મુસાફરી કરતાં શીખે તો ઠીક." કાન્તા શેઠાણીએ કહ્યું. શેઠાણી એમ માનતાં હતાં કે એકલાં મુસાફરી કરવાથી યુવાન્ વયના છોકરા–છોકરીઓમાં ચપળતા આવે છે અને તેથી તેમણે લલિતાને એકલી જવા દેવાનો અભિપ્રાય આપ્યો.

શેઠે લલિતાને બોલાવી અને તેને કહ્યુંઃ " બ્હેન ! વૃદ્ધનગરના મંત્રીનો પત્ર આવ્યો છે અને ત્યાંનાં રાજકુંવરીના લગ્ન ઉપર આપણામાંથી એક જણે જવું પડે તેમ છે. તું એકલી જઇ શકીશ કે ? ત્યાં સ્ટેશનપર કોઈ માણસ સામે આવશે અને અહીંથી એક ચાકર સાથે તું જઇ શકીશ."

"તમે નહિ આવી શકો, ફાધર ?"

"ના, કારણકે મને અગત્યનું કામ છે. શું તું ડરે છે ? ફર્સ્ટ-કલાસના રીઝર્વ્ડ કોમ્પાર્ટમેન્ટમાં મુસાફરી કરવી છે, સાથે ચાકર હશે, પછી શું ડર છે ? હવે તારે સઘળી બાબતોમાં આગળ પડતાં શીખવું જોઇએ. અંગ્રેજ છોકરીઓ તો સ્ટીમરમાં પણ એકલી મુસાફરી કરે છે."

પોતાનો ગુપ્ત મનોભાવ કળાઇ જાય નહિ, તેટલા માટે જ લલિતાએ આટલો દેખાવ કર્યો હતો. એકલા જવાની વાત પિતાના મુખેથી સાંભળતાં તો તેના હર્ષનો પાર રહ્યો નહોતો. તે મનમાં કુંદનલાલને ધન્યવાદ આપવા લાગી અને તેણે અજમાવેલી યુક્તિ માટે તેની પ્રશંસા કરવા લાગી. "બહુ સારૂં ત્યારે, ભલે, હું એકલી જઇશ." છેવટે લલિતાએ ઇષત્ સ્મિત સાથે ઉત્તર આપ્યો.

"અને તું જશે, તો દિવાન વધારે ખુશી થશે. તેમણે પત્રમાં ખાસ લખ્યું છે કે છેવટે લલિતાને તો જરૂર મોકલજો."

લલિતા સ્મિત કરતી બોલી: "લખ્યું જ હશે. દિવાન મને ઓળખે છે તો ખરા જ ને ! ભદ્રપુરમાં તેમનો ઉતારો આપણી સાથે જ હતો." એમ કહેતી હૃદયને આનંદમાં ઝુલાવતી લલિતા એકદમ પોતાના અભ્યાસના ઓરડામાં દોડી ગઇ અને પોતાના પ્રિયતમને ખબર લખી કાઢ્યા કે "છેવટે મારે એકલાં આવવાનું નક્કી થઇ ગયું છે, તમારી યુક્તિ પાર પડી છે અને આપણો સંકેત સફળ થયો છે."

લગ્નતિથિને ત્રણ દિવસ બાકી રહ્યા એટલે લલિતા પોતાની સાથે એક ચાકરને લેઇને મુંબઇથી નીકળી. ચાકર શેઠનો વિશ્વાસુ અને ઘણા વરસનો જૂનો હતો અને તેથી લલિતાએ જ તેને પોતાની સાથે લેવા માટે પસંદ કર્યો હતો. ગોપાળરાયે વૃદ્ધનગર દીવાનને લખી વાળ્યું હતું કે તમારી કંકોતરી તથા પત્રને માન આપીને હું લલિતાને મોકલું

છું. તે આવતી કાલે અહીંથી નીકળશે, જે ખબર તમને તારથી આપવામાં આવશે. ”

દીવાનને જરા આશ્ચર્ય થયું હતું કારણકે પોતે કંકોત્રી મોકલવાનું જાણતો હતો પણ પત્ર લખ્યાનું જાણતો નહોતો. પોતાના પુત્રે આ કામ કર્યું છે તે પણ તેની જાણબહાર હતું. તોપણ “ મેં તમને પત્ર લખ્યો નથી ” એમ અવિવેકભરી રીતે ગોપાળરાયને લખવું તે દીવાનને ઉચિત લાગ્યું નહિ. બીજે દિવસે લલિતા મુંબઇથી નીકળ્યાનો તાર દિવાનને મળ્યો અને સાંજે તો લલિતા પોતાના વિશ્વાસુ ચાકર સાથે સહીસલામત રીતે વૃદ્ધનગર પહોંચી ગઇ. સ્ટેશન ઉપર લલિતાને લેવાને માટે દીવાન પોતે લગ્ન સંબંધી કામકાજના બોજાને લીધે જઇ શકે તેમ નહોતું. બીજા કોઇને મોકલે તો તે અજાણ્યો માણસ લલિતાને નહિ ઓળખી શકવાથી અને લલિતા કાચી વયની હોવાથી કદાચ અકળાય. આ કારણથી છેવટે દીવાને પોતાના પુત્રને જ લલિતાને સ્ટેશનપર લેવા જવાનું કામ સોંપ્યું. વૃદ્ધનગરના સ્ટેશનપર ગાડી આવી પહોંચતાં જ સૌથી પહેલાં પ્રિયતમ–પ્રેયસીનાં નેત્રો મળ્યાં અને બન્નેના વદનમાંથી સ્મિત સરી ગયાં ! કુન્દન એકદમ લલિતાના કોમ્પાર્ટમેન્ટ ભણી દોડ્યો અને તેનાથી શેકહેન્ડ કરી તેને નીચે ઉતારી ! તે હસ્તસ્પર્શ થયાની ક્ષણે બન્નેનાં અવયવો કેટલાં પ્રફુલ્લિત થયાં હશે ? હૃદયો કેટલાં આનંદિત થયાં હશે ? વિચારો કેવા સ્ફુરતા હશે ?

પ્રકરણ ૫ મું.

ઘસડાતું નાવડું.

" કંપે સઘળી શાંતિ તહીં,
" ને કંપે ચંદા જળ મહીં,
" તોપણ એ સ્થળ રમ્ય જ દિસે,
" રમવાજોગું સુર યુવતિને."

કુસુમમાળા.

હૃદયને ઉચ્ચાભિલાષાપૂરિત કરનાર તે એક આવું જ સુરમ્ય સ્થળ હતું. અત્યારે પૂર્વાકાશ રક્તવર્ણીય બન્યું હતું અને નાનાં નાનાં તરંગોની માલિકાવડે રમત કરતો ઉદધિ તે રક્તવર્ણીય આકાશમાં સ્નાન કરતો ભાસતો હતો. પવનની ઠંડી મધુરી લહરિ ઉદધિના શીતળ જળ સાથે મળીને ત્વચાને કમ્પાવી રહી હતી. ઉત્તર દિશા તરફ ધુમ્મસનું એક નાનું વાદળું આકાશમાં તરી રહ્યું હોય અને ઉદધિને ધુમ્મસની રેણુથી વધાવતું હોય તેમ જણાતું હતું. હજી સૂર્યોદય થવાને વાર હતી અને તેથી અરૂણોદયનો પ્રકાશ ઝાંખો હતો, તોપણ કુદરતે ઉદધિને પ્રભાતશ્રીનું સમર્પણ કર્યું હતું તેને અવલોકી શકાય તેટલો તો તે પ્રકાશ હતો. ધીમી–મધુરી તરંગમાલાથી ઉદ્ભૂત થતો ધ્વનિ આસપાસનાં મન્દ ડોલી રહેલાં તરૂવરોના ધ્વનિ સાથે મળી જઇને અનિયમિત પણ કર્ણરોચક ગાન ઉપજાવી રહ્યો હતો. કૃષ્ણપક્ષની નવમીનો ચંદ્રમા મધ્યાકાશમાં રહીને અંધકારને દૂર કરતો હતો, પરન્તુ સૂર્યરાજાના આગમનની નોબતો વાગી ચૂકી હોવાથી તે ફીક્કો પડી ગએલો જણાતો હતો. પક્ષીઓ હજી નિદ્રાનો ત્યાગ કરીને જગતના કોલાહલમાં યુક્ત થયાં નહોતાં તેથી વૃક્ષોનો ફરફરાટ અને

ઉદધિની તરંગમાલાનો કિનારા સાથે આઘાત એ જ તે શૂન્ય ઉદધિતટપ્રદેશની શાંતિને સ્વલ્પાંશે ભગ્ન કરી મનુષ્ય હૃદયને આનંદજનક થઇ પડતું હતું. શાંતિ મનુષ્યોને રૂચે છે પરન્તુ વિશાળ અને સુંદર પ્રદેશમાં તે જ શાંતિ જડતાવત્ ભાસે છે અને તેથી અસહ્ય થઇ પડે છે, એટલે આટલો આ કુદરતી ખળભળાટ તે સ્થળ અને સમયના સૌંદાર્ય તથા માધુર્યને વૃદ્ધિંગત કરનારો થઇ પડતો હતો. અત્યારે એક કિશોર વયનો યોગી કુમાર સમુદ્રપર નજર નાંખતો અને સમુદ્રની રમત જોતો ઉભો હતો.

દરિયાના કિનારાથી થોડે દૂર ઉંચે એક ટેકરીપર '**નન્દિની વાટિકા**' નામનું મનોહર સ્થળ હતું. ટેકરી અને સાગરના વચ્ચે પાએક કલાકનો રસ્તો હતો અને જ્યારે ભરતી આવતી ત્યારે ટેકરી અને કિનારા વચ્ચેનું અંતર માત્ર પાંચ મિનિટ જેટલું જ રહેતું, પરંતુ ઓટ થતાં પુનઃ પાણી આઘાં જતાં અને સાગર જાણે કે પ્રભુએ જ તેને ચોક્કસ કિનારો બાંધી આપ્યો હોય તેવી રીતે મર્યાદામાં રહેતો. કિનારાના થોડા ભાગમાં પાણી છીછરાં રહેતાં અને ભરતીને લીધે ઘસડાઇ આવતી રેતીને લીધે કીનારાની આસપાસ થોડા ભાગમાં રેતીનો પટ વિસ્તરેલો રહેતો. દરિયાના ભયંકર તોફાન વખતે પણ '**નન્દિની વાટિકા**' સામેનો સમુદ્રપ્રદેશ ઘુઘવાટથી આસપાસનો પ્રદેશ ગજાવી મૂકતો અને ઉંચાં ઉંચાં મોજાં કિનારાપરની રેતી સાથે અથડાતાં, પરન્તુ તેથી '**નન્દિની વાટિકા**' ના નિવાસીઓને પોતાના રક્ષણને માટે કાંઇ ચિન્તા રહેતી નહિ. એ વાટિકા ઉંચાણવાળા પ્રદેશપર આવેલી હતી અને સખ્તમાં સખ્ત ભરતીમાં પણ કોઇ વાર ટેકરીની નજીક સુધી સમુદ્રનાં પાણી પહોંચ્યાં નહોતાં એટલે તેના નિવાસીઓ નિશ્ચિંત રહેતાં.

'**નન્દિની વાટિકા**'માં આઠ–દશેક વર્ષથી કોઇ વાનપ્રસ્થાશ્રમી પુરૂષ રહેતો હતો અને એ સ્થળને સુંદર બનાવનાર તે જ પુરૂષ હતો. આસ-

પાસનાં ગામડાંના લોકો તેને કેટલાંક વર્ષથી ' **જોગીરાજ** ' ને નામે ઓળખતા હતા અને ' **નન્દિની વાટિકા** ' ને તેઓ ' **જોગીરાજની** વાડી ' કહેતા. દશ વર્ષના નિવાસ દર્મ્યાન **જોગીરાજે** '**નન્દિની વાટિકા**' ને અતિમનોહર બનાવી મૂકી હતી અને હવે તો તે સ્થાન એક અત્યંત રૂચિકર અને સુંદર સ્થાન તરીકે ઓળખાતું હતું. જે ટેકરી ઉપર આ મનોહર સ્થાન આવી રહેલું હતું તે ટેકરી બહુ ઉંચી નહોતી પરન્તુ વિશાળ ભૂમિ રોકી રહેલો ને એક ઉંચાણવાળો પ્રદેશ હતો અને તેનો મોટો ભાગ આ **નન્દિની વાટિકાને** માટે રોકી રાખેલો હતો. શુવર, આંબલી, પીંપળા, પીંપળ વગેરે રોપીને વાટિકાનો સર્વ વિભાગ બાંધી લેવામાં આવ્યો હતો અને અત્યારે તો એ વૃક્ષો એટલાં ધીચ અને ઉચાં થઇ ગએલાં હતાં કે દૂરથી એક ઝાડીના જેવો દેખાવ થઈ રહેલો જણાતો હતો. વાટિકાની અંદરના ભાગમાં માટીવડે બે ઝુંપડાં બાંધેલાં હતાં અને તેની આસપાસ જૂદી જૂદી જાતનાં ફૂલ તથા ફળ ઝાડ ઉગાડવામાં આવેલાં હતાં. એક નાનો માંડવો જૂઇની વેલનો જ બનાવેલો હતો અને તેની મધ્યમાં એક મૃગચર્મ હંમેશને માટે પાથરી રાખવામાં આવતું હતું. મેંદી, મોગરો અને ગુલાબ પુષ્કળ વાવેલાં હતાં અને જ્યાં ત્યાં તે છોડવાની હારની હાર નજરે પડતી હતી. એક બાજુએ બે નાનાં ઝુપડાં પીંપળનાં લાકડાંવડે બાંધેલાં હતાં તેમાંના એકમાં **જોગીરાજની** બે ગાયો અને તેનાં વાછરડાં તથા બીજામાં કામકાજ માટે રાખેલા બે ભરવાડો રહેતા હતા. **જોગીરાજના** નિવાસ માટેના ઝુંપડાની સામે એક યજ્ઞકુંડ રાખવામાં આવ્યો હતો અને તેમાં પ્રતિદિન હવન કરવામાં આવતો. યજ્ઞકુંડ નાના પત્થરે અને માટીથી ચણી લેવામાં આવ્યો હતો અને તેની બાજુમાં જ એક ઉંડો કૂવો હતો. સાગરનો પ્રદેશ નજીક હોવા છતાં કુવામાંના કોઇ મીઠા ઝરણુથી દૈવયોગે તેમાંથી મીઠું પાણી મળતું અને તેથી તેનું પાણી સૌના પીવાના ઉપ-

યોગમાં આવવા ઉપરાંત કુમળા છોડવાઓને પાવાના કામમાં પણ આવતું. કુવામાંથી હજીસુધી કોઇ વાર પાણી ખૂટી ગયું નહોતું, તોપણ ખૂટી જવાની બીક શખવામાં આવતી હતી અથવાતો દરિયાના ખારા પાણીનું ઝરણુ ફૂટી નીકળવાની બીક પણ રહેતી હતી, તેથી જરૂર પડે તેટલા કામમાં જ કુવાના પાણીનો ઉપયોગ કરવામાં આવતો અને તે સિવાયનાં બીજાં કામો માટે દરિયાનું પાણી લાવીને વાપરવામાં આવતું. પાણી લાવવાનું, ગાયોને ચારવાનું, છોડવાઓને પાણી પાવાનું, કુવામાંથી પાણી ખેંચવાનું તથા નજીકનાં ગામોમાંથી ખાવાના પદાર્થો આટો, દાળ, ચોખા વગેરે આણુવાનું કામ ભરવાડો કરતા, અને તેના બદલામાં જોગીરાજ તેમને ખાવાનું અને થોડો પગાર આપતા. આ વ્યવહાર દશ વર્ષથી સફળ રીતે ચાલ્યો જતો હતો, અને તેથી જે હેતુથી જોગીરાજે વનનિવાસ પસંદ કર્યો હતો તે હેતુ તેમને સફળ થએલો જણાતો હતો તથા 'નન્દિની વાટિકા' પણ એક રમણીય અને આનંદદાયક ઉપવનનું જ સ્વરૂપ ધારણ કરી રહી હતી. આસપાસમાં બહુ આછાં આછાં વૃક્ષો હતાં અને એક બાજુએ તો સાગર જ આવી રહેલો હતો એટલે લગભગ નિર્જન અરણ્ય જેવા પ્રદેશમાં વિરામસ્થાનરૂપ અને થાકેલા પ્રવાસીઓના હૃદયમાં શાંતિ અર્પે તેવું આ એક જ સ્થળ આવી રહેલું હતું.

જોગીરાજને આસપાસનાં ગામડાંના લોકો ઓળખતા ખરા, પણ તેમણે શામાટે ત્યાં નિવાસ કર્યો છે તે કોઇના જાણવામાં નહોતું. તે સંબંધે તો કોઇ કાંઇ અનુમાન કરતું અને કોઇ બીજું અનુમાન કરતું. કોઇ કહેતું કે તેમણે સંસારનો ત્યાગ કર્યો હોવાથી વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો છે, ત્યારે કોઇ એમ જણાવતું કે સંસારમાંનાં કુટીલ માણસોથી કંટાળીને જોગીરાજે વનમાં વસવાનું પસંદ કર્યું છે. પરંતુ આ અનુમાનમાંથી ખરી વાત શું છે તે જોગીરાજે સ્વમુખે કોઇને કહી નહોતી.

ભરવાડોને પગાર મળતો અને સૌનું ભરણપોષણ કરવા માટે નાણાંની જરૂર પડતી તે જોગીરાજ પોતાની પાસેથી પૂરૂં પાડતા. શંકરનું મંદિર કે માતાની પૂજા જેવું કાંઇ તેમણે નન્દિની વાટિકામાં રાખ્યું નહોતું એટલે જોગીરાજને જાત્રાળુઓ તરફની કે દર્શન કરવા આવનાર તરફની કાંઇ આવક થતી એમ નહોતું. છતાં ખર્ચમાટે સઘળું દ્રવ્ય તે પોતાની પાસેથી આપતા તે જોઇને ભરવાડો પણ નવાઇ પામતા. ગામના લોકો એમ વાતો કરતા કે દર વર્ષે મુંબઇનો કોઇ ભાટીયો એક વાર આવીને જોગીરાજને રૂપિયા આપી જાય છે, તેમાંથી તે પોતાનું ખર્ચ ચલાવે છે; પરન્તુ ભરવાડો કહેતા કે "આજ આઠ વર્ષથી અમે જોગીરાજની ચાકરીમાં રહ્યા છીએ, પણ કોઇ વાર અમે કોઇ તેવા પૈસાદારને વાટિકામાં આવ્યો જોયો નથી," એટલે વળી લોકો એવી કલ્પના કરતા કે જોગીરાજ આકાશમાં ઉડવાની કે એવી કાંઇ શક્તિ ધરાવતા હશે અને એવી રીતે ક્યાંક જઇને પૈસા લઇ આવતા હશે! આ સિવાય બીજી પણ લોકોમાં તરેહવાર વાતો થતી, તોપણ જોગીરાજ માટે લોકોની સારી લાગણી તો હમેશાં તેવી ને તેવી જ રહેતી અને જોગીરાજ મુંડન કરાવીને સંન્યાસી થયા નહોતા તથા ભગવાં વસ્ત્રો પહેરીને યોગી તરીકેનો દેખાવ પણ કરતા નહોતા એટલે દ્રવ્ય રાખવા છતાં લોકોને કાંઇ નિન્દા કરવાનું કારણ રહેતું નહિ.

જોગીરાજનો નિત્યક્રમ બ્રાહ્મમુહૂર્તથી શરૂ થતો. પાછલી એક પ્રહર રાત્રિ રહેતાં તે શય્યાનો ત્યાગ કરતા અને વાટિકામાં એક ફેરો ખાઇને તુરત જ દરિયાકિનારે જતા. શૌચ, દંતધાવન ઈત્યાદિથી પરવારીને દરિયામાં જ સ્નાન કરીને તે પાછા વાટિકામાં આવતા ત્યારે લગભગ અરૂણોદયનો સમય થવા આવતો. ત્યારપછી જોગીરાજ સંધ્યા આદિ ધર્મક્રિયામાં યુક્ત થતા. જાપ, યજ્ઞ અને પૂજા પાછળ તેમને બહુ વખતની જરૂર પડતી અને જ્યારે તેમાંથી તે નિવૃત્ત થતા ત્યારે

એકાદ પ્રહર દહાડો ચડી જતો. આ ક્રિયામાંથી પરવારીને તે ગાયોના બરડાપર હાથ ફેરવી આવતા તથા આખી વાટિકામાં સઘળા રોપા તથા નાનાં મોટાં વૃક્ષો વગેરેને તપાસી આવતા. તે તપાસ વખતે એક ભરવાડને સાથે રાખતા અને કોઇ રોપો ચીમળાઇ જતો હોય કે કોઈ વેલ બરાબર ચડતી ન હોય તો તે સંબંધે કાંઇ જરૂરની સૂચના કરતા. તે તપાસ પૂરી કરીને પોતાના કિશોર વયસ્ક પુત્રને તે અભ્યાસ કરાવવા લાગતા. **જોગીરાજે** પોતાના પુત્રને '**બાલકુમાર**' નામ આપ્યું હતું પણ ભરવાડો તેને **બાલુભાઇ** કહીને બોલાવતા. **બાલકુમારનો** નિત્યક્રમ અરૂણોદય સમયે જાગૃત થઇને દરિયાકિનારે સ્નાન કરવા જવાનો અને ત્યારબાદ સંધ્યા, ગાયત્રી તથા જાપ જેવી આહ્નિક ક્રિયા કર્યા પછી અભ્યાસમાં જોડાવાનો હતો. **જોગીરાજ** પોતે જ પુત્રના ગુરૂ હતા અને તેને યોગ્ય અભ્યાસ કરાવતા હતા. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ સાથે ઉપનિષદ્‌નું ભાષાન્તર **બાલકુમારને** શિખવવામાં આવતું હતું. એ સુરમ્ય અને ચિત્તશાંતિકારક સ્થાન સ્મરણશક્તિનો વિકાશ કરીને અભ્યાસમાં **બાલકુમારને** સાહાય્ય કરનાર થઇ પડયું હતું. અન્ય મનુષ્યોના સહવાસને અભાવે **બાલકુમારનું** ચિત્ત આહ્નિક ક્રિયા અને અભ્યાસ સિવાય અન્ય કોઇ વ્યાપાર તરફ ખેંચાતું નહિ.

ત્યારપછી રસોઇનું કામ **જોગીરાજને** સ્વહસ્તે પ્રારંભવું પડતું અને મધ્યાહ્નની સંધ્યા પછી દિવસમાં માત્ર એક વાર બન્ને જણ ભોજન લેતા. બપોરે પુનઃ જૂઇના મંડપમાં **બાલકુમારનો** અભ્યાસ ચાલતો અને દિવસના છેલ્લા પ્રહરમાં **બાલકુમાર** દરિયાકિનારાપર ફરવા જતો તથા **જોગીરાજ** પોતાની ઝુંપડીમાં કાંઇ ગુપ્ત કાર્ય માટે એકલા બેસતા. સાંજે પુનઃ સંધ્યા તથા જાપ પછી સામાન્ય વાર્તાવિનોદ થતો. ભોજનમાં રાત્રે માત્ર **બાલકુમાર** થોડું દૂધ પીતો અને

જોગીરાજ તો દૂધ પણ લેતા નહિ. ભરવાડો પોતાને માટે જૂદી રસોઇ કરતા અને તેઓ તો પોતાની મરજી પ્રમાણે દિવસમાં ત્રણ કે ચાર વાર જમતા પણ રાત્રે વાર્તાવિનોદ વખતે જોગીરાજની પાસે આવીને માત્ર બેસતા, તે વિના તેઓને ફુરસદનો વખત ભાગ્યે જ મળતો. રાત્રે જોગીરાજ બહુ મોડા સૂતા, પણ બાલકુમાર અને ભરવાડો તો એકાદ પ્રહર રાત્રિ જતાં જ નિદ્રાધીન થઇ જતા અને એ પ્રમાણે આખા દિવસનો કાર્યક્રમ પૂરો થતો.

અત્યારે—અરૂણોદયને સમયે બાલકુમાર સમુદ્રમાં સ્નાન કરવાને માટે જ આવ્યો હતો અને પૂર્વ દિશામાંથી લાલ બપોરીયાની પેઠે પ્રકટ થતા અરૂણના રક્તવર્ણીય પ્રકાશની ક્રીડાનું દર્શન કરતો સમુદ્રભણી દૃષ્ટિ કરીને ઉભો હતો. નિત્યના ક્રમ પ્રમાણે તે ધોતીયું લેઇને વાટિકામાંથી નીકળતો તે વખતે ઘણું કરીને અરૂણોદયનો ઝાંખો પ્રકાશ પ્રકટ થવાનો સમય થતો જ હોય, પણ આજે તેને લાગ્યું કે પોતે સ્નાન કરવામાટે જરા વ્હેલો આવ્યો હતો. આસપાસ દૃષ્ટિ કરી તો રોજ કરતાં વધારે અંધકારનો પટ વિસ્તરાયલો જણાયો. થોડો સમય ગાળવાને કિનારાપરની રેતીમાં તે બેઠો અને સમુદ્રની લઘુ તરંગમાળાપર દૃષ્ટિ ફેંકતો પોતાના મનની વિચારમાળાને પણ ફેરવવા લાગ્યો. તેનું વય બાર–તેર વર્ષનું જણાતું હતું અને વદનપર સરળતા તથા નિર્દોષતાની રેષાઓ કુદરતે જ અન્યને તેના સ્વભાવનું દર્શન કરાવવા માટે દોરી રાખી હોય તેમ ભાસતું હતું. ધોતીયાને જરા દૂર ફેંકી દઇને તથા શરીરપરની સફેદ કફની કાઢી નાંખીને રેતીમાં હાથ પગ પસારીને રેતીની સ્વલ્પ શીતળતાથી ત્વચાને તે ક્ષણિક આનંદ પમાડવા લાગ્યો. થોડી વારમાં અંધકાર દૂર થઇ ગયો અને સ્પષ્ટ અરૂણોદય થયો. પૂર્વ દિશા તેજસ્વી કસુંબી રંગની છોળો ઉ-છાળીને તેની દરિયામાં આહુતિ આપવા લાગી અને તેની પાછળ સૂ-

યેની કેસરવર્ણીય કિનારીનું દર્શન થયું. બાલકુમાર ઉઠયો અને ન્હાવા માટે પાણી તરફ જવા લાગ્યો, એટલામાં દરિયાના પાણીમાં કેટલેક દૂર ઘસડાતું જતું એક નાવડું તેના જોવામાં આવ્યું. નાવડું બહુ નાનું હતું. સઢ બાંધવાની કાંઇ ખાસ સગવડ જોવામાં આવતી નહોતી છતાં સઢની ગરજ સારવાને લાકડાના એક દાંડાની સાથે કોઇ શ્વેત વસ્ત્ર બાંધેલું જોવામાં આવતું હતું. તે શ્વેત વસ્ત્રના બે છેડા તે દાંડા સાથે બંધાએલા રહ્યા હતા અને બીજા બે છેડા છૂટી ગએલા હોવાથી પવનમાં ફરફરી રહ્યા હતા. નાવડામાં કોઇ બેઠેલું જણાતું નહોતું, તેમજ હલેસાંવડે તેને ચલાવવાને કોઇ પ્રયત્ન કરતું પણ જોવામાં આવતું નહોતું; છતાં તેમાં કોઇ માણસ હોય તેમ અનુમાન કરી શકાતું હતું, કારણકે માંહેના માણસનું કોઇ વસ્ત્ર પવનમાં ઉડતું હતું. નાવડું અનિયમિત રીતે પવનની સાથે આમતેમ ઘસડાતું હતું અને ઝોલા ખાતું હતું તથા આગળ ને આગળ ગતિ કર્યે જતું હતું. બાલકુમારને આ સઘળું જોઇને આશ્ચર્ય થયું અને નાવડામાં મુસાફરી કરનારાઓ કેવા મૂર્ખા હશે તેની કલ્પના સહજ સ્ફુરી આવી. એટલામાં પાછળથી કોઇએ કહ્યું: “ બાલુભાઈ! ”

બાલકુમારે પાછળ દૃષ્ટિ કરી તો તેણે પોતાની પાછળ વાટિકાના ભરવાડને જોયો. ભરવાડને જોઇને તેણે પૂછ્યું: “ કેમ ? શું છે ? ”

“ નાનું વાછરડું આ તરફ નાસી આવ્યું છે, ક્યાંય જોવામાં આવ્યું ? ” ભરવાડે પૂછ્યું.

“ ના, ક્યાંય જોયું નથી; પણ જોતા ! પેલું કૌતુક તો જો ! પેલું નાવડું ઘસડાઈ જાય છે અને માંહે કોઇ માણસો હોય તેમ જણાય છે. નથી કોઇ હલેસાં મારતા કે નથી કોઇને સઢ છૂટી ગયાનું ભાન ! કેવા ભાન વિનાના માણસ હશે ? ”

જેતાનું ધ્યાન પણ તે તરફ ગયું. થોડી વાર રહીને જેતો બોલ્યો: "બાલુભાઇ ! તેમાં કોઈ માણસ હોય તેમ તો જણાય છે; પણ મને લાગે છે કે હવે બહુ દૂર ગયા વિના નાવડું ડૂબી જશે ! દરિયાની વચ્ચે ઘસડાતું જાય છે અને પવન વધતો જાય છે ! કાંતો કોઇ ભાન વિનાનો માણસ સહેલ કરવા નીકળ્યો હશે તે આ પ્રભાતની ઠંડમાં ઉંઘમાં ઘોરતો હશે ! ઠીક, હું વાછરડાને શોધી કાઢું." એમ બોલતો જેતો ચાલવા લાગ્યો.

બાલકુમારે તેને રોકીને કહ્યું: "જેતા ! આપણે આમ જોતા રહીએ અને એ નાવડું ડૂબી જાય તે કાંઇ ઠીક નહિ. આવ આપણે આપણા નાવડામાં બેસીને તે તરફ જઇએ અને તે માણસ જો ઉંઘતો હોય તો તેને જગાડીએ અને બચાવીએ."

જેતો આ સાંભળીને વિચારમાં પડચો અને બોલ્યો: "બાલુ-ભાઇ ! હું જો આ કામમાં રોકાઉં તો વાછરડું કેટલુંએ દૂર નાસી જાય !"

"તોએ શું થઇ ગયું ? તેને શોધી કાઢતાં તને જરા વધુ મહેનત પડશે એટલું જ ને ? પણ આ એક કે બે માણસને બચાવવાથી કેટલું પુણ્ય થશે ? માટે ચાલ, નાવડું છોડ, આપણે જઇએ." બાલકુમારે કર્તવ્યદિશાનો વિચાર કરતાં કહ્યું.

"પણ તમને વખતસર પાછા ફરેલા નહિ જોઇને બાપાજીને ચિન્તા થશે તો ?"

"પિતાજી જાપમાં બેઠા હશે અને તેમાંથી ઉઠશે તે પહેલાં તો આપણે પાછા વાટિકામાં જઈ પહોંચીશું; ચાલ હવે વાર ન કર."

જેતાને બાલકુમારની આજ્ઞા માન્ય કર્યા સિવાય ચાલ્યું નહિ. તેણે નાવડું છોડયું અને બાલકુમારે પાછી કફની પહેરી લીધી. બન્ને જણ નાવમાં બેસી તે ઘસડાઈ જતા નાવડા તરફ ચાલ્યા.

પ્રકરણ ૬ ઠું.

નન્દિની વાટિકા તરફ.

"Thy path is not mine: *
" * * Mine own grief
" Is in mine eyes a richer, holier thing,
" Than all thy happiness."

ANONYMOUS.

સૂર્યે ક્ષિતિજમાં જરા દર્શન આપ્યું એટલામાં તો **બાલકુમાર** પોતાના નાવડા સાથે તે ઘસડાતા નાવડાની પાસે જઇ પહોંચ્યો. જેમ જેમ **બાલકુમાર** અને **જેતો** તે નાવડાની નજીક જઇ પહોંચવા લાગ્યા તેમ તેમ તેમાં કોઇ માણસ હોયાની તેઓની વિશેષ ને વિશેષ ખાતરી થવા લાગી, કારણકે નાવડાની અંદરથી ઉડતું શ્વેત વસ્ત્ર તેમાં માણસ હોયાની પ્રતીતિ કરાવતું હતું. થોડી વારે બન્ને નાવડાંઓ એક બીજાની પાસે આવી ગયાં. **બાલકુમાર** કુતૂહલ જોવાની ઉત્સુક વૃત્તિથી નાવડાની અંદર વારે વારે ઊભો થઇને પેલા નાવડાની અંદર નજર કરતો હતો, અને એટલામાં બન્ને નાવડાં નજીક આવ્યાં તેથી તેના હર્ષનો પાર રહ્યો નહિ. તેણે જોયું કે તે નાવડામાં કોઈ યુવક પ્રભાતના શીતલ સમીરમાં મીઠી નિદ્રાને અનુભવતો હતો. કટીપર એક ધોતિયા સિવાય તેની પાસે બીજું કાંઇ વસ્ત્ર નહોતું અને પાસેના બીજા ધોતિયાને ઊભા કરેલા એક હલેસાની સાથે બાંધી કામચલાઉ સઢ બનાવેલો જણાતો હતો. તે સઢ પણ પવનથી અર્ધો છૂટી ગયો હતો, અને ધોતીયાના બે છેડા બંધાએલા રહી બીજા બે છેડા પવનમાં ફરફરતા હતા તેનું તે યુવકને ભાન નહોતું. નાવડામાં

નિદ્રાધીન પણ જીવતા મનુષ્યને જોઇને બાલકુમારને આનંદ થયો. બન્ને નાવડાઓને પાસે રાખીને બાલકુમાર તે યુવકના નાવડામાં કૂદી પડ્યો. તે નાવડામાં પડતાં જ તેણે જોયું કે નાવડાનાં નીચેનાં પાટિયાંની તીરાડો પહોળી થઇ ગઇ હતી અને દરિયાનું પાણી ધીમે ધીમે નાવડામાં ભરાતું જતું હતું! આ જોતાં જ બાલકુમાર ચમકયો અને તેણે ભરવાડને સંબોધીને કહ્યું: "જેતા! આપણને પ્રભુએ બરાબર વખતે જ મોકલ્યા છે. જો, નાવડામાં કેટલું પાણી ભરાઇ ગયું છે? જો આપણે આવ્યા ન હોત તો આ નિદ્રાધીન મનુષ્યનું અવશ્ય મૃત્યુ થાત!"

જેતાએ નાવડામાં ઊભા થઇને ભરાએલું પાણી જોયું. તે મુંગો રહ્યો. દરિયાની અંદર શાંતિથી પ્રવાસ કરતા અને શાંતિવડે જ ચિત્તનું પોષણ કરવા મથતા તે યુવકને આકસ્મિકી મનુષ્યવાણીએ નિદ્રામાંથી જાગૃત કર્યો. શરીર ઉંઘતું હોવા છતાં મન અને આત્મા તો હમેશાં જાગૃત જ હોય છે, એટલે બાલકુમારના આકસ્મિક શબ્દોએ તે યુવકની નિદ્રા ઉરાડી દીધી અને 'કદાચ લુંટારાઓ મારા નાવડામાં ચડી બેઠા હશે' એવી ક્ષણિક કલ્પના સાથે બ્હાવરો બ્હાવરો તે બાલકુમાર તથા જેતા તરફ એકી દૃષ્ટે જોઇ રહ્યો.

તે યુવકની ભયગ્રસ્ત અને ચકિત મુદ્રા જોઇને બાલકુમારે તેના હૃદયની શંકાઓને ટાળી દેવાના હેતુથી કહ્યું: "અજ્ઞાત મનુષ્ય બંધુ! તમે જરા પણ ગભરાશો નહિ!"

તે યુવક બોલી ઉઠયો: "તમે પણ મારા જેવા મનુષ્ય છો, પછી તમારાથી હું શામાટે ન ગભરાઉં? શું મનુષ્યે મનુષ્યથી ન ડરવું જોઇએ?"

આ વિચિત્ર પ્રશ્ને બાલકુમારને અકસ્માત્ આશ્ચર્યમાં પાડી દીધો. તે દિગ્મૂઢ બનીને કાંઇ પણ ઉત્તર આપ્યા સિવાય ચકિત મુદ્રા કરીને ઊભો એટલામાં તે યુવક આગળ બોલ્યો: "તમે અહીં મારા નાવડામાં શામાટે આવ્યા છો? તમે સજ્જન હોવાનો દાવો કરતા હો

તો હું તમને કહીશ કે મેં કાંઇ તમને અહીં આવવાનું આમંત્રણ આપ્યું નથી; તમે દરિયાઇ લુંટારા હો તો હું તમને કહીશ કે તમે લૂંટી શકો એવું મારી પાસે કાંઇ જ નથી; અને જો તમે સજ્જન પણ ન હો તથા દુર્જન પણ ન હો અને અમસ્થા અહીં આવ્યા હો તો હું તમને કહી દઉં છું કે તમે અહીંથી સત્વર ચાલ્યા જાઓ. જીવતા મનુષ્ય પ્રાણીનો સહવાસ મને એક ક્ષણભર પણ જોઇતો નથી."

બાલકુમારને તે યુવક ભ્રમિત ચિત્તવાળો જણાયો; પણ એ સાથે તેનામાં બુદ્ધિના કાંઇક વિશિષ્ટ ચમકારા હોય તેમ પણ તેને જણાયું. તેનું ચિત્ત ભ્રમિત થવાનું કાંઇ કારણ હશે અથવાતો કોઇ મનુષ્યના સહવાસનો કડવો અનુભવ તેને થયો હશે અને તેથી જ તે મનુષ્યના સહવાસને અનિષ્ટ લેખી મનુષ્યથી ડરતો હશે તેવું બાલકુમારે અનુમાન કર્યું. બીજું અનુમાન તેણે એવું પણ કર્યું કે કદાચ તે યુવકની નિદ્રાનો ભંગ થયો હોવાથી તે આ બનાવને સ્વપ્નરૂપ માની આ પ્રમાણે બોલતો હશે અને તેથી તેને ભાનમાં લાવવા માટે બાલકુમારે પ્રશ્ન કર્યો: "ભાઇ! તમને મનુષ્યપ્રાણીનો સહવાસ નથી જોઇતો તેનું કારણ શું? તમે પણ મનુષ્ય જ છો અને દરેક પ્રાણીએ સજાતીય સહવાસમાં વસવું જ ઉચિત છે."

"દરેક પ્રાણીએ સજાતીય સહવાસમાં વસવું ઉચિત છે, એ નિયમ મનુષ્યપ્રાણીને લાગુ પડવો જોઇએ નહિ! દુનિયાના દંભી અને ઘાતકી મનુષ્યે મનુષ્યપ્રાણીના સહવાસમાં રહીને તેણે શું મનુષ્યાહારી થવું જોઇએ? નહિ! નહિ! ઓ કિશોર વયના મનુષ્યપ્રાણી! તારા ઉપર હજી દુનિયાનાં મનુષ્યપ્રાણીઓનો વા વાયો જણાતો નથી અને તેથી જ તું આમ બોલે છે! મનુષ્યે મનુષ્યના સહવાસમાં નહિ પણ પશુ અને પક્ષીઓના સહવાસમાં રહેવું જોઇએ!" તે યુવકે કિંચિત્ ક્રુદ્ધ થતાં કહ્યું.

બાલકુમાર સમજ્યો કે એ યુવક નિદ્રામાં કે સ્વપ્નમાં નથી, કિન્તુ કોઇ કારણથી તેનું ચિત્ત ભ્રમિત થઇ ગયું હોવું જોઇએ. યુવકના શબ્દો ઉપર મન્દ સ્મિત કરીને બાલકુમાર બોલ્યો: "અમૂલ્ય દેહધારી મનુષ્યનો સહવાસ છોડીને મનુષ્યે વિજાતીય પશુ-પક્ષીના સહવાસમાં રહેવું જોઇએ એમ તમે શામાટે કહો છો?"

બાલકુમારને આગળ બોલતો અટકાવીને તે યુવક જુસ્સામાં આવતો બોલી ઉઠ્યો: "શું? શું મનુષ્યનો દેહ અમૂલ્ય છે? હા, કદાચ તેનો દેહ અમૂલ્ય હશે પરન્તુ તેનું ચિત્ત તો કેવળ નિર્મૂલ્ય અને નિર્માલ્ય હશે! વિઘાતક વૃત્તિથી ભરેલા, દંભી બુદ્ધિના સાગર-રૂપ અને મનુષ્યાહાર કરવાની ઇચ્છાવાળા મનુષ્યનો દેહ પણ નિર્મૂલ્ય જ કહેવાવો જોઇએ; અને એવા મનુષ્યનો સહવાસ અનિષ્ટ હોઈ પશુ-પક્ષીઓનો સહવાસ ઇષ્ટ હોય તેનું કારણ તો ખુલ્લું જ છે કે બિચારાં નિર્દોષ પશુ-પક્ષીઓ મનુષ્યો જેવાં ઘાતકી કે દંભી નહિ પણ પરોપકારી, સરલ અને માયાળુ હોય છે! બસ, હવે કૃપા કરીને તમે પણ મારો સહવાસ છોડી જાઓ, નહિતો તમારો સહવાસ છોડી દેવાને હું દરિયામાં ડૂબી મરીશ!"

"બંધુ!"

"ચૂપ રહે!" યુવકે આંખો ફાડીને કહ્યું: "તારો તે દાંભિક 'બંધુ' શબ્દ મને નહિ સંભળાવ!"

"નહિ સંભળાવું; પણ કૃપા કરીને મને કહો કે તમે શામાટે એમ માનતા નથી કે મનુષ્યો પણ પરોપકારી સરલ તથા માયાળુ હોય છે?"

"શું? હું માનું કે મનુષ્યો પરોપકારી, સરલ અને માયાળુ હોય છે? અસંભવિત! **ન ભૂતઃ** તો નહિ, પણ **ન ભવિષ્યતિ** નિશ્ચિત જ! મનુષ્યો કદાપિ તેવાં હોય જ નહિ."

"અમે પણ મનુષ્યો છીએ." બાલકુમારે જણાવ્યું.

"અને તમે શું પરોપકારી, સરલ તથા માયાળુ હોવાનો દાવો કરો છો?" એમ બોલતાં જ અસંભવિતતાનું સૂચન કરતો અને તિરસ્કાર વ્યક્ત કરતો તે યુવક ખડખડાટ હસી પડ્યો.

"અમે આત્મશ્લાઘા કરતા નથી પણ કહીએ છીએ કે અમે તમારા પર ઉપકાર કરવાને અહીં આવ્યા છીએ!"

"મારા ઉપર ઉપકાર? જા, જા, બચ્ચા! ઉપકાર કરવાના બ્હાનાથી તું મને ઠગવા આવ્યો છે તે હું સારી પેઠે સમજું છું! મનુષ્ય મનુષ્ય ઉપર કદાપિ ઉપકાર કરે જ નહિ, તે હું શું નથી સમજતો કે તું મને ઠગવાને અહીં આવ્યો છે, અલ્યા?" ક્રોધસૂચક રેષાઓ તે યુવકના વદનપર તરી આવી.

"ભાઇ! તમે ક્રુદ્ધ શામાટે થાઓ છો? તમે એક વાર તમારી નીચે નજર કરો; જુઓ, નાવડામાં કેટલું પાણી ભરાઈ ગયું છે? તમારા નાવડાને કોઈ પણ પ્રકારના નિયમ વિના આમ તેમ ઘસડાતું કિનારાપરથી અમે જોયું, તમારો સઢ પણ છૂટી ગએલો જોયો એટલે અમને લાગ્યું કે તમારૂં નાવડું ડૂબી જશે. તમારા નાવડામાં જો કોઇ મનુષ્ય હોય તો તેને બચાવવા જ અમે અમારૂં નાવડું લઇને આવ્યા છીએ. અમે અહીં આવીને જોઇએ છીએ તો અમને જણાયું કે થોડા જ વખતમાં તમે તમારા નાવડા સાથે નિદ્રાધીન અવસ્થામાં જ જળશાયી થઈ જશો! તમને બચાવવાને જ અમે અહીં આવ્યા, તે પરોપકાર કહેવાય કે નહિ તેનો તમે જ ઉત્તર આપો! અમે આત્મશ્લાઘા કરવા માટે અમારા સંબંધમાં 'પરોપકાર' શબ્દનો ઉપયોગ કરતા નથી,-પરન્તુ આપણા મનુષ્યબંધુઓની તમે જે અવગણના કરો છો તેમાંથી મનુષ્યસૃષ્ટિને બચાવી લેવા માટે અમોને આટલું કહેવાની જરૂર પડે છે."

બાલકુમારના એ શબ્દો પૂરા થયા પહેલાં યુવકની દૃષ્ટિ નાવડામાંના પાણી તરફ ખેંચાઈ ચૂકી હતી અને તે જોતાં જ તે મોટા વિચારમાં પડી ગયો હતો! વદનને નીચું નમાવીને અને લજ્જાપૂર્વક તેણે **બાલકુમાર**ના સઘળા શબ્દો સાંભળ્યા હતા અને હવે તેને ભાન થયું હતું કે પોતે મરણને કાંઠે હતો તેવામાં તે બન્ને જણાએએ આવીને તેનો બચાવ કર્યો હતો! "આજે આ સમુદ્રનું ખારૂં જળ મારી કાયમની શય્યા થાત તેમાંથી મને બચાવનાર—મારા પર ખરેખરો ઉપકાર કરનારની મેં કેટલી અવગણના કરી?" એવા વિચારના ઉદ્દ્ભવથી તે લજ્જાતો હતો, પસ્તાતો હતો અને મુખમાંથી કાંઈ પણ ઉચ્ચાર કરવાને ક્ષોભ પામતો હતો. ખરી વસ્તુસ્થિતિનું જ્ઞાન તેને એ ક્ષણે થયું. ચિત્તની મુગ્ધતા અને ભ્રમણાનું તે ક્ષણે અદર્શન થઇ ગયું; છતાં ભ્રમણાના અદૃશ્ય થતા પટે પુનઃ તેના મુખમાંથી શાંતિપૂર્વક ઉચરાવ્યું: "પણ જો તમે આ પરોપકાર કર્યો છે તો તમે મનુષ્યપ્રાણી નહિ હશો! કાંતો કોઇ દેવ હશો અને નહિતો અન્ય કોઇ હશો!"

તે યુવકના આવા શાંત અને ભ્રમણાના આછા પટવાળા શબ્દો સાંભળતાં **બાલકુમારે** કિંચિત્ આનંદ અનુભવ્યો અને તે બોલ્યો: "બંધુ! અમે દેવ પણ નથી કે અન્ય કોઇ નથી, કિન્તુ જે પ્રકારના મનુષ્ય તમે છો તે જ પ્રકારનાં મનુષ્ય અમે છીએ! તમારી ભ્રમણાને તમે દૂર કરો, અને મનુષ્યપ્રાણીપરના તિરસ્કારને હૃદયમાં વધું વખત ધારણ કરી રહો નહિ! આ સૃષ્ટિમાં વિવિધ સ્વભાવનાં મનુષ્યો વસે છે, તેમાં કોઇ પરોપકારી પણ હોય તો કોઇ વિશ્વાસઘાતી પણ હોય, કોઇ સરલ પણ હોય અને કોઇ અસરલ પણ હોય તથા કોઈ માયાળુ હોય તો કોઈ ઘાતકી પણ હોય! સર્વથા અને સર્વદા મનુષ્ય દુષ્ટ જ હોય છે એવું માની બેસશો નહિ! જુઓ, જેમ જેમ વધુ સમય

જાય છે, તેમ તેમ તમારા નાવડામાં વધુ પાણી ભરાય છે, માટે તમે આ અમારા નાવડામાં એસી જાઓ અને અમારા આશ્રમમાં ચાલો ! અમે મનુષ્યો છીએ ખરા, પણ ભય પામવાયોગ્ય મનુષ્યો અમે નથી."

"આહા ! આજે તમે મારા પર કેટલો ઉપકાર કર્યો છે ? ભાઇ ! તેનો બદલો હું કેવી રીતે વાળીશ ? તમે મને ખરેખર જીવિતદાન જ આપ્યું છે ! બંધુ !" એમ ગદ્‌ગદ્ કંઠે કહેતાં તે યુવકે બાલકુમારને સપ્રેમાલિંગન કરવાને પોતાના બાહુ લંબાવ્યા.

"બંધુ ! રહો, અમે ઉપકાર કર્યો છે એમ તમે સહસા નહિ માની લો ! હજી વાર છે, મનુષ્યો નિર્દય અને દુષ્ટ હોય છે એવી તમારી ભ્રમણા સંપૂર્ણતઃ દૂર થાય, માત્ર વાચાવડે જ નહિ પણ કર્મ-વડે તમારી ખાત્રી થાય કે મનુષ્યપ્રાણી પણ પશુ-પક્ષીઓનાં જેવાં સરલ અને પરોપકારી હોય છે, ત્યારે જ તમારા સ્નેહનું દર્શન ભલે થાય !" એમ કહેતાં બાલકુમારે પોતાની આડા હાથ ધરી રાખીને યુવકના સપ્રેમાલિંગનો સ્વીકાર ન કર્યો.

યુવકનાં નેત્રોમાંથી પ્રેમાશ્રુઓ દ્રવવા લાગ્યાં. અંતર્‌માં અનેક કલ્પનાઓ ફૂટવા લાગી અને દ્રવતી અશ્રુધારાને વેગવતી બનાવવા લાગી. મનુષ્ય જ્યારે પોતાની કોઇ ભ્રમણામાંથી મુક્ત થાય છે અને જ્યારે તેને જ્ઞાન થાય છે કે પોતે કરેલી ભૂલ પોતાને લજ્જાસ્પદ હતી, ત્યારે પોતાની તે ભ્રમણાનું પ્રાયશ્ચિત્ત તે અશ્રુસ્નાનવડે જ કરે છે, અને હૃદયના ભ્રમરૂપ મળને તે સ્નાનવડે દૂર કરીને હૃદયને નિર્મળ બનાવે છે. **प्रायश्चित्तं हि पापानां पश्चात्ताप इतिस्मृतः॥** પાપનું પ્રા-યશ્ચિત્ત પશ્ચાત્તાપ જ છે. તે યુવકે પોતાના પર ઉપકાર કરવા આવનારનું અપમાન કરવાનું જે પાપ કર્યું હતું તેનું પ્રાયશ્ચિત્ત હવે તે પશ્ચાત્તાપ વડે-રોદનવડે-અશ્રુની અંજલિવડે કરવા લાગ્યો. બાલકુમાર' તે અશ્રુને જૂદા જ રૂપનાં સમજવા લાગ્યો. જે મનુષ્યપ્રાણીઓ ઉપર

પહેલાં તે યુવક તિરસ્કાર ધરાવવા લાગ્યો હતો, તેઓના જ ઉપર હવે તે એકાએક પ્રેમ ધરાવતો થયો છે એમ જાણીને બાલકુમારે અનુમાન કર્યું કે તે અશ્રુબિંદુઓ મનુષ્યપ્રતિના પ્રેમભાવનાં હોવાં જોઇએ. તે અશ્રુને બંધ કરવાનું-પ્રેમાશ્રુને દ્રવતાં અટકાવવાનું નહિ કહેતાં બાલકુમારે કહ્યું: "બંધુ! હવે તમે તમારા નાવડામાં વધુ વાર નહિ થોભતાં અમારા નાવડામાં આવી જાઓ, કારણકે પાણી ભરાતું હોવાથી હવે આ નાવડું આપણો ભાર ઝીલી શકશે નહિ!"

ભ્રમણામાંથી મુક્ત થયેલા યુવકે કાંઇ પણ શબ્દો બોલ્યા વિના બાલકુમારની એ સલાહનો સ્વીકાર કર્યો અને તે તુરત જ પાસેના નાવડામાં કૂદી પડ્યો. બાલકુમારે તે નાવડાના એક હલેસા ઉપર ધોતીયું બાંધીને બનાવેલા કામચલાઉ સઢને વીંખી નાંખ્યો અને ધોતીયું તે યુવકને આપી પોતે પણ પોતાના નાવડામાં કૂદી પડતાં બોલ્યો: "જેતા! હવે આપણે વધુ વાર નહિ કરતાં સત્વર કિનારા તરફ જવાનું છે; વખત બહુ થયો હોવાથી કદાચ પિતાજી ચિન્તા કરતા હશે."

જેતાને પણ વાછરડું શોધવાની ચટપટી લાગી હતી, અને કદાચ તે બહુ દૂર નાસી જશે તો પછી તેને શોધતાં બહુ મુસ્કેલી નડશે એમ ધારી તેણે ક્ષણવારમાં પેલા નાવડાને પોતાના નાવડા જોડે એક દોરડાવડે બાંધી લીધું અને જોરભેર હલેસાં મારી બન્ને નાવડાંને કિનારા તરફ લીધાં. બાલકુમાર પણ જેતાને હલેસાં મારવામાં થોડી થોડી મદદ કરવા લાગ્યો.

તે યુવક પોતાની ભ્રમણામાંથી મુક્ત થયો હોવા છતાં હજી તે પુરી રીતે ઉદ્વેગમુક્ત થયો જણાતો નહોતો. નાવડામાં પણ બે ઘુંટણ વચ્ચે માથું રાખીને હૃદયના કાંઇ ઉંડા દુઃખથી પીડાતો હોય તેમ જણાતું હતું અને જોકે તેનાં નેત્રોમાંથી દ્રવતાં અશ્રુબિંદુઓ તો હવે દૂર થઇ ગયાં હતાં, તોપણ તેના હૃદયમાં થતી વ્યથા સ્પષ્ટ મા-

લુમ પડતી હતી. તે વ્યથાનું કારણ પૂછવાની બાલકુમારને જરૂર જણાઇ આવી પરન્તુ કિનારે ઉતર્યા પછી જ તે સંબંધી પ્રશ્નો કરવાનું તેણે ઉચિત માન્યું.

વાયુના અનુકૂળ પ્રવાહની સાહાય્યથી નાવડાંઓ થોડી વારમાં કિનારે આવી લાગ્યાં. બાલસૂર્યનો તીક્ષ્ણ તાપ શરીરમાં પ્રસ્વેદ ઉપજાવવા લાગ્યો અને વાયુની લહરિ તે પ્રસ્વેદનું શોષણ કરતી શરીરને સમસ્થિતિમાં રાખવા લાગી. કિનારે આવતાં ત્રણે જણ નાવડામાંથી ઉતરી ગયા. જેતો ઉતાવળો ઉતાવળો નાવડાંને કિનારે બાંધતો વાછરડાની તપાસમાં દોડયો અને બાલકુમારે ઉતાવળને લીધે કફની સાથે જ સ્નાન કરી લીધું. યુવકનું પણ સ્નાન તરફ લક્ષ ખેંચતાં તેણે કહ્યું: "બંધુ ! તમે પણ સ્નાન કરી લેશો ? આ ધોતિયું તમારે માટે તૈયાર છે."

યુવકે પણ તે સૂચના માન્ય રાખી અને દરિયામાં સ્નાન કરી લીધું, સદ્દ સાથે બાંધેલું ધોતિયું પહેરી લીધું અને બાલકુમારની પાછળ પાછળ વાટિકા તરફ ચાલ્યો. યુવક હજી વિચારનિમગ્નતામાંથી મુક્ત થયો જણાતો નહોતો. થોડી વાર સુધી બન્ને મુંગામુંગા ચાલ્યા પછી બાલકુમારે પ્રશ્ન કર્યો: "બંધુ! તમે આ માર્ગે અચાનક ક્યાંથી આવી ચડ્યા ? તમારા મનની સ્થિતિપરથી હું અનુમાન કરૂં છું કે કદાચ તે ઇતિહાસ બહુ લાંબો હશે, અને જો કાંઇ હરકત ન હોય તો મને તે જણાવશો ?"

આ પ્રશ્ન સાંભળીને યુવક સ્થિર ઊભો રહ્યો. તેની આંખમાં આંસુ આવ્યાં. બાલકુમારને તેની આંખમાં આંસુ જોઇને દુઃખ થયું અને તેણે વિચાર્યું કે "આ પ્રશ્ન મેં ન જ પૂછ્યો હોત તો સારૂં હતું." તેણે પ્રકટપણે કહ્યું: "બંધુ ! મને માફ કરજો ! એ પ્રશ્નથી તમને દુઃખ થશે એમ હું જાણતો નહોતો, નહિતો હું પૂછત જ નહિ."

"ભાઇ! તમારો દોષ તેમાં કાંઇ જ નથી, પરન્તુ આ તરફ ધસડાઇ આવવાના કારણ તરીકે જે દોષ મારા હસ્તે થઇ ગયા છે તેથી મને બહુ દુઃખ થાય છે; અને તે જ દુઃખ તમારા આ પ્રશ્નથી મને સાંભરી આવ્યું છે! હું મારો ઇતિહાસ કહીશ–ખુશીથી કહીશ; પણ તે વિસ્તારથી ન કહેતાં ટૂંકામાં કહું તો કેમ?"

"ટૂંકામાં પણ તમારા હૃદયને દુઃખ ઉત્પન્ન ન થાય તો જ કહેજો. તમારૂં નામ શું?"

"મારૂં નામ? નામ જાણવાથી શું લાભ છે? મને અતિથિ કહેજો; હું સમય કે તિથિના નિર્માણ વિના જ આ સ્થળે આવી ચડયો છું; અને તમારૂં નામ?"

"મને પિતાજી **બાલકુમાર** કહે છે." એમ કહી **બાલકુમાર** આગળ ચાલ્યો. અતિથિ તેની પાછળ દોરાયો.

"**બાલકુમાર**! દંભી અને નિર્દય મનુષ્યોના સહવાસમાંથી છૂટવા માટે કોઇ એક સ્થળનો અને તે સાથે ઇશ્વરની મરજી હોય તો સમગ્ર ઇહલોકનો પણ ત્યાગ કરવા માટે હું આ નાવડામાં નીકળ્યો હતો. મનુષ્યોનો દંભ અને તેમની નિર્દયતાએ મારા મન ઉપર એટલી ભયંકર અસર કરી હતી કે તેથી મેં સાહસિક રીતે નાસી છૂટવાનો પ્રયત્ન કર્યો. હું ક્યાં જઇશ, મારૂં શું થશે, દરિયામાં કોઇ આડે માર્ગે ચડી જઇશ તો હું કાંઇ ખોરાક કે મીઠું પાણી પણ મેળવી શકીશ નહિ, વસ્ત્રો વિના હું દુઃખી થઇ જઇશ, એમાંથી એક વિચારને મગજમાં સ્થાન આપ્યા વિના, જે ક્ષણે મને મનુષ્યના દંભ અને નિર્દયતાનો અનુભવ થયો તે જ ક્ષણે હું એક નાવડામાં નીકળી ગયો. જેમ બને તેમ તેવાં મનુષ્યોથી વધારે દૂર જવાને ક્રુદ્ધ મનોવૃત્તિ સાથે હું હલેસાંવડે નાવડું ચલાવતો ચલાવતો દરિયાકિનારાને છોડી ગયો અને પછી તમે મને કેવી સ્થિતિમાં મેળવ્યો તે તો તમે જાણો છો."

" તમારો ઇતિહાસ હું સમજ્યો. નજીકમાં તો નાવડાં રહી શકે તેવો કિનારો માત્ર **ભદ્ર**મુખનો છે જે અહીંથી ચાર-પાંચ કોશ દૂર છે અને હું અનુમાન કરૂં છું કે તમો **ભદ્ર**મુખથી જ નીકળ્યા હશો. તમે શરૂઆતથી જ મનુષ્યનો સહવાસ ઇચ્છતા નહોતા અને મનુષ્યને ઘાતકી કહેતા તે ઉપરથી જ મેં માન્યું હતું કે તમને કોઈ કુટિલ મનુષ્યનો કડવો અનુભવ થયો હશે અને તેથી તમારી ચિત્તવૃત્તિ એકાએક ક્રોધાતુર થઇ ગઇ હશે. "

એમ વાતો કરતા બન્ને જણ " **નન્દિની વાટિકા** "ની નજીકમાં આવી પહોંચ્યા. **જો**ગીરાજ **બાલ**કુમારના આવવાની રાહ જોતા ક્યારનાએ એક વૃક્ષની ડાળી પકડીને દરિયા તરફ દૃષ્ટિ કરીને ઊભા હતા. તે **બાલ**કુમારની સાથે એક અજ્ઞાત યુવકને જોતાં જ આશ્ચર્ય પામ્યા અને શું બનાવ બન્યો હશે તેની ચિંતા કરવા લાગ્યા.

પ્રકરણ ૭ મું.

મનોનિશ્ચય : દંભી દુનિયાથી દૂર.

Blest be that spot where cheerful guests retire
To pause from toil, * * *
Blest that abode where want and pain repair,
And every stranger finds a ready chair.

GOLDSMITH.

સત્ય અને અસત્ય વચ્ચે આકાશ અને પાતાળના જેટલું વિશાળ અંતર હોવા છતાં, નજરે જોએલું સત્ય અને કાને સાંભળેલું અસત્ય એવો ઉપલકિયો નિયમ માનનારાઓ કહે છે કે આંખ અને કાન વચ્ચે ચાર તસુનું અંતર છે માટે સત્ય અને

અસત્ય વચ્ચે પણ ચાર તસુનું અંતર લેખાય ! તેવી જ રીતે પ્રેમ અને તિરસ્કાર વચ્ચે વિશાળ અંતર હોવા છતાં મનુષ્યની મનોવૃત્તિ પ્રેમરૂપી આકાશમાંથી તિરસ્કારરૂપી પાતાળમાં એક ક્ષણ માત્રમાં પેસી જાય છે, જાણેકે પ્રેમ અને તિરસ્કાર વચ્ચે પણ માત્ર ચાર તસુનું જ અંતર હોયની ! એક વાતમાં સત્યના ગુણો હોતા નથી તેથી તે અસત્ય કહેવાય છે; પરન્તુ મૂર્તિમાન્ દંભ અસત્યમાં પણ સત્યની પ્રતીતિ કરાવે છે ! હવાના સૂક્ષ્મ પટમાં ઇંદ્રજાળની રચના બતાવનારાઓ સત્ય અને અસત્ય વચ્ચે રહેલું વિશાળ અંતર ટૂંકું કરી બતાવે છે પરંતુ વસ્તુતઃ તે અંતર અતિ વિશાળ જ હોય છે, અને દંભમૂર્તિ દૂર થઈ જતાં તેનું વાસ્તવિક અસત્ય સ્વરૂપ સ્થૂલ નેત્રોથી પણ અવલોકી શકાય છે. તેવી જ રીતે પ્રેમમાં મિશ્રિત થએલો દંભ દૂર થઇ જતાં પ્રેમને સ્થળે અસત્ય ભાવ તેનાં વાસ્તવિક સ્વરૂપમાં પ્રકાશી નીકળે છે અને પ્રેમ અને તિરસ્કાર વચ્ચે વિશાળ અંતર હોવા છતાં મન પોતાની સ્વાભાવિક તીવ્ર ગતિથી તિરસ્કારના દ્વારમાં પેસી તે દંભ અને અસત્ય ભાવ તરફ ઘૃણાનો વર્ષાદ વર્ષાવે છે.

ભદ્રમુખના ધાટ ઉપર **શાર**દાગૌરીની લગ્ન માટેની વિનવણીને અન્તે **કાન્તિલાલ** મૂર્ચ્છિત થઇને પડ્યો હતો. અકસ્માત્ મૂર્ચ્છિત થવાનું કારણ શું હતું ? **શાર**દાગૌરી ધનના લોભથી **કાન્તિલાલ**ને પરણવા તૈયાર થઇ નહોતી કારણકે ધન તો તેની માતા પાસે પુષ્કળ હતું. તે માત્ર પ્રેમની ભૂખી હતી, સંસારની સ્થૂળ વાસનાઓવાળી પિપિલિકા હતી, અને પોતાની રોગિષ્ઠ અવસ્થા તે હૃદયના મિત્રનો અભાવ જ માત્ર હતો એમ તેણે **કાન્તિલાલ**ને જણાવ્યું હતું. **કા-ન્તિલાલ**નું હૃદય તેના તરફ આકર્ષાયું હતું. **શાર**દાગૌરીના પ્રેમને અને સરલ હૃદયને ન્યાય આપવા માટે લોકાપવાદનો સ્વલ્પ પણ ભય રાખ્યા વિના તે તેનો હાથ પકડવાને તૈયાર થઈ ગયો હતો.

જગત્ જે કાર્યને નિંદે છે તે કાર્યને પુણ્યરૂપ માનીને દુઃખથી બ્હાવરી બની ગએલી સુંદરીને આત્મઘાતમાંથી બચાવી લેવાનું પોતાનું કર્તવ્ય સમજીને અને લલિતા જેવી ઉચ્છૃંખલ કન્યા કરતાં શારદાગૌરી જેવી વિચારશીલ વિધવા પોતાને સંસારમાં વધારે ઉપયોગી અને મદદગાર થઈ પડશે એમ વિચારીને તે શારદાને પોતાની કરવા માટેના નિશ્ચયપર આવ્યો હતો. એક બીજાની સમક્ષ બન્ને હૃદયનો ખુલાસો થઇ ગયો હતો. છતાં છેવટનો એક ખુલાસો કરવાની કાન્તિલાલને જરૂર હતી. પોતે વાનપ્રસ્થ જીવનને પસંદ કરનાર હતો અને તેથી પ્રસંગોપાત શારદા પણ તે જીવનને કબુલ કરશે કે નહિ તે એક છેવટનો પ્રશ્ન કાન્તિલાલ પૂછવા જતો હતો, એટલામાં તે પ્રશ્નનું તેને વિસ્મરણ થઈ ગયું. વિસ્મૃત થએલા પ્રશ્નને સ્મૃતિમાંથી બળાત્કારે ખેંચી કાઢવાનો તેણે પ્રયત્ન કર્યો, ગુંચવાઈ ગએલા મસ્તિકને ચારે દિશાએ ફેરવ્યું, એવામાં તેની નજર પોતાની નજીકમાં સૂતેલા એક કષાયવસ્ત્રધારી પુરૂષપર પડી. તે પુરૂષ ઘાટનાં પગથિયાંપર જ્યાં ચંદ્રનો પ્રકાશ બહુ આવતો નહોતો ત્યાં લપાઇને સૂતો હતો અને શારદાગૌરી તથા કાન્તિલાલ વચ્ચે થતો વાર્તાલાપ ગુપ્ત રીતે સાંભળતો હતો. તે સૂતેલો હતો છતાં મસ્તિક ઉંચું રાખીને, ઉત્કંઠ બનીને, કાન સરવા કરીને સઘળી વાત સાંભળતો હતો. તેની તે વિચિત્ર રીતભાત કાન્તિલાલના જોવામાં આવતાં અને તે વાતચીતને ગુપ્ત રીતે સાંભળતો હતો તથા તેનાં વસ્ત્રો કષાયરંગી હતાં તે જાણતાં જ તે ગભરાટમાં પડ્યો. પોતાના ચરિત્રને આવી ગુપ્ત રીતિથી અવલોકનાર કષાયવસ્ત્રધારી સ્વામી રમણાનંદજી જ છે એમ તેની ખાત્રી થઇ અને એક ક્ષણમાત્રમાં તેના ચિત્તમાં થઇને સેંકડો વિચારો પસાર થઈ ગયા ! શારદાગૌરીએ પોતાપર દર્શાવેલો પ્રેમ અને કરવા ધારેલું પુનર્લગ્ન એક ગુપ્ત યોજના નથી, પણ રમણાનંદજી તે જાણે છે અને તેથી જ પોતે અહીં આવ્યા

પહેલાં સ્વામીજી ઘાટપર ગુપ્ત રહી સઘળું સાંભળી રહ્યા છે એમ કાન્તિલાલે જોયું. પોતાને ઠગવાને જ આ સઘળી રચના કરવામાં આવી છે એમ કળી જતાં કાન્તિલાલને જરા પણ વાર લાગી નહિ. વિધવાવિવાહની વિરૂદ્ધમાં પોતાનો અભિપ્રાય હોવા છતાં પોતાને જ એક વિધવા સાથે પરણાવીને ભ્રષ્ટ કરવાનો આ સઘળો બેત રમણાનંદજી, મોહનાદેવી અને શારદાગૌરીએ રચી રાખેલો છે એમ તે તુરત જ સમજી ગયો અને તે જ ક્ષણે તે મૂર્છિત થઇ ગયો ! પોતાનો વાર્તાલાપ ગુપ્ત રીતે રમણાનંદજી સાંભળી રહ્યા છે તે બનાવ જોતાં જ કાન્તિલાલને ઠગાઇનું ભાન થયું હતું અને તે ચમકી ઉઠ્યો હતો. પોતાના ઉપર પ્રેમથી મરી ફીટનાર, હૃદયના મિત્ર વિના મરવાને અને આત્મઘાત કરવાને તૈયાર થનાર શારદાગૌરી પણ પોતાને ફસાવીને તિરસ્કારનું હાસ્ય કરવાના પ્રપંચમાં શામેલ હોવી જોઇએ એવું માનતાં તેનું હૃદય ઉચ્ચાશયની પાંખમાંથી અધમ—અપવિત્ર ભૂમિપર પટકાઈ પડ્યું હતું ! મનુષ્યોની દાંભિકતાનું ભાન થયું હતું. નિર્દયતાનું સ્વપ્ન સ્ફુરી રહ્યું હતું અને પરિણામે તિરસ્કારનો નીશો મગજના તંતુએ તંતુએ વ્યાપી ગયો હતો. તે નીશાએ તેને મૂર્છિત કરી નાંખ્યો હતો.

રમણાનંદજીનું દુષ્ચરિત્ર અહીં ખુલ્લું થાય તો તે અનુચિત લેખાશે નહિ. સ્વામી રમણાનંદજી પૂર્વાશ્રમમાં એક બ્રાહ્મણ હતા અને ચપળ બુદ્ધિના યોગથી તેમણે સંસ્કૃત વિદ્યાભ્યાસ ઠીક કર્યો હતો. વેદ અને ઉપનિષદોના અધ્યયન પછી તેમણે જ્યોતિષ્ શાસ્ત્રનો અભ્યાસ કરી પોતાના પિતાનો જ્યોતિષ્ જોવાનો ધંધો ચાલુ કરવાનો વિચાર કર્યો હતો. વીશેક વર્ષની વયે તેમણે જ્યોતિષ્નો અભ્યાસ શરૂ કર્યો. આ અભ્યાસમાં હજી અર્ધે પણ પહોંચાયું નહોતું એવામાં રમણાનંદજી પોતાની એક શ્રીમંત વિધવા પડોશણ સાથે ફસી પડ્યા ! તે એક વાણીયણ હતી અને તેનું નામ ગૌરી હતું. ગૌરીનું વય

તે સમયે લગભગ પચીસેક વર્ષનું હતું. જોશી મહારાજ **ગૌરી**નું ગૌર વદન અને અતુલ વૈભવ જોઇને ફસી પડયા. થોડો વખત બન્નેની ગુપ્ત મૈત્રી ચાલુ રહી. પરંતુ ધીમે ધીમે જોશી મહારાજનાં પત્ની તે ગુપ્ત કીસ્સો જાણી ગયાં એટલે **ગૌરી** અને જોશી મહારાજ સંકેત કરીને એક રાત્રે ગુપચુપ નાસી છૂટી **મુંબઇ**માં આવી રહ્યાં. **ગૌરી** પોતાની સઘળી સંપત્તિ સાથે લાવી હતી અને તે સંપત્તિ એટલી બધી હતી કે જો રીતસર ખર્ચ કરે તો કોઇને મરણ સુધી કમાવાની ચિંતા કરવી પડે નહિ. પાંચેક વર્ષ સુધી જોશી મહારાજ અને **ગૌરી**–બ્રાહ્મણ અને વાણીયણનું વર્ણસંકર જોડું હોવા છતાં પોતાને બ્રાહ્મણ યુગલ તરીકે ઓળખાવીને–**મુંબઇ**માં રહ્યાં. જોશી મહારાજે પોતાનું નામ **નાગેશ્વર**ને બદલે **સોમેશ્વર** રાખ્યું અને **ગૌરી**એ **મોહ**-નાદેવીનું નામ ધારણ કર્યું. આ અરસામાં **મોહ**નાને એક પુત્રી થઈ અને તેનું નામ **શાર**દાગૌરી રાખ્યું. **શાર**દાગૌરીની વય બેએક વર્ષની થઇ એટલામાં **સોમેશ્વર** અને **મોહ**નાને તેના ગામનો કોઇ બ્રાહ્મણ ઓળખી ગયો. તેણે જઇને પોતાના ગામમાં વાત કરી એટલે તો **સોમેશ્વર**ની મા અને વહુ રોતાં કકળતાં **મુંબઇ** આવ્યાં ! જે વખતે તેઓ આવ્યાં તે વખતે **સોમેશ્વર** કયાંક બહાર ગયો હતો. **મોહ**ના એકદમ ગાડી કરીને બહાર ગઇ અને **સોમેશ્વર**ને મળીને સઘળી વાત કહી. **મોહ**ના ઘેર પાછી ફરી પણ **સોમેશ્વર** પાછો ફર્યો જ નહિ ! છેવટે તેની વૃદ્ધ માતા અને પત્ની આંસુ પાડતાં **મુંબઇ**માં આવ્યાં હતાં અને આંસુ પાડતાં જ પાછાં ઘેર ગયાં !

સોમેશ્વરને માતાની સમક્ષ જઈ મ્હોં બતાવતાં અતિક્ષોભ ઉત્પન્ન થયો હતો. વળી જો તેની સ્ત્રી કોર્ટે ચડે તો તેને પોતે પોતાની સાથે રાખવી જોઇએ, અથવાતો તેને ભરણપોષણનું ખર્ચ આપવું જોઇએ. આ ખર્ચ **મોહ**નાની મીલ્કતમાંથી આપવું તે **મોહ**નાનો કોપ

વ્હોરી લેવા જેવું હતું અને **સોમેશ્વર** મહારાજ તો જ્યારથી **મોહ**નાના અને તેની અતુલ સંપત્તિના ધણી થયા હતા ત્યારથી કાંઈ ધંધો કરવાની પ્રતિજ્ઞા જ લેઈ બેઠા હતા ! આ સઘળા સાંકડા સંજોગોથી ગભરાઇને **સોમેશ્વર** મહારાજ ઉત્તર હિંદ તરફ નાસી ગયા અને **મોહ**નાને પત્રથી જણાવી દીધું કે " હું થોડા મહિના સુધી **મુંબઇ**માં આવીશ નહિ. "

ઉત્તર હિંદમાં **લાહોર**, **અમૃતસર**, **જાલંધર** વગેરે સ્થળોમાં રહીને **સોમેશ્વરે** બે વર્ષ ગાળ્યાં. ત્યાં તે વેદશાસ્ત્રસંપન્ન શાસ્ત્રી તરીકે સારૂં માન મેળવી શકયો હતો. વળી ધંધો કરવાની કાંઇ ચિન્તા નહિ હોવાને લીધે પણ વિદ્યાર્થીઓનું આકર્ષણ તેના તરફ સારા પ્રમાણમાં થવા લાગ્યું. આર્યસમાજીઓના ગુરૂકુળમાં પણ છએક માસ અધ્યાપક તરીકે ગાળીને તેણે કીર્તિ મેળવી. આ અરસામાં **મોહ**નાને **મુંબઇ**માં એકલાં નહિ ગોઠવાથી બેએક માસ **પંજાબ**માં આવીને **સોમેશ્વર**ની સાથે તે રહી ગઇ હતી.

દેશમાં પાછા ફરતાં **સોમેશ્વરને** પોતાની સ્ત્રી તરફનો ભય હતો એટલે દેશ તરફ પાછા ફરતાં પહેલાં તેણે **જાલંધર**માં જ મુંડન કરાવીને સંન્યાસી પદ ધારણ કર્યું. **રમણાનંદજી** નામ ધારણ કરીને તેણે દેશોદયના તથા સંસારસુધારાના કામમાં ઝુકાવી દીધું. સ્થળે સ્થળે વ્યાખ્યાનો આપવા માંડયાં, નવી નવી સમાજો ઉઘાડવા માંડી અને લોકો પોતાના ઉપદેશથી કાંઈ વ્યવહારૂ કાર્ય કરવાને પ્રેરાય તેવી ગોઠવણ તેણે કરવા માંડી. આખા **હિંદુસ્તાન**માં બે વર્ષ સુધી ફરીને **મુંબઇ**માં ચાર વર્ષે પગ મેલ્યો. **રમણાનંદજીએ** હિંદુસ્તાની ભાષા ઉપર સારો કાબૂ મેળવ્યો હતો અને ગુજરાતી તો તેમની માતૃભાષા જ હતી એટલે ઉપદેશના કાર્યમાં તેમને વધારે સગવડ મળતી. જેમ જેમ વખત જવા લાગ્યો તેમ તેમ તેમની ઉપદેશપદ્ધતિ વિશેષ અ-

સરકારક થતી ગઇ અને લોકો પણ તેમના તરફ પૂજ્ય ભાવથી જોવા લાગ્યા. જ્યારે સ્વામીજી મુંબઇમાં પધાર્યા ત્યારે તો ખુદ મોહના દેવી પણ તેમને ઓળખી શકી નહિ કે "આ મારા સ્વામી સોમેશ્વર મહારાજ!"

હવે તો સ્વામીજીએ કાયમને માટે મુંબઇમાં જ રહેવા માંડયું, કારણકે મોહનાનો ચાર વર્ષનો લાંબો વિયોગ વેઠયા પછી હવે તેનાથી અળગા થવાનું સ્વામીજીને ગમતું નહોતું. વળી મોહના પણ હવે તેમને દૂર થવા દે તેમ નહોતું. સ્વામીજી મોહના સાથેનો પોતાનો વ્યવહાર અને પૂર્વ સંબંધ ખુલ્લો પડવા દીધા સિવાય મોહનાની સાથે રહી શકતા અને મોહના સ્વામીજીની પ્રત્યે અનન્ય રીતે ભક્તિ-ભાવ પ્રદર્શિત કરતી તથા અંતરૂમાં રહેલા પત્ની ભાવને ખુલ્લો થવા દેતી નહિ. સ્વામીજી ઘણી વાર મધરાતે મોહનાદેવીને મંદિરે આવતા અને પરોઢમાં પાછા ચાલ્યા જતા. એક વાર મોહનાએ પૂછ્યું:—"તમે આવો સંન્યાસીનો વેશ શામાટે ધારણ કર્યો? સંસારીના વેશમાં હોત તો કેટલું સારૂં? હમેશાં સાથે તો રહી શકત! અને આ શારદા તમને પિતાજી કહીને આનંદ તો પામત!"

સ્વામીજીએ જવાબ આપ્યો: "મોહના! મારી મોહિની! મેં કર્યું છે તે ઉચિત જ કર્યું છે. સંન્યાસીનો વેશ પહેરવાથી મને મારાં પૂર્વ સંબંધીઓ હવે ઓળખી શકવાનાં નથી એટલે એ ભયમાંથી તો હું મુક્ત થઇ ગયો, અને હું સંન્યાસી થઈ ગયો હોવાથી કોઇને આપણા થોડા સંબંધ વિષે પણ વહેમ આવી શકવાનો નથી! અને હું સંન્યાસી થઇ ગયો તેથી શું હરકત છે? આપણો પૂર્વ વ્યવહાર તો અવિચ્છિન્ન રીતે ચાલુ જ છે ને?"

"ત્યારે હવે મને કદાચ સંતતિ થશે તો? પડોશીઓ તો એમ જાણે છે કે મારા સ્વામી નાસી ગયા છે!" મોહનાએ પ્રશ્ન કર્યો.

"તેની કાંઇ ફીકર નહિ. બેએક વર્ષે મુંબઇમાં જ જવા દે, પછી તે વિષે કાંઇ ગોઠવણ કરીશું. મારો વિચાર તને વિધવાનો વેશ પહેરાવી દેવાનો છે. તું વિધવા અને હું સંન્યાસી એટલે કાંઈ ફીકર નહિ !"

આ વિચાર ત્રણ ચાર વર્ષે અમલમાં આવ્યો. દરમ્યાનમાં મોહનાને એક પુત્ર થયો હતો પણ તે મરી ગયો હતો અને પડોશીઓને તે બાબત કાંઇ વ્હેમ આવે તેટલા માટે વખતસર જ મોહનાદેવીએ ગીરગામમાંથી ઉપાડીને પોતાનો નિવાસ માટુંગામાં રાખ્યો હતો. શારદાગૌરી પણ હવે તો દશેક વર્ષની થઇ હતી. રમણાનંદજીએ મોહનાને મુંબઇ છોડાવીને ભદ્રપુરમાં રાખી. તેને વિધવા બનાવી અને શારદાગૌરીને પણ કન્યા છતાં બાળ વિધવા બનાવી ! શારદાગૌરીને વિધવા બનાવવાનું કારણ એ હતું કે તેનાં જલ્દી લગ્ન કરી શકાય. જો શારદા બ્રાહ્મણની કુંવારી પુત્રી હોય તો પરણનાર વર તેના પિતાનું નામ શું, મૂળ વતન ક્યાં એ સઘળી પૂછપરછ કરે, પરંતુ પુનર્લગ્ન કરવા તૈયાર થનાર એવી કાંઇ પૂછપરછ કર્યા વિના ફક્ત કન્યાનાં રૂપગુણથી લોભાઇને જ પરણવા તૈયાર થાય છે એટલે પુનર્લગ્નદ્વારા શારદાને પતિ મેળવી આપવાનું રમણાનંદજીએ ઉચિત માનીને તેને પણ એ વેશે રાખી હતી. ભદ્રપુરને મોહનાના નિવાસસ્થાન તરીકે રાખવાનો હેતુ પણ શારદાને કોઇ જાત્રાળુમાંથી યોગ્ય પતિ મળી જાય તેજ હતો, કારણકે ભદ્રપુર એક સારૂં તીર્થસ્થળ હતું. આજસુધીમાં શારદાને પરણાવવાના બે ત્રણ પ્રયાસો થઈ ગયા હતા અને કાન્તિલાલ માટેનો પ્રયત્ન લગભગ સફળ થવાની અણીપર હતો, પરન્તુ તેમાં ઉપર જણાવી ગયા મુજબ વિક્ષેપ નડયો હતો !

સ્વામીજીએ હવે સ્થળે સ્થળે ફરીને ઉપદેશ આપવાનો જ ધંધો ચાલુ કર્યો હતો. પોતાના મૂળ વતન કાઠીયાવાડ તરફ નજર પણ કર-

વાનું તેમણે માંડી વાળ્યું હતું અને બહુધા ગુજરાત, મુંબઇ, માથેરાન, લાહોર અને કલકત્તામાં જ તે રહેતા હતા. મોહનાદેવી ઉનાળાની મોસમમાં માથેરાન જઇને રહેતી અને સ્વામીજીનો ત્યાં બે માસ સુધી સમાગમ રહેતો. વર્ષમાં બીજા બે ત્રણ માસ તે કાશી કે મથુરાની જાત્રા નિમિત્તે કલકત્તામાં સ્વામીજી સાથે રહેતી અને એકાદ માસ સ્વામીજી પોતે જ ભદ્રપુરમાં આવીને રહેતા. આ પ્રમાણે કાર્યક્રમ ત્રણ ચાર વર્ષથી ચાલ્યો જતો હતો અને પોકળ શોધવાનો ધંધો કરનારા થોડાઓ સિવાય બીજા કોઈ સ્વામીજીના દુષ્ચરિત્રનું આ પોકળ જાણતા નહોતા; બલકે ભદ્રપુરના દિવાન શાંતિપ્રસાદ જેવા કોઇ કોઇ તો સ્વામીજી પ્રત્યે અનુપમ માન ધરાવતા હતા.

શારદાગૌરી અને કાન્તિલાલને લગ્નથી જોડવામાં દ્વિધા હેતુ સમાએલો હતો. એક હેતુ શારદાગૌરીને પતિ મેળવી આપવાનો હતો અને બીજો હેતુ પુનર્લગ્નના વિરોધી કાન્તિલાલને ભદ્રપુરમાં અપકીર્તિત કરવાનો હતો. સ્વામીજી ઉત્સુક વૃત્તિથી શારદાગૌરી અને કાન્તિલાલનો ઘાટ ઉપરનો છેલ્લો સંવાદ સાંભળવાને ગુપ્ત રીતે છુપાઇ રહ્યા હતા; પરન્તુ જ્યારે સ્વામીજીને ઘાટપર છુપાએલા જોતાં જ કાન્તિલાલના મગજમાં સ્ફુર્યું કે આ કદાચ પોતાને ઠગવાનું કાવતરૂં જ હોય. ત્યારે તેને શારદાગૌરી, મોહનાદેવી અને સ્વામીજી એ સૌનું આ સઘળું ગોઠવી રાખેલું કરતૂત હોય એમ ભાસ્યા વિના રહ્યું નહિ. શારદાગૌરી એકાએક માંદી પડે, તેની માવજતમાં કોઇ ન હોય અને તે બૂમો પાડે, સ્વામીજી પોતાની સાથે તેના સૂવાના ખંડમાં જાય, સ્વામીજી પણ બ્હાનું કાઢીને છટકી જાય, શારદાગૌરી સહસા પોતાના પ્રેમની માંગણી કરે, પુનઃ ભદ્રમુખના સ્નાન નિમિત્તે સંધ્યાકાળે આવીને રાત્રિવાસનું ઠરાવે; એ સઘળી અગાઉથી જ કરી રાખ-

વામાં આવેલી ગોઠવણ હોવી જોઇએ તેવું ભાન કાન્તિલાલને માત્ર એક ક્ષણમાં થયું; અને સ્વામીજી, **મોહનાદેવી** તથા **શારદાગૌરીનું** –એ ત્રિપુટીનું ગુપ્ત કાવતરૂં ધુળમાં મળી ગયું !!

કાન્તિલાલને મૂર્છિત થઇને ઘાટનાં પગથીયાંપર પછડાએલો જોતાં જ **શારદાગૌરી** અને સ્વામીજી ભયભીત થઇ ગયાં હતાં, કદાચ **કાન્તિલાલ** મરણ પામ્યો હોય અને નહિતો તેને ફરીથી મ્હોં બતાવતાં પોતાને શરમાવું પડશે એમ માનીને કાન્તિલાલને ઘાટ પર એમનો એમ રહેવા દઇને તેઓ બન્ને ધર્મશાળામાં પાછાં ફર્યાં અને પૂજા–પાઠ કે સ્નાન કાંઇ પણ કર્યાં વિના, બ્રાહ્મણને બરબડતો જ રહેવા દઇને સત્વર ગામમાં પાછાં ફર્યાં !

*   *   *   *

બેભાન બની ગએલો **કાન્તિલાલ** મધ્ય રાત્રિએ જાગૃત થયો. ચંદ્ર અત્યારે મધ્યાકાશમાં આવેલો હતો અને તેના પ્રકાશમાં આસ-પાસનું દશ્ય સારી પેઠે જોઇ શકાતું હતું. જાગૃત થતાં જ **કાન્તિલાલને** પોતાની મૂર્છાનો પ્રસંગ સ્મરણમાં ઉભરાઇ આવ્યો. પછાડ વાગવાથી માથામાં સખ્ત આઘાત થયો હતો; પણ તે કરતાં વધારે વેદના કપટી ત્રિપુટીના કાપટ્યથી તેના મસ્તિકમાં થઇ રહી હતી. આસપાસ નજર કરતાં તેણે **શારદાને** કે કોઇને જોયું નહિ. તે નિર્જન સમુદ્રકિનારે પોતે એકલો જ હતો. દંભી મનુષ્યપ્રાણીઓની દંભવૃત્તિએ તેના મગજને ધણધણાવી મૂક્યું હતું અને આ જગતમાં મનુષ્ય પ્રાણી કદાપિ વિશ્વ-સનીય હોય જ નહિ તેવી ભ્રમણા તેની આકસ્મિકી મૂર્છાએ તેના મગજમાં મૂકી હતી. મનુષ્યોના દંભ ઉપર–કાપટ્ય ઉપર તેનું અંતઃ-કરણ તિરસ્કારનો વર્ષાદ વર્ષાવી રહ્યું હતું, ત્યારે નેત્રો શોક અને તિરસ્કારમિશ્રિત અશ્રુઓ વર્ષાવી રહ્યાં હતાં.

"જગત્! ઓ દંભી જગત્! તારો સહવાસ હવે મને શા-માટે જોઇએ? તારો અનુભવ-તારી દુષ્ટતાનો પરિચય મારો ઉદ્ધાર શું કરશે? નહિ જોઇએ, તારો સ્વલ્પ પણ સહવાસ હવે મને નહિ જોઇએ! જ્યાં દંભનું સામ્રાજ્ય હોય, કાપટયનું વાતાવરણ હોય અને અસત્યનું જળપાન થતું હોય ત્યાં એક સરલ હૃદયનો નિવાસ અનુ-ચિત છે, અસ્વાભાવિક છે! પિતાજીને સ્વાર્થી માનીને ત્યજ્યા, બીજા-ઓને કપટી માનીને ત્યજું છું અને પછી આ જગતમાં સર્વ મનુષ્યો તેવાં દુર્ગુણી નહિ હોય તેની ખાત્રી શું? તેઓની વચ્ચે રહીને મનને દુઃખ આપવું, આત્માને કલુષિત કરવો અને પ્રસંગોપાત પ્રાણના ભયમાં પણ આવી પડવું, તે કરતાં આ સમુદ્રમાં દૂર ને દૂર ચાલ્યાં જવું, કોઇ એકાન્ત સ્થાનમાં જઇને રહેવું, એ શું ખોટું છે? શરીરને દંભી મનુ-ષ્યોના ખોરાકરૂપ કરવા કરતાં બિચારાં જળચર પ્રાણીઓના ખોરાકરૂપ થવા દેવું એ શું વાજબી નથી? મનુષ્યાહારી મનુષ્યો કરતાં બિ-ચારાં નિર્દોષ પામર પ્રાણીઓ શું દયા ખાવાજોગ સ્થિતિમાં નથી? વૃક્ષો ઉપકાર કરે છે, પશુઓ ઉપકાર કરે છે, પક્ષીઓ ઉપકાર કરે છે, જળચર પ્રાણીઓ પણ મનુષ્યોને ખોરાકરૂપ હોઇ એક રીતે ઉપ-કાર કરનારાં છે; તેવાઓના સહવાસમાં રહેવું, એ ઉપકારનો પાઠ તેઓની પાસેથી શીખવો, નિર્દય અને અસરલ મનુષ્યોનો સત્વર ત્યાગ કરી જવો, તે જ, કાન્તિ! તારા જીવનને વિશેષ અનુકૂળ છે. કાઉ-પર! મારા હૃદયના મિત્ર! તારી પેઠે હું પણ ગાઇશ કે—

"Oh! for a lodge in some vast wilderness,
"Some boundless contiguity of shade,
"Where rumour of oppression and deceit
* * * *
"Might never reach me more!"

કાઉપર જગત્‌માં ગુલામગીરીનો ધંધો વધી ગએલો જોઇને સંતાપ કરતો હતો ત્યારે કાન્તિ જગત્‌માં વધી પડેલા દંભ અને કાપટ્યને અવલોકીને સંતપ્ત થતો હતો અને કાઉપરની પેઠે મનુષ્યોથી દૂર–કોઇ એકાન્ત જંગલમાં જઇને રહેવાની ધારણા રાખતો હતો! **ભદ્ર**પુરમાં પાછા ફરવાની ઇચ્છા હવે તેને નહોતી જ! **સૂર્યસિંહ, શાન્તિપ્રસાદ, શોભના, રાજમાતા** એ સૌને તે ભૂલી ગયો હતો! મનુષ્યોના નિવાસસ્થાનથી હમેશાં દૂર રહેવાની જ એક ઉત્કટ જિજ્ઞાસા તેના હૃદયમાં સ્ફુરી આવી હતી અને તત્ક્ષણ તે તેણે પૂરી કરી.

ઘાટનાં પગથીયાં સાથે કેટલાંક નાવડાં બાંધેલાં હતાં. આ નાવડાંના માલેકો દરિયામાં થોડે દૂર સુધી ફરીને સહેલ કરવા–ફરવા ઇચ્છનારાઓને બેચાર પૈસા લઇ સહેલ કરાવતા હતા અને તેમાંથી તેઓ પોતાનું ગુજરાન ચલાવતા હતા. આમાંના એક નાવડામાં કાન્તિ કૂદી પડ્યો. ઘાટનાં પગથિયાં સાથે બાંધેલું દોરડું તેણે છોડી નાંખ્યું. નાવડામાંના બે હલેસામાંનું એક પાણી કાપવા માટે રાખી બીજું નાવડાના એક છેડે ઉભું કર્યું તેની સાથે પોતાનું ધોતીયું બાંધી તેને કામચલાઉ સઢ બનાવી કાન્તિલાલ કિનારો છોડી ગયો! મનુષ્યોની નિવાસભૂમિથી દૂર રહેવાની અને તેઓના સહવાસમાં પુનઃ કદાપિ નહિ આવતાં વગડામાં જ દહાડા ગાળવાની તેની બળવતી ઇચ્છાએ તેના મગજને લગભગ બ્હાવરૂં બનાવી મૂક્યું હતું. સાંજે કાંઇ ભોજન કર્યું નહોતું છતાં તેની ઉક્ત બળવતી ઇચ્છાએ નાવડાને વધારે જોરથી ચલાવવાનું બળ તેનામાં દાખલ કર્યું હતું અને તેથી તે જોરભેર પાણી કાપતો કાપતો આગળ વધ્યે જતો હતો. જેવી રીતે ત્યાગી મુનિને મોહપાશમાં ફસાવવા માટે અપ્સરાઓ મુનિ તરફ દોડી આવતી હોય અને મુનિ મૂઠીઓ વાળીને નાસતા હોય તેવી રીતે કાન્તિલાલ મનુષ્યોના સહવાસથી દૂર થવાને દરિયામાં ઉતાવળો ઉતાવળો નાસવા લાગ્યો!

દરિયામાં કોઇ અજ્ઞાત સ્થળે જઇ ચડીશ તો શી સ્થિતિ થશે, એ ચિન્તા તેની ઉત્કટ જિજ્ઞાસા આગળ જન્મ પણ પામી શકી નહોતી. ભાવીનો વિચાર જ કર્યો નહોતો, પછી ભયની ઉત્પતિ જ કેવી રીતે થાય? તે નિર્ભય રીતે દરિયામાં દોડવા લાગ્યો અને મનુષ્યોને તથા તેમના સહવાસને નિંદતો કાઉપરની એકાન્ત નિવાસની ઇચ્છાદર્શક પંક્તિ-ઓને માતૃભાષામાં ઉતારતો ગાઇ રહ્યો :

"નીરવ સુવિશાળ કાનનમાં નિવસવું જોઇએ મારે,
"સદુપકારી તરૂવરોમાં વિરમવું જોઇએ મારે !
"મધુરી ને શીળી છાયા વિષે પક્ષીગણો વસીને,
"ચલાવે ગાન મીઠું જેહ સુણવું જોઇએ મારે !
"જગત્ આખાની દાંભિકતા, અને ક્રૂરતાતણી કથની,
"શ્રવણપુટ માહરાથી તે રહેવી જોઇએ દૂરે !
"ર...હેવી જોઇએ દૂરે !!
"મનુષ્યાહારી માણસનો નહિ સહવાસ હું ઇચ્છું,
"બધી દુનિયા બહુ દંભી, રહેવી જોઇએ દૂરે !!
"ર...હેવી જોઇએ દૂરે !!

"સ્વલ્પ વિરામ લઇને પુનઃ ગાન વાધ્યું :

"અતિ કૂડું અને બુરૂં કપટી દુનિયા તણું ગાયન,
"સુણી કંટાળી ગયલા કાન છે—શિદ સૂણવું મારે ?
"કહો શિદ સૂણવું મા...રે ?
"અરે શિદ સૂ...ણવું મા...રે ?"

કાઉપરના વિચારોના બંધનમાંથી મુક્ત થઇને હૃદયનો ઉભરો ગાનદ્વારા મુખમાંથી સરી પડવા લાગ્યો અને પોતાનું હૃદય જ જાણે સાગરને અને પોતાના પ્રિય મિત્ર નાવડાને તે પુનઃ પુનઃ ગાઇ સંભળાવતો હોય તેવી રીતે પુનઃ પુનઃ તે ને તે જ ગાન ગાવા લાગ્યો.

ગઝલના તાન પલટાને હલેસાંના તાનમાં લેતો, અને તે સાથે ગાનના પ્રવાહને મુખમાંથી વહેવડાવતો તે બની શકતી ત્વરાથી દૂર ને દૂર વહ્યો જતો હતો. પરોઢ થતાં સુધીમાં તો તે ભદ્રમુખના ઘાટથી ઘણે દૂર નીકળી ગયો. કિનારો તો ક્ષિતિજથી ઘણો દૂર રહી ગયો હતો અને ચારે દિશાએ નજર કરતાં ચંદ્રના પ્રકાશથી ચળકતા જળતરંગ વિના કશું જોવામાં આવતું નહોતું. ઉંચે ચાંદનીવાળું આકાશ, નીચે ખારા જળથી ભરેલો ગંભીર હૃદયનો સાગર અને આસપાસ દંભી દુનિયાની અસરથી મુક્ત રહેલું નિર્દોષ વાતાવરણ કાન્તિલાલની નજરે પડતું હતું. તેને કાંઇક આશ્વાસન મળ્યું. હવે પોતે સુખી થશે એમ તેને ભાસ્યું. શરીરના દુઃખની તો તેને કાંઇ જ ચિન્તા નહોતી. હૃદયના દુઃખનો સંતાપ હવે દૂર થઇ જશે અથવા તો સાગરના વિશાળ ઉદરમાં નિવાસ થઇને શરીરરૂપ ઉપાધિનો છેવટનો અંત આવશે એમ તેને જણાયું.

પરોઢની શીતલ વાયુલહરિએ કાન્તિલાલનાં નેત્રોમાં નિદ્રા મેલી. રાતના ઉજાગરા પછી અને ચિત્તના લાંબા ઉદ્વેગ પછી અત્યારે જ માત્ર આંખો વિરામ લેવાને તૈયાર થયલી જણાતી હતી. માત્ર થોડી વારમાં તે નાવડાની એક બાજુને અઢેલીને પડ્યો અને નિદ્રાધિન થઇ ગયો. ચિત્તમાં શારદાગૌરી, મોહનાદેવી અને રમણાનંદજીનું સ્વપ્ન ભ્રમણ કરી રહ્યું અને નિદ્રામાં પણ કાન્તિલાલના ક્રોધાવિર્ભાવને જન્મ આપવા લાગ્યું. એક બાજુએ શારદાગૌરી પોતા સામે નિર્દોષ અને ઋજુતાભર્યા વદને નિહાળી રહી હોય અને પોતાનો સ્વીકાર કરવા માટે કાન્તિલાલને વિનતિ કરતી હોય તેવા સ્વરૂપે જોવામાં આવી, પરન્તુ બીજી બાજુએ સ્વામી રમણાનંદજી ગૃહસ્થનાં શ્વેત વસ્ત્રોમાં વેશ બાદલો કરીને ઉભેલા તથા મોહનાદેવી પાછળની બારીમાંથી ડોકિયું કરીને સસ્મિત વદને સઘળો પ્રસંગ નિહાળી રહેલી જણાઇ ! આ સ્વપ્નસૃષ્ટિને

અવલોકતાં જ કાન્તિલાલને ક્રોધ ઉત્પન્ન થયો, તેની ભ્રકુટી ચડી અને વદન ખિન્ન–વિષણ્ણ થઈ ગયું. તે નિદ્રામાં બોલવા–બબડવા લાગ્યો: “ઓ દુષ્ટો ! ઓ નરપિશાચો ! ઓ મનુષ્યાહારી રાક્ષસો ! આવા વિધવિધ વેશ કાઢીને તમે મને શાને ઠગો છો ? તમે મને શામાટે ભ્રમણામાં નાંખો છો ? મારા હૃદયની સરલતાનો મને શામાટે ખોટો બદલો આપો છો ? શું, શું, હું નથી જાણુતો કે All of you are lions in skins of lambs ? જાઓ, જાઓ, મારાથી દૂર જાઓ, હું તમને જોવા માંગતો નથી !” સાગરના શીતળ વાયુથી અને મનુષ્યસૃષ્ટિથી દૂર જવાથી જે શાન્તિ કાન્તિલાલના ચિત્તને મળી હતી, તે પુનઃ સ્વપ્નસૃષ્ટિમાંનાં દંભી મનુષ્યોથી દૂર જતી રહી અને ચિત્તમાં ઉદ્વેગ પેઠો. સ્વપ્નનાટચના જૂદા જૂદા પ્રવેશો તેને હરપળે દુઃખ આપતા રહ્યા અને સુખી નિદ્રામાંથી પણ તેને વંચિત કરવા લાગ્યા. ઉદ્વેગથી ચકડોળે ચડેલું મગજ નિદ્રામાં પણ ભાગ્યે જ સુખાનુભવ કરી શકે છે.

પ્રભાત થતાં સુધી સ્વપ્નમય નિદ્રા તળે કાન્તિલાલની આંખો દબાએલી જ રહી અને નાવડું આગળ ધસડાતું જ રહ્યું. પવનને લીધે સઢના બંધ ઢીલા થયા અને તેમાંના બે છેડા તો છૂટી જ ગયા એટલે નાવડાની ગતિ પણ બંધ થઇ ગઇ અને સાગરના તરંગોની રમત પ્રમાણે નાવડું પણ રમવા લાગ્યું. બાલકુમારે કાન્તિલાલને નિદ્રામાંથી જાગૃત કર્યો અને કાન્તિલાલે બાલકુમારને પોતાની સ્વપ્નસૃષ્ટિના જેવો દંભી મનુષ્ય લેખી તેનો તિરસ્કાર કર્યો ત્યાંસુધી તેને પોતાની આ સ્થિતિનું ભાન નહોતું ! તે નહોતો જાણુતો કે મનુષ્યસૃષ્ટિથી દૂર જવાની અભિલાષામાં તે થોડી જ વારમાં ઇહિલોકથી પણ સદાનો દૂર થઇ જાત!



" નહિ, નહિ ! મહાત્મા પુરૂષ ! તમે મનુષ્ય નથી પણ દેવ છો ! "

પૃષ્ઠ ૬૫

The Bombay Art Printing Works, Fort.

પ્રકરણ ૮ મું.

જિજ્ઞાસુ અતિથિ.

" જોગીરાજ ! ઊભા રહો જરી,
" મને વાટ બતાવોની ખરી ! "

સરસ્વતીચંદ્ર.

બાલકુમાર પોતાની સાથે જે અજ્ઞાત યુવકને લેઇને આવ્યો હતો તેના સંબંધમાં શું બનાવ બનવા પામ્યો હશે તે જાણવાની ઉત્સુકતાવાળા જોગીરાજને બહુ વખત રાહ જોવી પડી નહિ, કારણકે માત્ર થોડી પળોમાં તો બાલકુમાર અને અતિથિ જોગીરાજની પાસે આવીને ઊભા અને બન્નેએ તેમને વંદન કર્યું. પિતાના નેત્રોમાંથી વેહેતી ઉત્સુકતાને કળી જઇને બાલકુમારે પ્રશ્નની પણ રાહ જોયા વિના કહ્યું: " પિતાજી ! આજથી આ આપણા અતિથિ થયા છે. દંભી દુનિયાથી કંટાળીને માત્ર એક નાવડામાં તે દરિયામાં નીકળી પડયા હતા અને આટલે સુધી ધસડાઇ આવ્યા હતા. તે નિદ્રામાં હતા અને નાવડું થોડી વારે ડૂબી જાત; એવામાં હું અને જેતો જઇ પહોંચ્યા અને તેમને આપણા નાવડામાં લેઈ લીધા. સંસારના કોઇ કટુ અનુભવથી હવે તેમને મનુષ્ય સહવાસની ઇચ્છા નથી. "

" આપણે પણ મનુષ્યો તો......" જોગીરાજ ઈષત્ સ્મિતસહ બોલતા હતા તેવામાં અતિથિ વચમાં બોલી ઉઠયો:

" નહિ, નહિ ! મહાત્મા પુરૂષ ! તમે મનુષ્ય નથી પણ દેવ છો!"

" ભલે, તમને અમારી ગરીબ ઝુંપડીમાં નિવાસ મળશે અને તમને આનંદ થાય તો અમને પણ સંતોષ થશે. સર્વ પ્રકારના અતિ-

થિઓ માટે અમારી વાટિકા ખુલ્લી છે. મનુષ્ય, પ્રાણીઓ, પશુઓ કે પક્ષીઓ સર્વને અહીં વિરામ મળે છે."

"મહદુપકાર ! પિતા ! આ દંભી દુનિયામાં તેવા ઉપકારી તો દેવ જ હોઇ શકે ! પરંતુ મૃત્યુલોકમાં ભૂમિને ભારભૂત થઇ પડનારા મનુષ્યોની પેઠે હું આપને ભારભૂત તો નહિ થઇ પડું ? હું ધનવાન હતો પણ નિર્ધન થવાની ઇચ્છાથી ધનહીન થયો છું અને માત્ર આ એ વસ્ત્રો જ સાથે રાખ્યાં છે. હુ કોઇને ભારભૂત થવાની ઇચ્છાવાળો નથી છતાં પ્રભુએ મને તેવા સંયોગોમાં મેલ્યો છે. હુ મનુષ્ય છું પણ મનુષ્યોના સહવાસને ઇચ્છતો નથી."

આ શબ્દોથી **જો**ગીરાજને તે અતિથિ ,કોઇ સાધારણ માણસ જણાયો નહિ. ઉત્તરમાં **જો**ગીરાજ બોલ્યા: "વિદ્યા, તપ, દાન, જ્ઞાન, શીલ, ગુણ અને ધર્મ એ સમકથી વિહીન જે મૃગરૂપ મનુષ્યો ભૂમિને ભારભૂત થઈ પડે છે તેવા તમે નથી એટલે 'ભારભૂતતા'નો ભય અસ્થાને છે; તમે તમારી જાતને નિર્ધન જુઓ છો પણ હું મારી આંખોથી તમારામાં ધન જોઉં છું; તમે મનુષ્ય છો અને મનુષ્યોના સહવાસને ઇચ્છતા નથી, પણ અહીં તમે તેવા સહવાસના જિજ્ઞાસુ થશો !" એમ કહી **જો**ગીરાજ આગળ ચાલ્યા અને અતિથિ તથા **બા**લકુમાર તેમની પાછળ પાછળ ચાલ્યા. થોડું ઉંચાણ ચડીને તેઓ વાટિકાના ઝાંપામાં પેઠા. મેંદીની વાડો અને આસોપાલવની વૃક્ષરાજીમાં થઇને સુગંધી તથા શીતળતાનો અનુભવ કરતો તેમ જ આસપાસના મનોહર દૃશ્યથી આનંદ અને આશ્ચર્ય પામતો અતિથિ કેટલીક વારે જોગીરાજની સાથે વાટિકાની મધ્યમાં આવેલી કુટીની પાસે આવી પહોંચ્યો. કુટીની બાજુએ જાંબુના એક નાના વૃક્ષ તરફ જતાં **જો**ગીરાજે અતિથિને કહ્યું: "વત્સ ! આ કુટી અમારા નિવાસને માટે છે

અને તેમાં જ તમારે પણ નિવાસ કરવાનો છે. સ્નાન તો તમે કર્યું હશે. હવે આહ્નિકમાંથી નિવૃત્ત થઇ જાઓ !"

"પિતાજી !" જરા ખંચાઇને અને વિરામ લઇને અતિથિ બોલ્યો: "પરન્તુ હું અહીં નિવાસ કરીને રહું તે પહેલાં અત્રસ્થ સ્થિતિનું કાંઇક જ્ઞાન મારે આપની પાસેથી મેળવી લેવું જોઇએ અને તેટલા માટે હું કેટલાક પ્રશ્નો કરવાનો જિજ્ઞાસુ છું. મારો પ્રથમ પ્રશ્ન એ છે કે આપે અહીં એકાંત વાસ શામાટે સ્વીકાર્યો છે અને આપ વાનપ્રસ્થ છો કે સંન્યાસી છો ? બીજો પ્રશ્ન એ છે કે આપ અહીં રહીને નિત્યકર્મ ઉપરાંત અન્ય કાંઇ ઉત્તમ વ્યાપારમાં ગુંથાયા છો ? ત્રીજો પ્રશ્ન એ કે મારા જેવા બીજા કોઈ અતિથિઓ અહીં છે કે ? ચોથો પ્રશ્ન એ કે અહીં કોઇ સ્ત્રી અતિથિ કે અન્ય કોઇ સ્ત્રીજનનો નિવાસ તો નથી ને ? અને મારો છેલ્લો પ્રશ્ન એ છે કે જો અહીં અન્ય કાંઇ વ્યાપાર નહિ હોય તો આલસ્યને લીધે હું વિશેષ ઉદ્વિગ્ન થઇ જઇશ, તેનું કેમ ?"

જોગીરાજે ઉત્તર આપ્યો: "**तपसा ब्रह्मचर्य्येण श्रद्धया संवत्सरं संवत्स्यथ यथाकामं प्रश्नान् पृच्छथ ॥ यदि विज्ञास्यामः सर्व्वं ह वो वक्ष्यामः॥**" એમ કહીને તે ઉત્તરની અતિથિપર શું અસર થાય છે તે જોતા અને મુખ મલકાવતા જોગીરાજ આગળ જતા અટકી ગયા.

અતિથિ પણ આ ઉત્તર સાંભળીને વિસ્મિત થયો. વિસ્મયનું પ્રથમ કારણ એ હતું કે તે ઉત્તર ઉપનિષદ્‌ના શબ્દોમાં જ અપાયેલો હતો

* **અર્થ**—તપશ્ચર્યા, બ્રહ્મચર્ય અને શ્રદ્ધાથી એક વર્ષ સુધી સમ્યક્ પ્રકારે નિવાસ કરજો; પછી ઈચ્છા મુજબ પ્રશ્નો પૂછજો. જ્યારે અમે તે પ્રશ્ન-વસ્તુને જાણીશું ત્યારે તે સઘળું અમે સ્પષ્ટતાથી કહી દઇશું.

प्रश्नोपनिषद् ॥

અને દ્વિતીય કારણ એ હતું કે પોતાના પ્રશ્નોનો ખુલાસો તે એક વર્ષ સુધી મેળવી શકશે નહિ, એવું તે ઉત્તરમાં સૂચવાયલું હતું. સંસ્કૃત ભાષા અને ઉપનિષદોના અભ્યાસીને સંસ્કૃત ઉત્તર સમજતાં વાર થઇ નહિ, પરન્તુ પોતાની ચિત્તવૃત્તિને સાવધ કરવામાં તેને કેટલોક સમય ગાળવો પડ્યો. થોડી વાર રહીને જોગીરાજને મસ્તિક નમાવીને ઉપકૃત ભાવ પ્રકટ કરતાં તે બોલ્યોઃ "પિતાજી! પિપ્પલાદ મુનિએ બ્રહ્મપર અને બ્રહ્મનિષ્ઠ છ ઋષિકુમારોને જે ઉત્તર આપ્યો હતો તે જ આ ઉત્તર ખરેખર મને આનંદ કરાવે છે. બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિના જિજ્ઞાસુ વિદ્યાર્થીએ એક વર્ષ સુધી બ્રહ્મચર્ય, તપ અને શ્રદ્ધાથી આત્માને પ્રથમ શુદ્ધ કરવો એ આવશ્યક છે અને પ્રશ્નો પૂછવાના અભિલાષી વિદ્યાર્થીઓને ગુરૂએ તેમના તે પ્રથમ ધર્મનું ભાન કરાવવું તે પણ આવશ્યક છે. ખરેખર, તેવો જ ગુરૂભાવ આપે મારાપર બતાવીને મને ઉપકૃત કીધો છે. મારા પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે મારે મારા આત્માને તપશ્ચર્યા, બ્રહ્મચર્ય અને શ્રદ્ધાવડે એક વર્ષ સુધી શુદ્ધ કરવો જ્યારે આવશ્યક છે, ત્યારે મને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે કે આપની પાસેથી હું જે કાંઇ મેળવી શકીશ ને ખરેખર 'બ્રહ્મવિદ્યા' જ હશે, કે જેવી બ્રહ્મવિદ્યા ષટ્ ઋષિકુમારોએ પ્રશ્નોદ્વારા મુનિ પિપ્પલાદ પાસેથી ગ્રહણ કરી હતી! બસ, મારા સઘળા પ્રશ્નોનો ઉત્તર મને મળી ગયો, ગુરૂરાજ—જોગીરાજ—પિતાજી!" અતિથિએ છેવટે અત્યંત ઉપકૃત ભાવ વિદિત કર્યો.

આ ઉત્તરથી જોગીરાજને પણ સંતોષ થયો, કારણકે તેથી અતિથિના જ્ઞાન અને અધિકારિત્વનું માપ સહજ કાઢી શકાયું હતું. અતિથિ ત્યાંથી ઝુંપડી તરફ વળતો હતો, પણ એટલામાં જોગીરાજે કહ્યું: "વત્સ! ચિત્તમાં નિરાશાને સ્થાન આપીશ નહિ! તારા સર્વ પ્રશ્નોના ઉત્તરને માટે તને એક વર્ષ સુધી રાહ જોવાની જરૂર નહિ

પડે એમ હવે મને લાગે છે; તોપણ તે સર્વ તને જણાવવાનો પરિપક્વ સમય આવશે ત્યારે તને તે સઘળું કહેવામાં આવશે. અત્યારે તો તું નન્દિની વાટિકાનો એક અતિથિ છે એટલું જ ચિત્તમાં સમજી રાખ અને સંતુષ્ટ રહે!"

એમ કહી જોગીરાજ જાપમાં બેસવા માટે ગયા અને અતિથિ ઝુંપડી તરફ વળ્યો. યજ્ઞકુંડથી થોડે દૂર બાલકુમાર મીંચેલા નેત્રોએ ધ્યાનસ્થ બેઠેલો તેના જોવામાં આવ્યો. તેને જોતાં અને વાટિકામાં સર્વત્ર દૃષ્ટિ ફેરવતાં અતિથિને પ્રાચીન ઋષિકુળનું ભાન થયું તથા ચિત્તનો સર્વ ક્ષોભ દૂર થઇ ગયો.

પ્રકરણ ૯ મું.

જોગીરાજનું સ્નેહજીવન.

કાન્તિલાલ ઉર્ફે રસિકલાલ ઉર્ફે અતિથિનું વાટિકામાં આગમન કેટલેક અંશે બાલકુમારને પણ આનંદપ્રદ થઈ પડ્યું. તેઓ બન્ને એક બીજાના મિત્રો થયા અને બાલકુમાર અભ્યાસ તથા આહ્નિક ક્રિયામાંથી નવરો પડતો ત્યારે અતિથિની સાથે જ જ્ઞાનના જૂદા જૂદા વિષયો ઉપર વાદવિવાદ ચલાવતો. તેઓ બન્ને બહુધા ઝુંપડીની નજીકમાં આવેલી શીતળ કુંજમાં બેસતા અને વાતચીત કરતા, પરન્તુ જોગીરાજ તેમના ઉપર અને તેમની વાતચીત ઉપર હમેશાં દૃષ્ટિ રાખ્યા કરતા હતા. બાલકુમારની બાલ્ય અવસ્થા જોતાં તે સંસારીના વિલક્ષણ અનુભવો હેઠળ બહુ વાર ન રહે તે બાબતની તથા બીજી કેટલીક ચિન્તાને લીધે જોગીરાજે આ બાબતમાં પૂરતી રીતે સાવધાન રહેવાનું ઉચિત માન્યું હતું. પરન્તુ

થોડા દિવસના અનુભવપરથી જોગીરાજને જણાઈ આવ્યું હતું કે તેઓ વચ્ચે નીકળતા વાતચીતના પ્રસંગો બહુધા જ્ઞાનવિષયક હતા. બાલકુમાર પોતે નહિ સમજતો તેવી કેટલીક બાબતો કે જે આધુનિક શોધખોળને લગતી હતી અને જે એક વનવાસી બાળકના જાણવામાં ભાગ્યે જ આવે તે વિષે તે અતિથિને પૂછતો અને અતિથિ બાલકુમારની બુદ્ધિને રૂચે તેવા ખુલાસા કર્યે જતો.

દિવસે બાલકુમાર અને અતિથિની જ્ઞાનગોષ્ઠી ચાલતી ત્યારે રાત્રે દુગ્ધપાન પછી જોગીરાજ અને અતિથિ વચ્ચે વાર્તાવિનોદ પ્રારંભાતો. જોગીરાજે છેલ્લાં દશ વર્ષથી વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો હતો અને એટલા સમયમાં જગતમાં ઐતિહાસિક, સામાજિક તેમ જ ધાર્મિક કેવા કેવા ફેરફારો થવા પામ્યા હતા તે વિષે જોગીરાજ પ્રશ્નો કરતા તથા અતિથિ તેના ખુલાસા કરતો; વચ્ચે વચ્ચે બીજા પણ અનેક પ્રસંગો નીકળતા અને તે વિષે બન્ને વચ્ચે વિવાદ પણ ચાલતો. આમાંથી અતિથિને ઘણું ઘણું નવું જાણવાનું મળતું અને બુદ્ધિનો વિકાસ થતો જતો તે અનુભવતો. તપશ્ચર્યા, બ્રહ્મચર્ય અને શ્રદ્ધાથી એક વર્ષ સુધી સમ્યક્ પ્રકારે નિવાસ કર્યા પછી પ્રશ્નો પૂછવાનો જે ઉત્તર જોગીરાજે આપ્યો હતો, તે અતિથિને કેટલીક વાર સાંભરી આવતો અને તેને લાગતું કે આ સ્થળના નિવાસમાં એક વર્ષ ગાળવું એ કાંઇ કઠિન કાર્ય નથી. આ આનંદી સ્થળમાં અતિથિનો એક દિવસ એક ક્ષણની પેઠે ચાલ્યો જતો અને એક વર્ષ પૂરૂં થઇ જતાં કાંઇ વખત લાગશે નહિ એમ તે માનવા લાગ્યો.

એકદા રાત્રિએ જોગીરાજ અને અતિથિ વાતચીત કરતા બેઠા હતા. એકાદ પ્રહર રાત્રિ વ્યતીત થઇ ગઇ હતી. બાલકુમાર નિદ્રિત થયો હતો. ભરવાડો પણ ગાયોને ચાર નીરીને સૂઈ ગયા હતા. વાટિકાનાં વૃક્ષો અને રોપાઓ પવનના સુસવાટ સાથે અવાજ કરતાં હતાં

તથા સમુદ્ર ગર્જના કરતો હતો, તે વિના અન્ય સર્વ શાંત હતું. એવામાં અતિથિએ પ્રશ્ન કર્યો : "પિતાજી ! એક પ્રશ્ન પૂછવાની મને જિજ્ઞાસા થઇ આવી છે."

"કહે બાપુ, તારો પ્રશ્ન શું છે?" જોગીરાજે કહ્યું. ગુરૂભાવપૂર્વક જોગીરાજ અતિથિને હવે તો એક વચનમાં જ સંબોધતા.

"મારો પ્રશ્ન એ છે કે આપે આ પ્રકારનું વાનપ્રસ્થ જીવન શામાટે સ્વીકાર્યું છે, કેટલા વખતથી સ્વીકાર્યું છે અને જો કાંઇ હરકત ન હોય તો મને આપ આપના સંસારનો પરિચય પણ કરાવશો ?" અતિથિએ પોતાની જિજ્ઞાસા પ્રશ્નોદ્વારા વ્યક્ત કરી.

"તે જાણવાથી શું લાભ ? એક વાર સંસારનો ત્યાગ કર્યા પછી પુનઃ સંસારનો વૃત્તાંત મારે મુખે કહેવડાવવાની શી આવશ્યકતા છે?"

"પિતાજી ! **यद्यदाचरति श्रेष्ठः तत्तदेवेतरो जनः ॥** આપ સંસારને સફળ કરી ચૂક્યા છો; હું હજી સંસારમાં પ્રવેશ કરવાનો ઉમેદવાર છું. આપના સંસારનો વૃત્તાંત મને માર્ગસૂચક થઇ પડશે."

"તો કહીશ. સાંભળ, મારો આ વૃત્તાંત હું જો કોઇને કહેતો હોઉં તો આજે પહેલી વાર જ તને કહું છું. પણ ચાલ; આપણે અહીં બેસવું ન જોઇએ. પેલી કુંજમાં ચાંદનીનું અજવાળું પડે છે ત્યાં બેસીશું." એમ કહી જોગીરાજ ઉઠ્યા અને કુંજ તરફ ચાલ્યા. અતિથિ પણ તેમની પાછળ પાછળ કુંજમાં ગયો. બન્ને જણ કુંજમાં ચાંદનીના જાળીવાળા પ્રકાશમાં બેઠા અને જોગીરાજે પોતાનો વૃત્તાંત શરૂ કર્યો.

* * * *

પ્રિય અતિથિ ! મેં સંસારનો ત્યાગ કર્યો છે ખરો, પણ સંસાર વિષમય છે, સંસાર અસાર છે, તેવું કાંઇ હું નથી માનતો. હું સંસારથી અલગ થયો છું પણ સંસારની સારમયતા મારી દૃષ્ટિમાં છે.

આપ્તજનોમાં અને સંતાનોમાં મોહ રાખવાનાં દુષ્ટ પરિણામોને હું જાણું છું કિન્તુ તેઓ પ્રત્યેનું ધર્મબંધન હું ભૂલી ગયો નથી. આ જગતમાં અનેક મનુષ્યપ્રાણીઓને સંસારના કડવા અનુભવો થયા હશે, અનેક મનુષ્યપ્રાણીઓ આ સંસારને અસાર માનીને તેનો ત્યાગ કરી ગયા હશે, અનેક મનુષ્યો આપ્તજનોમાં રાગ રાખવાને દૂષણ માનીને તેઓનો અને તેઓ પ્રતિના ધર્મનો પણ ત્યાગ કરી ગયા હશે. અને અનેક મનુષ્યો એવા હશે કે જે સંસારમાં દુઃખ ને દુઃખ જોયા કરતા હશે તથા પોતાની સાથે પરિચયમાં આવનાર દરેક મનુષ્યને પોતાના શત્રુ તરીકે-પોતાને દુઃખ આપનાર તરીકે જ જોતા હશે, પણ વસ્તુતઃ સંસાર તેવો નથી. જે સંસારમાં એક મનુષ્યને સર્વત્ર દુઃખ ને દુઃખ જ ભાસે છે, તે જ સંસારમાં અન્ય મનુષ્યને સર્વ સાર તથા સુખ સમાએલું દૃષ્ટિગોચર થાય છે. આવા અનેક મનુષ્યોના સફળ સંસાર આપણી દૃષ્ટિ આગળ પસાર થઇ ગયા છે. જેઓ સંસારને નિઃસાર જુએ છે તેઓ પોતાની જાતને અંધારી કોટડીના કેદખાનામાં પુરાએલી જુએ છે. તેઓ સમજે છે કે આ કારાગ્રહ કેવળ અંધકારમય છે, તેમાં સુખના પ્રકાશનું એક કિરણ પણ પ્રવેશી શકતું નથી. સઘળાં મનુષ્યોનો સંસાર કાંઇ અંધકારમય કારાગ્રહના જેવો હોતો નથી; પરંતુ જેઓ સંસારને નિઃસાર માનીને તેનો ત્યાગ કરી જાય છે તેઓ જ પોતાના સંસારને અંધકારમય જુએ છે. આ અંધકારમય કારાગ્રહમાં સૂર્યના પ્રકાશનું એક કિરણ પણ પ્રવેશી શકતું ન હોય, છતાં જેઓ ખરા મનુષ્ય છે-જેઓ ખરા માણુસ છે-જેઓને પ્રભુએ **મનસ્** આપેલું છે, તેઓ તો સ્વયમેવ પ્રકાશ ઉત્પન્ન કરીને અંધકારની અસરને વિદારી શકે છે. આ પ્રકાશ આપનાર **મનસ્** છે. જેઓ પોતાના **મનસ્**માંથી પ્રકાશ ઉત્પન્ન કરી શકતા નથી, જેઓ પોતાને માટે જોઇતો પ્રકાશ પોતાની મેળે ઉત્પન્ન કરી શકતા નથી, તેઓ જ આ સંસારને અંધ-

કારમય કારાગ્રહની તુલ્ય જુએ છે. મેં સંસારને તેવો અંધકારમય—તેવો દુઃખપૂર્ણ માન્યો નથી અને હજી માનતો પણ નથી.

આટલા પ્રસ્તાવ પછી હવે હું મારૂં જીવનવૃત્ત તને કહીશ. ગૃહસ્થાશ્રમના ત્યાગ પહેલાં અને વાનપ્રસ્થાશ્રમના આદર પહેલાં હું આ ભારતખંડના એક નાના ગામમાં નિવાસ કરતો હતો. તે કયું ગામ હતું અને મારૂં શું નામ હતું તે પ્રકટ કરવાની કાંઈ આવશ્યકતા નથી. મારા પિતા ગર્ભશ્રીમંત હતા. હું ગર્ભશ્રીમત્તામાં જ ઉછર્યો હતો. પિતા જમીનદાર હોવાથી હું લાડકોડમાં ઉછર્યો હતો એટલું જ નહિ પણ સંસારના સંપૂર્ણ વૈભવોની વચ્ચે ઉછર્યો હતો. મારા પિતાને હું એક જ પુત્ર હતો, અને મારાથી નાની બે પુત્રીઓ હતી. મારા પિતા ગામડાના વાસી હતા છતાં બુદ્ધિમાન્ અને સંસ્કારી હતા. ગામડામાં રહ્યે રહ્યે તેમણે ગુજરાતી અને સંસ્કૃત ઉપરાંત થોડો ઘણો અંગ્રેજી અભ્યાસ પણ કર્યો હતો. આ સર્વ પ્રકારના જ્ઞાન અને બુદ્ધિના સંયોગથી તે અમારી જમીનદારીને બહુ જ સારી રીતે ચલાવતા હતા. વ્યાપારી કુશળતા સાથે તેમનામાં ગર્ભશ્રીમત્તાને છાજે તેવી દયાળુતા—ઉદારતા પણ હતી અને તેથી તે બહુ લોકપ્રિય થયા હતા. હું શ્રીમંતનો પુત્ર હોવાથી સંપત્તિ અને વૈભવ વચ્ચે ઉછર્યો હતો ખરો, પણ મારા પિતાએ મને સુખાળવો થવા દીધો નહોતો. તેમણે મારી કેળવણી તરફ તથા મારી સંગતિ તરફ બહુ લક્ષ આપ્યું હતું. મને સાંભરે છે કે મારા પિતા મારા સોબતીઓને શોધી કાઢીને તેમના વર્તન વિષે ગુપ્ત તપાસ કરતા, એટલું જ નહિ પણ મારા સોબતીઓનાં માતપિતાને જાતે મળીને કેટલીક વાતો પૂછતા. તેમની કાળજી, તેમની ખંત અને તેમનું ચાતુર્ય તે પાંસઠ વર્ષના થઇને મરણ પામ્યા ત્યાંસુધી એક જ પ્રકારનું રહ્યું હતું, અને વૃદ્ધાવસ્થાપર્યંત તેમની શારીર શક્તિમાં ભેદ પડયા છતાં આંતર્ શક્તિઓમાં સ્વલ્પ પણ ન્યૂનતા જણાઈ

નહોતી ! તેમની રાજસેવા તથા લોકસેવાના બદલામાં સરકારે તેમના મરણની બે વર્ષ પૂર્વે તેમને રાવ બહાદુરનો ખીતાબ પણ આપ્યો હતો.

મારી માતાની પ્રકૃતિ મને કાંઇક વિલક્ષણ જણાતી. અહો ! તે હેતાળુ માની સૌમ્યમૂર્તિ અત્યારે પણ મારી આંખો સામે તરવરે છે ! મારી માતા કુશળ ગૃહવ્યવહારી હતાં અને તે સાથે અમારાં માન-આબરૂ તથા મોભો જાળવી રાખવાની બહુ કાળજી રાખતાં. અમારા કુળવાન અને મોટા ઘરનું કોઇ કોઇ પણ બાબતમાં હીણું બોલે, તો તે તેમનાથી સહન થતું નહિ; અને તેથી તેમની ગૃહવ્યવહારની કુશળતા તેમને તેવા નિંદાખોરની સાથે લઢવાડ કરવાને પ્રેરતી. જો કોઇ ગેરવાજબી રીતે છચોક ઘરની નિંદા કરે તો તે તેની સાથે લઢતાં અને તેવાઓની સાથે કદિ બોલતાં નહિ, પણ હા, જો કોઈ અમારો વાજબી દોષ બતાવતું તો તે દોષ કબૂલ કરીને તે બદલ થતી ગેર-આબરૂને આગળ વધતી અટકાવતાં. તેમની આ પ્રકૃતિ મારા પિતાની ઉદાર પ્રકૃતિને કોઈ વાર અનુકૂળ આવતી અને કોઈ વાર પ્રતિકૂળ પણ થઇ પડતી. તોપણ ગૃહવ્યવહાર એવી કુશળતા સાથે ચાલ્યો જતો હતો કે મારા પિતાને કોઇ પણ બાબત માટે ચિન્તા કરવી પડતી નહિ.

આ માતાપિતાની વચ્ચે હું સર્વ કોઇના સ્નેહમાં ઉછર્યો હતો. મારા પર ગામના લોકો બહુ વ્હાલ રાખતા અને તેમના વ્હાલથી જ હું હંમેશને માટે મળતાવડો થયો હતો. હજી પણ મને પરાયા માણુ-સોના સમાગમમાં અને એક બીજાના સ્નેહમાં વસવાનું બહુ ગમે છે; મારા સ્વભાવ સાથે આ ગુણ વજ્રલેપ થઇને રહ્યો હોય એમ મને જણાય છે, તેનું કારણ પણ હું એ જ કલ્પું છું. પ્રિય અતિથિ ! તને આ વાટિકામાં જોઇને હું અતિ આનંદિત થયો છું અને તેનું કારણ પણ મારા સ્વભાવ સાથે બાલ્યાવસ્થાથી વજ્રલેપ થઈ રહેલો ગુણ જ હોય એમ મને જણાય છે. આ સંયોગોમાં ઉછરીને હું દશેક

વર્ષનો થયો ત્યાંસુધી ગામડાની નિશાળમાં અને પિતાજીની પાસે જ અભ્યાસ કરી રહ્યો હતો. ત્યારપછી હું રોજ પાસેના એક શહેરમાં અંગ્રેજી નિશાળે ભણવા જતો. તે શહેર અમારા ગામડાથી માત્ર ત્રણ માઇલ થતું. હું રોજ અમારી ઘોડાગાડીમાં નિશાળે આવતો અને પાછો ઘેર જતો. એ પ્રમાણે મેં મારો અંગ્રેજી અભ્યાસ ચાલુ કર્યો અને પ્રતિદિવસ નવીન નવીન જ્ઞાનપ્રાપ્તિથી આનંદમાં વિહરવા લાગ્યો.

આ અરસામાં એક બનાવ બનવા પામ્યો હતો. અમારી ન્યાતની એક ગરીબ સ્ત્રી મરણ પામવાથી તેની ત્રણચાર વર્ષની બાળક પુત્રી કેવળ નિરાધારાવસ્થામાં અને દુઃખમાં આવી પડી. તે સ્ત્રીની પાસે કાંઇ જ મીલકત નહોતી તેમ જ તે બાળકીનું થોડો વખત પોષણ કરી શકાય તેવી કાંઇ ઘરની સામગ્રી પણ નહોતી. આથી તેનાં પડોશીઓ તે નિરાધાર બાળકીનું પોષણ કરતાં હતાં. કોઇ ઘેર આઠ દિવસ તો કોઈ ઘેર પંદર દિવસ એ પ્રમાણે જુદાં જુદાં ઘર વચ્ચે તે બાળકી ઉછરતી હતી. કેટલોક વખત એમ ચાલ્યું, પણ પછી તો પડોશીઓને પણ તે બાળકીનું પોષણ કરવાનું ભારે લાગ્યું. તેઓ જ્યાં ત્યાં તે બાળકીની વાત કરતાં અને સાથે મારા પિતાજીની તથા મારી માતાની નિંદા કરતાં કે “ન્યાતના શેઠ અને શ્રીમંત છે તો આટલી નિરાધાર બાળકીને શું ઉછેરે પણ નહિ? તેમને ત્યાંએ ખાવા ખુટી ગયું છે શું?” આ વાત ફેલાતી ફેલાતી મારી માતા પાસે આવી. તે વ્યવહારકુશળ સ્ત્રીથી પોતાના કુટુંબની આ ગેરઆબરૂ સહન થઇ શકી નહિ. પોતાને ત્યાં ન્યાતની પટેલાઇ હોય અને ન્યાતની બાળકી ભૂખે મરે, એ વિચારે મારી માતાના પ્રશસ્ત અભિમાનને જાગૃત કર્યું અને લોકોમાં જે ગેરઆબરૂ થતી હતી તે ગેરવાજબી નહિ પણ વાજબી હતી એમ મનમાં સ્ફુરી આવ્યું. આ વાત કરનારાઓને ઠપકો દેવા જેવી સ્થિતિમાં પોતે નહોતાં એમ

તેમણે જોયું, કારણકે તે બાળકીનું પોષણ કરવું તે અમારી શ્રીમત્તાનું એક કર્તવ્ય હતું જે કર્તવ્ય નહિ બજાવવાથી અમે કર્તવ્યભ્રષ્ટ થયાં હતાં. લાગલાં જ તે મારા પિતાની બેઠકમાં આવ્યાં અને બોલ્યાં: “લોકોમાં આપણી નિન્દા થાય છે અને પેલી કમળા મરી ગઈ તેની છોકરી તેના પડોશીઓને ત્યાં રહે છે તે હવે તેઓને ભારે પડે છે!”

“વારૂ, સમજ્યો. એટલે હવે તું શું કહે છે?” મારા પિતાએ કહ્યું.

“હું એમ કહું છું કે તે છોકરીને આપણે ત્યાં લાવીએ. તેના બાપના કુટુંબમાં તો કોઇ તેનું પોષણ કરે તેવું નથી જ, અને તેના મોસાળમાં તેનો એક મામો છે તે પણ ભિખારી જેવો છે અને જ્યાં ત્યાં ભટકતો ફરે છે. આમ એ એક નાવારસ છોકરી છે; તેની કાંઇ મીલકત પણ નથી; આપણે તો ધર્મની ગાયને પાળવાની છે.”

“હા, મારી કાંઇ ના નથી. ન્યાતીલાનું છોકરૂં છે તો તેને પાળવું એ આપણું કામ છે, પણ જેઓ અત્યારે તેને રાખતાં હોય તેમને કહેરાવ કે તેઓ પોતાની મેળે એ છોકરીને આપણે ત્યાં મૂકી જાય.”

“તેઓ એમ કેવી રીતે મૂકી જાય? એમ કરે તો તેઓની ગેરઆબરૂ થાય, એટલે તેઓ એમ નહિ કરે; જે કામ આપણું છે તે આપણે કરવું જ જોઇએ તો! તેઓ આપણી નિન્દા કરે છે એટલે મને તો ઘણુંએ ખોટું લાગે છે અને એમ થઇ જાય છે કે તેઓની સાથે એક વાર લડી આવું; પણ શું કરીએ? આપણું ઘર રહ્યું મોટું અને ન્યાતીલાનું ગરીબ છોકરૂં આપણે ત્યાં ન રહે ત્યારે ક્યાં રહે?”

મારા પિતાએ તે કબૂલ રાખ્યું નહિ અને એ છોકરીને લઇ આવવા ના કહી. પણ મારી માતાએ પોતાની હઠ છોડી નહિ. લોકમાં પોતાનો મોભો ઘટી જાય અને ગેરઆબરૂ થાય તે તેમને રૂચ્યું નહિ.

મારા પિતાને તેમણે બહુએ કહ્યું પણ શી ખબર શાએ કારણથી તેમણે તે માન્યું નહિ. છેવટે આઠ દિવસ તેની તે વાત વારંવાર પિતાજી આગળ કાઢીને અને હાથે પગે લાગીને મારી માતાએ તો છોકરીને ઘેર લાવીને રાખી અને ત્યારે જ તે જંપ્યાં. તેમની આ દઢતાના ગુણની છાપ મારા મગજમાંથી હજીસુધી ભુંસાવા પામી નથી.

તે એક ગરીબની છોકરી હતી, પણ કેટલી સુઘડ, નમ્ર અને આનંદી બાળકી ? તે બાલિકા અમારા ઘરમાં આવ્યા પછી જો કોઇને સૌથી વધારે આનંદ થયો હોય તો તે મને એકલાને જ થયો હતો. મારી નાની બ્હેનોને હું રમાડતો અને ખેલાવતો તે કરતાં વધારે હું તે ગરીબ બાળકીને રમાડતો અને ખેલાવતો. તેની સુઘડતા અને નમ્રતા મારા હૃદયનું વધારે આકર્ષણ કરનારી થઇ પડતી હતી. મારી માતા પણ તે બાળકીને મારી બ્હેનોની પેઠે જ રાખતી. અમારી વાડી-એથી કાંઇ દાડમ જમરૂખ આવ્યાં હોય તો સૌની સાથે તે બાળકીને પણ તેનો ભાગ મળતો. તે બાળકી નાવારસ અને અમારા ઘરમાં પારકી હોવાથી તેના ઉપર ઓછી નજર રાખવામાં આવતી હતી અને અમારી પર પક્ષપાત કરવામાં આવતો હતો એમ કાંઈ નહોતું. તોપણ કેટલીક વાર એમ બનતું ખરૂં કે પિતાજી જ્યારે મારી બ્હેનોને પોતાની બેઠકમાં રમાડતા બેઠા હોય ત્યારે તે ગરીબ બાળકી બાર-ણાંમાં ઊભી ઊભી ટગર ટગર જોયાં કરતી ! આ દૃશ્ય જ્યારે મારી નજરે પડતું ત્યારે મારા હૃદયમાં તેને માટે દયા ઉત્પન્ન થયા વિના રહેતી નહિ. તે બિચારી રમવા જેવી થઈ એટલે તેનાં માતા–પિતા મરણ પામ્યાં. બીજાં બાળકોને વડીલના હાથમાં રમતાં જોઇને તેનું બાળક મન પણ શું આનંદિત થવા ન ઇચ્છે ? આવે વખતે મારી દયા તે બાળકીને રમાડવાને ઉશ્કેરાતી અને હું તેને રમવા તેડી જતો. હું પણ તે સમયે આઠ–નવ વર્ષની વયનો હોઇશ. હું તેને મારી

અભ્યાસની ચોપડીઓમાંથી ચિત્રો બતાવીને રમાડતો અને તેના અંતરના દુઃખને દૂર કરતો.

જેમ જેમ વખત જવા લાગ્યો તેમ તેમ તે બાળકી મોટી થવા લાગી અને જેમ જેમ તે મોટી થવા લાગી તેમ તેમ ઘરમાં સૌ કોઇને વધુ ને વધુ આનંદ આપવા લાગી. મારી નાની બ્હેનોના જેટલી જ લગભગ વયની તે બાળકી હતી અને તેથી મારી બ્હેનોની સાથે સ્વાભાવિક રીતે જ તે બાળકી તુલનામાં ઊભી રહેતી. મારી નાની બ્હેનોમાંની મોટીનું નામ વિલસુ અને નાની નામ **શાં**તિ હતું. આ બાળકીનું નામ **ન**ન્દિની હતું, પણ સૌ તેને **ન**ન્દી કહીને બોલાવતાં. ઘરમાં ત્રણે સરખી વયની કન્યાઓમાં દરેક રીતે **ન**ન્દિની આગળ પડતી જણાતી. મારી માતા જે કાંઇ કામ **વિલસુ** અને **શાં**તિને સોંપતાં તે જ કામ **ન**ન્દિનીને પણ સોંપતાંઃ અને તે ત્રણેમાં **ન**ન્દિનીનું કામ વધારે પ્રશંસા પામતું. આથી **શાં**તિને તો કાંઇ જ લાગતું નહિ, પણ **વિલસુ**ની લાગણી કાંઇક ઇર્ષ્યાળુ થતી. **વિલસુ**ની ભ્રકુટી ચડતી, ત્યારે **શાં**તિ **ન**ન્દિની તેવું સારૂં કામ કેવી રીતે કરી શકે છે તે જાણવા અને શીખી લેવા મથતી. કોઇ કોઈ વાર તે ઇર્ષ્યાળુ લાગણીને લીધે **વિલસુ** **ન**ન્દિનીને પજવતી પણ ખરી. બન્ને બ્હેનો વાડીએ રમવા જાય તો **વિલસુ** **ન**ન્દિનીને પોતાની સાથે આવવા ન દે. અમારા ઘરમાં બે પોપટ અને એક મેના હતાં. કોઇ કોઇ વાર વાડીએથી ફૂલ આવતાં અને તે ઘણાં હોય તો મારી માતા ત્રણેને મેના પોપટની કલગી ગુંથવા આપતાં. **ન**ન્દિનીની કલગી સૌ કરતાં સુંદર બનતી અને તેથી ઇર્ષ્યાળુ થઇને **ન**ન્દિની જ્યારે કલગી ગુંથતી હોય ત્યારે **વિલસુ** પાછળથી એકાએક આવીને તે કલગી તોડી નાંખતી. બિચારી **ન**ન્દિનીનું કામ ચુંથાઈ જતું તેથી તે બહુ દુઃખી થતી. માતાજીના હાથમાં ત્રણેની કલગીઓ આવતી ત્યારે કોઇ વાર તે **ન**ન્દિનીને પૂછતાંઃ

"નન્દી, આજે કલગી ગુંથવામાં તેં બરાબર ચિત્ત રાખ્યું નથી; કેમ એમ થયું?" આના ઉત્તરમાં નન્દિની વિલસુનો વાંક પણ જણાવતી નહિ અને મુંગી ઊભી રહેતી. બાલિશતામાં પણ તેની આ નમ્રતા અને સહનશીલતા એક વાર મારા જાણવામાં આવતાં હું આશ્ચર્ય પામ્યો હતો. કોઇ વાર જ્યારે વિલસુ તેને બહુ પજવતી ત્યારે તે બિચારીથી રડી જવાતું; પણ પોતાનું રોદન તે ગુપ્ત જ રાખવા મથતી. એકાદ વાર મેં તેને તેના રોદનનું કારણ પણ પૂછ્યું, કિન્તુ તેણે વિલસુની પજવણી વિષે મને કાંઇ પણ વાત ન કહી અને કાંઇ ભળતું જ બ્હાનું મને જણાવ્યું.

એક વાર કન્યાઓનું કાંઇ પર્વ હતું. તે દિવસે સ્હવારમાં ઊઠતાં જ પિતાજીએ વિલસુ, શાંતિ અને નન્દિનીને પોતાની પાસે બોલાવીઓ. નન્દિનીમાં રહેલું ચાતુર્ય પિતાજીના જાણવામાં પણ આવ્યા વિના રહ્યું નહોતું. વિલસુ અને શાંતિ પણ નન્દિની જેવી સુઘડ, ચતુર અને ડાહી થાય એમ થએલું જોવાને પિતાજી પણ ઇચ્છતા હતા. આથી પિતાજીએ ત્રણેમાં કાંઇક હરીફાઇ ચાલે અને દરેક બીજી કરતાં વધારે સારૂં કામ કરવાને પ્રેરાય તેવી ગોઠવણ કરવાનો નિશ્ચય કર્યો હતો. ત્રણેને પિતાજીએ કહ્યું: "જુઓ, આજે વ્હેલાં જમીને તમારે સૌએ રમતગમતમાં દહાડો ગાળવાનો છે. તમે ત્રણે જણીઓ આજનો દિવસ કેવી રીતે ગાળો છો તેની વાત આજ રાત્રે તમે મને કહેજો અને ત્રણેમાંથી જેણે સૌથી વધારે સારી રીતે દિવસ ગાળ્યો હશે તેને હું માથામાં ઘાલવાનો સોનાનો કેવડો કરાવી આપીશ." આ સાંભળીને ત્રણે જણીઓને આનંદ થયો. દરેક જણી પોતપોતાના મનમાં માનવા લાગી કે હું સૌ કરતાં વધારે સારી રમત ગમત કરીશ, અને પિતાજી પાસેથી કેવડો લઇશ.

વિલસુ બોલી: "પણ બાપાજી! અમને કાંઇક પૈસા આપો ને?"

"પૈસાને તું શું કરીશ, બ્હેન ?"

"અમારે કાંઇક કામ હોય; સૌથી વધારે સારી રીતે દિવસ ગાળવા માટે હું શું કરીશ તે સૌની આગળ ઉઘાડું શામાટે કહી દઉં ?"

આ હરિફાઇનું સારૂં પરિણામ આવશે એવાં ચિહ્નો તે જ વખતથી દેખાવા લાગ્યાં અને પિતાજી આનંદિત થયા. તેમણે સ્મિત કરતાં કહ્યું: "વારૂ ચાલો, હું દરેકને આઠ આઠ પૈસા આપીશ." એમ કહી દરેકને પિતાજીએ આઠ આઠ પૈસા આપ્યા. ત્રણે જણીઓ તે પૈસા લઇને બેઠકની બહાર નીકળી. ઇર્ષ્યાળુ વિલસુએ તુરત જ નન્દિનીના હાથને ઝાપટ મારી પૈસા પાડી નંખાવ્યા. એક પૈસો દૂર રડી ગયો તે છાનોમાનો લેઇને તે નાસી ગઇ અને બિચારી નન્દિનીએ બાકીના સાત પૈસા વીણી લેઇને પોતાના પોલકાના ગજવામાં નાંખ્યા. પોતાનો એક પૈસો વિલસુ ઝુંટવી ગઇ તે વાત તે વખતે તેણે કોઇને પણ કહી નહિ.

પછી સૌની સાથે ત્રણે જણીઓએ જમી લીધું. વિલસુ અને શાંતિની સાથે નન્દિનીએ પણ તે દિવસે નવાં વસ્ત્રો પહેર્યાં. વિલસુ, શાંતિ અને નન્દિનીથી છાનીમાની બજારમાં કાંઇક લેવા માટે ચાલી ગઇ. થોડીક વાર રહીને શાંતિ પણ કાંઇક લેવા ગઇ. નન્દિની ઘેર બેસી રહી અને સૌની સાથે વાડીએ જવાને તૈયાર થઈ રહી. થોડી વાર રહીને વિલસુ અને શાંતિ બન્ને બજારમાંથી આવી અને ગાડી જોડાવી, તેમાં બેસીને વાડી તરફ ચાલી. નન્દિની ઓરડામાં રહી રહી પોતાનાં વસ્ત્રો સંકેલતી હતી, તેને બન્ને બ્હેનો ગયાની ખબર રહી નહિ. ગાડી ચાલતી થયા પછી તેને ખબર પડી અને તે ડેલીની બહાર દોડી આવી. "વિલસુ બ્હેન ! ગાડી ઊભી રાખો, ગાડી ઊભી રાખો," એમ તે બૂમો પાડવા લાગી પણ વિલસુએ ગાડી-

વાનને ગાડી ઊભી રાખવા દીધી નહિ અને તેથી નન્દિનીને ઘેર મૂકીને બન્ને બ્હેનો વાડીએ જતી રહી. નન્દિની બિચારી આંખમાં આંસુભેર ઘેર પાછી ફરી. મેં તેની આંખમાં આંસુ જોયાં. તેના રડવાનું કારણ પૂછ્યું. પહેલાં તો તેણે કાંઇ જ જવાબ આપ્યો નહિ પણ મેં ફરીને પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે "વિલસુ બ્હેન મને મૂકીને ગાડીમાં બેસી વાડીએ જતાં રહ્યાં." મને તે બાલિકાની બહુ દયા આવી અને તે સાથે વિલસુના ઇર્ષ્યાળુપણા ઉપર કાંઇક તિરસ્કાર પણ છૂટચો. મેં તેને દિલાસો આપ્યો: "નન્દિની! તું રડીશ નહિ; હું તને વાડીએ મૂકવા આવીશ હોં." તે બાળાને હવે કાંઇક ધૈર્ય મળ્યું.

મેં તુરત જ જમી લીધું અને નન્દિનીને લેઇને હું વાડીએ ચાલ્યો. તે વખતે નન્દિનીનું વય સાતેક વર્ષનું હશે. અહા! કેટલી આનંદી બાળકી? તે મારી સાથે ઉત્સાહ અને આનંદથી ચાલી આવતી હતી. મેં તેને પૂછ્યું: "નન્દિની! તું આજે કેવી રીતે દહાડો ગાળીશ? બાપાજીએ તને આઠ પૈસા આપ્યા હતા તેનું તેં શું કર્યું?" નન્દિની બોલી: "વિલસુ અને શાંતિ બ્હેન તો બજારમાં ગયાં હતાં તે કાંઇક લેઈ આવ્યાં હશે, પણ મેં તો કાંઈ લીધું નથી. મારા આઠ પૈસામાંથી એ વિલસુ બ્હેને એક પૈસો પડાવી લીધો છે!" હું ચમક્યો. વિલસુની નિર્દયતા ઉપર મને ક્રોધ આવ્યો. જેમ નધણીયાતું ધન સૌ કોઇ લૂંટે તેમ આ બિચારી નબાપી બાળકીને સૌ પજવે, છતાં તે તો શાંતિથી તે સઘળું ખમી ખાતી હતી! તેના સ્વભાવની તે સહિષ્ણુતા તે વખતે મને ખરેખર ધન્યવાદને પાત્ર લાગી હતી. મેં કહ્યું: "નન્દી! ત્યારે તારો પૈસો વિલસુએ લેઇ લીધો એ વાત તેં બાપાજીને કેમ ન કહી?" તે બોલી: "મોટી બ્હેનની વાત બાપાજીને કેમ કહેવાય? હશે, હું મારે સાત પૈસાથી ચલાવી લેઇશ." અહા! એક શ્રીમંત બ્હેનપણીપર એક ગરીબ બાળકીની આ ઉદારતા શું સૂચક ન લેખાય?

હું તો તે બાળકીના શબ્દો સાંભળીને દંગ જ થઇ ગયો.

કેટલીક વારે અમે વાડીએ પહોંચ્યાં. ગામથી એકાદ કોસ દૂર અમારી વાડી હતી. તેમાં ફળફૂલનાં ઝાડ બહુ હતાં. વાડીનાં ફળફૂલ અમારા કામમાં આવતાં તે ઉપરાંત તેમાંથી કેટલીક પેદાશ પણ થતી. વાડીમાં ત્રણ આંબા હતા તેની કેરીઓ પણ સારી પેદાશ આપતી. વાડીમાં જઇને મેં જોયું તો વિલસુ ગુલાબના છોડવાઓના જૂથમાં ગુલાબ ચુંટતી મારા જોવામાં આવી. મેં તેને ઠપકો આપતાં કહ્યું: "વિલસુ! તમે બન્ને બ્હેનો આવતી રહી અને આ બિચારી નન્દિનીને કેમ તેડી લાવીઓ નહિ?" વિલસુ મારાથી નાની હતી, તોપણ પોતાના ગુમાની સ્વભાવને લીધે મારા પર ભ્રકુટી ચડાવીને બોલી: "તે, શું અમે કાંઈ એને કેડે બેસારીને લાવવાનાં હતાં? અમારી સાથે તે પણ ગાડીમાં આવીને કાં ન બેઠી?" મેં કહ્યું: "તમે ગુપચુપ નીકળી ગયાં અને તેને બિચારીને ખબર પણ કરી નહિને? વળી પાછળથી તેણે બહુએ બૂમો પાડી પણ તમે ગાડી ઊભી રાખી નહિ! ઠીક છે, ઠીક; સાંજે તારી વાત છે. સઘળી વાત પિતાજીને કહી દઇશ!" આ દોષ સાંભળીને વિલસુ વધારે ગુસ્સે થઇ અને બોલી: "ભલે, કહી દેજે જા! તું નન્દીને પરણ્યો હોઇશ તે તેનું આમ ઉપરાણું લેતો હોઇશ!" મને આ મ્હેણાથી બહુ માઠું લાગ્યું; પણ તે સાથે મારૂં મ્હોં પણ બંધ થઈ ગયું! કાંઇ પણ બોલ્યા વિના હું પાછો ફર્યો અને ગાડીવાનને સૂચના કરતો ગયો કે "સાંજે ત્રણે જણીઓને સાથે તેડતો આવજે અને જો કદી વિલસુ નન્દિનીને પજવે તો તેને વારજે." હું ઘેર પાછો ફર્યો અને નન્દિની જૂઇના માંડવા તરફ ચાલી ગઇ.

સાંજે ત્રણે બ્હેનો ઘેર પાછી ફરી. રાત્રે સૌ જમી રહ્યાં એટલે પિતાજીએ ત્રણેને પોતાની પાસે બોલાવી અને પૂછ્યું: "કહો, વિલસુ!

શાંતિ! **નન્દી**! તમે આજનો દિવસ કેવી રીતે ગાળ્યો?"

વિલસુ એકદમ બોલીઃ "બાપાજી! જુઓ, મેં આજનો દિવસ કેવા સરસ કામ પાછળ ગાળ્યો છે?" એમ કહી તેણે પિતાજીને ગુલાબ, રેશમનાં ફુમતાં અને ખોટાં મોતીની ગુંથેલી ત્રણ કલગીઓ બતાવી. તેણે કહ્યું: "બાપાજી! કહો આ કલગીઓ કેવી સારી છે? તમે આપેલા પૈસા મેં રેશમનાં ફુમતાં અને આ મોતી લેવામાં ખર્ચ્યા અને વાડીમાંથી ગુલાબ ચુંટીને આપણાં મેના પોપટ માટે ત્રણ કલગીઓ બનાવી! કહોને બાપાજી! આ સુંદર કલગીઓ મેના પોપટને કેવી શોભશે? રોજ અમે એકલાં ફૂલની કલગીઓ કરતાં, પણ આ મોતી અને રેશમનાં ફુમતાંમાં ગુલાબની ગુંથણી તો બહુ જ ખીલે છે હોં!"

પિતાજીએ કહ્યું: "ખરેખર કલગીઓ તો ઘણી મજેની ગુંથી છે; પણ આ સઘળા ગુલાબ કરતાં વચ્ચે વચ્ચે એકાદ ચંપાનું ફૂલ મૂક્યું હોત તો વધારે સારી કલગીઓ થાત. વારૂ; પણ **શાંતિ**! કહે આજે તેં શું કર્યું?"

શાંતિ બોલી: "બાપાજી! **વિલસુ** બ્હેને જે કાંઇ કર્યું છે તેથી જૂદું જ મેં કર્યું છે. **વિલસુ** બ્હેને આજે જે કાંઇ કર્યું છે તે કાલે નજરે પડશે નહિ કારણકે કલગીઓ બગડી જશે એટલે તેને ફેંકી દેવી પડશે; પણ મેં તો આજે આપણી વાડીમાં જઇને એક નવું કામ કર્યું છે. વાડીમાંના કૂવાની પાછળ કેટલાક ક્યારા કેવળ નકામા પડ્યા છે અને તેથી તે ભાગ બીજા ફૂલોવાળા ભાગ જેવો મજેનો દેખાતો નથી. મેં એ ભાગમાં બધે ગુલાબ અને હજારીગુલ વાવ્યાં છે. તમે આપેલા પૈસાનાં મેં તેનાં બીજ ખરીદ્યાં હતાં. આ ગુલાબ અને હજારીગુલ જ્યારે ઉભરાશે અને એ ખાલી જમીન દીપશે ત્યારે જ મારા આજના દિવસનું કામકાજ તમારી નજરે આવશે."

પિતાજી આ સાંભળીને વળી કાંઇક નવીન જ આનંદ અનુભ-

વવા લાગ્યા, અને તેમને જણાયું કે **શાંતિ**એ કરેલું કામ બેશક **વિલસુ** કરતાં ઉત્તમ પ્રતિનું હતું. પણ હવે **નન્દિની**એ શું કર્યું છે તે જાણવાની જિજ્ઞાસા તેમના દિલમાં પેદા થઈ. તેમણે **નન્દિની**ને પૂછ્યું :
" કહે **નન્દી** ! તેં શું કર્યું ?"

નન્દિની બોલી: "બાપાજી ! જુઓ આ જૂઇની માળા મેં આપણા ઠાકોરજી માટે ગુંથી છે." એમ કહી તેણે તે માળા આગળ ધરી. ખરેખર તે એક ઘણી સુંદર ગુંથણીની માળા હતી. જૂઇનાં ફૂલો અને વચ્ચે ગુલાબનાં એકેકાં પુષ્પો ગુંથી એવો તો સુંદર દેખાવ તેણે કરેલો હતો કે **વિલસુ**ની રેશમ અને મોતીવાળી કલગીઓ કરતાં તે વધારે દીપતી હતી. પિતાજીએ તે કામની પ્રશંસા કરતાં કહ્યું :
" વાહ ! વાહ ! બહુ મજાની માળા ગુંથી છે. કાલે તો પૂજા કર્યા પછી હું ઠાકોરજીને આ જ માળા ધારણ કરાવીશ. એકલાં ફૂલોનું જ કામ છે, પણ તે કેટલું સુંદર છે ? વારૂ, પણ **નન્દી** ! તને આપેલા પૈસાનું તેં શું કર્યું ?"

" જે મેં કર્યું છે તે તમારા હાથમાં જ છે." **નન્દિની** મલકાતે મુખે બોલી.

" શું આ ફૂલો તેં વેચાતાં લેઇને માળા ગુંથી છે ? શું મેં આપેલા પૈસાનાં તેં ફૂલ લીધાં ?" પિતાજીએ નવાઇ પામતાં કહ્યું.

" ના; ફૂલ તો આપણી વાડીનાં જ છે."

" ત્યારે પૈસા ક્યાં છે ?"

" પૈસા મેં ફૂલની માળામાં જ ગુંથ્યા છે."

" શું ફૂલની માળામાં પૈસા ગુંથાય ખરા ? હું તો ક્યાંય તે જોઇ શકતો નથી."

નન્દિનીએ તુરત જ માળામાં થોડે થોડે અંતરે જૂઇનાં ફૂલોની ગુંથણીની અંદર ગોઠવેલા સાત પૈસા કાઢી બતાવ્યા. તે પૈસા માળામાં

એવી રીતે ગુંથવામાં આવેલા હતા કે ફૂલોની પાંખડીઓમાં તે ગુપ્ત જ રહે અને તે ઉપર એકેક ગુલાબનું ફૂલ મૂકી સુંદરતા વધારવા સાથે પૈસાને છુપાવવાનો પ્રયત્ન પણ કરાએલો હતો. માળામાંથી કાઢેલા પૈસા પાછા ફૂલોની ગુંથણીમાં જેવી રીતે ગજવામાં મુકાય તેવી સહેલાઈથી મૂકી દેવાય તેવી ગોઠવણ તેમાં કરેલી હતી, તેથી **નન્દિની**એ પાછા તે પૈસા માળામાં જ ગોઠવી દીધા. આ જોઇને પિતાજી તો ચકિત થઈ ગયા. **નન્દિની**એ પૈસા ખર્ચ્યા વિના તેની અતિસુંદર રચના કરી અને વળી તે પ્રભુભક્તિનું સૂચન કરનારી રચના ઠાકોરજીને માટે કરી તેથી પિતાજીને **નન્દિની**નું કાર્ય સૌથી ઉત્તમ લાગવા માંડ્યું. ઈનામ તો ખરેખર **નન્દિની**ને જ મળવું જોઇએ એવો નિશ્ચય જણાવતાં તે બોલ્યા: "તમારા ત્રણેના કાર્યમાંથી હું **નન્દિની**ના કાર્યને ઉત્તમ ગણું છું. જુઓ, **વિલસુ**એ કલગીઓ કરી, તેના કરતાં **નન્દિની**ની માળા કેટલી સુંદર છે? વળી **વિલસુ**એ જે કામ પૈસા ખર્ચીને કર્યું તેના કરતાં વધારે સુંદર કામ **નન્દી**એ પૈસાને આબાદ રાખીને તેમ જ પૈસાને ઉપયોગમાં પણ લેઇને કર્યું! **શાંતિ**એ કરેલા કામથી આપણી વાડીની સુંદરતા વધશે ખરી, પણ તે કામ તો વાડીના માળીનું હતું. એમાં રમત ગમત જેવું કાંઇ જ ન કહેવાય; તોપણ **વિલસુ** કરતાં તે કામ ચડીયાતું છે અને સૌથી ચડીઆતું કામ **નન્દિની**નું છે. માટે સોનાનો કેવડો હું **નન્દિની**ને કરાવી આપીશ; પણ જુઓ, તમે બે બ્હેનો પણ હવે જો ચીવટ રાખશો તો **નન્દિની**ના કરતાં પણ વધારે બુદ્ધિ ચલાવીને સારૂં કામ કરી શકશો; માટે કેવળ નિરાશ થશો નહિ." થોડી વાર રહીને **પિતાજી**એ **નન્દિની**ને પ્રશ્ન કર્યો: "પણ **નન્દી**! મેં તો તને આઠ પૈસા આપ્યા હતા અને આ માળામાં તો તેં સાત પૈસા ગુંથ્યા છે; બાકીનો એક પૈસો ક્યાં છે?"

"એક પૈસો તો ખોવાઈ ગયો." **નન્દિની**એ જવાબ આપ્યો.

"એમ કે? ત્યારે તો તું બેદરકાર છોકરી છે. તારી બેદરકારી નીચે તારા સઘળા ગુણો ઢંકાઇ જાય છે, માટે તને કેવડો નહિ મળે; હવે તો તે **શાં**તિનો."

હું વચમાં બોલી ઉઠયોઃ "ના, પિતાજી! એટલા ખાતર **નન્દિ**નીને અન્યાય આપશો નહિ. તેમાં તેનો કાંઇ વાંક નથી. **વિલસુ**એ તેનો એક પૈસો ઝુંટવી લીધો હતો! ખરૂં કહીએ તો **વિલસુ**ની કલગીઓ આઠ પૈસાની કીંમતની નહિ પણ નવ પૈસાની કીંમતની છે!"

"એમ કે? ત્યારે તો **નન્દી** નિર્દોષ ઠરે છે; તેને જ કેવડો મળશે; પણ **વિલસુ**! તેં બહુ ખોટું કામ કર્યું છે. એક બીજાથી સારૂં કામ કરવાની હમેશાં ખંત રાખવી; પણ ઇર્ષ્યાથી પોતાનું સારૂં કહેવડાવવા માટે બીજાનું ખરાબ કરવું નહિ. હું તારા આ કામથી તારા પર બહુ નાખુશ થયો છું."

મારા દિલમાં **નન્દિની**પરનો પક્ષપાત વસી રહ્યો હતો તેથી હું બોલી ઉઠયોઃ "અને પિતાજી! **વિલસુ** તથા **શાં**તિ એકલાં ગાડીમાં બેસીને વાડીએ જતાં રહ્યાં હતાં. બિચારી **નન્દી** બૂમો પાડતી રહી પણ **વિલસુ**એ ગાડી ઊભી રાખવા દીધી નહિ! છેવટે પછી હું તેને વાડીએ મૂકી આવ્યો. **વિલસુ** તો **નન્દી**ને બહુ જ પજવે છે; પણ તે બિચારી કોઇને કાંઇ કહેતી નથી."

"ત્યારે **વિલસુ**ને કાંઇક શિક્ષા કરવી જોઇએ. કેમ **વિલસુ**! તું **નન્દી**ને પજવે છે કે?"

"હું ક્યાં તેને પજવું છું? એ તો જૂઠું કહે છે!" એમ બોલતાં **વિલસુ**ની આંખોમાંથી આંસુ ખરી પડયાં.

પિતાજી ગુસ્સે થતા બોલ્યાઃ "જો પાછી જૂઠું બોલે છે? એક વાંક છુપાવવાને બીજો વાંક કરે છે? ખરૂં કહી દે; તું એને શામાટે પજવે છે?"

વિલસુ રડતી બોલીઃ "ખરૂં કહી દઇશ બાપાજી! **નન્દી** સૌ કરતાં સારૂં કામ કરે છે તેથી હું ઉતરતી ગણાઉં છું એ મને ગમતું નથી; તેથી હું તેનું કામ બગાડું છું અને તેને પજવું છું પણ ખરી. લ્યો, આ ખરી વાત કહી દીધી."

પિતાજી જરા ધીરા થતા બોલ્યાઃ "ઘેલી! કોઇનું કામ બગાડવાથી કાંઇ આપણું કામ સુધરી જતું નથી. જો, તેં **નન્દીનો** એક પૈસો ઝુંટવી લીધો તેથી **નન્દીનું** કામ ઉલટું સુધર્યું. દેવની સમક્ષ જે કાંઇ ધરવામાં આવે છે તે હમેશાં સાતની સંખ્યામાં જ હોય છે. સાત સોપારીઓ કે સાત પૈસા કે સાત ચોખાની ઢગલીઓ એ પ્રમાણે સાત જ હોય છે. **નન્દીએ** પણ સાત જ પૈસા દેવની માળામાં ગુંથ્યા એ બહુ સારૂં કામ કર્યું. આઠ પૈસા તેણે ગુંથ્યા હોત તો સાત ગુંથવા જેટલું સારૂં લાગત નહિ. હવે વિચાર કર કે તેં જે કામ **નન્દીનું** ભૂંડું કરવા માટે કર્યું તે જ કામ **નન્દીનું** ભલું કરનારૂં થયું; માટે જો બ્હેન, હવેથી કોઇની ઇર્ષ્યા કદી કરીશ નહિ. તારૂં કામ સારૂં ન થતું હોય અને **નન્દીનું** કામ સારૂં થતું હોય તો તું **નન્દી** પાસેથી તે કામ શીખી લેજે, પણ **નન્દીનું** કામ ખરાબ કરવા માટે મથીશ નહિ. પારકું સારૂં જોઇને દુઃખી થવું એ બહુ ખરાબ કહેવાય." એમ કહી પિતાજીએ ત્રણેને રજા આપી. પિતાજીના આ ઉપદેશથી વિલસુનું દિલ કાંઇક કોમળ થયું હતું ખરૂં; પરન્તુ બીજે જ દિવસે તે પિતાજીનો ઉપદેશ ભૂલી ગઇ. **નન્દીની** સાથે માયાળુતાથી વર્તવાનું તો તેને ન જ રૂચ્યું. જોકે પિતાજીના ડરથી તેણે હવે **નન્દીને** સતાવવાનું બંધ કર્યું ખરૂં, પરન્તુ **નન્દી** ઉપર તેની દયા અને માયાનો અભિષેક તો ન જ થયો.

બે ત્રણ દિવસ પછી પિતાજી સોનાનો એક કેવડો કરાવીને લાવ્યા અને ઘરનાં સઘળાં માણસોને એકત્ર કરીને તેમણે તે કેવડો

નન્દિનીને આપ્યો. **વિલસુ** તિર્યક્ નેત્રે **નન્દિની** ભણી નિહાળી રહી. તેની આંખોમાં હજી અસૂયા ભરી રાખેલી હોય એમ ભાસતું હતું. **નન્દિની** કેવડો જોઇને આનંદિત થઈ. **શાંતિ**એ તે જોવા માંગ્યો અને **નન્દિની**એ તે આપ્યો. **શાંતિ**એ 'કેવો મઝેનો છે' કહી **ન**-ન્દિનીને પાછો આપ્યો, પણ **વિલસુ** તો 'બળ્યો, એમાં શું માલ છે?' એમ છણકો કરીને જતી રહી. પણ પોતાને પિતાજીએ કેવડો ન અપાવ્યો તેથી તેને બહુ દુઃખ થયું. પોતાની અવગણના થએલી જોઇને તેની આંખોમાં આંસુ પણ આવી ગયાં.

રાત્રે એક જ ઓરડામાં ત્રણે જણીઓનાં બિછાનાં કરવામાં આવતાં હતાં. જે વખતે **નન્દિની** બિછાનામાં પડી પડી પોતાને કેવડો મળ્યો જાણીને ખુશ થતી હતી, તે વખતે **વિલસુ** પોતાને ઓછું આવવાથી રડતી હતી. **નન્દિની**ને તુરત જ જણાઈ આવ્યું કે **વિલસુ** રડે છે. તે કોમળ હૃદયની બાળા સત્વર **વિલસુ** પાસે ગઇ અને ધીમેથી કોઇ ન સાંભળે તેવી રીતે બોલીઃ "**વિલસુ** બ્હેન! તમે શાને રડો છો? લ્યો મારો કેવડો; તમે રાખો અને પ્હેરો; મને નથી જોઇતો, હું બ્હેન! પણ એમાં આમ રડો છો શાને?"

નન્દિનીની ઉદારતા જોઇને **વિલસુ**ને જરા નવાઇ તો લાગી; પણ **નન્દિની**એ કેવડો કાઢી આપ્યો કે તુરત જ **વિલસુ**એ તેના હાથમાંથી લીધો. આંખોનાં આંસુ ઉડી ગયાં અને તે બોલીઃ "ખરેખર, **નન્દી**! શું તું મને આ કેવડો આપી દે છે?"

"હા બ્હેન! હું ખરેખર આપી દઉં છું; મને તે નથી જોઇતો. પિતાજી પૂછશે કે કેવડો ક્યાં ગયો તો હું કહીશ કે મેં **વિલસુ** બ્હેનને આપી દીધો છે."

"પણ પિતાજી માનશે કે **વિલસુ**એ તે તારી પાસેથી ખૂંચી લીધો હશે તો?"

"ના, તેમ નહિ માને. હું કહીશ કે મેં રાજી ખુશીથી આપી દીધો છે; પછી શી ફીકર છે? બ્હેન! તમે તમારે તે પ્હેરો! જુઓને, મને તો માથામાં ફુલની વેણી ઘાલવાથી જ બહુ આનંદ થાય છે." એમ કહી **નન્દિની** પોતાના બિછાનામાં જઇને સૂતી.

નન્દિનીના હૃદયની આ અપ્રતિમ ઉદારતાએ **વિલસુ**ના હૃદયપર ઘણી સારી અસર કરી. **વિલસુ**ની આંખમાં ભરેલી અસૂયા તે દિવસથી ઉડી ગઇ. કેવડો **નન્દિની**એ **વિલસુ**ને આપી દીધાની વાત પિતાજીના જાણવામાં આવી, પણ તેમણે જાણ્યું કે તેના બદલામાં હવે **વિલસુ** **નન્દિની** તરફ માયાળુ બનવા લાગી છે, ત્યારે તેમણે તે વાત જતી કરી અને થોડા વખત પછી ત્રણેને નવા કેવડા કરાવી આપ્યા.

પ્રિય અતિથિ! અપકાર ઉપર ઉપકારની અસર બાળકોનાં હૃદયપર પણ કેટલી સારી થવા પામે છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ મારી જીંદગીમાં મેં માત્ર તે એક જ જોયું છે; પણ તેની સુંદર છાપ હજી મારા હૃદયમાંથી દૂર થઇ નથી. પોતાના સદ્‌ગુણથી અને ગરીબડા સ્વભાવથી **નન્દિની** જેવી બાળકીએ પણ અમને તેના તરફ પક્ષપાતી બનાવ્યાં હતાં. અહો! આ જગતમાં માત્ર એક નમ્રતા શું નથી કરી શકતી?

તે સમયને થોડાં વર્ષ વીતી ગયાં. અક્ષયતૃતીયાને દિવસે **વિલસુ**નાં લગ્ન થવાનાં હતાં. **શાંતિ**નાં લગ્નને હજી થોડી વાર હતી. **નન્દિની** અગીઆર વર્ષ પૂરાં કરી ચૂકી હતી અને તેણે બારમા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. તે બાળાની બાલ્યાવસ્થાની નમ્રતા હજી તેવી જ રહી હતી. બાલ્ય કાળમાં જે સદ્‌ગુણો તેનામાં સ્વાભાવિક હતા તે સદ્‌ગુણો હવે બુદ્ધિવૃદ્ધિની સાથે વિકાસ પામી વધુ નિર્મળ–વધુ સંસ્કૃત થયા હતા. બાલ્યાવસ્થામાં તે બાળામાં જે કાંઈ શારીર સૌંદર્ય હતું તે આ સમયે ચિત્તમાં જાગૃત થતી આવતી ચેતનાને લીધે કાંઇક વિશેષ રૂચિરતાને

પામ્યું હતું. તેના વદનપર પહેલાં જે કુદરતી પ્રતિભા ચમકતી હતી તેમાં હવે અભ્યાસથી મેળવેલા જ્ઞાનને લીધે વધારો થવા પામ્યો હતો. તેના નેત્રમાં પહેલાં નિર્દોષતા ભાસતી હતી તેને બદલે હવે ચંચળતા ચમકતી જણાતી હતી. પહેલાં તે મારા હાથમાં રમતી હતી, હું પુસ્તક વાંચતો અને તે મને જોઇ રહેતી હતી, મારી પાસે નિ-ર્દોષ ભાવથી વણપૂછ્યે દોડી આવતી હતી અને હવે તો તે કાંઇ કામ હોય તો જ મારી પાસે આવતી, પૂછીને જ મારા પુસ્તકને અડકતી અથવા વાંચતી અને જરૂરજોગું જ બોલતી. વયના વધારા સાથે, અનુભવના વધારા સાથે અને અભ્યાસના વધારા સાથે કુદરતે જ તેનામાં આ ભાવો આણ્યા હતા અને તેનું ચંચળ મન તે ભાવોને સ્વયમેવ વિકસિત કરતું જતું હતું.

વિલસુ, **શાંતિ** અને **નન્દિની** ત્રણેને મારા પિતાજીએ સાથે અભ્યાસ કરાવ્યો હતો. અમારા ગામડામાં કન્યાઓ માટેની શાળા તો નહોતી, પણ પિતાજીએ ખાસ શિક્ષક રાખીને એ ત્રિપુટીને ભણાવી હતી. **વિલસુ** સર્વેથી મોટી હતી, છતાં **નન્દિની** કરતાં અભ્યાસમાં પછાત રહી હતી. **શાંતિ** તો વયમાં જ નાની હોવાથી પાછળ રહે તે સ્વાભાવિક હતું. **નન્દિની** અભ્યાસમાં આગળ વધવાથી પિતાજી તેનાં ઘણી વાર વખાણ કરતા, પરન્તુ હવે **વિલસુ** તેની ઇર્ષ્યા કરતી નહિ. **નન્દિનીની** બુદ્ધિનું તેજ તે સમજતી હતી અને તેથી તથા **નન્દિ-નીના** નમ્ર તથા આજ્ઞાભર્યા સ્વભાવથી **વિલસુ** તેની મૈત્રિણી બની રહી હતી. થોડા જ દિવસમાં **વિલસુનું** લગ્ન થવાનું હતું અને **વિલસુને** હવે તો ચિન્તા થતી હતી કે સાસરામાં તેને **નન્દિની** વિના કેમ ગમશે ? આટલો મૈત્રીભાવ **વિલસુની** અસૂયાથી ભરેલી આંખમાં પ્રવેશ કરી શકયો તેનું કારણ માત્ર એક **નન્દિની** જ હતી.

તે દિવસ ફાલ્ગુન સુદિ પૂર્ણિમાનો હતો. આગલે દિવસે પિતા-

જીએ અમને સૌને બોલાવીને આજ્ઞા કરી: “ કાલે હુતાશનીનો દિવસ છે. ગામનાં છોકરાંઓ તોફાન મસ્તી કરશે, પણ તમારે તેમ કરવામાં દિવસ ગાળવો જોઇએ નહિ. તમે આપણી વાડીમાં જજો અને આખો દિવસ ગમત કરી આનંદમાં દિવસ ગાળજો.” તે સાથે મને પણ પિતાજીએ કહ્યું કે, “ તારે પણ કાલે વાડીમાં જઇને આનંદ કરવો. કાંઇ અભ્યાસની ચિન્તા કરીશ નહિ. કાલથી વસંતઋતુનો પ્રારંભ થાય છે. વાડીનું સૌંદર્ય તને ઠીક આનંદ આપશે.” તે વખતે હું અંગ્રેજી સાતમા ધોરણમાં હતો. એટલે પિતાજીએ મને પણ મારી વૃત્તિને અનુસરીને દિવસ ગાળવાનો માર્ગ સૂચવ્યો.

માત્ર એક રાત્રિના સમયવહન સાથે જગત્ ઉપર તડકા છાંયા ઢાળતું વસન્તનું સ્હવાર આવી પહોંચ્યું. અમે અમારી વાડીમાં ગયાં. ગુલાબનાં પુષ્પો ઘેરાં લીલાં પાંદડાંપર ઉઘડયાં હતાં-ઉઘડતાં હતાં અને તેની પાંદડીઓપરનાં જળકણ ઉદય પામતા સૂર્યના કુસુમ્બી પ્રકાશમાં ચમકતાં હતાં. આમ્રવૃક્ષોપર ઝુકી રહેલી મંજરી વસન્તાગમનના આનંદથી તાનમાં ડોલતી હોય અને આમ્રવૃક્ષોનાં તે સુન્દર નેત્રો વસન્ત રાણી તરફ કટાક્ષ કરતાં હોય તેવો ભાસ થતો હતો. મને તો તે આમ્રવૃક્ષોની નીચે જ આખો દિવસ ગાળવાનું રૂચી ગયું. વળી ***परभृतस्य मदाकुलस्य श्रोत्रप्रियैर्मधुकरस्य च गीतनादैः** મને તે જ સ્થળ આખી વાડીમાં જેટલું આનંદજનક લાગ્યું તેટલું બીજું એક પણ લાગ્યું નહિ. આંબાની ડાળપર મેં માળી પાસે એક હીંચકો બંધાવ્યો અને હીંચકાપર હીંચતો હીંચતો હું આ સૃષ્ટિ-સૌંદર્યને નેત્રોવડે પીવા લાગ્યો. આંબાની કુંજમાં બોલતી કોયલ વસન્તનો સત્કાર કરતી હતી અને તેના ગીતનાદનું પાન હું કર્ણવડે

---

* મદથી આકુલ થએલા કોકિલના તથા ભ્રમરના કર્ણપ્રિય ગીતનાદોથી.
કાલિદાસ.

કરતો હતો. એટલામાં કલકલ કરતાં પક્ષીઓનું જૂથ એકાએક ઉડી જતું મારા જોવામાં આવ્યું. કોકિલાઓ પણ 'કુઊઅ' 'કુઊઅ' કરતી આંબાનાં વૃક્ષોને એકલાં મૂકી ચાલી ગઈ. ગાન બંધ પડયું. કર્ણને તૃપ્ત કરવાને હું મારી મોરલી અધરે અરાડવા જતો હતો, એટલામાં આમ્રવૃક્ષોની પાછળ આવેલાં કદમ્બવૃક્ષોમાં મેં કોઇનો સ્વર સાંભળ્યો. **નન્દિની**નો સ્વર તો હું તરત જ પકડી શકતો. ખરેખર **નન્દિની** જ **વિલસુ** અને **શાંતિ**ની સાથે વાડીએ આવી પહોંચી હતી. તેની સાથે ગામની બીજી બે છોકરીઓ પણ હતી. બધી સખીઓ હસતી રમતી અને આનંદ કરતી કદમ્બ અને આંબાની કુંજ ભણી આવતી હતી. **વિલસુ**નો આજ્ઞાકારક સ્વર સંભળાયોઃ "**શાંતિ** ! ત્યારે તું તો ગુલાબ ચૂંટીશને ?"

"બ્હેન ! પણ મને કાંટા વાગે તો ?" **શાંતિ**એ કહ્યું.

"ત્યારે તો તે કામ ભલે **નન્દી** કરે; તે ગુલાબને કાંટા ન વાગે એવી કળાથી ચુંટી લેશે."

"પણ એમ શાને ?" **નન્દિની** બોલીઃ "આપણી સાથે ગુલાબ છે તે ગુલાબ ચુંટે, **ચંપા** છે તે **ચંપો** લે."

શાંતિ હસતી બોલી ઉઠીઃ "હા, હા, તે બરાબર. સૌ પોતાનાં નામ પ્રમાણે ફૂલ લે."

વિલસુ સ્મિત કરતી બોલીઃ "હાં, હાં, એ તો ખરૂં; પણ ત્યારે **શાંતિ**બ્હેન ! તમે શું ચૂંટશો ? કાંઈ **શાંતિ**નાં ફૂલ ઉગતાં નથી !"

નન્દિની બોલીઃ "કેમ નહિ ? **શાંતિ**બ્હેન ડાહ્યાં ડમરાં છે, તો ભલે ડમરો એકઠો કરે અને મેનાની કલગી ગૂંથે !" **શાંતિ**ને માટે ડમરો અને તે ડાહી ડમરી એ સાંભળીને સૌ ખડખડ હસી પડી અને સૌ **નન્દિની**ને આનંદની ટાપલીઓ મારવા મંડી ગઇ. **નન્દિની**ના મુખમાં મન્દ મધુરૂં સ્મિત હતું !

વિલસુ બોલી: "વાહ! વાહ! આજ તો નન્દિનીએ ઠીક કામની વહેંચણી કરવા માંડી છે! ત્યારે હવે હું શું લેઉં? મારા નામ પ્રમાણે કાંઇક શોધી કાઢજે હોં!"

"ના, બા! સૌને નામ પ્રમાણે ક્યાંથી મળે? અને જો નામ પ્રમાણે વહેંચણી કરીએ તો પછી કેટલાંક સારાં ફૂલો રહી જાય! માટે વિલસુ બ્હેન! તમે તો જૂઇનાં ફૂલડાંનો ખોળો ભરી લાવો! સૌની વેણીમાં ગુંથવા થસે."

"જોને નન્દી!" વિલસુ બોલી: "હજારીગલ કેવો ઉભરાયો છે? તે ચૂંટું તો?"

"બળ્યું, બ્હેન! હજારીમાં શું છે? રૂડાં રૂડાં ફૂલ પણ સુગંધમાં કાંઇ નહિ! તે કરતાં તો કેસુડાં શું ખોટાં! પણ ના બ્હેન! જૂઇ ઠીક શોભશે–વેણીમાં."

"ઠીક, ત્યારે તું?"

"હું લાવું આંબાના મ્હોરનાં લુમખાં! કોયલ આંબાનો મ્હોર ખાય છે અને કેવું મીઠું બોલે છે? આંબો હોઇને વસંત ખીલે છે અને મ્હોર હોઇને આંબો ખીલે છે." નન્દિનીનો એ મત વિલસુએ કબૂલ રાખ્યો અને નન્દિની કદમ્બાવલિને પાર કરીને આંબા તરફ આવવા લાગી. મેં હીંચવાનું બંધ કર્યું અને એકદમ આંબા ઉપર હું ચડી ગયો. ગુંછળાંવાળી ડાળોમાં હું ભરાયો. નન્દિની આંબાની મંજરી લેવા આવી અને આંબે હીંચકો બાંધેલો જોઇ ખુશખુશ થઈ ગઇ! પોતાને હીંચવાની ઠીક મજા પડશે એમ ધારીને તે જ આંબા નીચે તે આવી અને ધીમેથી બરબડી: "આ હીંચકો અહીં કોણે બાંધ્યો હશે? માળીએ બાંધ્યો હશે; લાવ જરા હીંચી લેઉં." તુરત જ તે હીંચવા લાગી. મેં જરા વાંસળી છેડી અને કોયલના જેવો 'કુઊઅ' અવાજ કર્યો. તે જ સાથે આસપાસનાં વૃક્ષોપર આવી બેઠેલી કોકિલાઓ

'કુઊઅ' 'કુઊઅ' કરવા મંડી ગઈ! **નન્દિની**ને આથી ઠીક મજા પડી. તે બરબડી અને મેં સાંભળ્યું: "કોયલ પણ કેવું મજાનું બોલે છે?" અને તે પુનઃ હીંચવા લાગી. મેં એક નાનો કેરીનો મરવો તોડીને **નન્દિની**પર ફેંક્યો, બીજો ફેંક્યો, ત્રીજો ફેંક્યો! તે બરબડી: "કોયલ પણ બહુ પજવે છે તો!" તેણે હીંચકો બંધ કરી ઉંચું જોયું, પણ ડાળોની ગુંથણીમાં સંતાએલો હું તેની નજરે પડયો નહિ. **નન્દિની**એ હવે આંબા નીચેથી મંજરીઓ વીણવા માંડી; પણ તેને તાજી મંજરીઓ જડી નહિ. જ્યાં જુએ ત્યાં કરમાએલી જ પડેલી! તે બરબડી: "કોયલ મરવા પાડે છે, પણ મંજરીઓ કેમ પાડતી નહિ હોય?" તેના તે શબ્દો સાથે જ મેં સાતઆઠ નાના મરવા એકઠા કરીને તેના મસ્તકપર વેર્યા! હવે તેને વહેમ ગયો કે આંબા ઉપર કોઇ છે! તેણે ઉંચે નજર કરી અને મને જોયો! તે સ્મિત કરતી બોલી: "ઓહો! તમે જ આંબે બેઠા છો કે? ક્યારના તમે જ મરવા મારો છો ને? કેવા ચોરની પેઠે છુપાઇ ગયા છો?"

"તમે અહીં કેમ આવ્યાં છો?"

"હું તો મંજરીઓ લેવા આવી છું—આંબાની. **વિલસુ** બ્હેનની વેણીમાં ગુંથવી છે! મરવા નાંખો છો, ત્યારે થોડી મંજરીઓ નાંખોને!"

"મંજરીઓ નીચે ન નંખાય; આંબે આવીને લેઇ જાઓ!"

"અંહ! હું આંબાપર કેવી રીતે ચડી શકું? આપોને હવે!"

"ત્યારે નીચેથી વીણી લ્યો." મેં કહ્યું—જરા ટોળ કરવાને કહ્યું.

"નીચે તો બધી કરમાયલી પડી છે; થોડી નાંખોને હવે; આમ શું કરતા હશો?"

"પણ ભોંયે પડેલી મંજરીઓ માથે ન ધલાય."

"તમે તમારે નાંખો; હું મારા પાલવમાં ઝીલી લેઇશ; ભોંયપર નહિ પડવા દઉં."

" ઠીક ત્યારે, લેજો હાં. " એમ કહેતાં મેં મંજરીઓને બદલે મારી વાંસળી ફેંકી ! ફેંકી તો ખરી, પણ ફેંક્યા પછી હું પસ્તાયો. વાંસળી બરાબર **નન્દિની**ની આંખપર વાગી અને તે બિચારી આંખ ચોળવા લાગી. હું ગભરાઈ ગયો અને સત્વર આંબેથી નીચે ઉતર્યો. મારૂં મ્હોં પડી ગયું. મેં કયાં **નન્દિની**ની મશ્કરી કરી એમ મને થઇ આવ્યું. મેં તેના બરડાપર હાથ રાખીને પૂછ્યું: "**નન્દી** ! તને આંખમાં બહુ વાગ્યું શું ? મેં મોટી ભૂલ કરી હોં ! હું તારી માફી માંગુ છું." મારૂં હૃદય એટલું બોલતાંમાં ભરાઇ આવ્યું.

તે બોલી : " ના બહુ વાગ્યું નથી; જરા ઝોંકો વાગ્યો, પણ કાંઇ દુઃખ થતું નથી ! એમાં માફ શું માંગવાની હતી ? કાંઇ નહિ, પણ તમે મંજરીઓ લાવ્યા ?"

" મંજરીઓ હું શી રીતે લાવું ? તને આંખપર વાગ્યું તે જોઇને મારો તો જીવ જ ઉડી ગયો. પણ હવે તને સારૂં છે ને ?"

" ઓહો ! મને શું થઈ ગયું છે કે સારૂં ન હોય ? લ્યો, હવે મંજરીઓ લાવી આપોને ? "

નન્દિનીની આંખ વાંસળીના આઘાતથી અને ચોળવાથી કાંઇક લાલ થએલી હતી; પરન્તુ તે આંખોમાં ભરેલા સૌંદર્યને નેત્રોવડે પીવામાંથી હું જરાએ નવરો પડયો નહિ અને તેથી મંજરીઓ લાવી આપવાની તેની પ્રાર્થનાની અવગણના કરતો હતો. મારૂં હૃદય સ્નેહથી દ્રવી રહ્યું હતું. મેં કહ્યું: " **નન્દિની** ! તને સાંભરે છે ? એક વાર મેં તને આ જ આમ્રવૃક્ષ નીચે મંજરીઓથી ઢાંકી દીધી હતી ! આજે પણ શું તને મારે પુનઃ મંજરીઓથી ઢાંકી દેવી ? તે વખતે તો તારૂં શરીર નાનું હતું–નાજુક હતું ! થોડી મંજરીઓથી પણ તું ઢંકાઇ જતી અને આજે તો સાંજસુધી હું મંજરીઓ વીણ્યા કરૂં તોએ તને ઢાંકી શકું નહિ ! **નન્દિની** ! તને બાળપણાના તે દિવસો સાંભરે છે કે?"

"બાળપણાનું આછું આછું સ્મરણ છે ખરૂં. મંજરીઓનું તો મને યાદ નથી પણ તમે મને ઘણી વાર તમારી સાથે વાડીએ તેડી લાવતા. વિલસુ બ્હેન, શાંતિ બ્હેન અને તે સાથે મને પણ હીંચોળતા, હું પડતાં પડતાં રહી જતી અને ભયથી બૂમ પાડી ઉઠતી, તમે દૂર રહ્યા રહ્યા હસતા, એવું કાંઇક મને સાંભરે છે ખરૂં."

"અને નન્દિની! પિતાજી જ્યારે વિલસુ અને શાંતિને રમાડતા ત્યારે તું પિતાજીની બેઠકના બારણામાં ઓશિયાળું મ્હોં કરીને ઊભી રહેતી; તારૂં તેવું વદન નિહાળીને મને લાગી આવતું, હું તને મારી બેઠકમાં લેઇ જતો અને રમાડતો. તું મારા ખોળામાં રમતી, હું તને સ્નેહપૂર્વક ચુમ્બતો, ભુજબન્ધે ઘેરતો, તું હસતી અને તને મારી પાસેથી ખસવાનુંએ મન થતું નહિ; એ સઘળું તને સાંભરે છે નન્દિની?"

"હા, સાંભરે છે; કેમ ન સાંભરે? તમારા સ્નેહમાં તો હું ઉછરી છું; હું તે કેમ ભૂલું?" નન્દિનીની આંખોમાં લજ્જાતુરતા જણાઇ.

"અહો! નન્દિની! તે બાળપણાનાં મધુરાં મોદભર્યાં ચુમ્બન હવે તો વિરલ થઇ પડ્યાં. જો, તું કેવી નમ્ર છે? તને મેં અત્યારે વ્યર્થ દુઃખ દીધું છતાં તારી નમ્રતા મારો ગુન્હો નહિ લેખતાં મને ક્ષમા કરે છે! અહા! મારા હૃદયમાંથી તે વખતે કેવો સ્નેહ ઉભરાય છે? બાલ્યસ્નેહનું સ્મરણ અત્યારે કેટલું સુખદ ભાસે છે? તે સમયનાં સ્નેહદાન અત્યારે ક્યાં ગયાં નન્દિની! સુજ્ઞ નન્દિની!"

નન્દિની હસી. અહો તે હસવું કેવું મધુર? પ્રિય અતિથિ! તે મન્દ હાસ્યથી દર્શન દેતી શ્વેત દંતપંક્તિ આજે—આ ક્ષણે હું મારી આંખો સામે જોઉં છું! તે બોલી: "વાહરે વાહ! એ તમને અત્યારે ક્યાંથી સાંભર્યું? આ તે વસંતે તે પ્રસંગનું સ્મરણ આપ્યું કે 'કુઊઅ' 'કુઊઅ' કરતી કોકિલાએ? કહોને લાલ! અત્યારે એ સ્નેહનિનાદ ક્યાંથી?"

"નન્દિની! અહો! એ સ્નેહનિનાદ કેમ ન સાંભરે? એક વાર મેં તારા અધરપર ચુમ્બન કર્યું, તેં મારા કપોલપર બચકું ભર્યું! તે કોમળ દંતસ્પર્શ મને કેમ ન સાંભરે? તે પરસ્પર સ્નેહદાનને સમયે અનભિજ્ઞાવસ્થામાં પણ તું શરમાઇ-લજાઇ; પુનઃ તું ક્યારે લજાઇશ?"

"પાપમાં પગલાં પાડતાં અચકાઓ! પિતાજી શું કહે? વિલસુ બ્હેન જુએ તો શું કહે? પુષ્પોને જ પવન ચુમ્બે તેમ પ્રેયસીને જ...ના, પણ હવે વિલસુ બ્હેનને માટે મંજરીઓ તો લાવી આપો!" એમ બોલતી અને જરા સંકોચાતી નન્દિની હસ્તદ્વયને સ્વલ્પ ઉંચા કરી મારી સમીપથી આઘી ખસી. તેના ઉંચા થઇને નીચા પડતા હસ્તદ્વયને મેં મારા હાથમાં ઝીલી લીધા. તેના હસ્તની સાથે તેનું આખું શરીર કમ્પતું, સંકોચાતું, લથડતું મારા બાહુદ્વયમાં આવીને પડ્યું! ચન્દ્રોદયના તેજપાલવ સરખી તે બાળા ઝૂલતાં આમ્ર અને કદમ્બની મિશ્રિત ઘટામાં ઢંકાવા લાગી! ઝઝૂમતા મેઘમંડલમાંથી લટકતી સ્વર્ગસરિતા સમી એ સ્નેહસરિતા મારા બાહુદ્વયમાં ઝૂલવા લાગી. તે જ પ્રસંગે મેં પહેલવહેલા તેના અધરનું સ્નેહદાન ગ્રહણ કર્યું. તે બાળા કાંઇક ભય પામ્યા સરખી, કાંઇક ક્રુદ્ધ થયા સરખી અને વિહ્વલ થયા સરખી દેખાઇ, કિન્તુ મારા બાહુદ્વયના ઝોલામાં ઝૂલવાનું તેને કાંઇ અળખામણું લાગ્યું નહિ. તે જ સમયે અમે ઉભયે સ્નેહદાન સાથે પરસ્પર હૃદયદાન પણ કર્યું. એટલું કહી એ ક્રીડાનું વિસ્તારથી વર્ણન કરવાનું હું મૂકી દઉં છું-તેના સ્મરણથી હૃદયને વ્યથિત કરવાની શી અગત્ય છે?

પ્રિય અતિથિ! તે પ્રસંગનું સ્નેહદાન અમારા હૃદયમાં કાયમને માટે વજ્રલેપ થઇને રહ્યું. નન્દિનીની નિર્દોષ મૂર્તિ મારા બાહ્ય ચક્ષુથી દૂર રહેવા છતાં અંતશ્ચક્ષુઓથી કદિ દૂર રહેતી નહિ. અમારો નિવાસ એક જ ગૃહમાં હતો, તેથી ઘણી વાર પરસ્પર નેત્રમિલાપ થતો અને

તે સમયે મારાં અને **નન્દિની**નાં નેત્રો વચ્ચે સ્નેહનો સ્થંભ રચાતો હોય એવું મને ઘણી વાર થઈ આવતું. મારા અંતરમાં **નન્દિની** માટેનો ગુપ્ત સંતાપ રહ્યાં કરતો હતો અને તે એ હતો કે તે પરાઇ થશે તો પછી મને કેટલો ત્રાસ થશે ?

મેં મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી અને કૉલેજમાં જવા માંડયું. અમારા ગામડામાં કૉલેજમાં અભ્યાસ કરવા જનાર હું પહેલો જ હતો. **વિલસુ**નું લગ્ન તે અરસામાં થઇ ગયું હતું છતાં તે અમારે ત્યાં જ હજી હતી. એ સખીત્રિપુટીનો અભ્યાસ પણ હજી ચાલુ હતો. **નન્દિની** સંસ્કૃત અભ્યાસમાં તેના ગજા પ્રમાણે ઠીક આગળ વધી શકી હતી. એકદા રવિવારનો દિવસ હતો. પિતાજી ગાડી જોડાવીને અમારા ખેતરમાં ઘઉં કેવા ઉછર્યા છે તે જોવા ખેતર ગયા હતા. માતુઃશ્રી બપોરનો સમય હોવાથી જરા આરામ લેવા માટે સૂતાં હતાં. **વિલસુ** અને **શાંતિ** ગામમાં ક્યાંક પોતાની બ્હેનપણીઓને ત્યાં ગઇ હતી. **નન્દિની** તેના સૂવાના ઓરડામાંની બારીના છજ્જામાં બેઠી હતી. મેં જોયું કે તે પોતાના બે ઘુંટણ વચ્ચે માથું મૂકીને બેઠી હતી. તે શામાટે એમ બેઠી હશે તે જાણવાની ઉત્સુકતા મારા હૃદયમાં પેદા થઇ. હું બારણાંની બહાર સ્થિર ઊભો. **નન્દિની**એ સહજ ડોકું ઉંચું કર્યું તો મારા જોવામાં આવ્યું કે તેની આંખોમાં આંસુ હતાં! હું ચમકયો. તે બાળાને રડવાનું શું કારણ હશે તે હું સમજી શકયો નહિ. હું અંદર ગયો. **નન્દિની** આંખો લૂછીને સ્વસ્થ થઇ અને મને અંદર આવેલો જોઇને ઊભી થઇ ગઇ. મેં સહજ પ્રશ્ન કર્યો કેઃ “**નન્દિની**! તું શાને રડે છે?” તેણે પોતાના નિત્યના શરમાળપણાથી આવૃત્ત રહીને કાંઇ જ જવાબ આપ્યો નહિ. મેં તેને પુનઃ પ્રશ્ન કર્યો પણ તે નિરૂત્તર રહી. મેં તેનો હસ્ત પકડયો, તેના બરડે હાથ મૂકયો અને તેના દુઃખમાં ભાગ લેતાં એક વાર ફરીથી તે જ પ્રશ્ન કર્યો અને તેના જવા-

બમાં તેનાં નેત્રો પુનઃ અશ્રુથી ભરાઇ આવ્યાં. મને જણાયું કે તેનું હૃદય કોઇ ગુપ્ત દુઃખથી ભરાઇ ગયું છે અને તેથી તે અત્યારે બોલી શકનાર નથી. નન્દિનીના દુઃખથી મારૂં હૃદય વિદીર્ણ થઇ જતું હતું છતાં હૃદયને કઠણ કરીને હું ત્યાંથી જતો રહ્યો. નન્દિનીના મનોદુઃખનું કારણ તે દિવસે તો હું મેળવી શક્યો નહિ, પણ બીજે દિવસે તે મારા જાણવામાં આવ્યું. નન્દિની સ્હવારે મારા અભ્યાસના ઓરડામાં કાંઇ કામ નિમિત્તે આવી. તે વખતે તેનું હૃદય મને સ્વસ્થ જણાયું અને તેથી આગલા દિવસના તેના મનોદુઃખનું કારણ મેં પૂછ્યું. પહેલાં તો તે નિરૂત્તર રહી, પરન્તુ મેં જ્યારે બહુ આગ્રહ કર્યો ત્યારે તેણે પોતાનું હૃદય ખોલ્યું અને છેલ્લે તે રડી પડી. આંખમાંનાં આંસુ લૂછતી–નહિ લૂછતી તે ત્યાંથી સત્વર જતી રહી.

નન્દિનીના મનોદુઃખનું કારણ જાણતાં મારા હૃદયમાં એક વિશેષ ચિન્તા પેદા થઇ. તેનું મનોદુઃખ એ હતું કે એક વાર માતાપિતાને તેણે તેના વેવીશાળ કરવા વિષે કાંઇ વાતચીત કરતાં સાંભળેલાં. પિતાજીએ પત્રવ્યવહાર કરીને અમારી ન્યાતના એક સુશીલ યુવકની વેરે નન્દિનીને પરણાવવાની ગોઠવણ કરેલી તે વાત પિતાજી માતુઃશ્રીને કહેતા હતા, જે નન્દિનીના સાંભળવામાં આવી ગઇ. માતાપિતાના, બ્હેનોના તથા મારા સ્નેહમાં ઉછરેલી એ બાળાને અમારા ઘરથી વિખૂટા પડવાની કલ્પના થતાં જ દુઃખ થવા લાગ્યું. તેણે પોતાનું મનોદુઃખ મને કહી બતાવ્યું અને કહ્યું: “ અરેરે ! કહોને આ ઘરથી એક ક્ષણભર પણ દૂર થતાં મને કેટલું દુઃખ થશે ? ” નન્દિનીના મનોદુઃખની તે કલ્પના બીજા કોઇને ભાગ્યે જ આવી શકે, પરન્તુ હું તો તેનું હૃદય સમજી શક્યો. એ પ્રિય મૂર્તિ અમારા ઘરમાંથી દૂર થાય તો મને કેટલું દુઃખ થાય તેની કલ્પના હું કરી શકતો હતો અને તેથી જ હું એ બાળાના કોમળ હૃદયના દુઃખની કલ્પના પણ

કરી શક્યો. "અરેરે! હું અનાથ બાળા પરાયા ઘરમાં કેવી રીતે દિવસો ગાળી શકીશ?" "તે ઘરમાં મને અહીંનાં જેવાં સ્નેહાળ વડીલો મળશે?" "અપરિચિત હૃદયની સાથે હું હૃદય કેવી રીતે મેળવી શકીશ?" એવા એવા વિચારો તેના હૃદયમાં પ્રાદુર્ભૂત થાય તે સ્વાભાવિક જ છે. દરેક નવપરિણીતા બાળાના હૃદયમાં તે વિચારો જન્મ પામે છે; કિન્તુ **નન્દિની** એક અનાથ બાળા હતી, તેથી તેના હૃદયમાં ઉપસ્થિત થતા તે વિચારો તેને વિશેષ દુઃખદાયક નીવડ્યા હોવા જોઇએ. તે વખતે તો હું તે બાળાને આશ્વાસન આપી શક્યો નહિ. તેના દુઃખમાં મારે ભાગ લેવો જોઇએ એમ હું સમજ્યો ખરો, પણ મારૂં નિર્બળ મન તે ભાગ કેવી રીતે લેવો એ સમજી શક્યું નહિ.

સ્નેહદાનની સાથે હૃદયદાન પણ કર્યા પછી દેહદાન સૂચવનારૂં લગ્ન હું અને **નન્દિની** કરી શકીએ કે નહિ એ પ્રશ્ન મારા મગજમાં તે સમયે કાંઇ નવોસવો ઉત્પન્ન થયો નહોતો. ઘણી વાર એ વિચાર મારા મગજમાં આવેલો અને હવે તે પ્રશ્ન વધારે ગુંચવણીભર્યો અને વિચારણીય થઇ પડ્યો. જો હું લગ્ન કરીને સંસારમાં પડું તો **નન્દિની** વિના બીજી કોઈ પણ બાળા મારા સંસારને સુખી કરી શકે નહિ એમ હું સ્નેહના આવેશમાં માનતો હતો અને તેથી થોડા વિચાર પછી મેં એ જ નિશ્ચય કર્યો કે માતાપિતાને કહીને સમજાવીને અને પગે પડીને પણ **નન્દિની** સાથે જ લગ્ન કરવું; અને નહિતો આ જીવનમાં કૌમાર્ય ગાળવું જ મેં ઉચિત માન્યું. આ જ વિચાર પ્રધાનપણે મારા મગજમાં રમી રહ્યો. **નન્દિની** મારાં સ્થૂળ નેત્રોની સામે હોય કે ન હોય તોપણ તે જ વિચાર મારા મગજમાં પ્રતિક્ષણે ઘૂમી રહેતો હતો. એ વિચારમાં ને વિચારમાં મારૂં મગજ અભ્યાસથી અળગું થવા લાગ્યું. એ વખતે હું કૉલેજમાં જતો હતો, અને વાંચવા પાછળ ઘણો વખત ગાળવો પડતો, તોપણ હું દિવસોના દિવસ સુધી

વિચારમાં ને વિચારમાં સુસ્ત પડ્યો રહેતો તથા કાંઇ વાંચતો નહિ. હું સમજતો હતો કે આ દરખાસ્ત પિતાજીની પાસે રજુ કર્યા વિના કાંઇ મારો હેતુ સિદ્ધ થનાર નથી; પરન્તુ તેમ કરતાં હું ક્ષુબ્ધ થતો હતો. છેવટે પિતાજીને તે વાત કહેવાની હિંમત તો હું ધરી શક્યો નહિ, પણ માતુઃશ્રીને તો મેં મારા હૃદયનો વિચાર જણાવી દીધો. તે સાંભળતાં જ તે ભડકી ઉઠયાં! "ના, બા, ઘેલો થયો શું? નન્દિનીનું કુળ શું, આપણું કુળ શું? જરા વિચાર તો કર! એ ગરીબ છોકરી, માબાપ વિનાની, જેનું આ દુનિયામાં કોઇ સગું પણ નહિ, તેને હું તારી વેરે પરણાવું? તારે માટે તો કોઇ ઇંદરના ઘરની અપસરા જેવી લાવીશું." થયું! માજીનું કુળાભિમાન જાગૃત થયું એટલે મારૂં વહાણ તો ભરદરિયે ડૂબી ગયું! તેમનું તે અભિમાન હમેશાં દ્દઢ જ રહેતું અને તેવું મેં ઘણી વાર અનુભવેલું, એટલે મારી આશા સૂકા ઘાસની પેઠે ભડભડ બળી જતી હોય તેવું હું જોવા લાગ્યો. માજીએ તે વાત પિતાજીને કહી હશે પણ પિતાજી કાંઈ પણ મત ન ઉચ્ચારતાં ગુપચુપ સાંભળી રહેલા. વખત જવા લાગ્યો. મારા હૃદયનો ઉદ્વેગ પિતાજી સમજી ગયા. કૉલેજની પહેલી પરીક્ષામાં હું નિષ્ફળ નીવડ્યો. સંસારમાં જૂદા જૂદા પ્રકારના અનુભવ લેઇને પાવરધા થએલા પિતાજી મારૂં મનોદુઃખ સમજી ગયા. જો હું મારી ધારણામાં નિષ્ફળ જઇશ અને નન્દિની પરાઈ થશે તો હું હમેશાં ઉદ્વિગ્ન રહીશ, અભ્યાસમાં મારૂં ચિત્ત નહિ ચોંટે અથવા તો કાંઈ અનિષ્ટ સાહસ કરી નાંખીશ એવું પિતાજી સમજ્યા. તેમનું મન કાંઇક કોમળ થયું. નન્દિની મારે માટે સંપૂર્ણ લાયક છે તેમ તે સમજતા હતા, પરંતુ તેનું મારી સાથે લગ્ન કરવામાં જે વાંધો તે માનતા હતા તે એ હતો કે નન્દિનીને તેમણે જ ઉછેરી હતી અને જો તેનું લગ્ન મારી સાથે કરવામાં આવે તો લોકો નિન્દા કરે. માજીને મન કુળાભિમાનનો વાંધો હતો તે વાંધો પિતાજીના

મનમાં સ્વલ્પાંશે જ હતો; પરન્તુ છેવટે તેમણે મારી મનઃસ્થિતિપરથી માઠું પરિણામ આવવાનું અનુમાન કર્યું ત્યારે તેમણે તે લગ્ન જોડવાનો વિચાર કર્યો. માજીને બહુ બહુ સમજાવ્યાં પણ તે તો એકનાં બે થયાં નહિ. છેવટે તેમની વિરૂદ્ધ જઇને પણ આ લગ્ન કરવાનું પિતાજીએ નિશ્ચિત કર્યું, કારણકે માજીના કુળાભિમાનના દુરાગ્રહ કરતાં મારા સફળ સંસારની કીંમત તે વધારે આંકતા હતા. પિતાજીને ખરા રૂપ ઉપર આવેલા જોઇને માજી નમ્ર થઇ ગયાં અને પિતાજી પાસે દરખાસ્ત મૂકી કે: “ **નન્દિની** વેરે ભલે તેને પરણાવો પણ તે એ શરતે કે **નન્દિની**નું કન્યાદાન તેનો જ કોઇ નજીકનો સગો આપે અને તેવો કોઇ સગો નીકળી આવે. ” પિતાજીએ તે કહેવું કબૂલ રાખ્યું. **નન્દિની**નો એક મામો કોઇ સ્થળે ભટકતો ફરતો હતો એવું પિતાજીએ સાંભળ્યું હતું, તેથી તેમણે તેની તપાસ કરાવવા માંડી. કેટલાક મહિના પછી તેનો પત્તો લાગ્યો અને તેને બોલાવ્યો. તેને **નન્દિની**નું કન્યાદાન આપવા માટે તૈયાર કર્યો અને અમે સ્નેહદાનની સાથે દેહદાનનાં પણ અધિકારી થયાં.

આ લગ્નથી સૌથી વધારે આનંદ મારી બ્હેન **વિલસુ**ને થયો. **નન્દિની**ને પોતાની ભોજાઈ બનેલી જોઇને તે બહુ આનંદિત થઇ, કારણ-કે એક વાર તે નાની હતી ત્યારે તેણે મારા તરફ તિરસ્કાર બતાવતાં કહ્યું હતું કે “ તું **નન્દિની**ને પરણ્યો હોઇશ ” તે કથન આજે લાંબે વખતે ખરૂં નીવડેલું **વિલસુ**એ પોતે જોયું !

પ્રિય અતિથિ ! તું કલ્પી શકે છે કે હું અને **નન્દિની** સંસારમાં જોડાયાથી કેટલાં સુખી થયાં હોઇશું ? અમારાં અંતર્ કેટલાં પ્રફુલ્યાં હશે ? અમારાં હૃદયો કેવી સ્નેહભીની વાર્તાઓથી દ્રવતાં હશે ? અમારા હૃદયોદ્ગાર અન્યોન્યને પ્રદર્શિત કરતાં અમારા વદનમાં કેવું સ્વર્ગીય સ્મિત ફરકતું હશે ? ખરેખર, સંસારના આનંદનો તે જ અવધિ હશે

એમ મને તે સમયે જણાયું હતું. એક વાર જે બાળા બે કોળીયા અન્નને માટે અમારા ઘરમાં આવી હતી તે જ બાળા અમારી ગૃહસંપત્તિની માલેક બની ! અહા ! ભાવી મનુષ્યને કેવા નાચ નચાવે છે ? એક સમયે જે બાળા મારા કરમાં નિર્દોષ ભાવે બાલીશતાના ખેલો કરતી હતી તે જ બાળા બીજે સમયે મારા બાહુમાં સ્થાન પામી સ્નેહદાન કરતી અને તે જ બાળા ત્રીજે પ્રસંગે મારા હૃદયપર રમણ કરતી દેહદાન આપી રહી !! અહા ! સંસારસુખનો એ અવધિ ભવિષ્યમાં અમારે માટે કેવાં દુઃખો ભરી રાખ્યાં હશે તેનું સ્વપ્ન પણ ધરાવતો હશે શું ?

મારો અભ્યાસ પુનઃ ચાલુ થયો, અને તે સાથે મારો અને નન્દિનીનો સ્નેહસંસાર પણ ચાલુ જ રહ્યો. હું યુનિવર્સિટીની છેવટની પરીક્ષા પસાર કરીને એક મોટા ઓદ્ધાની સરકારી નોકરીમાં જોડાયો. તે અરસામાં માતાપિતા મૃત્યુ પામ્યાં. બન્ને બ્હેનો પોતાને સાસરે રહેતી થઇ. હું અને નન્દિની જ એકાંતમાં આનંદ મેળવી વિચરતાં. નોકરી નિમિત્તે હું હવે મારા ગામડામાં વધુ વાર રહી શકતો નહોતો. વાડી વજીફા અને જરજમીનની વ્યવસ્થા એક વિશ્વાસુ મુનીમને સોંપી દીધી હતી અને એ મીલકતમાંથી જેમ જેમ આવક થતી હતી તેમ તેમ મને તે નાણાં સોંપતો. આ વ્યવસ્થા નિયમિત રીતે ચાલુ રહી અને હું સરકારી નોકરીમાં પણ સારી રીતે આગળ વધવા લાગ્યો. નન્દિની સાથેના સંસારમાં હું એટલો આનંદિત અને સુખી થયો કે મને કદી દુઃખ કે ચિન્તાનું સ્વપ્ન પણ આવ્યું નહોતું. પોતાના નમ્ર સ્વભાવથી તે મને એટલી પ્રિય હતી કે તેનું નમ્રતાની સાક્ષાત્ મૂર્તિરૂપ વદન નિહાળવામાં જ મારાં સર્વ સુખો સમાઇ રહેલાં હું માનતો. તેના વદનનું દર્શન મને હરેક ક્ષણે મારા પૂર્વ જીવનના પ્રસંગોનું સ્મરણ આપતું અને જ્યારે હું તેનું સ્મરણ નન્દિનીને કરાવતો, ત્યારે તે લજ્જાશીલાનું વદન કેવું વિનીત થતું હશે તેની કલ્પના તું કરી શકીશ. હું

મને સ્વર્ગીય સુખની ટોચે ચડેલો માનતો હતો, અને તેમાં જે કાંઇ અપૂર્ણતા હતી તે પણ એક બાળકનો જન્મ થતાં દૂર થઇ ગઇ.

પણ **सुखस्यानन्तरं दुःखम्**થી પરિપૂર્ણ જગતમાં જ હું રહેતો હતો! **चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च** એવા કુદરતના નિયમને વશ્ય રહેલો હું ક્ષુદ્ર પ્રાણી સુખના ઉચ્ચતમ સાનુપરથી નીચે ગબડી પડું તો તેમાં શું આશ્ચર્ય છે? સંસારમાં મને સુખી કરનાર પણ **નન્દિની** હતી અને દુઃખી કરનાર પણ તે જ થઇ પડી. મારા સુખની કુદરતને ઇર્ષ્યા આવી હોય તેવી રીતે તેણે **નન્દિની**ને મારી પાસેથી હરી લીધી! અહા! તેના મરણ પામતા ઓષ્ઠ ઉપર ફરકતું સ્મિત હજી પણ મારી આંખો સામે તરવરી રહેલું હું જોઉં છું! હા! તે મને મરતાં મરતાં શું કહી ગઇ હતી? "નાથ! મારો સ્થૂલ દેહ ભલે મરણ પામે, મારો દેહ ભલે પંચભૂતોમાં મળી જાય, પરંતુ મારો આત્મા તો હમેશાં તમારી સેવામાં જ તત્પર રહેશે. મારૂં સ્મરણ તમારા ચિત્તમાંથી નહિ ખસે તેમ જ હું તમારી બાજુએથી કદી નહિ ખસું. મારો અને તમારો આત્મા એકી સાથે જ ઉદ્ધાર પામશે, નાથ!" એટલા શબ્દો સાથે તે ઉત્પલસદૃશ નેત્રો મીંચાયાં—હંમેશને માટે મીંચાયાં! હું દુઃખી થઇ ગયો. રોદન માત્ર મારા અંતરમાં જ હતું—મ્હોંમાં, કંઠમાં કે નેત્રોમાં તે દૃશ્યમાન થતું નહોતું. અમારા પરસ્પર સ્નેહને લોકો સમજતા હતા અને **નન્દિની**ના મરણથી મારો કંઠ, મ્હોં કે નેત્રોને રોદન કરતાં નહિ જોઇને તેઓ આશ્ચર્યચકિત થતા હતા!

નન્દિનીના મરણ પછી મેં નોકરીનો ત્યાગ કર્યો. આખો દિવસ ઘરમાં બ્હાવરા સરખો હું બેસી રહેતો અને શોકનો માર્યો નિઃશ્વાસો નાંખ્યા કરતો. **નન્દિની**ની છબી જોઇને હું મૂર્ચ્છિત થઇ જતો અને લાંબા સમય સુધી મારી ચિત્તવૃત્તિ શોકાતુર રહેતી. કોઇ સ્વાભાવિક પ્રેરણાથી પ્રેરાઇને મેં સમુદ્રકિનારાપર અહીં વાંનપ્રસ્થ જીવન ગાળવાનો

નિશ્ચય કર્યો. ત્યાગી જીવન વિના હું મારી ચિત્તવૃત્તિને શાંત અને સ્વસ્થ કરી શકીશ નહિ એમ મને લાગ્યું. વળી મારી પ્રિય વસ્તુના નિત્યના વિયોગથી મારા ચિત્તમાં સ્વાભાવિક રીતે વૈરાગ્યની સ્ફુરણા થઇ હતી; પરન્તુ વૈરાગ્યની તે સ્ફુરણા સંસારને દુઃખમય માનવામાંથી કાંઇ ઉત્પન્ન થઈ નહોતી. મારો **નન્દિની** સાથેનો સંસાર પૂર્ણ થયા પછી પણ મેં સંસારને કદી દુઃખમય માન્યો નથી. સંસારને કેળવી જાણનારાઓ તેમાં સુખમયતા જુએ છે અને નહિ કેળવી જાણનારાઓ તેમાં દુઃખમયતા જુએ છે. **નન્દિની**નો છેવટનો વિયોગ પડ્યા પછી વધુ વાર સંસારમાં રહેવું તે મને ઉચિત લાગ્યું નહિ અને તેથી મેં અત્ર એકાકી નિવાસ સ્વીકાર્યો છે. આ સ્થાને હું છેલ્લાં દશ વર્ષથી રહું છું; સાધુના વેશમાં નહિ પણ સાધુવૃત્તિથી રહું છું. તે **નન્દિની**–તે અનાથ છોકરી–તે ભિખારી છોકરીના વિયોગમાં જ મેં આ વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કર્યો છે અને તેના ગુણોનું હું સ્મરણવડે નિત્ય પૂજન કર્યા કરૂં છું. આ મારૂં ઇતિવૃત્ત છે.

* * * *

જે રસિકતા સાથે **જો**ગીરાજે પોતાનું જીવનવૃત્ત કહી સંભળાવ્યું તેથી અતિથિ હર્ષ, શોક અને આશ્ચર્યની વિવિધ લાગણીઓનો ભોક્તા થયો. અંગ્રેજી કેળવણી પામેલો અને ધનવાન કુટુંબમાં જન્મેલો ગ્રેજ્યુએટ સંસારમાં સ્ત્રીની મહત્તા સમજી શક્યો અને બીજાઓની પેઠે સંસારને નિઃસાર નહિ માનતાં સારમય માનવા લાગ્યો તેથી અતિથિને હર્ષ થયો. **નન્દિની** સાથેનો **જો**ગીરાજનો સંસાર અધવચ તૂટી ગયો અને એ સ્નેહજીવન ટુંક સમયમાં સમાપ્ત થઇ ગયું તે જાણીને તેને શોક ઉત્પન્ન થયો અને તેને આશ્ચર્ય ઉત્પન્ન થવાનું કારણ એ હતું કે સંસારને સારમય માનવા છતાં અને યુવાન વયમાં વિધુર થયા છતાં **જો**ગીરાજે અન્ય કોઇ બાળા સાથે સંસાર કેમ નહિ જોડ્યો હોય? ધનવાનો એક, બે અને ત્રણ ત્રણ સ્ત્રીઓ એકી સાથે પરણે છે તેવા

અનેક દૃષ્ટાંતો સંસારમાં જોનાર અતિથિને જોગીરાજની યૌવનમાંહેની વિધુરાવસ્થાથી આશ્ચર્ય થાય તે સ્વાભાવિક હતું. તે આશ્ચર્યને અતિથિ દબાવી શક્યો નહિ અને તેણે પ્રશ્ન કર્યો: "જોગીરાજ ! મને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે કે યૌવનમાં તમે વિધુર થયા, તમારી પ્રિય પત્ની નન્દિનીનું મરણ થયું, અને તમે સંસારને હંમેશ સારમય તો માનતા જ આવો છો, તો પછી બીજી કોઇ બાળા સાથે લગ્ન કરીને તમે તેના ભવને કેમ સફળ કર્યો નહિ ?"

જોગીરાજે મન્દ સ્મિત કરીને કહ્યું: "પ્રિય અતિથિ ! સંસારના અનીતિમય વાયુમાં તારો આત્મા ઉછરેલો છે એટલે તને આથી આશ્ચર્ય થવું સંભવિત છે; પરન્તુ જગતમાં જેવી રીતે એક સ્ત્રીને બીજા પુરૂષ સાથે લગ્ન કરવાનો અધિકાર નથી, તેવી જ રીતે એક પુરૂષને પણ બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાનો અધિકાર નથી. સંસારમાં સ્ત્રીઓ અને પુરૂષોનો સરખો અધિકાર છે અને તેથી સ્ત્રીઓ કરતાં વધુ અધિકાર ભોગવવાનો પુરૂષોને અધિકાર નથી. વૈધવ્યથી કે વિધુરાવસ્થાથી જે સંકષ્ટો સ્ત્રીઓ અને પુરૂષોને ભોગવવાં પડે છે તે સંકષ્ટો ગમે તેવાં દુઃસહ હોય, તથાપિ કુદરતના નિયમને અનુસરીને તે દરેક સ્ત્રી પુરૂષે વેઠવાં જોઇએ. તે નિયમનો ભંગ એ મહા પાપ છે, કારણ-કે તે ભંગ વ્યક્તિ અને સમષ્ટિ ઉપર માઠી અસર પેદા કરીને પરિણામે અનેક અનર્થોને જન્મ આપે છે. કુદરતી નિયમ હંમેશાં અચલ હોય છે અને તેનું પરિપાલન જ્યાંસુધી તેની અચલ અવસ્થામાં જ થાય છે ત્યાંસુધી જ તે તેનું પરિપાલન કહેવાય છે અને અલ્પ અંશે પણ નિયમનો ભંગ કરવામાં આવે તો પછી તે અચલ નિયમ ચલિત થયો કહેવાય છે. એક વાર તે અચલ નિયમ ચલિત થયા પછી તેની ચલિતતા કેટલી હદે જઇને અટકશે તે કહી શકાતું નથી; અને તેથી તે કુદરતી અચલ નિયમ સાથે મનુષ્યની ચલવિચલ બુદ્ધિનો યોગ

એક વાર થયા પછી તે ઉત્તરોત્તર વધારે ચલિતતાને પ્રાપ્ત થતો જાય છે. પરિણામ એ આવે છે કે કુદરતી નિયમને મનુષ્યો વિસરી જાય છે અને મનુષ્યકૃત નિયમોને ગ્રહણ કરવાથી ઉત્તરોત્તર અનર્થો વૃદ્ધિ પામતા જાય છે. આ કારણથી એક વિધવા અને એક વિધુરને માટે કુદરતે જે નિયમ ઘડી રાખ્યો છે તે નિયમ અલ્પાંશે પણ ચલિત થવો જોઇએ નહિ. સંભવિત છે કે કોઈ વિધવાનું દુઃખ અસહ્ય હોય તો કોઇ વિધુરનું દુઃખ પણ અસહ્ય હોય; પરન્તુ તે દુઃખના વેગવાન આવેશથી દોરાઇને તેણે મનુષ્યપ્રાણીઓમાં મોટા અનર્થો ઉપજાવનારૂં કૃત્ય કુદરતી નિયમના ભંગદ્વારા કરવું જોઇએ નહિ અને શિરપર આવેલું સંકષ્ટ સહન કરવું જોઇએ. મારો આ સિદ્ધાંત તારા જાણવામાં આવ્યા પછી તારૂં આશ્ચર્ય દૂર થશે ખરૂં.”

અતિથિ કાંઇ પણ બોલ્યો નહિ. જોગીરાજના આ નવીન સિદ્ધાંતના શ્રવણથી તે કાંઇક મોટા વિચારમાં પડેલો જણાયો. જોગીરાજને માથે આકાશમાં આવી રહેલા ચંદ્ર ભણી તેની દૃષ્ટિ સ્થિર બની. થોડી વારમાં ગતિમાન ચંદ્ર કુંજના ડાંખળાંમાં સંતાઇ ગયો અને અતિથિનું ધ્યાન ભંગ પામ્યું; પણ તેની વિચારગ્રસ્તતા તો ચાલુ જ રહી. જોગીરાજના શબ્દોએ તેની વિચારગ્રસ્તતાને ખંડિત કરીઃ “કેમ, હવે આપણે ઉઠીશું? રાત્રિ બહુ વીતી ગઇ છે.”

અતિથિ બોલ્યોઃ “હા; મસ્તિકપર નિદ્રાનું ભ્રમણ છે એટલે ઉઠવું તો જોઇએ; પરન્તુ તમારા જીવનવૃત્તે મારી નિદ્રાને સમૂળગી ઉડાડી મેલી છે. મને હવે નિદ્રા નહિ આવે. આપને પણ મારી સાથે ઉજાગરો કરાવવાનું હું ઉચિત માનતો નથી; નહિતો હજી આપના જીવનવૃત્તાંતમાં બાકી રહેતા કેટલાક ખુલાસા હું પૂછવાનો હતો. આપ અહીં શું વ્યાપારમાં દિવસ ગાળો છો તે પણ—અરે પણ ના; તે હું નહિ પૂછું. તેનો ઉત્તર મને આ વાટિકામાં પ્રવેશ કરતાં જ આપના

તરફથી મળી ગયો છે; એક વર્ષ સુધી તો મારે આપને એ પ્રશ્ન ન કરવો જોઇએ."

"અને કોઇ પ્રસંગે હું તે ખુલાસો કરીશ; પણ અત્યારે તો હવે તું નિદ્રા લેઇશને ?"

"આજે હું નિદ્રિત થઇ શકીશ નહિ. મારૂં ચિત્ત ઉદ્વિગ્ન થયું છે. **નન્દિની વાટિકા** માંહેનો મારો નિવાસ મને પવિત્ર **નન્દિની**નું સ્મરણ કરાવે છે અને તે સાથે કેટલાંક આપ્તજનોનું સ્મરણ મારા ચિત્તમાં ઉભરાય છે. તમારો સિદ્ધાંત-ખરો અને ઉમદા સિદ્ધાંત મને સાંભરે છે અને તેની વિરૂદ્ધ મારાથી થએલી મૂર્ખાઇઓનું સ્મરણ મારા અંતર્માં સંતાપ ઉપજાવે છે."

"ઉદ્વેગ અને સંતાપને વિસરી જા. આ સ્થાનમાં રહ્યા પછી શું તું એટલો સંયમ પણ સાધી શક્યો નથી ?"

"ના ગુરૂજી! હું હજી એટલો દુર્ભાગી છું."

"ઠીક; ચાલ મારી સાથે; હું તને જે પુસ્તક આપું તે વાંચ્યા કર."

અતિથિ ઉભો થયો અને **જો**ગીરાજની પાછળ ચાલ્યો. કુટીની પાસેની એક બીજી નાની કુટી કે જેને અતિથિ બહુ વાર બંધ જ જોતો હતો અને જેમાં **જો**ગીરાજ હમેશાં બપોરે થોડો વખત જઇને એકાંતમાં સમય ગાળતા હતા તે કુટીનું દ્વાર **જો**ગીરાજે ઉઘાડ્યું. એક માટીના કોડિયામાં થોડું દીવેલ પૂરી તેમાં ચાર પાંચ દીવટો મૂકી દીવો કર્યો અને રેશમી પુંઠામાં બાંધેલું એક નાનું પુસ્તક **જો**ગીરાજે અતિથિને આપીને કહ્યું: "તને ઉંઘ આવે ત્યાંસુધી આ પુસ્તક વાંચ્યા કરજે અને ઉંઘ આવે ત્યારે તે બંધ કરીને સૂઇ જજે. તેથી તું તારા સંતાપ અને ઉદ્વેગને વિસરી જઇશ." એમ કહીને **જો**ગીરાજ ચાલ્યા ગયા. જતાં જતાં તે કુટીનું દ્વાર અમસ્થું અટકાવતા ગયા.

પ્રકરણ ૧૦ મું.

સ્વર્ગમાંથી નન્દિનીનાં પત્રો.

Life's labour done, as sinks the clay,
Freed from its load the spirit flies,
While heaven and earth combine to say–
How blest the righteous when he dies!

જે સમયે જોગીરાજ પર્ણકુટીમાં પ્રકાશને માટે દીવો સળગાવતા હતા તે સમયે અતિથિનું ચિત્ત કાંઇક જૂદા જ વ્યાપારમાં ગુંથાએલું હતું. કુદરતના નિયમનો ભંગ જગત્માં અનેક અનર્થોને જન્મ આપનાર થઈ પડતો હોવાથી તે એક મહાપાપ છે એવું જોગીરાજે સમજાવ્યા પછી અતિથિનું ચિત્ત પોતે કરવા ધારેલા તેવા એક મહાપાપ વિષે વિચાર કરવામાં નિમગ્ન થયું હતું. શારદાગૌરીના દશ્યમાન અસહ્ય દુઃખથી આર્દ્ર થઇને અને બીજી વિધવાઓને પુનર્લગ્નની જરૂર ન હોય તથાપિ શારદાગૌરીની બાળ વય તથા તેનું માનસિક દુઃખ જોતાં તેને તો સ્નેહી–મિત્રના હૃદયની મદદની જરૂર છે માટે તેની સાથે પોતે પુનર્લગ્ન કરી તેનું દુઃખ દૂર કરવું એમ માની તે અધર્મ્ય કાર્યમાં તત્પર થઇને જે મહાપાપમાં પડવાનું પગલું ભર્યું હતું, તે મહાપાપનું સ્મરણ થઇ આવતાં–તે મૂર્ખતા હૃદયમાં ઉભરાઈ આવતાં અતિથિનું હૃદય અતિશોકગ્રસ્ત બની ગયું હતું. શારદાગૌરી, મોહનાદેવી, રમણાનંદજી ઇત્યાદિ સર્વ કોઇ કપટી પાત્રો હતાં અને પોતાને પુનર્લગ્નમાં ફસાવી આનંદિત થવાનો જ વ્યાપાર તેઓએ માંડયો હતો, એમ કાન્તિલાલ–અતિથિ સમજી ગયો હતો ખરો; પણ કદાચિત્ શારદાગૌરીનું કિંવા અન્ય કોઇ વિધવા બા-

ળાનું દશ્ય અને અદશ્ય દુઃખ ખરેખરૂં હોય તથાપિ એ અધર્મ્ય માર્ગમાં પગલું ભરવાનો તે બાળાને કે તેમાં તેને પરોપકારી હૃદયથી મદદ કરવાનો પોતાને સ્વલ્પ પણ અધિકાર નથી એમ હવે તેને સમજાયું હતું. પુરૂષો એક સ્ત્રીના મરણ પછી જો યુવાવસ્થા ટકતી હોય તો બીજું લગ્ન કરવામાં કાંઈ અધર્મ જોતા નથી, એવો પ્રચલિત વ્યવહાર છે, તથાપિ તેને અકુદરતી વ્યવહાર માનીને જીવનપર્યન્ત વિધુર રહેવામાં જ **જો**ગીરાજ સત્ય ધર્મ સમજે છે, તો પછી વ્યવહારમાં પણ બહુધા અપ્રચલિત અને પાપરૂપ લેખાતા વિધવાવિવાહમાં તો કેટલો અધર્મ સમાએલો હોવો જોઇએ, તેની કલ્પના કરતાં અતિથિ પોતાની બુદ્ધિને—પોતાના મનને ધિક્કારવા લાગ્યો અને પશ્ચાત્તાપવડે તે મનઃપાપનું પ્રાયશ્ચિત્ત કરવા લાગ્યો.

વિચારમાળા ચાલતી જ હતી તેવામાં **જો**ગીરાજે દીવો કરી પુસ્તક અતિથિના હાથમાં મૂક્યું. પુસ્તકના દેખાવપરથી અતિથિએ માન્યું કે તે ‘ભગવદ્‌ગીતા’ હશે. વિચારમાળાનો વિષય બદલાયો: “રાત્રિનો ઉજાગરો ગાળવા માટે અને ચિત્તને શાંતિ અર્પવા માટે **જો**ગીરાજે મને બહુ મજાનું પુસ્તક વાંચવા આપ્યું છે. અહો! જે ગીતાએ મહાબાહુ **અર્જુ**નના સર્વ સંશયોને રણક્ષેત્રમાં વિદાર્યા અને અનુપમ જ્ઞાન સાથે દિવ્ય દર્શન કરાવ્યું, તે ગીતા શું મને આનંદ નહિ કરાવે? મારા અશાંત ચિત્તને શાંતિ નહિ આપે?” તે વિચાર સાથે અતિથિએ પુસ્તક હાથમાં લીધું, અને **જો**ગીરાજ તેને કુટીમાં એકલો મૂકીને બહાર ચાલ્યા ગયા. અતિથિ દીવાની પાસે નીચે બેઠો અને પુસ્તક ઉઘાડ્યું.

પુસ્તક ઉઘાડતાં જ અતિથિને જણાયું કે તે **ગી**તાનું પુસ્તક નહોતું. પહેલે જ પાને મોટા અક્ષરે લખેલું હતું: “સ્વર્ગમાંથી **નન્દિ**નીનાં પત્રો” અને તે વાંચતાં જ અતિથિ ચમક્યો. સ્વર્ગમાંથી પત્રો

લખવાની વાત જનસમાજમાં અતિહાસ્યજનક લેખાય છે અને આ તો તેવા જ પત્રોવાળું એક પુસ્તક **જો**ગીરાજ જેવા સજ્જને પોતાને વાંચવા આપ્યું છે, તો તેમાં સત્ય શું હશે તે કલ્પના ઉદ્દ્ભવતાં અતિથિએ એ પુસ્તકનું બીજું પૃષ્ટ ફેરવ્યું અને તેમાં લખેલું વાંચવા માંડ્યું. પાકા અને મરોડદાર અક્ષરોપરથી અતિથિએ અનુમાન કર્યું કે એ અક્ષરો **જો**ગીરાજના પોતાના જ હોવા જોઇએ.

* * * *

પ્રિયતમ !

ચમકશો નહિ ! જરા પણ આશ્ચર્ય પામશો નહિ ! તમારી સેવામાં હું હંમેશને માટે ઉપસ્થિત રહેલી છું અને અત્યારસુધી ગુપ્ત રહ્યા પછી હવે હું જાહેર થઉં છું. નાથ ! હું હજી જીવું છું; જે લોકમાં તમે જીવન ગાળો છો, તે લોકમાં હું જીવન ગાળતી નથી, પરંતુ અત્યારે હું એક જૂદી સૃષ્ટિમાં જીવું છું-માનો કે તમે જ્યાં છો ત્યાંથી લાખો ગાઉ હું દૂર રહેલી છું અને પત્રદ્વારા તમને હું મારો વૃત્તાંત કહી શકું છું: તફાવત માત્ર એટલો જ કે ટપાલના પત્રને મુસાફરીને માટે દિવસો ગાળવા પડે છે, ત્યારે હું મારો પત્ર તમને તેવા વિલંબ વિના મોકલી શકું છું. જે સૃષ્ટિમાં હું રહું છું તે દૂર નથી. એક આંખના પલકારામાં હું તમારી સેવામાં કરોડો ગાઉ દૂરથી હાજર થઇ શકું છું. જે અવસ્થાંતરને તમે મરણ કહો છો તે મરણના માર્ગ-દ્વારા હું આ આનંદમય નવીન સૃષ્ટિમાં આવી છું, છતાં મરણસમયે આપેલા વચન મુજબ હું અહર્નિશ તમારી સેવામાં જ રહેલી છું !

સૂક્ષ્મ અને સ્થૂલ દેહ.

તમે પૂછશો કે તે કેવી રીતે ? હું તેનો ખુલાસો કરીશ. તમને એકાએક કાંઇક લખવાની પ્રેરણા થઇ આવી અને તમે આ લખવા બેઠા, તે શું 'તમે' લખો છો ? ના. તમારા શાંત હસ્તમાં હું 'મારૂં' ચૈતન્ય મૂકું છું અને તે હસ્તને

ચલાવી કાગળ ઉપર અક્ષર પાડી મારૂં ઇહજીવન હું તમને જણાવું છું—મારા વિચારો જણાવું છું. એ તો તમે પ્રત્યક્ષ જોઇ શક્યા છો કે જે કોઇ આ બધું લખે છે તે તમારો હસ્ત લખે છે પણ મન લખતું નથી; અને વસ્તુતઃ ત્યાં મન મારૂં રહેલું છે. તમો આ સઘળું તમારા મનની ભ્રમણા માનતા હો તો હું તમને કાંઇક બાહ્ય પ્રમાણોથી સિદ્ધ કરી આપીશ કે હું તમારી સૃષ્ટિથી ઇતર સૃષ્ટિમાં જીવન ધરાવી શકું છું.

શરીરધારી મનુષ્યમાં પાંચ જૂદા જૂદા કોશ રહેલા છે એવું તો 'પંચદશી'માં તમે વાંચી ગયા હશો. આ કોશ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચ છે, તેમાંથી મનોમય અને વિજ્ઞાનમય એ બે કોશથી બનેલા જીવો અમારી સૃષ્ટિમાં રહે છે. અથવા ગીતામાં કહ્યું છે:

भूमिरापोऽनलो वायुः खं मनोबुद्धिरेव च।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ अ. ७; ४ ॥

તેમાં સાંખ્ય શાસ્ત્રની માનીનતા મુજબ આઠ તત્ત્વો કહેલાં છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો અને મન, બુદ્ધિ તથા અહંકાર એ મળી અષ્ટધા પ્રકૃતિ કહેલી છે. તે અષ્ટ તત્ત્વોમાંના મન અને અહંકાર તત્ત્વમાં અમે છીએ. ઋષિમુનિઓ ચાર પ્રકારના દેહ કહી ગયા છે: સ્થૂલદેહ, સૂક્ષ્મદેહ, કારણદેહ અને મહાકારણદેહ. ચર્મચક્ષુથી કિંવા સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી જે કાંઇ વસ્તુ દેખી શકાય તે સ્થૂલ દ્રવ્ય 'સ્થૂલદ્રવ્ય' કહેવાય છે. તમે સ્થૂલદેહધારી છો. લિંગદેહ એટલે કે તેજોરૂપ, અંગુઠાના માપ જેટલો, જડઇંદ્રિય વિનાનો અને તેજઃપ્રતિમા ધારણ કરનારો જેમાં મન, બુદ્ધિ, દશ ઇંદ્રિયોની શક્તિ તથા પંચ પ્રાણ હોય છે અને જે સ્થૂળ શરીર જીવતાં તેની અંદર રહેલો હોય છે તથા તેનો ત્યાગ કર્યા પછી સ્વતંત્ર વિહરે છે તેને લિંગ દેહ કહેવામાં આવે છે. તે લિંગદેહમાંથી બીજી શક્તિઓ

અળગી થતાં જ્યારે તેનામાં માત્ર મન અને અહંત્વયુક્ત ધી-બુદ્ધિ રહે છે ત્યારે તે સૂક્ષ્મદેહને પામે છે. આ પ્રકારના સૂક્ષ્મદેહની ધારિણી હું અત્યારે છું. કારણદેહ આકાર વિનાનો અને અરૂપી હોય છે તથા મહાકારણદેહ સર્વજ્ઞાનમય-જ્ઞાનરૂપ દેહને કહે છે. આમાંના સૂક્ષ્મદેહના સ્વરૂપમાં મારૂં અસ્તિત્વ તમારે સમજવું.

પણ અહીં એક નવીન પ્રશ્ન તમારા ચિત્તમાં ઉપસ્થિત થશે. તમે આ સર્વ દેહોનું અસ્તિત્વ માન્ય રાખો, છતાં પૂછશો કે તેવો સૂક્ષ્મદેહ સ્થૂલદેહમાં પ્રવેશી શકે કે તેને પ્રેરી શકે શી રીતે? હું ખુલાસો કરીશ. શાસ્ત્રમાં તે સૂક્ષ્મદેહના પ્રવેશ વિષે એવું કહેલું છે કેઃ—

दर्पणादीन्यथा छाया शीतोष्णं प्राणिनो यथा।
स्वमणौ भास्करांशुश्च यथा देहं च देहधृक्॥
विशन्ति च न दृश्यंते ग्रहास्तद्वच्छरीरिणाम्॥

અર્થાત્—દર્પણમાં જેવી રીતે પ્રતિબિંબ પ્રવેશ કરે છે તેવી રીતે તે શરીરમાં પ્રવેશ કરે છે. શૈત્ય અને ઉષ્ણતા શરીરમાં પરિણામ આણે છે પણ જેવી રીતે દેખાતાં નથી તેવી રીતે તે ગુપ્ત રીતે-દેખાયા વિના પરિણામ આણે છે. સૂર્યમણિમાં સૂર્યકિરણ જેમ એક કેંદ્રમાં પ્રવેશ કરીને પોતાનો પ્રભાવ દર્શાવે છે, તેવી રીતે તે દેહમાં પ્રવેશ કરીને પોતાનું સામર્થ્ય દર્શાવે છે, અને જેવી રીતે આત્મા આ શરીરમાં આ દેહની સર્વ ક્રિયાઓ ચલાવે છે છતાં દેખાતો નથી, તેવી રીતે સૂક્ષ્મદેહ સ્થૂલદેહમાં પ્રવેશ કરીને પરિણામ નીપજાવી શકે છે છતાં દેખાતો નથી.

મારા સૂક્ષ્મદેહને માટે આટલી સાબિતી આપ્યા પછી, હું માનું છું કે તમે હવે મારા શબ્દોને માટે શંકાશીલ રહેશો નહિ. હવે હું તમને કાંઇક નવી માહિતી આપવા ઇચ્છું છું. આ માહિતી અમારી નવીન સૃષ્ટિ વિષેની છે કે જે સૃષ્ટિ તમારી સૃષ્ટિ કરતાં કેવળ વિલક્ષણ

છે. તે માહિતી તમને અને આપણા પ્રીતિપુષ્પને ભવિષ્યમાં લાભદાયક થઇ પડશે એવી ધારણાથી અને તમારી સૃષ્ટિને છોડયા છતાં તમારા હિતની કલ્પના–તમારી સેવાની ભાવનાને છોડી નહિ શકવાથી હું આ પ્રવૃત્તિમાં પડું છું.

આપણે સંસારમાં માનતાં હતાં કે આપણી પ્રીતિનું અદૃશ્ય સામર્થ્ય આપણને કદાપિ વિખૂટાં કરશે નહિ;

મરણ. પરન્તુ પ્રીતિના આવેશથી ઉત્પન્ન થએલી તે એક ભ્રમણા હતી! આપણે આપણાં સંચિત અને ક્રિયમાણ કર્મોને જાણી–વાંચી શકતાં નથી તેથી જ આપણે તે ભ્રમણામાં ફસાઇએ છીએ અને વિયોગ સંયોગથી મનને નકામાં સુખી તથા દુઃખી કરીએ છીએ. કર્મનું ચક્ર કાંઈ જૂદું જ હોય છે; અને તે ચક્રના પરિવર્તનને વશ રહેલો મારો આત્મા સ્થૂલદેહનો ત્યાગ કરવાને સરજાયલો હતો, તે પ્રમાણે તેણે તેનો ત્યાગ કર્યો. પ્રિયતમ! જ્યારે મેં એટલે મારા આત્માએ મારા સ્થૂલદેહનો અને તે સાથે તમારો પણ ત્યાગ કર્યો ત્યારે તમે માન્યું હશે કે હવે હું તમારી પાસેથી હંમેશને માટે ચાલી ગએલી છું; તમે માન્યું કે જ્યાંસુધી તમે પણ તમારા સ્થૂલદેહનો ત્યાગ કરો નહિ ત્યાંસુધી મને મળી શકો નહિ; પણ ના, તમે જેને મરણ કહો છો તે મરણ પછી પણ હું જીવંત સ્થિતિના જેટલી જ તમારી નજીક રહેલી છું! સાંભળો. હું મારા સ્થૂલદેહમાંથી મુક્ત થઇ, તે સાથે જ આશ્ચર્યકારક નવીન લાગણી મારા ચિત્તમાં પેદા થઇ. જે બિછાનામાં મારો મૃતદેહ પડેલો હતો તે બિછાનાની તદ્દન નજીકમાં જ હું ઊભી હતી. મારી આંખો મીંચાઇ ગઇ તે પહેલાં મારી આંખોવડે હું ઓરડામાંનું જે સઘળું જોઇ શકતી હતી, તે સઘળું ત્યારપછી પણ હું જોઇ શકતી હતી. મરણ પામતાં મને જરા પણ કષ્ટ અનુભવવું પડયું નથી. આપણા પ્રીતિપુષ્પ બાળકે

નિદ્રામાંથી જાગૃત થઈને ધીમે સ્વરે રડવા માંડયું તે મધુરા સ્વર વિના મને શાંતિ અને શાંતિ જ મળી હતી. પછી હું જાગૃત થઈ—નવીન દેહમાં જાગૃત થઈ—સૂક્ષ્મદેહનો નવો અવતાર ધારીને જાગૃત થઇ અને મેં જોયું કે મારા જૂના દેહની બહાર ઓરડાની અંદર જ હું ઊભી હતી. તમે, ડાક્તર સાહેબ અને થોડાં પડોશીઓને મેં ઓરડાની અંદર મારા મૃતદેહ તરફ તાકી રહેલાં જોયાં. પહેલાં તો મને મારૂં નીરોગી શરીર જોઇને આત આશ્ચર્ય પેદા થયું, પરન્તુ પછીથી હું સમજી કે હું અન્ય સૃષ્ટિમાં પ્રવેશ કરી ચૂકી છું.

થોડી વાર થઇ અને મેં તમારાં નેત્રોમાંથી અશ્રુ ટપકતાં જોયાં. હું તમારી તરફ નજર કરીને ઊભી રહી. તમે મારા મૃતદેહને સંબોધીને કાંઇક બોલ્યા અને તેના વિષે જ તમે તે વખતે વિચાર કરતા હતા. ખરેખર, તે દેખાવ જોઇને મારા મુખમાં હાસ્ય સ્ફુરી આવ્યા વિના રહ્યું નહિ. મને ઘણુંએ એમ થયું કે હું તમને કાંઇક કહું અને તમારા વ્યર્થ શોકનું નિવારણ કરૂં; પણ હું બોલી શકતી નહોતી. હવે શું બને છે તે હું જોવા લાગી. તુરત જ એક મોટો ઝળહળતા પ્રકાશનો પ્રવાહ ઓરડામાં આવ્યો અને તેમાં મેં એક સુંદર સ્ત્રીને જોઇ. તે કોઇ અપ્સરા હશે એમ મેં માન્યું. તે મારી પાસે આવી અને મને કહ્યું: “આ નવીન જીવન અને તમને નવીન જણાતી સૃષ્ટિના નિયમો તમને શિખવવાને હું આવી છું.” મેં તેના તરફ આશ્ચર્યથી નજર કરી અને તેણે મૃદુતાથી મને સ્પર્શ કરતાં કહ્યું: “ચાલો હવે આપણે જઇએ.” પછી હું તે ઓરડાને, મારા બિચારા જૂના શરીરને અને તે સામે તમને સર્વને છોડીને તે અપ્સરા સાથે જતી રહી. સર્વત્ર મેં અનેક સૂક્ષ્મદેહોને જોયા અને તે જોઇને મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે સઘળા સૂક્ષ્મદેહીઓ પણ મારી સાથેની અપ્સરાનાં જેવાં જ માયાળુ જણાતાં હતાં. મારી સાથેની અપ્સરાને

સુંદર તથા ચકચકીત પાંખો હતી અને તેનાં વસ્ત્રો મને સુંદર શ્વેતવર્ણીય લાગતાં હતાં. પહેલાં તો અમે માર્ગે માર્ગે ચાલવા લાગ્યાં અને પછી હવામાં ઉડવા લાગ્યાં. છેવટે અમે એક એવે સ્થળે આવી પહોંચ્યાં કે જ્યાં કેટલાંક સ્નેહીઓ, સંબંધીઓ અને પરિચયીઓ મારા જોવામાં આવ્યાં. તેઓએ મને આ નવીન સૃષ્ટિની બહુ બહુ વાતો કહી. તેઓએ મને કહ્યું કે મારે આ સૃષ્ટિના નિયમો શીખવા જોઇશે અને બીજાઓને જેમ બને તેમ વધારે ઉપયોગી થવા યત્ન કરવો પડશે. હું જે કાંઇ સમજવામાં ગુંચવાતી હતી તે મને મારી સહાયક અપ્સરા સમજાવતી હતી. આ સૂક્ષ્મદેહી મિત્રો પૃથ્વીની પેઠે જ અહીં પણ જીવન ગાળે છે. તેઓ સાથે રહે છે અને એક બીજા ઉપર પ્રેમભાવ રાખે છે અને જોકે તેઓને ભરણપોષણને માટે પૈસા કમાવા પડતા નથી, તોપણ તેઓને તે વિના બીજું ઘણું કરવાનું હોય છે.

પછી મને તમારા વિષે શોક થવા લાગ્યો, અને ત્યાંથી તમારી તરફ પાછા આવવાની ઇચ્છા થઇ આવી. અપ્સરાએ પાછી મને સાથે લીધી અને અમે બન્ને તે જ ઓરડામાં આવી પહોંચ્યાં કે જ્યાં મારો મૃતદેહ પડેલો હતો. તે દેહ જોઇને મને કાંઇ લાગી આવતું નહોતું પરંતુ તમે સઘળાં તે જીર્ણ થઇ ગએલા વસ્ત્રરૂપ મારા મૃતદેહને જોઇને વિલાપ કરતાં હતાં તે જોઇને મને બહુ દુઃખ થતું હતું. મેં તમને કાંઇક કહેવાની ઇચ્છા કરી. પ્રિયતમ ! હું તમારા અશ્રુપૂરિત નેત્રોને ઊભી ઊભી જોઇ રહું અને આશ્વાસનના બે શબ્દો કહેવાની મારામાં શક્તિ નહિ, તેથી શું મને ન લાગી આવે ? હું તમારી પાસે જ ઊભી છું, નાથ ! તમે રડો નહિ, એવું ઘણું ઘણું કહેવાની પ્રબળ ઇચ્છા મને થઈ આવી પણ તમે સાંભળી શકો તેવા શબ્દો હું બોલી શકી નહિ. મેં બોલવાનો કાંઇક પ્રયત્ન પણ કર્યો, પણ તમારૂં ધ્યાન આકર્ષાયું નહિ. મેં અપ્સરાને પૂછ્યું: “ શું હમેશાં આમ જ થશે ?

કોઇ પણ રીતે હું તમને મારા વિચારો જણાવી શકીશ નહિ?" તેણે જવાબ આપ્યોઃ "થોભો! એવો વખત પણ આવી પહોંચશે કે જ્યારે તમે તેની સાથે વાતચીત કરી શકશો. પણ અત્યારે તે સાંભળી શકશે નહિ." પછી અમે ફરીથી તમને સર્વને છોડીને ચાલ્યાં ગયાં.

* * * * *

પારલૌકિક જીવન.

હું તમને એકે એક વાત કહી શકું તેમ નથી. તમે તે સમજી શકશો નહિ; પરન્તુ હું એટલું કહી શકું ખરી કે અહીં હું એવા સુખમાં છું કે જેવું સુખ મેં પૃથ્વી ઉપર કદી ભોગવ્યું નહોતું. તમે પૂછશો કે શું આપણા પ્રેમી સંસાર કરતાં પણ ત્યાં વધારે સુખ છે? તો હું હા કહેતાં અચકાઇશ નહિ. અહીં એવું અવર્ણનીય સુખ છે કે જેનો ચિતાર હું તમને આપી શકું તેવી લેખનશક્તિ મારામાં નથી. અહીં આપણાં સ્નેહી અને સંબંધીઓમાંના કેટલાંકને હું મારી સાથે જોઈ શકું છું.

અહીં કોઈ વૃદ્ધ દેખાતું નથી. જુવાની અમર રહેતી હોય તેવી રીતે અમે અહીં જુવાન દેખાઈએ છીએ. અમારી ઇચ્છા થાય ત્યારે અમે જૂનાં શરીર ધારણ કરી શકીએ છીએ કે જેવી રીતે આપણે જૂનાં વસ્ત્રો પહેરીએ છીએ; પરન્તુ અમારા સૂક્ષ્મદેહો તો જુવાન અને સુંદર જ હોય છે. અમે અહીં કેવી રીતે રહીએ છીએ અને કેવી રીતે સમય ગાળીએ છીએ તે સમજાવવું મને મુશ્કેલ થઈ પડે છે. અમે કદી થાકી જતાં નથી અને પૃથ્વીપર જેવી રીતે નિદ્રા લેવાની જરૂર પડતી તેવી રીતે અમને અહીં નિદ્રાની જરૂર પડતી નથી; તેમ જ અમને ખાવું પીવું પડતું નથી. જ્યારે અમે સ્થૂલદેહમાં હતાં ત્યારે અમને તે વસ્તુઓની જરૂર પડતી પણ હવે અમે તેથી છૂટાં થઇને એકલા સૂક્ષ્મદેહોને જ ધારણ કરીએ છીએ અને તેથી અમને

તે વસ્તુઓની કાંઇ જ જરૂર પડતી નથી. અમારા દેહો વાસનાત્મક એટલે ઇચ્છાશક્તિવાળાં જ માત્ર હોય છે અને અમારી સાથે અમારા સ્થૂલદેહનાં મન, બુદ્ધિ, ઇંદ્રિયો (જડ નહિ પણ તે)ની શક્તિ એટલાં વાનાં આવેલાં હોય છે એટલે સ્થૂલદેહધારીઓને જેવી લાગણી થાય છે તેવી લાગણી અમને અહીં થાય છે ખરી પણ તેઓના સ્થૂલદેહની પેઠે અમારા સૂક્ષ્મદેહના નિભાવને માટે કાંઇ પણ ચીજની જરૂર પડતી નથી. અહીંની શાંતિ, અહીંની જીંદગી, અહીંની સુંદરતા અને અહીંનો પ્રેમ, એ સર્વની કલ્પના આપવા માટે હું કહી શકું કે એક કુદરતી સૌંદર્યથી વિરાજતા ગિરિશૃંગ ઉપર તમે સૂર્યોદય કિંવા સૂર્યાસ્ત સમયે જાઓ, અને તે સમયે તમારૂં હૃદય જેટલું ઉચ્ચાશયી બને છે તથા તમે જેટલા સુખી અને સંતોષી દેખાઓ છો, તેવું જ કાંઇક અમે અહીં નિત્ય અનુભવીએ છીએ. આ શાબ્દિક ચિત્ર પણ મને સંપૂર્ણ લાગતું નથી ! તેની કલ્પના અમો અનુભવીઓ વિના બીજાઓ ભાગ્યે જ કરી શકે. અહીં સૌંદર્ય, આનંદ અને પ્રેમનો સાગર ભર્યો છે અને પ્રેમમાં જ સ્વર્ગનું ગુપ્ત રહસ્ય સમાએલું હોય એમ મને લાગે છે.

તમે પૂછશો કે અહીં દુઃખ અને શોક જેવું શું કાંઇ જ નથી ? હું તે કહીશ. અહીં ઘણા જીવો એવા છે કે જેઓ નિરંતર દુઃખ–શોકમાં ડૂબેલા દેખાય છે. સંસારની મલિન વાસનાઓ જે સઘળી તેમના વાસનાદેહમાં અથવા સૂક્ષ્મદેહમાં વળગેલી હોય છે તે તેમને બહુ દુઃખ ઉપજાવે છે. તેમને બીજા સારા આત્માઓ. સમજાવે છે, ઉપદેશે છે, સાહાય્ય કરે છે અને એ રીતે તેઓનાં દુઃખ તથા શોકનું ધીમે ધીમે વિરેચન થાય છે; પરન્તુ કેટલાક એવા તો મલિન-દેહીઓ છે કે જેઓ સારા આત્માઓથી દૂર નાસતા ફરે છે, તેઓના ઉપદેશને સાંભળતા કે ગણકારતા નથી અને નિરંતર દુઃખમાં લાંબા

કાળ સુધી ગોથાં ખાધાં કરે છે. અહીંનું જીવન એવા મલિન દેહધારીઓને નરકરૂપ લાગે છે અને બીજાઓને મન તેવું કાંઇ નરક લાગતું નથી. હું તો અહીં સર્વત્ર સ્વર્ગ જ જોઉં છું! હું પ્રભુના પ્રેમના પ્રકાશમાં વસું છું, પછી સ્વર્ગ કેમ ન જોઉં?

માનસિક જીવન.

જ્યારે આત્મા શરીરથી છૂટો થાય છે ત્યારે તે શરીરની અંદર જેવો હોય છે તેવો ને તેવો જ રહે છે. આત્મા જ ખરૂં જીવ તત્ત્વ છે, કાંઈ શરીર નથી, અને તે આત્મા જ મન તથા શરીરને પોતાની આજ્ઞા મુજબ નચાવે છે અને જ્યારે દેહની આવશ્યકતા રહેતી નથી ત્યારે તે આત્મા દેહથી છૂટો પડે છે. પરન્તુ આત્મા છૂટો પડે છે ત્યારે જ્ઞાન, અનુભવ, વિચાર, ઇચ્છા વગેરે જેવું શરીરમાં હોય છે તેવું જ તે આત્માની સાથે પણ વળગી રહે છે, એ હું ઉપર કહી ચૂકી છું. હાડ, માંસ, ચામડાનું ખોળિયું માણસના ખરા આત્માને ઢાંકી દે છે અને તેથી અહીં આવ્યા પછી હું જે એક અસાધારણ જ્ઞાન મેળવી શકી છું તે માણસના બાહ્ય અને આંતર્ શરીરને લગતું છે. માણસના બાહ્ય શરીરપરથી કાંઈ ચોક્કસ મત બાંધવું તે વાસ્તવિક નથી, કારણકે, મનુષ્ય, શરીર કરતાં બહુ મોટા પ્રમાણમાં, એકલા 'મન' નો જ બનેલો છે. અહીં એવા ઘણા આત્માઓ મારા જોવામાં આવે છે કે જેઓને માણસો પૃથ્વી ઉપર ગંદા અને જંગલી જેવા લેખતા હતા, પરન્તુ વસ્તુતઃ તેઓ સ્વચ્છતા અને માનસિક પવિત્રતામાં અત્યંત ઉચ્ચ આત્માઓ છે; જેઓ પૃથ્વીપરના જીવનમાં પવિત્રતાનો અને ભલમનસાઇનો માત્ર બહારનો દેખાવ અથવા ઢોંગ કરતા હતા પણ જેઓનું મનસ્ તો તે સદ્‌ગુણોનો એક અંશ પણ ધરાવતું નહોતું તેઓના કરતાં તે ગંદા અને જંગલી જેવા દેખાતા આત્માઓ અનંતગણા ઉચ્ચ આત્માઓ હોય એમ હું જોઉં છું. સદ્‌વર્તન કિંવા

અસદ્વર્તનનું બંધારણ બાંધનાર ' સત્ ' કિંવા ' અસત્ ' ' મનસ્ 'જ એક કાર્યકર્તા શક્તિ છે અને બિચારૂં શરીર તો તેનું આજ્ઞાધારક છે. તેથી અંતઃકરણના વિચારો અને ધારણાઓ તથા મનની કલ્પનાઓને અનુસારે અમે અહીં ઉચ્ચ કે નીચ લેખાઇએ છીએ, સુખી કે દુઃખી ગણાઇએ છીએ, સ્વર્ગવાસી કે નરકવાસી મનાઇએ છીએ. ' મનસ્ ' ની સર્વ ક્રિયાઓ તેના સારા અથવા માઠા સ્વરૂપમાં સૂક્ષ્મદેહમાં આલેખાએલી હોય છે અને તે ક્રિયાઓ જ સારા માઠા વર્તનનો નિર્ણય કરાવનાર હોવાથી એક સૂક્ષ્મદેહ સ્થૂલદેહનો ત્યાગ કરીને અહીં આવે છે ત્યારે તેના ખરા સ્વરૂપમાં સ્વયમેવ ઓળખાઇ આવે છે. સૃષ્ટિપર તો માનસિક જીવન જાણવાનું કાંઇ જ સાધન હોતું નથી અને શારીરિક અથવા બાહ્ય જીવનપરથી ઘણીવાર મનુષ્યો ધન કે કીર્તિ ઉપાર્જન કરે છે, પરન્તુ તે અહીં આવ્યા પછી તેના સૃષ્ટિપરના બાહ્ય જીવનથી તેને કાંઇ જ લાભ થતો નથી. માનસિક જીવન જેવું ચલાવ્યું હોય છે તેને અનુસારે અહીં તેની સુખમય કિંવા દુઃખમય સ્થિતિ રહે છે.

વિચારસામર્થ્ય.

તમે ધારો છો તે કરતાં વધારે તત્ત્વ વિચારમાં રહેલું છે. જે માણસનું ઉંડું અંતઃકરણ બહુ જ મલીન હોય છે અને જે હંમેશાં અપવિત્ર વિચારોમાં જ નિમગ્ન રહે છે તે એવી શક્તિને જન્મ આપે છે કે જે શક્તિ તેનાં બાળકોની જીંદગીને ખુહાર કરી નાંખે છે અને તેમનામાં મલિન વિકારો ઉત્પન્ન કરે છે. અહીં હું એવા ઘણા સૂક્ષ્મદેહોને જોઉં છું કે જેઓ સંસારમાં સાધુ જીવનવાળા દેખાવા છતાં અહીં તો છેલ્લે પાટલે બેઠેલા—અધમ અવસ્થામાં રહેલા હોય છે; અને કેટલાક ગુન્હેગારો તથા ખૂનીઓ એવા પણ છે કે જેઓને પેલા સાધુ-

વૃત્તિવાળાઓ કરતાં ન્યૂનાધિક ઉચ્ચ અવસ્થામાં જોઉં છું ! આનું કારણ શું? કારણ એ છે કે આ ગુન્હેગારો અને ખૂનીઓના હાથે પાપકર્મો થએલાં હોવાં છતાં તેઓનાં અંતઃકરણ અતિમલિન અને પાપવાસનાઓથી ભરપૂર હોતાં નથી, પરન્તુ સાધુવૃત્તિનો ડોળ કરનારાઓએ હાથવડે પાપો નહિ કરેલાં હોવા છતાં તેમનાં અંતર્ તો પાપી વિચારોનું મોટું ધામ હોય છે અને તેથી અધ્યાત્મબળમાં પેલા ગુન્હેગાર કરતાં એ સાધુ અહીં ઉતરતી અવસ્થા ધરાવે છે. હું કાંઇ એમ કહેવા માંગતી નથી કે પાપસંબંધી વિચાર કરવા કરતાં પાપી કામ કરવું વધારે સારૂં છે; પરન્તુ હું એટલું જ કહેવા માંગું છું કે સ્થૂલદેહથી થએલાં પાપો કાંઇ અંતઃકરણની અધમતા સિદ્ધ કરી શકતાં નથી. આવેશમાં ને આવેશમાં એક માણસે કાંઇ ગુન્હો કર્યો હોય તે પાપક્રિયા કરતાં લાંબા વખતસુધી પાપમય વિચાર કરીને કરેલી પાપક્રિયા આત્માને વધારે કલુષિત કરે છે. જ્યારે આત્મા શરીરને ત્યજી દે છે ત્યારે તેનું અંતઃકરણ ખુલ્લું થઇ જાય છે! તે જ વખતે અને પહેલી જ વખતે આપણો આત્મા તેના યથાસ્થિત અને વાસ્તવિક સ્વરૂપમાં અથવા વિચારોના શુભાશુભ સ્વરૂપમાં ઓળખાઇ આવે છે. એક માણસ સુંદર વસ્ત્રાભૂષણો પહેરીને પોતાના દેહને દીપાવે છે અને પછી પોતે તંદુરસ્ત માણસોની ટોળીમાં ઊભો રહી શકે છે; પરન્તુ જ્યારે તેનાં વસ્ત્રાભૂષણો ઉતારી લેવામાં આવે છે ત્યારે તેના અંગમાં રહેલા રોગની સઘળી નિશાનીઓ આપોઆપ ખુલ્લી થઇ જાય છે; તેવી જ રીતે આત્માના વસ્ત્રાભૂષણરૂપ સ્થૂલદેહનો ત્યાગ થઇ ગયા પછી સૂક્ષ્મદેહ નગ્ન-ઉઘાડો બની જાય છે અને તે સમયે તેના દોષો—અત્યારસુધી ગુપ્ત રહેલી પાપવાસનાઓ સ્વયમેવ ઓળખાઇ આવે છે. એ શુભ કે અશુભ વિચારનું સામર્થ્ય એટલું બધું છે.

અહીં આવ્યા પછી મને સૌથી વધારે આશ્ચર્ય સ્થૂલ વસ્તુઓની નાશવંત સ્થિતિ જોઇને લાગ્યું છે. પૃથ્વી ઉપર

નાશવંત સ્થૂલતા.

જે જે વસ્તુઓ અતિ અગત્યની લાગતી હતી તે જ વસ્તુઓની વ્યર્થતા અહીં મને પ્રત્યક્ષ જણાય છે. ઉદાહરણ તરીકે ધન, કીર્તિ, જાગીર, પદવી, વિદ્યા, વગેરે જે સઘળી વસ્તુઓને આપણે પૃથ્વી ઉપર મૂલ્યવાન્ લેખીએ છીએ તે જ વસ્તુઓ આ માનસિક જીવનવાળી સૃષ્ટિમાં કાંઇ જ નથી ! તે વસ્તુઓનું અહીં અસ્તિત્વ જ નથી અને પૃથ્વીપર તે સંપત્તિ ધરાવનારાઓનું અહીં કાંઇ વધારે મૂલ્ય અંકાય છે એમ નથી. તેમની તે સંપત્તિને લીધે તેઓ બીજા આત્માઓ કરતાં વધારે ઉચ્ચ હોય છે એમ પણ નથી; તેઓએ પણ સૃષ્ટિપર જેવું માનસિક જીવન ગુજાર્યું હોય છે તેવા જ પ્રકારની તેમના સૂક્ષ્મદેહોની સ્થિતિ અહીં જોવામાં આવે છે. અરેરે ! નાથ ! જે જ્ઞાન અને જે અનુભવ મને અહીં મળે છે તેનું એક સ્વપ્ન–હા માત્ર એક સ્વપ્ન જ જો હું જીવતી હતી ત્યારે મને આવ્યું હોત, તો ખરેખર પૃથ્વીની નાશવંત સ્થૂલતાનો ત્યાગ કરીને પારમાર્થિક જીવન ગાળત; અંતઃકરણને સ્વલ્પ પણ પાપવાસનાઓથી કલુષિત થવા દેત નહિ, નીતિને જ પરમ ધર્મ માનત અને હું આ કરતાં પણ ઉચ્ચ અવસ્થાને પરલોકમાં પ્રાપ્ત કરત ! હા, અત્યારે એ વિચાર આવે છે ખરો, પણ સંસારમાં નહોતો આવતો ! આ પ્રકારનો પશ્ચાત્તાપ અધમ જીવોને અહીં આવ્યા પછી વધારે થાય છે અને તેઓ માને છે કે “ જો આ પ્રકારનું જીવન ગાળવું પડશે એવું અમે પૃથ્વીપર જાણ્યું હોત તો આ મલિન વાસનાઓથી ઉપજતું દુઃખ ભોગવવા વારો આવત નહિ. ” નાથ ! આવા વિચારો આ લોકનો અનુભવ મેળવ્યા પછી આત્માઓ વધારે કરે છે, પરન્તુ તે જ વિચારો જો પૃથ્વીપરના લોકો કરે તો અહીંના માનસિક જીવનની કાંઇક કલ્પના

કરતાં શીખે અને નીતિનું મહત્ત્વ અહીંના સુખી દુઃખી જીવનનો વિચાર થયા પછી સમજતાં શીખે તો ખરેખર મોટો લાભ થાય; પરન્તુ આ લોકની આ વસ્તુસ્થિતિ લોકોની સમક્ષ અસરકારક રીતે મૂકનાર જ ક્યાં છે? અમારી સૃષ્ટિમાં કેવું જીવન છે તે વિષેનો વૃત્તાંત જનસમાજમાં ફેલાવવાથી કેટલો બધો ઉપકાર થઈ શકે તેની કલ્પના તમે હવે કરી શકશો. તે કાર્ય તમે હાથમાં લેઇ શકો તેમ હું માની શકતી નથી.

* * * *

પ્રિયતમ! સંસારને ઉતર્યા પછી આ લોકમાં પેસતાં કોઇ દુઃખ જુએ છે અને કોઇ સુખ જુએ છે. આત્માને દુઃખ અપ્રિય લાગે છે, સુખ પ્રિય લાગે છે. દુઃખ જેથી ઉત્પન્ન થયું હોય છે તે આત્માને કલુષિત કરે છે અને સુખ જેથી ઉત્પન્ન થયું હોય છે તે આત્માને ઉન્નત કરે છે. આત્માને ઉન્નત કરવા જેવું બીજું એકે શુભ કાર્ય નથી અને અન્ય આત્માઓ ઉન્નત થાય તેવી રીતે તેઓને સાહાય્ય કરવા જેવું—ઉપદેશ કરવા જેવું એકે ધર્મ્ય અથવા ઉપકારનું કાર્ય નથી. અહીંના સુખી દુઃખી જીવનનું જ્ઞાન જો લોકોમાં પ્રચાર પામે તો આત્મા ઉન્નત થાય તેવાં કાર્યો અને વિચારો કરવાની ઉપયોગિતા લોકો સમજતા થાય નહિ શું?

* * * *

સ્વર્ગનું સુખઃ પ્રેમ.

સ્વામિન્! 'સ્વર્ગનું સુખ અવર્ણનીય છે' એવું મેં કહ્યું તે અક્ષરશઃ સત્ય છે. આ સૃષ્ટિમાંહેના અમારા પ્રેમમય સુખી જીવનની સાથે સરખામણી કરવા જેવું કશુંએ તમારી સૃષ્ટિમાં નથી અને તેથી સ્વર્ગના સુખની કલ્પના તમને આવી શકવી અતિદુષ્કર છે; પણ હા, એક સ્થિતિ એવી છે ખરી કે જેથી તમને તેનો કિંચિત્ ખ્યાલ આવી શકશે. એક પ્રેમી કે જે પોતાના પ્રેમની વસ્તુથી કેવળ સંતુષ્ટ

હોય છે અને જે તેનાથી તદ્દન હર્ષઘેલો થઇ ગયો હોય છે તેના મનનું સુખ જો તમે કલ્પી શકો, તો હું કહીશ કે સંસારમાંના તે ક્ષણિક સુખના કરતાં પણ ચડતું ચિરંજીવી સુખ અહીં છે. અમારી અને તમારી સૃષ્ટિને તુલનામાં મૂકતાં જે મુખ્ય તફાવત માલુમ પડે છે–સ્થૂલ અને સૂક્ષ્મ શરીરની વાત બાજુએ મૂકતાં–તે એ છે કે અમે પ્રેમમાં નિવાસ કરીએ છીએ અને તે પ્રેમ સ્વયમેવ પ્રભુ છે; ત્યારે તમે પ્રેમરૂપી પ્રભુની ગેરહાજરીને લીધે સ્વાભાવિક રીતે નીપજતાં દુઃખોમાં વસો છો. હું એમ નથી કહેતી કે પૃથ્વીમાં પ્રેમ બીલકુલ નથી. પૃથ્વીપર પણ પ્રેમ તો છે જ અને જો તે ન હોય તો પૃથ્વી નરકરૂપ થઇ પડયા વિના રહે નહિ. માતા પુત્રપર પ્રેમ રાખે છે, ભાઇ ભગિની પરસ્પર પ્રેમ ધારે છે, પ્રિયતમ પ્રેયસી ઉભયને પરસ્પર ચાહે છે, પતિ અને પત્નીનો પ્રેમ હોય છે અને મિત્રોમાં પણ પ્રેમગ્રન્થી બંધાએલી હોય છે. પુરૂષ અને સ્ત્રીનો પ્રેમ હોય છે, પુરૂષ પુરૂષ અને સ્ત્રી સ્ત્રીનો પ્રેમ હોય છે. પણ તે સઘળાં પ્રેમનાં સ્વરૂપ પૃથ્વીપર પડતાં સ્વર્ગીય પ્રેમનાં કિરણો માત્ર છે, તે કિરણો સર્વાંશે પૂર્ણ નથી. એક હીરાના પાસામાંથી પ્રકાશનાં કિરણો સ્ફુરતાં હોય તે કિરણોનો સ્વલ્પ ભાગ તે તમારી પૃથ્વી છે અને હીરો પોતે પ્રભુ છે. તમારા કરતાં અમે પ્રભુની વધારે નજીક છીએ. એક હલકામાં હલકો પુરૂષ કે સ્ત્રી જે કોઇની પણ ઉપર પ્રેમ ધરાવતાં હોય છે તેઓની પાછળ–તે પ્રેમના અસ્તિત્વ સુધી જ અને નહિ કે તેમના દરેક કાર્યમાં–તે દૈવી પ્રેમ ઊભો રહેલો હોય છે. આખી સૃષ્ટિના ઉદ્ધારનો એક મુખ્ય મંત્ર તો 'પ્રેમ' 'પ્રેમ' અને 'પ્રેમ' જ હોય–જેમ બને તેમ વધુ 'પ્રેમ' જ હોય તેમ મને આ સૃષ્ટિના અવલોકનપરથી સૂજી આવે છે.

તમે કહેશો કે સૌનો પ્રેમ કાંઇ સરખો હોતો નથી. કોઇનો પ્રેમ સ્વાર્થી હોય છે અને કોઇનો પ્રેમ દુષ્ટ હોય છે. એ વાત ખરી છે,

પણ તેવી હલકી પંક્તિનો પ્રેમ હોવાનું કારણ એ છે કે તે પ્રેમ અપૂર્ણ છે. જે સ્વાર્થપરાયણતાથી મુક્ત હોય તે કાંઇ પ્રેમ નથી. એ પ્રેમના પ્રભાવથી એક માતા પોતાના બાળકોમાં જ લુબ્ધ રહે અને બીજાઓ પ્રતિની પોતાની ફરજોને વિસરી જાય, તો તે કાંઈ ખોટું કામ નથી. તેમ થવાનું કારણ એ છે કે તે માતા બીજા તરફ પૂર્ણ પ્રેમ ધરાવતી નથી અને તેથી જ તેનાં બાળકોપરનો પ્રેમ તેને 'સ્વાર્થી' ઠરાવે છે. માણસો આવાં સ્વાર્થી માલૂમ પડે છે તેવે સ્થળે તેમના પ્રેમની વસ્તુઓપરનો તેમનો પ્રેમ ઘટી જવાની કાંઇ જરૂર નથી, પણ જે બીજાઓ તરફની ફરજો તે વિસરી જાય છે અથવા અવગણના કરે છે તેઓ તરફના પ્રેમમાટે તેનામાં વધારે પ્રેમની જરૂર છે. એક જ વસ્તુપર સંસારમાં હદ ઉપરાંત પ્રેમ રહે અને તેને પરિણામે બીજાઓપરનો પ્રેમ શિથિલ બની જવા પામે એવું પણ થવું જોઇએ નહિ. સર્વત્ર પૂર્ણ પ્રેમભાવ રાખવો તે એક દૈવી ભાવ છે અને જ્યારે પ્રેમ સ્વલ્પાંશે પણ નિષ્ફળ થાય છે, ત્યારે દુષ્પરિણામ આવવાનો ભય પેદા થાય છે. મનુષ્યકૃત કાયદાની દૃષ્ટિથી જોતાં જે પ્રેમ ગુન્હેગાર ઠરે છે (એટલે કે પરસ્ત્રી અને પરપુરૂષનો પ્રેમ અથવા વિધવાનો પરપુરૂષપર પ્રેમભાવ) તે પ્રેમથી પણ જો મનુષ્યમાંથી 'અહંત્વ-મમત્વ' દૂર થઈ જતું હોય અને કદાચ તે જ પ્રેમથી તેને દુઃખ વેઠવું પડતું હોય, અને કદાચ મરી પણ જવું પડતું હોય તો તે પ્રેમ-ગુનેહગાર હોવા છતાં પણ-સ્વાર્થી અને નિષ્પ્રેમ લગ્ન કરતાં વધારે શ્રેયસ્કર છે-તે પ્રેમ આત્માને સ્વર્ગની વધારે નજીક લાવે છે. આજકાલ થતાં લગ્નોની વિરૂદ્ધમાં જવા માટે કે વિધવાઓનો પરપુરૂષપર પ્રેમ રાખવાનો અધિકાર સિદ્ધ કરવા માટે હું કાંઇ આ કહેતી નથી. હું જાણું છું કે તમે તે મતને ભયાનક લેખો છો. સઘળાં સત્ય મતો ભયાનક હોય છે પરન્તુ તેમાં ભય સમાએલો હોવા માટે તેમાં સત્ય ઓછું હોય છે તેમ માની શકાય નહિ.

એ તો નિઃસંશય છે કે આવો કહેવાતો પ્રેમ બહુ સ્વાર્થી જ હોય છે અને તેથી તેને પ્રેમ કહેવો જ ઉચિત નથી. એક વિધવા જો સત્ય પ્રેમ—નિઃસ્વાર્થી શુદ્ધ પ્રેમ કે જે દૈવી પ્રેમનો અંશ હોય છે તેવો પ્રેમ એક પરપુરૂષપર રાખે અથવા તો એક પરિણીત સ્ત્રી પરપુરૂષપર કે એક પરિણીત પુરૂષ પરસ્ત્રીપર તેવો જ શુદ્ધ પ્રેમ રાખે તો તે પ્રેમ પરિણીત સ્ત્રી પુરૂષના પણ સ્વાર્થી પ્રેમ કરતાં વધારે ઉજ્જ્વલ છે. આ એક ભયંકર સત્ય છે પરન્તુ તે ભયંકર છે માટે તેને સત્ય કહેતાં અટકી શકાશે નહિ. આ ભયંકર સત્ય જગત્‌ની આગળ ખુલ્લું કરી બતાવવામાં કાંઇ જ લાભ નથી એમ કુદરત જોઇ શકી છે અને તેથી તેણે દૈવી પ્રેમની સાથે પણ સ્થૂલ સ્વાર્થનો ન્યૂનાધિક અંશ મેળવીને પોતાના નિયમો ઘડ્યા છે. જે ઉંડું સત્ય છે અને ભયંકર છે તે જગત્‌નાં સર્વ મનુષ્યોના જાણવા બહાર નથી; પરન્તુ જેઓ તે જાણે છે અને તેને યથાર્થ સ્વરૂપમાં સમજે છે તેઓ તે સત્યને ભયંકર અને અનર્થકારક સિદ્ધ કરતા નથી. પ્રાકૃત જનસમાજને માટે કુદરતે જે નિયમો ઘડ્યા છે તે ઉચિત છે અને તે ઉચિત માર્ગે ચાલનારાઓ જ દૈવી પ્રેમના અંશવાળા થવાનો—હોવાનો સંભવ છે. કુદરતે જો તેવા નિયમો ઘડ્યા ન હોત અને શુદ્ધ સત્યો જાહેર કરીને મનુષ્યોને સ્વેચ્છાવિહારી થવા દીધાં હોત તો જનમનની સ્વાભાવિકી કુતૂહલતાને પરિણામે દૈવી પ્રેમનો સર્વાંશે સૃષ્ટિમાંથી લોપ થઇ જાત. સૃષ્ટિપરનાં મનુષ્યોને માટે કુદરતે જૂદા જૂદા નિયમો ઘડ્યા હોવા છતાં અહીં તે કાયદાનું કાંઇ માન નથી. અહીં તો શુદ્ધ અને દૈવી પ્રેમની જ કિંમત અંકાય છે પરંતુ એ તો ખરૂં છે કે કુદરતે ઘડેલા કે મનુષ્યોએ ઘડેલા કાયદાઓ શુદ્ધ કિંવા દૈવી પ્રેમને કેળવવા માટેના અભ્યાસપાઠો છે—સાધનો છે, અને તે સાધનોનું મૂલ્ય અહીં ન હોય પરન્તુ તે સાધનોવડે મેળવેલા પરિણામનું—નવનીતનું—શુદ્ધ પ્રેમનું જ અહીં મૂલ્ય અંકાતું હોય તો તે કેવળ ઉચિત છે.

પ્રેમને અનુચિત સ્થૂલ આનંદ સમજવો જોઇએ નહિ. ઉદાહરણ તરીકે, એક પુરૂષ એક સ્ત્રીના કૌમાર્યને ખુહાર કરે અને પછી તેને ત્યજી દે તે કાંઈ પ્રેમ નથી. તે એક પ્રકારની વિષયવાસનાની પૂર્તિ છે અને અત્યંત તિરસ્કારને પાત્ર છે. એવી વાસનામાં જ સંસાર વિષે રચ્યા-પચ્યા રહેલા જીવો અહીં આવ્યા પછી એ વાસનાનો પણ ત્યાગ કરી શકતા નથી અને એ વાસનાની પૂર્તિને માટે જોઇતા સ્થૂળ શરીરો હવે તેમની પાસે નહિ રહ્યાં હોવાથી તેમનાં અંતરૂ બળ્યાં કરે છે; તેઓ અત્યંત દુઃખી થાય છે; ધગધગતા લોઢાના સ્થંભની સાથે એક માણસને બાથ ભરાવી હોય અને તેને જેવું દુઃખ થાય તેવું દુઃખ તે વાસનાની પૂર્તિ નહિ થવાથી તેને તે સમયે થાય છે. સંસારની સ્થૂલ વાસનાઓ જેમ વધારે ગાઢી હોય તેમ અહીં એજ વાસનાઓ વધારે દુઃખ ઉત્પન્ન કરે છે, વધારે સંતાપ આપે છે, વધારે ભ્રમાવે છે અને આ સૃષ્ટિની શાંતિ મેળવ્યા અગાઉ તે આત્મા અત્યંત કષ્ટ ભોગવે છે, સ્થૂલ કષ્ટ તો સ્થૂલદેહની સાથે ગયું, પણ સૂક્ષ્મ કષ્ટ ભોગવે છે. શુદ્ધ અને સાત્ત્વિક પ્રેમવાળાઓ કાંઇ વાસનાબદ્ધ હોતા નથી; અને તેઓ અહીં આવ્યા પછી દુઃખ વેઠતા નથી. જે પ્રેમ તેમને સૃષ્ટિપર મળ્યો હોય છે તે કરતાં વધારે ઉજ્જ્વલ પ્રેમનું ક્ષેત્ર આ સૃષ્ટિ હોવાથી તેઓ અહીં સર્વત્ર સુખ જ જુએ છે. શુદ્ધ પ્રેમ કાંઇ સ્વાર્થ કે વાસના નથી પરન્તુ એક પ્રકારનો આત્મભોગ છે. 'ચાહવું' અથવા 'પ્રેમ રાખવો' એટલે સ્વાત્માની પેઠે જ આપણા પ્રેમના પાત્ર તરફ પણ જોવું, તેના કલ્યાણને ઇચ્છવું અને તેના કલ્યાણને માટે આપણા આનંદનો અને આપણી જાતનો પણ ભોગ આપવાની જરૂર પડે તો તેમ કરવાને પણ તત્પર થવું. નિઃસ્વાર્થી અને સત્ય પ્રેમ એ જ છે અને જ્યાં જ્યાં તે પ્રેમ રહેલો છે ત્યાં ત્યાં દૈવી પ્રેમનું કિરણ છે, ત્યાં ત્યાં પ્રભુનો વાસ છે એમ તમે સમજજો. માતાઓ

અને સ્ત્રીઓ બીજાઓ કરતાં પ્રભુની વધારે નજીક છે. તેઓ વધારે પ્રેમાળ છે એટલે કે-તેઓ પ્રભુના પ્રેમમય સ્વરૂપને વિશેષ અનુરૂપ છે. સૃષ્ટિ એક વિશાળ નરકરૂપ નથી થઇ પડી તેનું કારણ માતાઓ અને સ્ત્રીઓ જ છે !

પ્રિયતમ ! પ્રેમનું આ સ્વરૂપ આપણે સૃષ્ટિપર સમજ્યાં હતાં કે ? હું તે કહી શકતી નથી. અહીં પ્રેમમય વિશ્વમાં હું મારી પૂર્વ સ્થિતિને બરાબર સંભારી શકતી નથી. તમે તે સમજી શકશો. આ 'પ્રેમ' નો દૈવી સિદ્ધાંત જગત્‌માંના થોડાના જ ધ્યાનમાં છે. જેઓ વિદ્વાન્ છે તેઓ 'પ્રેમ' ને સમજે છે, પણ તેને વ્યવહારમાં આણી શકતા નથી. કવિ નર્મદ આ સ્વર્ગીય 'પ્રેમ' ને કિંચિદ્ અંશે સમજી શક્યા હતા અને તેમણે પોતાના કવિત્વમાં 'પ્રેમ-શૌર્ય' નો શંખ ફૂંક્યો હતો, કિંતુ 'પ્રેમ-શૌર્ય' નું કોઈ મોટું મંડળ તે સ્થાપી શકે તે પહેલાં તેમનું અવસાન આવ્યું અને તે અમારી સૃષ્ટિમાં આવ્યા. સ્વર્ગીય પ્રેમની સંપૂર્ણ કલ્પના તે કવિવરને પણ અહીં આવ્યા પછી થઇ છે. સ્વર્ગીય પ્રેમની સાથે સ્થૂલ પ્રેમનું સંમિશ્રણ તેઓ સૃષ્ટિમાં કરતા અને પ્રેમાળ સ્ત્રીઓના પ્રેમાવેશને તૃપ્ત કરવાને કાંઇક માર્ગ શોધવાને તેઓ ભ્રમતા. વિધવાઓના પુનર્વિવાહ કરી તેમના મનનું વહન અન્ય પતિ તરફ કરાવવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. અહીંના સ્વર્ગીય પ્રેમનું દર્શન થયા પછી તે વિધવાઓના પુનર્વિવાહમાં તેમના પ્રેમભાવનું સાર્થક્ય માનવાની ભૂલ કરવા માટે હવે પશ્ચાત્તાપ કરે છે. પ્રેમના નિર્વિકારી સત્ય પાસે કુદરતી કાયદા કૃત્રિમ ઠરે છે, છતાં સૃષ્ટિ નિર્વિકારી નથી અને તેથી જ કુદરતે બાંધેલા નિયમોની સૃષ્ટિને અગત્ય છે એમ હવે કવિવર સમજવા લાગ્યા છે.

નાથ ! આ પ્રેમના સિદ્ધાંતને તમે બરાબર લક્ષમાં રાખજો. પ્રેમ તે જ ઇશ્વર છે અને ઇશ્વર પોતે જ પ્રેમ છે. જેમ તમારામાં પ્રેમ વધારે

તેમ તમે પ્રભુની વધારે નિકટમાં છો એમ સમજજો. ઘણી વાર જ્યારે આપણે કોઇને પણ ઉંડા અંતઃકરણથી અને સત્યતઃ ચાહીએ છીએ ત્યારે આપણને સ્વર્ગનો—સ્વર્ગીય આનંદનો અનુભવ થાય છે; તે સમયે આપણા પ્રેમની વસ્તુમાં આપણને અલૌકિક દિવ્યાતાનો ભાસ થાય છે ! આ જ 'પ્રેમ' સર્વત્ર સ્ફુરે ત્યારે આત્મા મોક્ષનો અધિકારી થાય છે. જો હું પૃથ્વીતલપર પાછી આવી શકતી હોઉં તો હું દુનિયાપરનાં સર્વે મનુષ્યોના કાનમાં 'પ્રેમ'નો જ ગુરૂમંત્ર મૂકી દઉં !

*   *   *   *   *

મરણનો-શોક.

નાથ ! મારા આ પત્રોથી પુનઃ મારા વિરહનું દુઃખ તમારા હૃદયમાં ઉભરાઇ આવ્યું છે તે હું હમજી ગઇ છું. પરન્તુ તમે તેમ ન કરો. હું કાંઇ તમારાથી દૂર નથી. તમે મારૂં વદન જોઇ શકો નહિ, પણ તેથી શું ? જોવું તે આંખોનો વિષય છે અને પ્રેમ તે મનનો વિષય છે. આંખોના સ્થૂલ વિષયની દરકાર ન કરો અને તમારા પ્રેમી મનને કહો કે તમારી પ્રિયતમા તમારી નિકટમાં જ ઊભી છે—કાંઇ દૂર અરણ્યમાં ચાલી ગઇ નથી પણ તમારા જ જેવી અને તેથી પણ વિશેષ સુખમય એક સૃષ્ટિમાં જીવે છે. તમે મારા મરણને માટે શોક કરતા હો તો તે વ્યર્થ છે, કારણકે હું કાંઇ પુનઃ સ્થૂલ શરીર ધારણ કરી શકું અથવા તમે જેને જીવન કહો છો તેવા જીવનમાં આવી શકું તેમ નથી જ. તો પછી નિષ્ફળ શોક કરવાથી શો લાભ ? લાભ કાંઇ જ નથી પણ એક ગેરલાભ થાય છે. તમારા શોકયયુક્ત મનના આકર્ષણથી મારો વાસનાદેહ પણ શોકયુક્ત થાય છે અને તેથી હું ગ્લાનિ પામું છું. હું જ નહિ પણ અહીં એવા હજારો બલ્કે લાખો આત્માઓ છે કે જેઓનાં ઐહિક—આ સૃષ્ટિમાંનાં સૂક્ષ્મ જીવન

સંસારી સગાંઓ અને મિત્રોનાં આંસુથી ગ્લાનિમય-દુઃખમય બની જાય છે. અહા ! જો તે શોક કરનારાં સંસારીઓ સમજે કે 'પ્રેમ' શું વસ્તુ છે અને પ્રભુનો પ્રેમ કેટલો અલૌકિક છે તો તેઓ ખરેખર શોક કરવાનું ત્યજી જ દે અને તેમનાં મરણ પામેલાં સંબંધીઓના સૂક્ષ્મદેહો આનંદમય અને આનંદમય જ બની રહે ! સૃષ્ટિપર આ સંદેશો હું એકલી જ તમને મોકલું છું એમ સમજશો નહિ. અહીં આવેલા લગભગ સઘળા આત્માઓ તેવો જ સંદેશો સૃષ્ટિપર મોકલે છે. સૌની ઇચ્છા એવી છે કે મરણ પામેલા આત્માઓ પાછળ શોક કરવામાં ન આવે અને તેઓના સૂક્ષ્મદેહોને દુઃખિત કરવામાં ન આવે.

પણ શોકાતુર માણસને ઉપદેશ આપવો તે કેટલીક વાર વ્યર્થ નીવડે છે. હું તે ઉપદેશ આપું, પણ તમે મને સાંભળી શકો નહિ, જોઇ શકો નહિ કે સ્પર્શી શકો નહિ, એટલે પછી તમે વિરહને લીધે દુઃખિત થવા લાગો તે સ્વાભાવિક છે. તમે અંધકારમાં તમારો હાથ લાંબો કરો, તમારી પ્રિયતમા કે જે નિકટમાં હોવાનું તે કહેતી હોય તેને અડકવાનો તમે યત્ન કરો, અને જ્યારે તમે કાંઇ જ જુઓ નહિ, તે વખતે તમે નિરાશ બની જાઓ તથા તમારૂં અંતઃકરણ તે ઉપદેશ માન્ય ન રાખે તે અસંભવિત નથી. પરન્તુ, તમે જેટલે અંશે તે માનતા ન હો, તેટલે અંશે તમે પ્રેમ અથવા પ્રભુ-પ્રેમને ઓળખી શકયા નથી એમ જ કહી શકાય. ઇશ્વરના પ્રેમને નહિ માનનારાઓ જ મરણ પામેલા માણસો પાછળ શોક કરે છે. જ્યારે એક માણસ તે માન્ય ન રાખતો હોય ત્યારે સમજવું કે તે એક નિર્બળ માણસ છે અથવા તો તેનામાંથી શક્તિનો-સૂક્ષ્મ શક્તિનો ક્ષય થતો જાય છે. હું એમ કહી શકતી નથી કે તમે ઇશ્વરને કે તેના પ્રેમને નથી માનતા પણ હું એટલું તો કહી શકું ખરી કે જે તેને તેના વાસ્તવિક સ્વરૂપમાં પિછાણે છે તે કદાપિ આ પ્રકારનો શોક કરતો

જ નથી. આ શબ્દોથી હું તમારા તરફ કાંઇ અવગણના બતાવતી હોઉં તો ક્ષમા યાચું છું.

*　　*　　*　　*

આત્મોન્નતિ.

આત્મોન્નતિનું પહેલું પગથિયું મરણ છે. આ વાત તમે ખરી માનશો કે નહિ તે વિષે હું કાંઇ કહી શકતી નથી, પરન્તુ બીજાઓ તો તે ભાગ્યે જ સાચી માને. હવે સાંભળો. હું આ લોકમાં આવી છું છતાં નિત્યમેવ તમારી નિકટ જ રહું છું. આ વ્યવહારને હું મારૂં એક પ્રકારનું સદ્ભાગ્ય માનું છું. આત્મોન્નતિ 'પ્રેમ' અને 'સેવા-ભક્તિ' ઉપર અવલંબી રહેલી છે; અને એ પ્રેમ તથા ભક્તિના સંદેશા જો તમે તમારી સૃષ્ટિમાં આવતા અટકાવો તો તે કાર્ય તમારા આત્માની ઉન્નતિમાં બાધક લેખાય. જગતને તમે દુનિયાના ચાર ખંડો જેટલું નાનું માનો છો તે ભૂલ છે. વસ્તુતઃ જગત્ અતિવિશાળ છે અને ચાર ખંડો તો સ્થૂળ જગત્ છે. સ્થૂળ જગત્ વિષે તમારે બહુ વિચાર ન કરવો. આ લોક અને પરલોક વચ્ચેનો વ્યવહાર મને અને અહીંના સર્વ આત્માઓને તમારા સ્થૂળ જગત્માંનાં પ્રેમીઓની સેવા કરવાને સાધનરૂપ થઇ પડે છે, હવે તમે સમજી શકશો કે મરણને આત્મોન્નતિમાં બાધક લેખનારાઓ કેટલી ભૂલ કરે છે.

અહીં એવા લાખો સદાત્માઓ છે કે જેઓ પૃથ્વીપરના તેમના સ્નેહીઓ તરફ પ્રેમ ધરાવે છે. અહીં એવી ઘણી માતાઓ છે કે જેઓને પોતાનાં પ્રિય બાળકોનો ત્યાગ કરવો પડ્યો છે. મારા જેવી ઘણી સ્ત્રીઓ પણ છે કે જેઓને તેમના સ્વામીઓની બાથમાંથી કાળે ખૂંચી લીધી છે, અને એવા બીજા અસંખ્ય આત્માઓ અહીં છે કે જેઓનો 'પ્રેમ' રૂપી આનંદ કાળના વહન સાથે દૂર વહી ગયો છે. આવા સ્નેહાતુર આત્માઓને કહીએ કે 'પ્રભુપર વિશ્વાસ રાખો,

તેના પ્રેમમાં મગ્ન રહો ’ તો શું તે ખાલી આશ્વાસન કાંઇ પણ ઉપયોગનું થઇ પડવા સંભવ છે ? જેઓમાં પ્રેમ છે તેઓ જ ઇશ્વરને અને ઇશ્વરી પ્રેમને પણ સમજી શકે છે. શું તમે એમ માનો છો કે અમે તમારાથી દૂર પ્રેમમય સુખી પ્રદેશમાં ગયાં છીએ, અને તેથી સૃષ્ટિપરનાં સ્નેહીઓને વિસરી ગયાં છીએ ? ના, નહિ જ. અમે તમને ચાહીએ છીએ અને હમેશાં વધુ વધુ ચાહતાં જઇએ છીએ, કારણકે જેમ જેમ અમારો આત્મા ઉન્નત થતો જાય છે, અને પ્રભુના પ્રસાદનું વધુ ને વધુ જ્ઞાન અમને પ્રાપ્ત થતું જાય છે, તેમ તેમ અમારા વાસનામગ્ન દેહોમાંથી વધુ અને વધુ પ્રેમ સ્વયમેવ સ્ફુરે છે. તોપણ તમારી સૃષ્ટિ સાથેનો અમારી સૃષ્ટિનો વ્યવહાર શા કારણથી તૂટી ગયો છે ?–શા કારણથી ઝાંખો–અલ્પ બની ગયો છે ? કાંઇક અમારા દોષથી, પણ વધારે તો તમારા જ–તમારી સૃષ્ટિના જ દોષથી.

તમારા ધર્મગુરૂઓ તમને કાંઇ નવું નવું સમજાવે છે. તેઓ જેમ કહે છે તેમ તમે કરો છો, તેઓ મનાવે છે તેમ માનો છો પરન્તુ જો અમારી સૃષ્ટિમાંનો કોઇ આત્મા તમારી અને અમારી સૃષ્ટિની એકતા સમજાવવાને કાંઇ વ્યવહારૂ પ્રયત્ન કરે, અને તમને કહે કે વસ્તુસ્થિતિ કાંઇક જૂદી જ છે, તો તુરત જ બૂમ ઉઠે છે કે એ તો પાપની વાત છે! એ તો ધર્મ વિરૂદ્ધ છે ! એ તો ભૂત અને પિશાચની ભ્રમણા છે ! પ્રિયતમ ! બીજાઓ ભલે એવા ધર્મગુરૂઓની વિચિત્ર અને અર્ધદગ્ધ વાતોમાં ભરમાયલા રહે, પણ તમે ભરમાશો નહિ ! હું તો ઘણુંએ ઇચ્છું છું કે બીજાઓ પણ વસ્તુસ્થિતિને સત્ય સ્વરૂપમાં સમજે; પરન્તુ તેઓના પર ધર્મગુરૂઓનું દબાણ રહ્યા કરતું હોય તો ભલે તેઓ અજ્ઞાનાંધકારમાં રહે, પણ તમે આ પ્રકાશને ફેંકી દેશો નહિ ! શું હું પિશાચ છું ? શું હું રાક્ષસ છું ? હું તમારામાં પ્રભુપ્રેમ જાગૃત કરવાને પ્રયત્ન કરૂં છું, અને તે સાથે સર્વ

ભૂતમાત્ર ઉપર તમારો પ્રેમ લંબાવવા ઉપદેશ કરૂં છું; ટુંકામાં કહેતાં હું તમને પ્રભુની વધારે નિકટમાં લાવવા યત્ન કરૂં છું, તે શું હું દુનિયાના સત્ય ધર્મની વિરૂદ્ધ કાર્ય કરૂં છું? પ્રભુની આજ્ઞા વિરૂદ્ધનું શું તે કાર્ય છે? તમે જાણો છો કે હું આ જ કાર્ય કરૂં છું, તેમાં જ મને આનંદ મળે છે અને મારો આત્મા ઉન્નત થતો હું જોઉં છું; તમે ના કહેશો અને કહેશો કે હવે પત્રો લખવામાં મારા હાથનો ઉપયોગ હું નહિ કરવા દઉં, તોપણ હું તો મારૂં તે કાર્ય કર્યે જ જવાની. મારાં આ કાર્યો શું પૈશાચિક પ્રકૃતિનાં છે? રાક્ષસી છે? હું જે કાંઇ તમારી પ્રત્યે તમારાથી જાણીતી રીતે કરૂં છું, તે જ હું બીજાઓ પ્રત્યે અજ્ઞાત રહીને કરૂં છું, અને તે બિચારાઓ આ ગુપ્ત અસરને જાણી શકતા નથી. જેવી રીતે હું તમારો હાથ પકડીને લખું છું તેવી જ રીતે બીજાઓનો હાથ પકડીને પણ લખી શકું, ધારૂં તો તેમને સ્થૂલ રૂપે પણ દર્શન આપી શકું, અથવા તો તેમના મગજમાં ઉપદેશ રૂપે કાંઇ નવીન વિચારો મૂકી શકું. આમાંની પહેલી રીતિથી હું તમારી સાથેનો સંબંધ ચાલુ રાખું છું, બીજી રીતિનો ઉપયોગ કરવા હું ઇચ્છતી નથી અને ત્રીજી રીતિ અમારો ધર્મ બજાવવાનું એક મુખ્ય સાધન હોઇ, બહુધા તેનો જ ઉપયોગ કરૂં છું.

અહો! અજ્ઞાનાંધકારમાં સબડતાં મનુષ્યોની સમક્ષ આ જ્ઞાનપ્રકાશ ફેલાવવાની કેટલી આવશ્યકતા છે? અહીં તો પ્રેમ અને સુખનું પાતાળ ભર્યું છે, પણ તે પાતાળ ફોડીને તેના ઝરા તમારી પૃથ્વીપર વહેવડાવે તેવા કોઇ નરની હવે દુનિયાને જરૂર છે. પાતાળ ફૂટવાની આડે માત્ર એક કાંકરો બાકી રહ્યો છે અને તે કાંકરો દૂર કરવાની માત્ર બાકી છે; પરન્તુ તે કાંકરો દૂર કરવાને અમે જે કાંઇ પ્રયત્ન કરીએ છીએ તે પ્રયત્નને તમારા તરફના ધર્માંધો નિષ્ફળ કરે છે! હું ધર્મ–ભેદો વિષે કહેતી નથી પણ 'પ્રેમ' વિષે કહું છું. જેવી રીતે સાગરમાં

જળ ભર્યું છે, તેવી રીતે અમારી દુનિયામાં ‘ પ્રેમ ’ ભર્યો છે. મનુષ્ય-જીવનરૂપ ઝીનારા સાથે અમારા પ્રેમસાગરના મોજાં અથડાય છે, ગર્જના કરે છે, પણ તમે તેનો ધ્વનિ શ્રવણ કરતા નથી અને તેનો અર્થ સમજતા નથી. આ સ્વર્ગીય પ્રેમના સાગરના નિર્ઝર તમારી દુનિયામાં પણ સ્ફુરે અને તેમાં મનુષ્યો સ્નાન કરે તેમ કરવાને શા-માટે યત્ન ન કરવો જોઇએ ? શું તે કરવાયોગ્ય નથી ? અને જો તે કરવાયોગ્ય નથી તો બીજું શું કરવાયોગ્ય છે ?

અમારી અને તમારી સૃષ્ટિ વચ્ચે વ્યવહાર ચાલુ કરવામાં જે કાંઇ ભય રહેલો છે તે ભય વિષે હવે હું થોડું કહીશ. આ ભય વિષે તમારી સૃષ્ટિમાં બહુ બહુ વાતો અને દંતકથાઓ ચાલે છે. અમારી સૃષ્ટિમાં પ્રેમ રહેલો છે એ તો અબાધ્ય સત્ય છે જ. પિશાચો અને તેમના સહચારીઓની વાતો કેવળ મનઃકલ્પિત નથી. તમારી સૃષ્ટિની પેઠે અમારી સૃષ્ટિમાં પણ દુષ્ટો, જુઠાઓ, રખડેલાઓ વગેરે છે. એ તો નિશ્ચિત છે કે સુખપ્રાપ્તિને અર્થે થોડું દુઃખ અથવા મુસ્કેલીઓ પણ વેઠવી પડે. હું તમને એક વ્યવહારૂ સવાલ પૂછીશ. તમારાં બાળકો કોઇ એવા મોટા પરદેશમાં ગયા હોય કે જ્યાંની વસતીના પ્રમાણમાં ત્યાં લુચ્ચા, ઠગારા, ઢોંગી, દારૂડિયા, દુષ્ટો પણ હોય; હવે આ થોડા હલકા લોકોના અને ઘણા સારા લોકોના વાતાવરણમાં તમારાં બાળકો ઉછરતાં હોય તેઓની સાથે તમે વ્ય-વહાર ચાલુ રાખો છો, તે વ્યવહારથી પેલા હલકા લોકોના વાતા-વરણની અસર તમને પણ થશે એવા ભયથી તમે તમારો વ્યવહાર છોડી દેતા નથી; તો પછી અમારી દુનિયામાં તેવા થોડા દુષ્ટાત્માઓ હોય તેઓ તમારૂં અશ્રેય કરશે તેવા વધુ પડતા ભયથી તમને ચાહ-નારા અનેક આત્માઓ સાથેનો વ્યવહાર તમે તોડી નાંખવા ઇચ્છો તો તે શું વાજબી છે ? તમારાં બાળકો સો પચાસ કે પાંચસો કોસ

દૂરનાં શહેરોમાં ગયાં હોય તો અમે પ્રભુના ધામમાં વસીએ છીએ એટલો જ માત્ર તફાવત છે.

હું તમને એકલાને જ આ વ્યવહાર ચાલુ કરવાનું અને તમારા દેહમાં બીજા આત્માઓને પેસવા દેવાનું કાંઇ કહેતી નથી; પરન્તુ સામાન્ય રીતે આ મોટી આવશ્યકતાનું સૂચન માત્ર કરૂં છું. તમને પોતાને જો કાંઇ વિશેષ લાભ થતો હોય તો તમે લુચ્ચા અને ઠગારાઓની સાથે પણ પરિચય પાડવાનું જોખમ ખેડો છો; શામાટે ? કાંઇક કાર્ય સાધવાને માટે. તો પછી અમારી પ્રેમસૃષ્ટિનો લાભ તમને મળવાનો સંભવ છે, છતાં વાસનાદેહોથી વસાયલા વિશાળ પરલોક સાથે વ્યવહાર ચલાવતાં કિંચિત્ જોખમ ખેડવું પડતું હોય, તો વધુ લાભની આશાએ તે જોખમ પણ ખેડવું જોઇએ. જો તમે પુનઃ પ્રશ્ન કરો કે શામાટે જોખમ ખેડવું જોઇએ ? તો તેનો ઉત્તર હું એ જ આપું કે તમે પ્રેમનો સિદ્ધાંત સમજ્યા નથી, તમે કોઇના પર પ્રેમ રાખી શક્યા નથી, અને અપર સૃષ્ટિમાં ગએલાં તમારાં પ્રેમીઓ—સ્નેહીઓને તમારી કેટલી સાહાય્યની આવશ્યકતા છે તે તમે જાણતા નથી. 'પ્રેમ' શબ્દને અવલંબીને જ મારા ઐહિક જીવનનું સાર્થક્ય રહેલું છે. તમે તે માન્ય રાખતા હો કે ન રાખતા હો, તોપણ હવે તે સંબંધે તમને કાંઇ વિશેષ કહેવા માંગતી નથી; પણ તમને મારૂં સર્વ કથન રૂચ્યું છે એમ હું તમારૂં મન વાંચીને કહી શકું છું.

'ભય' ની વાત સાંભળીને હજી પણ જો તમારૂં અંતઃકરણ થરથરતું હોય, તો હું કહીશ કે અહીંના દુષ્ટાત્માઓ અથવા પિશાચો, રાક્ષસો વગેરેનો ભય અતિ અલ્પ છે અને તમારી સૃષ્ટિમાં બહુધા તેની અતિશયોક્તિમય વાતો જ થાય છે. અસત્ય અને મૂર્ખતાવાળી બુદ્ધિમાંથી તેવી વાતો જન્મ પામેલી હોય છે અને તેવી જ બુદ્ધિ તે વાતોને સાચી માનીને તેનું પોષણ કરે છે. જો માત્ર તમે માનતા હો કે

આત્માનું અસ્તિત્વ અબાધિત જ રહે છે, અને જો તમે એટલું-વધારે માનતા હો કે અસ્તિત્વની સ્થિતિ બદલાય છે છતાં આત્માનું અસ્તિત્વ અથવા આત્મજીવન તો તેનું તે જ રહે છે, તો તમને પિશાચો કે રાક્ષસોનો ભય કાંઇ જ કરી શકે નહિ. અહીંનું જીવન કાંઇ અકલ્પનીય અને અકુદરતી નથી. સઘળું કુદરતી છે અને સર્વની ઉપર એકસરખી મહાન્ સત્તાનું રાજ્ય ચાલે છે.

વાસનામય જીવન.

પ્રિયતમ ! તમારી સાથે ચાલુ કરેલા આ વ્યવહારનો હેતુ મેં મુખ્યતઃ કહી બતાવ્યો છે અને તે સાથે મેં અમારા ઐહિક જીવનનો કિંચિત્ ખ્યાલ પણ તમને આપ્યો છે. પરન્તુ તે ખ્યાલ જોઇએ તેટલો સ્પષ્ટ નથી; તેથી હવે હું અહીંના અમારા વાસનામય દેહના વાસનામય જીવનના પ્રારંભથી માંડીને સર્વ વિગત * *

* * * *

તુરત જ કુટીનું દ્વાર ઉઘડયું. જોગીરાજ અંદર આવ્યા. પ્રભાત થવા આવ્યું હોવા છતાં કુટીમાં હજી દીપક બળતો જ હતો અને અતિથિ પુસ્તક વાંચતો જ હતો ! જોગીરાજ આશ્ચર્ય પામ્યા. અતિથિનું ધ્યાન જોગીરાજના આગમન તરફ ખેંચાયું. તેના મુખમાંથી કાંઇ શબ્દો નીકળે તે પહેલાં જોગીરાજ બોલી ઉઠયા: “ અહો ! હજી શું તું જાગે છે ભાઈ ? પ્રભાત થવા આવ્યું, અરૂણોદય થઇ ગયો. હું સમુદ્રસ્નાન કરીને પણ પાછો ફર્યો છું. હજી શું તને નિદ્રા આવી નથી ? ”

“ ગુરૂજી ! પિતાજી ! નિદ્રાવિદારણ ઔષધિરૂપ આ પુસ્તક આપે મને આપ્યું છે, પછી નિદ્રા કેમ આવે ? આવું અમૂલ્ય પુસ્તક તમે મને આપીને મારા પર જે ઉપકાર કીધો છે તેની કદર કરતાં પણ મારા મુખમાંથી બે અક્ષર નીકળી શકતા નથી ! ઐહિક અને પારલૌકિક શ્રેયસ્ સાધવા માટે જ તમે અને શ્રીમતી નન્દિનીદેવીએ આ જગતમાં અવતાર ધારણ— ”

"વારૂ." જોગીરાજ બોલ્યાઃ "હવે પુસ્તક બંધ કર અને સ્નાનાદિમાં પ્રવૃત્ત થા. હમણાં પ્રભાત થશે. વાચન પછી મનન અને નિદિધ્યાસન વિના વિશેષ વાચનથી અજીર્ણ પેદા થાય છે."

"ક્ષમાયાચના સાથે આજે આખો દિવસ આ પુસ્તકનો સમાગમ હું આપની પાસેથી માંગી લઉં છું. સ્નાન, સંધ્યા, આહાર એ સર્વેનો આજે હું ત્યાગ કરીશ; પણ એક વાર આ આખું પુસ્તક મને વાંચી જવા દો." અતિથિએ ઋજુતાભર્યા વદન સાથે કહ્યું.

"તે યાચના અનુચિત છે. તે પુસ્તક મને આપ; પુનઃ કોઇ વાર હું તને તે આપીશ."

"અરેરે! એક પ્રિયતમ વસ્તુથી મને શામાટે વિયોગ પડાવો છો, ગુરૂજી? તે પુસ્તક પૂરૂં કર્યા વિના મને નહિ ચેન પડે! જે ઐહિક અને પારલૌકિક જ્ઞાન આ સર્વ વિશ્વના નિષ્કર્ષરૂપ છે તે પ્રાપ્ત કરવાનું અમૂલ્ય સાધન જ આ પુસ્તક છે અને તે પુસ્તકના વાચનથી મને શાને વંચિત રાખો છો ગુરૂજી? મને શાને દુર્ભાગ્યમાં ડુબાવો છો?"

જોગીરાજ કાંઇ નહિ બોલતાં, અતિથિના વદન સામે જ નિહાળી રહ્યા.

અતિથિ આગળ બોલવા લાગ્યોઃ "શું ત્યારે તમે મારી ઉત્સુકતાને અભિતૃપ્ત નહિ કરો? ગુરૂજી! તમે કેમ મારાપર આટલો કોપ કરો છો? મારા શ્રેયસ્‌ને અર્થે જો તમે તે પુસ્તક મને વાંચવા આપ્યું હતું તો તે કેમ મને પૂરૂં વાંચવા દેતા નથી? શું મેં કાંઇ દોષ કર્યો છે? ભલે રહ્યું, તે પુસ્તક ભલે મારી પાસે જ રહ્યું; મને તે પૂરૂં વાંચવા દો."

અતિથિ કાંઇક બ્હાવરો બનતો જતો હોય એમ જોગીરાજે જોયું. ઉત્સુકતામાંથી બ્હાવરાપણું જાગતું જતું હતું અને તેમાંથી કદાચ ઘેલછાનો પ્રવેશ થઇ જાય તેવી ભીતિ જોગીરાજના ચિત્તમાં ઉદ્‌ભૂત થઈ. એ પુસ્તકનું વિશેષ વાચન અતિથિને એકદમ લાભકારક થઇ

પડશે નહિ એમ જોગીરાજને સમજાયું અને તેથી હરકોઇ રીતે તેને શાંત કરવાનો પ્રયત્ન તેમણે કરવા માંડયો.

“ ભાઈ! તું આટલો આકળો શાને થાય છે? તારા શ્રેયસને અર્થે જે પુસ્તક ઉપયોગી છે તેનો તારાથી વિયોગ થવા દઉં એવો શું હું ક્રૂર છું? નહિ, તેમ તું માનીશ નહિ. હું પોતે જ તે પુસ્તક તને વાંચી સંભળાવીશ અને તેનો વિશેષાર્થ પણ કહીશ. પછી આટલી ઉત્સુક્તા શામાટે ? ”

“ શું તે ખરૂં કહો છો ? તો પછી ક્યારે તમે મને વાંચી સંભળાવશો ? ”

“ આજે મધ્યાહ્નને તે માટેનો સમય આપણે નક્કી કરીશું. પણ અત્યારે તો હવે એ પુસ્તકનું વાચન બંધ કરવું જ ઉચિત છે, માટે તે પુસ્તક મને આપ અને સ્નાન કરવા માટે સમુદ્રકિનારે જા. જો, પ્રભાત કેવું ખીલી નીકળ્યું છે? તારા મનસ્તરંગોનો તે તને કાંઇક ગૂઢ ઉત્તર આપશે ! ”

આસપાસથી આવૃત્ત થએલું અતિથિનું ચિત્ત શાન્ત થયું. અણમાનતે મને પણ ગુરૂજીની આજ્ઞાને વશ થઇને પુસ્તક પાછું જોગીરાજના હાથમાં મૂકયું.

પ્રકરણ ૧૧ મું.

બાલકુમારી ! !

નન્દિની વાટિકાના પશ્ચિમ દિશા તરફના પ્રાન્ત ભાગમાં મેંદીની વાડોથી ઘેરાએલી એક નાની કુંજમાં જોગીરાજ અને બાલકુમારનો અતિથિ કાંઇ ગૂઢ ચિન્તનમાં બેઠો હતો.

દિવસના ત્રીજા પ્રહરનો અમલ ચાલતો હતો, તથાપિ સૂર્ય પ્રચંડ હતો; પરંતુ કુંજમાં સૂર્યના તડકાથી પડતાં ચાંદરણાં સિવાય સર્વત્ર શીતલ છાયાનો વિસ્તાર હતો. અતિથિ કેળનાં બે પાંદડાં પાથરી તે પર જરા આડે પડખે થયો હતો. ગઈ આખી રાત્રિનો ઉજાગરો હતો છતાં આંખોમાં હજી નિદ્રા નહોતી. જોગીરાજના સ્નેહજીવને અને નન્દિનીનાં સ્વર્ગીય પત્રોએ તેની નિદ્રાને ઉરાડી મેલી હતી, ભૂખ તરસને હાંકી કાઢી હતી અને દેહભાનને પણ દૂર ફેંકી દીધું હતું. જગત્ જો પ્રેમથી ભરપૂર હોય, તો પછી જગત્‌ના આ પૃથક્ પૃથક્ ધર્મોના વાડા, ઝગડા, મતમતાંતર, અહંત્વ, મમત્વ ઇત્યાદિ કાંઇ જ ન રહે તેના એક ચિન્તનમાં તેનું ચિત્ત ધ્યાનનિષ્ઠ બની ગયું હતું. સ્હવારથી તેના ચિત્તમાં કાંઈ ઉદ્વેગ પેઠો હોય તેવી રીતે તે બ્હાવરો બનેલો જોવામાં આવતો હતો, પરન્તુ વસ્તુતઃ તે કાંઇ ઉદ્વેગ નહોતો. નન્દિનીનાં પત્રો વાંચવાની અપરિમિત ઉત્સુકતા તેના ચિત્તમાં હતી અને પારલૌકિક જીવનનો વધુ ને વધુ અહેવાલ જાણવાની ઉત્કંઠાથી તેનું ચિત્ત ઘેરાઇ ગયું હતું. તે સ્નાન કરી આવ્યો, ધ્યાનમાં પ્રવૃત્ત થયો, ભોજન કર્યું ઈત્યાદિ સર્વ આહ્નિકમાંથી તે પરવાર્યો, છતાં તે સર્વ ક્રિયાઓ કરતાં તેનું ચિત્ત અન્ય કોઇ વિચારમાં પરિભ્રમણ કરતું હોય તેમ જોગીરાજ સ્પષ્ટ રીતે જોઇ શક્યા હતા. મનના પૂરતા પ્રાબલ્ય વિના કદાચ તે પત્રોનું વાચન વિપરીત અસર ફેલાવશે, એવી ભીતિ જોગીરાજના ચિત્તમાં જાગૃત થઇ હતી. અતિથિ જમી રહ્યા પછી બાગમાં ફરતો ફરતો વાટિકાને દૂરને છેડે આવેલી નાની કુંજમાં આવી પહોંચ્યો અને જે વિચારો પ્રભાતથી ચિત્તમાં પરિભ્રમણ કરી રહ્યા હતા, તે વિચારોને પુષ્ટ કરવા અને બને તો દીર્ઘ વિચારણાવડે શાન્ત કરવા તે એકાન્તની સાધના કરવા માટે શાંતિથી કેળનાં પાતરાંની પથારી કરી સૂતો. વિચારનિમગ્નતાએ રાત્રિની નિદ્રાને દિવસે

પણ આવતી અટકાવી. પ્રેમ અને પ્રભુના પ્રેમના વિચારો ચિત્તમાં, કંઠમાં અને છેવટે મુખમાં આવીને વસ્યા:

"પ્રભુનો પ્રેમ સાચો છે, પ્રભુનો પ્રેમ સાચો છે;
"પ્ર...ભુ...નો પ્રેમ સા...ચો છે!
"નથી કંઈ વિશ્વમાં દુઃખો, સુખથી ભરપૂર સૃષ્ટિ છે,
"મનુજ દેખે દુખો તે તો, પ્રભુ...ની પ્રેમી દષ્ટિ છે,
"પ્રભુની પ્રેમી દષ્ટિ છે,
"પ્રભુ...ની પ્રેમી દ...ષ્ટિ...છે!
"પ્રભુનો પ્રેમ સાચો છે, "પ્રભુનો પ્રેમ સાચો છે!
"જગત્ અજ્ઞાનમાં ડૂબ્યું, નથી સદ્જ્ઞાનનો છાંટો,
"નહીં પરલોકને સમજે, વૃથા છે જન્મનો આંટો,
"વૃથ છે જન્મનો આં...ટો!
"પ્રભુનો પ્રેમ સાચો છે, "પ્રભુનો પ્રેમ સાચો છે!!
"પુકારો પ્રેમના થાતા!
"પુકારો પ્રેમના થાતા! વિષય પ્રેમે જ સમજાતા!
"નહિ સમજે સુપ્રેમોક્તિ, ક્યહાં છે ત્યાંસુધી મુક્તિ?
પ્રભુનો પ્રેમ સા...ચો છે!
*"આ દરબાર દરવાજે, ડંકા પ્રેમના વાજે,
"પરંતુ બે...વફાઇનાં, ઉપર નિશાન ફરકે છે!
"પ્રભુનો પ્રેમ સાચો છે!
"ખુદાનો પ્રેમ સા...ચો...છે!"

" અહા! જોગીરાજના સ્નેહજીવને અને દેવી નન્દિનીનાં પત્રોએ મને આજે સૃષ્ટિના નવીન પ્રકાશમાં મૂક્યો છે! 'પ્રેમ'ની લક્ષણા આજે જ હું સમજી શક્યો! 'પ્રેમ' અને 'મોહ' વચ્ચે જેટલો

* આ બે ચરણ કલાપીનાં છે.

તફાવત છે તેટલો જ 'પ્રેમ' અને 'વિષય' વચ્ચે તફાવત છે ! અહો ! મનુષ્યો–આ જગતનાં બિચારાં પામર મનુષ્યો–અને શું તેઓ જ્ઞાનહીન હોઇને પામર નથી ?–તેઓ 'પ્રેમ' ને અને 'મોહ'ને તેમના વાસ્તવિક સ્વરૂપમાં નહિ સમજી શકતાં હોવાથી જ પ્રેમને નામે વિષયમાં ફસાય છે અને આત્માને દુર્વાસનાના આવરણથી ઢાંકે છે ! 'પ્રેમ'ને તેના યથાર્થ સ્વરૂપમાં હવે તેઓ કેવી રીતે સમજતા થાય ? અહોહો ! કેટલું વિશાળ જગત્ અને તેમાં કેટલાં બધાં મનુષ્યો, તેમાંથી કેટલાં થોડાં તે પ્રેમને સમજતા હશે અને તેમાંથી પણ કેટલાં થોડાં તેને સમજીને આચારમાં મૂકી શકતાં હશે ? ખરેખર, દુનિયા અજ્ઞાનના અંધકારથી ઘેરાએલી છે અને તેને દોરનાર કોઈ દેવ કિંવા દેવીની આ સમયે જ મોટી જરૂર છે ! પ્રભુ ! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે તમે અવતાર ધારણ કરો છો, તો શામાટે આવા સમયે તમે **तदात्मानं सृजाम्यहं** કહેતા અમારી રંગભૂમિમાં સત્વર ખડા થતા નથી ? દુનિયાને પારલૌકિક સત્ય જ્ઞાન આપ્યા વિના તેનું ઉદ્ધરણ થઇ શકવાનું નથી જ ! તો પછી આ સમયે શામાટે જગતને ઇશ્વરના અવતારની આવશ્યકતા ન લેખાવી જોઇએ ? અને નન્દિની માઇ ! માઇ નહિ પણ દેવી ! પ્રથમ પદે તો તમારી જ આ જગતને જરૂર છે ? શામાટે તમે આ સૃષ્ટિમાંથી ચાલ્યાં ગયાં ? શામાટે તમે તમારી સૃષ્ટિનો સંદેશો જાતે કહેવાને આ જગતમાં અવતાર ધારણ નથી કરતાં ? શામાટે તમે તમારાં પત્રોનો પ્રસાર આખા જગતમાં નથી કરતાં ? આ પૃથ્વી અને મંગળના ગ્રહ વચ્ચે જેટલું સ્થૂલ અંતર છે તેથી ઘણું જ ઓછું સૂક્ષ્મ અંતર ઇહલોક અને પરલોક વચ્ચે છે. મંગળના ગ્રહમાંની વસતિ સાથે પોતાનો સબંધ બાંધવાને આ સૃષ્ટિના લોકો બહુ બહુ યત્ન કરે છે અને જો કદાચિત્ બને તો તેઓ મંગળના ગ્રહ સુધી રેલ્વે બાંધવાને પણ

તૈયાર થાય તેવા ઉત્સુક છે; તો પછી શામાટે આ થોડા અંતરવાળી ઇતર સૃષ્ટિ સાથેનો વ્યવહાર સજીવન કરવાને યત્ન કરવામાં આવતો નથી ?! દેવી **નન્દિની**! તમે ખરૂં કહો છો ! તમારી સૃષ્ટિના લોકો અમારી સૃષ્ટિ સાથે વ્યવહારની સાંકળ સાંધવાને ખરેખરા ઉત્સુક છે પરન્તુ અમારી સૃષ્ટિનો જ તે દોષ છે કે તેનામાં એવું ઔત્સુક્ય નથી ! ! મંગળના ગ્રહ સાથે તે અથડાવા દોડે છે, પરન્તુ પડોશમાં રહેલી સૃષ્ટિ સાથેના ઉચિત અને આત્મોન્નતિકારક વ્યવહારનું તેને ભાન નથી ! **નન્દિની**! દેવી **નન્દિની**! માતા **નન્દિની** ! મને તારી પાસે બોલાવ ! તારી પ્રેમમય સૃષ્ટિનું દર્શન કરવા માટે મને તું તારી સાથે રાખ અને ‘પ્રેમ ’થી અનભિજ્ઞ આ મૃત્યુલોકના માનવીને તારા અમર લોકની કલ્પનાથી અભિજ્ઞાત કર! અહો ! તે કેવી દિવ્ય સૃષ્ટિ હશે ? ત્યાંનાં મનુષ્યોનું કેવું દિવ્ય સ્વરૂપ હશે ? ત્યાં પ્રેમમય વાતાવરણ માનસ્ શરીર-વાળા આત્માઓને કેટલું સુખદ થઇ પડતું હશે ?! ઓ દુર્ભાગી માન-વીઓ ! પ્રેમ, ભ્રાતૃભાવ અને નીતિનું મૂલ્ય આંકતાં શીખો ! તેથી હીન રહેલા આત્માઓની માનસિક દુર્દશાની કલ્પના કરો ! અરે, પણ તે બિચારાંઓ તેની કલ્પના કેવી રીતે કરી શકે ? તેઓને સમજાવનાર **નન્દિની** જેવી માતા તો સ્વર્ગમાં જઇને બેઠી છે ! ઓ માતા ! ઓ માતા ! આ ક્ષુલ્લક હૃદયને તારી પ્રસાદી આપ ! તારી પાસે બોલાવ. તારી સૃષ્ટિનું દર્શન કરાવ ! માતા ! માતા ! અતિ પરિચયને લીધે હવે મને આ જગત્ અકારૂં થઇ પડ્યું છે, તો તારી પ્રેમોજ્જ્વલ સૃષ્ટિમાં મને બોલાવ ! ” વિરહથી પીડિત થએલો પ્રેમી સંયોગાતુર થાય, તેવી રીતે અતિથિની વિચારમાળા જેમ જેમ વધવા લાગી, તેમ તેમ તેની આતુરતા પણ વધવા લાગી. “ **નન્દિની** ! માતા **નન્દિની** ! ” કહેતો વળી તે કાંઇ ઉચ્ચ સ્વરે બોલવા જતો હતો, તેવામાં **બા-લકુમાર** તેની સામે આવીને ઊભો અને પોતાની સ્વર્ગવાસી માતા

નન્દિનીના નામનો ઉચ્ચાર સાંભળીને આશ્ચર્ય પામતો થોભ્યો. અતિથિ બાલકુમારને પોતની આંખો સામે જોતાં જ હર્ષઘેલો બન્યો. "અતિથિનું ચિત્ત આજે વિહ્વલ અને ઉદ્વિગ્ન જણાય છે તો બપોરના તેને તું જરા શાન્ત કરજે" એવી પિતાજી તરફથી બાલકુમારને આજ્ઞા મળવાથી તે અત્યારે આખી વાટિકામાં ભ્રમતો ભ્રમતો મોટી મહેનતે અતિથિને શોધી કાઢીને અહીં આવી પહોંચ્યો હતો. તે હજી કાંઇ પણ બોલે તે પહેલાં અતિથિ ઉઠયો, બાલકુમાર તરફ ધાયો અને "ઓ ! દેવીસ્વરૂપ માતા નન્દિનીના પ્રેમપુષ્પ ! તે માતાના ઉદરથી જન્મ લેવા માટે તું કેટલો ભાગ્યશાળી છે ?" એમ બોલતો બાલકુમારને આનંદમાં, ઉત્સાહમાં અને મુગ્ધતામાં, હર્ષાશ્રુ સમેત ભેટી પડયો ! તેની તે હર્ષઘેલછાને જોતો અને ભય તથા સંકોચ પામતો બાલકુમાર અતિથિના બાહુદ્વયમાંથી છૂટયો અને તેનાથી દૂર જઇને ઊભો. તેના હાથ, પગ, અને આખું શરીર કમ્પવા લાગ્યું. તેના વદન ઉપર રતાશ સ્ફુરી આવી પરન્તુ તેમાં ક્રોધ આવિર્ભૂત નહોતો એ તો સ્પષ્ટ જોઇ શકાતું હતું. તેનું હૃદય વધારે વેગથી ઉછળતું જણાતું હતું, પરંતુ તે ભયથી ઉછળતું હશે કે કેમ તેનો નિર્ણય કરી શકાય તેમ નહોતું. તેનાં નેત્રો કિંચિત્ સજળ થવાથી વધારે ચળકતાં હતાં પણ તેમ થવાનું કારણ શું હશે તે અતિથિના સમજવામાં આવી શકયું નહિ. આવી સ્થિતિ પામેલા બાલકુમારને પોતાથી દૂર ઊભેલો જોઇને અતિથિ બોલ્યો: "બાલકુમાર ! અહો દૈવી તનુ ! તમે ભય પામશો નહિ ! હું કાંઈ ઘેલો કે બેભાન બની ગયો નથી ! મને હર્ષસન્નિપાત થઇ ગયો સમજીને તમે શોક પણ કરશો નહિ ! હું ભાનમાં છું ! પણ માતા નન્દિનીનું ઐહિક તથા પારલૌકિક ચરિત્ર જાણીને મને જે અતિહર્ષ થઈ ગયો છે તેથી ઉશ્કેરાઇને જ તેમના પ્રેમપુષ્પરૂપ તમારા તનુને

હું વળગી પડ્યો હતો—તમારા ચરણનું ચુંબન કરવા જતો હતો;" અતિથિ હસીને બોલ્યો: "અને શું તમે મને ઘેલો બની ગએલો સમજ્યા કે?"

"ન...હિ, અતિથિ!" બાલકુમાર થડકતે સ્વરે બોલ્યો: "હું..." તેનાથી આગળ બોલાયું નહિ. સજળ નેત્રો વધારે સજળ થયાં. તેમાંથી બે અશ્રુબિંદુઓ ટપક્યાં અને તે **બાલકુમારની** ભગવા રંગની કફનીપર પડ્યાં.

"**બાલકુમાર!**" અતિથિ તેની પાસે જતો બોલ્યો: "તમે આજ આટલા બધા ગભરાયલા કેમ છો? શું અહીં તમને પિતાજીએ મોકલ્યા છે? કહોને, તમે કેમ જવાબ આપી શકતા નથી, હેં?"

નેત્રો લૂછીને થોડી વાર વિરામ લેઇને **બાલકુમાર** બોલ્યો: "અતિથિ! પ્રિય અતિથિ! મારા ચરણનું ચુંબન તમારે કરવું ન ઘટે! વળી તેમ કરવા જતાં તમે એક દોષ કર્યો છે. હું **બાલકુમાર** નહિ, પણ વસ્તુતઃ **બાલકુમારી** છું, જે સત્ય આજે મારે આ વાટિકામાં આવ્યા પછી સૌથી પહેલાં તમને જ જણાવવું પડ્યું છે!! તે પહેલી વારના મહાદોષે અને અપરિચિત સ્પર્શે મારા હૃદયને અને શરીરને કમ્પિત કર્યું છે, નેત્રોને સજળ કર્યાં છે, અતિથિ!"

"હેં! ત્યારે શું હું અત્યારસુધી જેના સહવાસમાં રહ્યો તે એક કન્યા છે? અરે, **બાલકુમારી** શું એ સત્ય છે? ત્યારે હું તમારી ક્ષમાનો પ્રાર્થી છું." અતિથિ હાથ જોડી **બાલકુમારીની** સામે શિર ઝુકાવીને ઊભો.

પ્રકરણ ૧૨ મું.

રાજા અને રાજમાતા.

વિભાગો ભોજ્ય-ભોક્તાના પાડેલ છે વૃથા અમે !
ભોક્તાનો માર્ગ જૂદો કૈં, ભોજ્યનોય જુદો વળી !

કલાપી.

વાચક ! સૂર્યસિંહને આપણે બહુ વખતથી વિસરી ગયા છીએ; પરન્તુ હવે તો આપણે તેના સંસારની અવશ્ય ઝાંખી કરીશું. લગ્ન પછી બીજે જ દિવસે બીજી સ્ત્રી પરણવા સંબંધે સૂર્યસિંહ શું નિશ્ચયપર આવે છે તે જાણવાને રાજમાતા અતિ-ઉત્સુક થઇ રહ્યાં હતાં. સૂર્યસિંહનો તે સંબંધી નિશ્ચય રાણી રમાકુંવરની સંમતિ ઉપર અવલંબી રહ્યો હતો અને તે સંમતિ વિષે જે પરિણામ આવે તે રસિકલાલદ્વારા રાજમાતાના જાણવામાં આવે તેવી ગોઠવણ થઇ હતી. પરન્તુ સૂર્યસિંહનો બીજું લગ્ન નહિ કરવા સંબંધી હજી પણ દૃઢ રહેલો નિશ્ચય તથા રમાકુંવર જેવી નિર્દોષ અભિલાષવતી બાળાને તત્સંબંધી પ્રશ્ન કરવાની પણ રાજાના સુકોમળ હૃદયની અસમર્થતા તે સર્વ રસિકના જાણવામાં આવ્યા પછી રસિક તે વાત રાજમાતાને જાહેર કરે તે પહેલાં તો નવીન જ વિઘ્ન પેદા થયું અને રસિક કોઇ અજ્ઞાત દિશાએ ચાલ્યો ગયો. લગ્ન પછીનો બીજો દિવસ વીતી ગયો. સૂર્યસિંહનો વિચાર જાણવાને ઉત્સુક બનેલાં રાજમાતા કાગને ડોળે રસિકના આગમનની રાહ જોવા લાગ્યાં પરન્તુ રાત્રિ પડતાંસુધી નિરાશા મળી. બીજા દિવસનું પ્રભાત થયું. રાજમાતાએ દીવાનને ત્યાં રસિકની તપાસ કરાવી તો ખબર મળી કે રમણાનંદજી સાથે તે ભદ્રસુખ તરફ ગએલો છે પણ હજી પાછો ફર્યો

૧૦

નથી. રમણાનંદજીનો ઉતારો અન્ય સ્થળે હતો, પણ મોહનાદેવીને ત્યાંથી તેમનો પત્તો મળ્યો. રમણાનંદજીએ જણાવ્યું કે "રસિકલાલ તો મધરાત્રે અમારી સાથે જ શહેરમાં પાછા આવ્યા છે. તે પોતાને ઉતારે જવા માટે અમારાથી માર્ગમાં જ છૂટા પડયા હતા." વાત ચારે બાજુએ ફેલાઇ. જૂદે જૂદે સ્થળે તપાસ કરાવી, પણ રસિકનો પત્તો મળ્યો નહિ. સૂર્યસિંહે પણ રસિકનો પત્તો નહિ મળવાની વાત જાણી. રમણાનંદજીનાં સત્ય વચન વિષે કોઇને શંકાશીલ થવાનું સ્વપ્ન પણ નહોતું એટલે રસિક જતો રહ્યો હોવા વિષે સૌ જૂદી જૂદી કલ્પના કરવા લાગ્યા. રસિક એક પ્રવાસે નીકળેલો યુવક હતો અને તેથી કોઈ તરફથી જવાની રજા નહિ મેળવી શકાય એમ ધારીને રજા વિના જ તે ચાલ્યો ગયો હોવો જોઇએ, એમ દિવાને અનુમાન કર્યું. સૂર્યસિંહે માન્યું કે પોતા તરફના નિરાશાજનક ખબર રાજમાતાને આપતાં રાજમાતા ક્રોધ કરશે એવી ભીતિથી રાજમાતાને અપ્રિય નહિ થવાના હેતુથી તે કોઇને કહ્યા વિના જતો રહ્યો હોવો જોઇએ. તે શામાટે ચાલ્યો ગયો હશે તે વિષે રાજમાતા તો કાંઇ દૃઢ નિશ્ચય કરી શકયાં નહિ. રસિક જવાથી સૌથી વધારે દુઃખ સૂર્યસિંહને થયું. સમવયસ્ક અને સમબુદ્ધિશાળી મિત્રનો વિયોગ સહૃદય મનુષ્યોને હમેશાં ઉદ્વેગજનક થઇ પડે છે. રસિક અને સૂર્યસિંહનાં દિલ એવાં મળી ગયાં હતાં કે સૂર્યસિંહ પ્રતિક્ષણે રસિકનો સમાગમ ઇચ્છતો હતો અને હવે તો રમાકુંવર જેવું નવું પંખી મહેલમાં આવ્યા પછી રસિક જેવા મિત્રનો સમાગમ વિશેષ આનંદજનક અને ચિત્તતોષક થઇ પડવાની સૂર્યસિંહે આશા રાખી હતી. બુદ્ધિ અને કલ્પનાના વિવાદો હવે સૂર્યસિંહને મન સુકાઈ ગયા જેવા થઇ રહ્યા હતા. નવીન પક્ષીનો કલરવ મહાલયોપવનમાં શ્રવણગોચર થવા લાગ્યા પછી સૌંદર્ય અને માધુર્યની વિવાદજનક કલ્પનાઓ ચિત્તમાં સ્ફુરવા લાગી હતી

પરન્તુ તે કલ્પનાઓને પુષ્ટ કરનાર યોગ્ય વિવાદક હવે સૂર્યસિંહની પાસે રહ્યો નહોતો. ગરીબ બિચારૂં સરલ પક્ષી તો મધુરા નાદ કરવાનું અને પોતાના સ્વામીને રીઝવવાનુંજ સમજતું હતું એટલે એ નાદની ફીલસુફી સમજવાને તે કેવળ અસમર્થ હતું! તે પક્ષીમાં સર્વ પ્રકારની સમર્થતાનાં બીજ કુદરતે રોપી રાખ્યાં હતાં, પરન્તુ હજી તે બીજના અંકુરો ફૂટ્યા નહોતા અને ત્યાંસુધી પોતાના જ નિનાદનું ગૂઢ રહસ્ય સમજવાને તે પક્ષી અસમર્થ હતું—એટલું બધું તે મુગ્ધ હતું—સરલ હતું. રસિક જેવા સહૃદય વયસ્યનું સ્થાન તે અપરિચિત, નવીન અને મુગ્ધ પક્ષી લે, તે સમયને હજી કેટલીક વાર હતી અને તેથી રસિકનો આકસ્મિક વિરહ સૂર્યસિંહને દુઃખપ્રદ થઈ પડ્યો. તેણે બહુ બહુ સ્થળોએ તપાસ કરાવી. ભદ્રપુરની આસપાસનાં કેટલાંક રમણીય અને ઐતિહાસિક સ્થાનોમાં, બાવાઓના અખાડામાં, અને નજીકનાં ગામોમાં સર્વત્ર તેણે તપાસ કરાવી, પણ પત્તો ન જ લાગ્યો. મિત્રના વિરહથી ગમગીન થઈ પડેલા અને મુખમાંથી નહિ પણ હૃદયમાંથી ઝરી રહેલા કવિત્વવાળા સૂર્યસિંહની પાસે રાજમાતા આવી પહોંચ્યાં. સૂર્યસિંહ શોકમાં લીન હતો—ગમગીનીમાં ગરક થએલો હતો, છતાં માતાના આગમન તરફ તેનું ધ્યાન ખેંચાયું અને સુખાસન ઉપરથી ઉભા થઈ વંદન કર્યું. માતાએ સ્વાભાવિક પ્રશ્ન કર્યો: "કેમ બેટા! શરીર તો સ્વસ્થ છે? રસિકનો કાંઇ પત્તો લાગ્યો?"

"ના માજી, કાંઇ પત્તો નથી! અટન કરવા નીકળેલો એ અપરિચિત પ્રવાસી પુનઃ ક્યાંય અટન કરવા જ ચાલ્યો ગયો હશે! આપણે ત્યાંનો નિવાસ તેને પિંજરાના જેવો બંધનકારક લાગ્યો હશે અને તેથી વિનારજાએ તેણે જતા રહેવાનો આ માર્ગ શોધ્યો હશે એમ હું અનુમાન　છું." સૂર્યસિંહે કહ્યું.

"હા, તેમ હોય; પણ જે માણસ તેવી રીતે જાય તે શું દૂર

ગયા પછી પત્ર પણ ન લખે? આજે તેને ગયાને ત્રણ દિવસ થયા. ખરી રીતે તો તે પત્ર લખી, કોઇ રીતે આપણને તે પત્ર તુરત જ મળે તેવી ગોઠવણ કરીને પછી જાય; પણ આવી રીતે તે વિચારશીલ યુવાન્ આપણને ચિંતાતુર કરીને જતો રહે એ મને કાંઇ બરાબર લાગતું નથી." સંસારના અનેક અનુભવોથી પક્વ બનેલા હૃદયવાળાં રાજમાતાએ જણાવ્યું.

"ત્યારે કેમ બન્યું હોય?"

"મને તો રમણાનંદજી ઉપર અવિશ્વાસ પેદા થાય છે."

"તેમ ન હોય, માતા! તેમ ન હોય! તેવા વિદ્વાન્ અને ત્યાગી સંન્યાસીને વળી એક સંસારી યુવાન્ સાથે શું વૈર હોય કે તે એમ કરે? અરે, એ તેજસ્વી યુવાનનો ઘાત કરતાં કોનો જીવ ચાલે? નહિ, નહિ; એમ બનવું શક્ય તો શું પણ સંભવિત જ નથી." સૂર્યસિંહે પોતાનો સરલ મનોભાવ જણાવ્યો.

"બેટા! આ સંસારની કુટીલતાથી તું હજી અજ્ઞાત છે, રમણાનંદજીનું વર્તન મને કાંઈ સારૂં લાગતું નથી. તું તે વિષે ગુપ્ત તપાસ કરવાનું ચૂકીશ નહિ."

"ભલે; તે વિષે દીવાનનો જ અભિપ્રાય હું પૂછીશ અને પછી આગળ તપાસ ચલાવીશ." સૂર્યસિંહે કહ્યું.

"વારૂ; પણ બેટા! છેવટે મારા પ્રશ્નનો તું શું ઉત્તર આપે છે? જો, તું ઉત્તર આપે તે પહેલાં હું તારી પાસે કેટલોક ખુલાસો કરી જઉં. એક પુત્રને બે કે ત્રણ વહુઓ પરણાવીને હરખાઈ જતી સાસુઓના સરખી આ તારી મા નથી. ઘરમાં ઠમક ઠમક કરતી લાલ પીળાં વસ્ત્રોવાળી વહુઓ હરે ફરે, તેવી હોંશ પૂરી કરવાને કાંઇ હું તને બીજી સ્ત્રી પરણાવવા ઇચ્છું છું તેમ તું સમજીશ નહિ. પરન્તુ

તારા વિકટ રાજધર્મનો તું વિચાર કર. એક રાજાએ પિંજરામાંનું પક્ષી બની જઈને રહેવું જોઇએ નહિ અને જો તે તેવું પક્ષી બની જાય તો પ્રજાને પૂરતો ન્યાય આપી શકે નહિ. તેણે સર્વ પ્રકારનો અનુભવ મેળવવો જોઇએ, એકલા પુરૂષની નહિ પણ સ્ત્રીની બુદ્ધિથી પણ સર્વ સવાલોનો વિચાર કરવો જોઇએ અને તેમાં તેને સહધર્મિણીની સહાયતાની આવશ્યકતા રહે છે."

"તે ખરૂં; પણ સહધર્મિણીઓ બે જ હોવી જોઇએ તેનું કારણ શું ? શામાટે એક સહધર્મિણીથી રાજ્ય ન ચલાવી લઈ શકે અને **द्वैताद्वयम्**ની પેઠે બે સ્ત્રીઓવડે કલહ કંકાસને જન્મ આપે ?"

"બેટા! કલહ કંકાસ તો મૂર્ખ રાજાઓના રાજસદનમાં હોય, આપણે ત્યાં તે ન હોય. પણ બે સહધર્મિણીઓની આવશ્યકતા હું હવે તને ખુલ્લા હૃદયથી કહીશ. તારી અનેકાંત ન્યાયબુદ્ધિના વિકાસને માટે તને બે સ્ત્રીઓની જરૂર છે એ વાતને બાજુએ મેલતાં આપણા રાજવંશનો ઇતિહાસ પણ કહે છે કે તારે બે રાણીઓ પરણવી જોઈએ. સાંભળ; દશ-બાર-પંદર પેઢીઓનો આપણા રાજવંશનો ઇતિહાસ તપાસતાં મને એમ માલૂમ પડી આવ્યું છે કે આપણી પેઢીમાં થએલા સર્વ રાજાઓ જેવા શૂરા હતા તેવા જ તેઓ વિલાસી હતા. અંગ્રેજ સરકારના રાજ્યમાં શૂરત્વ બતાવવાનો જમાનો તો હવે આપણે માટે રહ્યો નથી, પણ પ્રાચીન સમયમાં દરેકે દરેક રાજાને જુદ્ધમાં ઉતરવાનો વખત આવતો. કોઇ ધાડપાડુ, કોઇ બહારવટીયા તો કોઇ પડોશી રાજાઓ કે દિલ્હીના બાદશાહો સાથે નાનો મોટો કલહ કંકાસ તો હંમેશાં ચાલતો ને ચાલતો જ રહેતો. આવા વખતે આપણા વંશના રાજાઓએ ઉચ્ચ પ્રકારનું શૂરત્વ બતાવેલું. જ્યારે તેઓ રણમાં ઝુઝતા ત્યારે તો 'વિલાસ' ને એવા વિસરી જતા કે જાણે સ્વપ્નમાં પણ તેઓએ વિલાસને નિહાળ્યો ન હોય. પરન્તુ શાંતિના સમયમાં તેઓ

અહર્નિશ વિલાસમાં ડૂબ્યા રહેતા. આ વિલાસી વૃત્તિ આપણા રાજવંશમાં પરમ્પરાથી ઉતરતી આવી છે અને તે છેલ્લા તારા બાપ સુધી ખરી નીવડી છે. તે જ વિલાસી વૃત્તિની તું પણ એક પ્રતિકૃતિ છે, બેટા! વંશપરમ્પરાથી ઉતરતા આવેલા અંશો તારામાં પણ હોય જ અને ભવિષ્યમાં તે વધારે ખીલી નીકળવાના. અત્યારથી જો તને એકને બદલે બે હાથણીઓની સૂંઢમાં ભેરવ્યો હોય, તો તું ભવિષ્યમાં રાજધર્મથી આડે માર્ગે જાય નહિ; અને તેટલા માટે તને બેવડા સળીઆના પીંજરામાં અત્યારથી જ પૂરવાનો મારો વિચાર છે. જો, આ મારા હૃદયનો ભાવ તારી પાસે સ્પષ્ટ કરી બતાવ્યો છે; માટે માત્ર તારા જ હિત માટે તું બીજી રાણી કરી લે, બેટા!"

"માજી! માજી! આટલાં વર્ષો હું તમારા સહવાસમાં રહ્યો, જન્મ પણ તમે જ આપ્યો છે અને ઉછર્યો છું પણ તમારા જ ખોળામાં, છતાં હું રાજધર્મથી આડે માર્ગે જઉં એ ભીતિ શું તમને યથાર્થ લાગે છે? અત્યારથી તમે મને કેદમાં પૂરીને આડે માર્ગે નહિ જવા દેવા માટે પ્રતિબંધ બાંધવા ધારો છો; પણ માતુઃશ્રી! જેઓની નિતિ સબળ નથી તેઓ તો બે શું પણ પાંચ રાણીઓ છતાં આડે માર્ગે ગએલા રાજાઓ આપણે ક્યાં નથી જોયા? મારી નીતિને તમે એટલી નિર્બળ ગણશો નહિ, માજી! અને વંશપરમ્પરાથી ઉતરતી આવેલી વિલાસી વૃત્તિને મારામાં અસત્ય નીવડેલી જ તમે જોશો."

"તેની ખાત્રી શી આપુ?"

"તેની ખાત્રી એ જ કે વિષયવાસનાને ઉદ્દીપ્ત કરનારા બીજા લગ્નપ્રતિ અત્યારથી જ મારૂં મન તિરસ્કાર ધરાવતું થયું છે. સૂર્યસિંહ જો તેના પૂર્વજો જેવો હોત તો તમે બે કહેત તો તે પાંચ રાણીઓ કરવા તૈયાર થયો હોત. માટે એ ચિન્તા તમે ત્યજી દો અને તમારા આગ્રહને તમે બાજુએ મેલો. મારી ન્યાયી વૃત્તિ મારી

નીતિથી ખીલશે અને મારો રાજધર્મ બજાવવામાં મારી નીતિ જ મને સન્માર્ગે દોરશે."

"તું તારા આત્મબળ ઉપર વિશ્વાસ રાખતો હોય તો ભલે; હું હવે કાંઇ વધુ આગ્રહ કરી શકતી નથી. જીવતી હોઇશ તો વળી જોઇશ કે તારી આપેલી ખાત્રી ખરી નીવડે છે કે નહિ."

"માતુઃશ્રી ! બીજા દાખલાઓ ઉપરથી મારા સંબંધમાં પણ તેવું જ માનવું તે તમારી ભૂલ છે. મારી નીતિ ઉપર મને પૂર્ણ વિશ્વાસ છે. ભદ્રપુરના પૂર્વે સમયના રાજાઓએ રાખેલી સર્વે રીતિમાં હું મોટો ફેરફાર કરવા ધારૂં છું. તેઓ બે કરતાં વધુ રાણીઓ પરણતા, તો હું એકપત્નીવ્રતને જ મારૂં લક્ષ્યબિંદુ લેખીશ તથા ભવિષ્યના રાજાઓને પણ તેમ જ સૂચના કરીશ. પૂર્વેના રાજાઓ રાણીઓને જનાનામાં ગોંધી રાખતા, તો હું તેઓને ખુલ્લી રીતે ફરતી કરવા માંગું છું."

"હેં હેં દિકરા ! જોજે તેમ કરતો ! પરાપૂર્વથી જે રીત ચાલી આવી છે તેમાં હું જીવતી હોઇશ ત્યાંસુધી તો તને ફેરફાર નહિ કરવા દઉં. રાજાની રાણીઓ ખુલ્લે મ્હોંએ રહે તે હું મારી આંખો-એ જોઉં તે કરતાં આપઘાત કરૂં તે શું ખોટું ?" રાજમાતાએ ઉશ્કેરાઈ જતાં કહ્યું.

"માજી! દુનિયામાં સર્વે સ્ત્રીઓ છૂટથી હરે ફરે ત્યારે રાજાની રાણીઓને જ કારાગૃહમાં ગોંધી રાખવી તેનું શું કારણ ? જે વખતે જનાનાનો રીવાજ પડેલો તે વખતે તો દેશમાં મુસલમાનો તરફના હુમલાઓનો ભય હતો અને તેથી સ્ત્રીઓને પડદામાં રાખવાનો રીવાજ પડેલો છે; અત્યારે તો અંગ્રેજ સરકારના રાજ્યમાં તે અત્યાચારો દૂર થયા છે એટલે હવે રાજાની રાણીઓ કે રંકમાં રંક સ્ત્રીઓ ખુલ્લે મ્હોંએ ફરે તેમાં કાંઈ જ ભય રહેલો નથી; તો પછી શામાટે આપણે

હવે સ્ત્રીઓને માટે વધારે વાર કારાગૃહ ટકાવી રાખવું જોઇએ ? શામાટે તેમને જગતના આનંદમાં માત્ર નેત્રાવડે પણ ભાગ લેતી અટકાવવી જોઇએ ?"

"અરે, અરે, મોગલોના સમયના જેવો યવનો તરફનો ભય ગયો છે, ત્યારે સ્ત્રી પુરૂષનાં ચિત્ત વધારે ચંચળ થયાં છે, તેમનામાં કળિ પેઠો છે, પહેલાંના જેવું ભોળપણ રહ્યું નથી, એ બધું કેમ ભૂલી જાય છે ? પહેલાં સ્ત્રીઓ સતી હતી અને તેઓપર બળાત્કાર થતો, પણ અત્યારે તો એથી પણ અધમ જમાનો આવ્યો છે, દિકરા ! સ્ત્રી પુરૂષો પોતે જ મનનાં મેલાં બન્યાં છે અને ઉઘાડાં મ્હોં તે મેલાં મનનાં મેલાં કામ માટે મદદ કરે છે; માટે આપણો જનાનો તે કારાગૃહ નથી પણ નીતિસંરક્ષક ગૃહ છે. સાધારણ પુરૂષો કે સ્ત્રીઓ અનીતિમાન્ થાય તે કરતાં એક રાજા કે રાણી અનીતિમાન્ થાય તે વિશેષ ભયંકર છે, કારણકે જેવું રાજા કરે તેવું જ પ્રજા પણ કરે એવી એક સામાન્ય નીતિ છે. આથી સાધારણ સ્ત્રીઓ કરતાં રાણીઓને પડદાની અને નીતિના સંરક્ષણની વધારે જરૂર છે. તું બીજી રાણી ન પરણે તો ભલે; તે માટે હું બહુ આગ્રહ કરતી નથી; પણ હા, તું જનાનો પણ બારેવાટ ખુલ્લો મૂકી દઇશ તો તો હું અકાળે મરીશ એમ નક્કી સમજી લેજે, હા !" રાજમાતાના ક્રોધાક્રાન્ત નેત્રાનો તાપ સૂર્યસિંહથી સહન થયો નહિ; અને માતાને વધારે નાખુશ કરવાની હિંમત પણ તે ધરી શક્યો નહિ.

"વારૂ; પણ માજી ! બિચારી જનાનાની સ્ત્રીઓ અંધારી કોટડીમાં પુરાઇ રહે તેવી સ્થિતિમાં કાંઇક ફેરફાર તો કરવો જ જોઈએ. નહિ બિચારીથી દહાડે સૂર્ય જોવાય કે રાત્રે ચંદ્ર જોવાય ! હરવા ફરવાનું માત્ર મહેલની અંદર જ અને તે પણ મહેલના જે ભાગનાં બારી બારણાં હમેશાં બંધ જ રહેતાં હોય તથા સર્વત્ર અંધકાર જ રહેતો હોય

તેવા એકાન્ત ભાગમાં! રાજ્યના બાગબગીચા તે બિચારીને તો માત્ર નામના જ; તેમાં તે બિચારી હરી ફરી શકે પણ નહિ કે શીતળ વાયુની લહરિનો સ્પર્શ પણ અનુભવી શકે નહિ. માજી ! કોઇ પણ રીતે આ કારાગૃહને કાંઇક સુખપ્રદ બનાવવાનો માર્ગ તમે પોતે જ શોધી આપો."

માજીને કારાગૃહના દુઃખનો અનુભવ હતો અને વળી પુત્રે કરેલી વિનતિપરથી તેમનું હૃદય જરા દયાર્દ્ર અને કોમળ પણ થયું હતું. થોડી વાર રહીને તેમણે કહ્યું: "હા બેટા, એ તારૂં કહેવું ખરૂં છે. હરવા ફરવાની એવી કાંઈ સગવડ કરી શકાય; પણ પૂરી રીતે ઓઝલ તો સચવાવી જોઈએ."

"તો આપણે એવું કરીએ. આપણા મહેલની ફરતો મોટો બાગ છે તેના બે ભાગ કરી નાંખીએ. એક ભાગની ફરતો ઉંચો કોટ ચણાવી લેઇએ અને તેમાં માળીઓને બદલે માળણોને નોકર રાખી લેઇએ. રાજકુટુંબ વિના બીજા કોઇને તે બગીચામાં પેસવાની પણ મના કરીએ. વળી રાજમહેલમાં થઇને જ તે બાગમાં દાખલ થઈ શકાય એવી ગોઠવણ કરીએ; તો પછી એ બગીચામાં હરવા ફરવામાં શો વાંધો ? કારાગૃહનું કાંઇક દુઃખ તો તેથી ઓછું થાય ખરૂં !" સૂર્યસિંહે સઘળી યોજના કહી સંભળાવી.

"ભલે બાપુ ! તને ઠીક લાગે તેમ કરાવજે." એમ કહી રાજમાતા ગયાં અને સૂર્યસિંહ હવે જનાનખાનારૂપી કારાગૃહના દરવાજા તોડી નાંખવાને અતિ ઉત્સુક બન્યો. બીજી સ્ત્રી ન પરણે તો પુત્રનું મ્હોં ન જોવું : એવી રાજમાતાની પ્રતિજ્ઞા ઉપર પોતે પોતાના શબ્દોવડે જય મેળવ્યો, તે પણ સૂર્યસિંહના ઉલ્લાસનું એક કારણ હતું.

પ્રકરણ ૧૩ મું.

સ્ત્રીવિહારોદ્યાન.

તે જ દિવસે રાજમહાલયની આસપાસના બાગના બે વિભાગો કરી નાંખી મહેલની પાછળના ભાગની ફરતો કોટ કરાવવાનો રાજાનો હુકમ થયો. બાગ કાંઇ બહુ મોટો નહોતો અને તેના બે ભાગ થતાં તો તેની કેટલીક સુંદરતા પણ મારી ગઈ; પરન્તુ રાજાની આજ્ઞાને વિવશ રહેલા બાગબાનોને તેમ કર્યા વિના ચાલ્યું નહિ. રાજમહાલયની પાછળના ભાગને ફરતો કોટ કરી લેવાનું કામ પણ તાકીદે ચાલ્યું અને એક અઠવાડિયામાં તો સ્ત્રીઓ માટેનો બાગનો ભાગ સ્ત્રીઓ ઉપયોગમાં લેઇ શકે તેવો બની ગયો. કામકાજ કરવા માટે તેમાં માળણોને રોકવામાં આવી અને દરવાજાપર એક ખાસ ચોકીદારની નીમણુક કરવામાં આવી, જેને સખ્ત તાકીદ આપવામાં આવી હતી કે બગીચામાં કોઇ પણ પુરૂષને પેસવા દેવામાં આવે નહિ. આઠમે દિવસે સૂર્યસિંહ અને નવાં રાણી તે બાગમાં પહેલ વહેલાં ફરી આવ્યાં અને રાજા-રાણીની અનુમતિથી તેનું નામ ‘સ્ત્રીવિહારોદ્યાન’ રાખવામાં આવ્યું. આ સ્ત્રીવિહારોદ્યાન આખા રાજકુટુંબને અતિપ્રિય થઇ પડયો. તેને ફરતો કોટ કરવાનું કામ પૂરૂં થયા પછી તો રાજમાતાને પણ તેમાં હરવા ફરવાનું મન થઈ આવ્યું અને સાંજે તે પણ એક ચાકરડીની સાથે લટાર મારી આવ્યાં ! સૂર્યસિંહે એ પ્રમાણે કારાગૃહ જેવા જનાનખાનામાં ગોંધાઇ રહેતા નવીન પક્ષીને માટે સુખરૂપ વિહરવા યોગ્ય ઉદ્યાન કરાવ્યો અને સૌ તેનો લાભ સારી રીતે લેવા લાગ્યાં.

* * * * * *

સાંજ પડી ગઇ છે. પક્ષીઓનાં ટોળાં કલરવ કરતાં શ્રીવિહારોદ્યાનનાં વૃક્ષોપર વિરામ લેવાને દોડયાં આવે છે. પુષ્પોના સુવાસથી નાસિકા અને ત્વચાને સુખદ થઇ પડતો સુગંધી શીતળ વાયુ મન્દ મન્દ વહન કરી રહ્યો છે. પાણીથી ભરેલા કેળ અને ગુલાબના ક્યારામાં પણ તે વાયુ તરંગમાલા ઉત્પન્ન કરતો જોવામાં આવે છે. માળણો આખા દિવસના કામકાજથી થાકીને ઘેર જતી રહી છે. અંધકારનો પટ હજી પથરાયો નથી, પરન્તુ સૂર્યના અસ્ત સાથે દિવસનો પ્રકાશ અંધકારમાં વિલીન થતો જતો નજરે પડે છે. અત્યારે સૂર્યસિંહ પોતાના રાજમહાલયમાંના એક ઓરડાની બારીમાં ઊભો ઊભો કુતૂહલભરી દૃષ્ટિથી અને મલકતા મ્હોંથી શ્રીવિહારોદ્યાનમાં અનિમિષ લોચને કાંઈ જોઈ રહ્યો છે. માત્ર એક બદનભર તે ગવાક્ષમાં ઊભો છે અને વાયુની લહરિના વહન સાથે તેના જુલ્ફા કામદેવની પતાકાની પેઠે ફરફરી રહ્યા છે. ઉદ્યાનમાં તે શું જોઈ રહ્યો છે? હા, ત્યાં એક મનોહર દૃસ્ય છે અને તે સૂર્યસિંહને વળી વધારે મનોહર ભાસે છે! રમા એક કયારામાં પોતાના કમળ સરખા હસ્તદ્વયવડે માટી નાંખતી અને તેની દાસી મધુરી શોભના તેને તે કાર્યમાં મદદ કરતી જોવામાં આવે છે! તેઓ બન્ને શું કરતાં હશે એ કાંઇ સૂર્યસિંહના સમજવામાં આવ્યું નહિ, પણ તેઓનું કાર્ય જોવા માટે તે ગુપચુપ ગવાક્ષમાં સ્થિર ઊભો રહ્યો. ત્રીજા માળ જેટલી ઉંચાઇએ તે ઊભેલો હોવાથી રમા કે શોભનાની દૃષ્ટિ સ્વાભાવિક રીતે ત્યાં દોરાય તેમ નહોતું. કેટલીક વાર સુધી રમા અને શોભનાએ તે કયારામાં માટી જ સમી કર્યા કીધી અને કયારાને સુઘડ બનાવ્યો. પછી બન્ને જણીઓ પાસેના કૂવાના ઘાટપર ગઇ. કૂવાપર એક ડોલ અને દોરડું એ બે વાનાં તૈયાર પડયાં હતાં. રમાએ ડોલ કૂવામાં નાંખીને તેવડે પાણી ખેંચવા માંડયું. હવે ગવાક્ષમાં ઊભો રહીને આ સર્વ જોઇ રહેલો સૂર્યસિંહ

સાશ્ચર્ય ભય પામ્યો. તે ત્વરા સાથે દાદર ઉતર્યો અને ઉઘાડે પગે ઉદ્યાનમાં દોડયો. જોતજોતાંમાં તે કૂવા પાસે જઇ પહોંચ્યો અને પાણી ખેંચતી રમાની પાછળ રહીને તેણે તેના બન્ને હાથ પકડી લીધા. રમા જરા ગભરાઈ, પણ તુરત જ હાથ પકડનાર સૂર્યસિંહ તરફ નજર જતાં તે શરમાઈ ગઈ. તેના મુખમાંથી સ્મિત સરી ગયું અને ગાલમાં ખાડા પડયા. પાણીભરી ડોલને ખેંચતાં પડેલા શ્રમથી તેના હૃદયમાં શ્વાસ ભરાઇ આવ્યો હતો એ સૂર્યસિંહે સ્પષ્ટ રીતે જોયું. તેણે ગંભીર મુખમુદ્રા સાથે કહ્યું: " રમા ! રમા ! શું તારી પાસે મજુરી કરાવવા માટે મેં આ ઉદ્યાન કરાવ્યો છે ? શ્રમનો પરિહાર કરવા માટેના સ્થળે તો તું શ્રમ કરે છે તે જોઇને મને નવાઈ લાગે છે ! જો તો ! તારા હૃદયમાં કેવો શ્વાસ ભરાઈ આવ્યો છે ? આટલી બધી તસ્દી શામાટે ?"

રમા તુરત ઉત્તર આપી શકી નહિ, પણ તેનાં નેત્રો તો વિલસતાં—મધુરૂં મધુરૂં હસતાં જ રહ્યાં. શોભના સરખી મુગ્ધ બાળાની લજ્જાને નહિ ગણતાં રમા સ્વામીના હૃદયમાં સ્થાન પામી અને શ્રમના શ્વાસથી થડકતા હૃદયપર સૂર્યસિંહના હસ્તદ્વય અવસ્થિત રહ્યા. સ્વામીના વદન તરફ નજર કરી, પોતાનાં નેત્રોના પ્રેમરસનું સ્વામીના નેત્રોપર સિંચન કરી, મધુરા—મન્દ સ્વરે તે બોલી: " નાથ ! આ સ્ત્રીવિહારોદ્યાન જો અમારા વિહારને અર્થે જ આપે કરાવ્યો છે, તો પછી અમને આનંદ પડે તેવો યથેચ્છ વિહાર અમે કરીએ જ તો ! તેમાં અમે શું ખોટું કર્યું ?"

રમણીય રમાના એ ઉત્તરથી નહિ પણ તેના લજ્જાળુ, નિર્દોષ અને સ્નેહભર્યા વદનના સંમોહથી આનંદ પામતો અને સ્મિત સ્ફુરાવતો સૂર્યસિંહ બોલ્યો: " ઘેલી ! પણ આ પરિશ્રમનું કાર્ય તે શું વિહાર કહેવાય ?"

"મને તે કાર્યમાં આનંદ મળતો હોય તો શામાટે તે વિહાર ન કહેવાય?"

"વારૂ, પણ પેલા ક્યારામાં તમે શું કરતાં હતાં, તે તો કહો!" સૂર્યસિંહે વિનોદાર્થે માનાર્થ બહુવચનનો પ્રયોગ કર્યો.

"અંહૂ! તે પણ તમે જોઈ ગયા છો કે શું? શ્રીવિહારોદ્યાન તરફ નજર કરવાનો તમને શો અધિકાર હતો? આ ઉદ્યાનમાં બીજા પુરૂષો ઉપરાંત તમારા માટે પણ પ્રવેશનો પ્રતિબંધ ખરો કે નહિ?"

"જ્યારે તમારા જનાનામાં પ્રવેશ કરવાનો તમે મને પ્રતિબંધ કરશો ત્યારે અહીં આવવાનો પણ પ્રતિબંધ થયો હું સમજીશ. હવે કહો તો આ ઉદ્યાનમાં મારે પણ પ્રવેશ ન કરવો એવો નિયમ જાહેર કરૂં!" એમ બોલતો સૂર્યસિંહ રમાની હડપચીને પોતાના હાથમાં લેઇ તેનાં નેત્રો તરફ નિહાળતો મન્દ મન્દ હાસ્ય કરી રહ્યો.

રમા ભડકતી બોલી ઉઠી: "ના, ના; એમ હોય તો તે પ્રતિબંધ ન જોઇએ, નાથ!"

"ત્યારે ઠીક; પણ અહીં બાગમાં આવો પરિશ્રમ શાને ઉઠાવો છો? આ તો શ્રમનો પરિહાર કરવા માટેનું સ્થાન છે! હું મહેલમાં ઉભો ઉભો જોતો હતો કે તમે પેલા ક્યારામાં માટી ચુંથતાં હતાં! અને પછી તમે અહીં પાણી ખેંચવા આવ્યાં!"

"મને એમાં આનંદ પડયો, પછી શું?"

"તમને જો તેવા શ્રમમાં આનંદ પડતો હશે, તો પછી આ ઉદ્યાનમાં મને માળણો રાખવાની કે તે પાછળ ખર્ચ કરવાની કાંઇ જરૂર પડશે નહિ; કેમ રાણીજી!" સૂર્યસિંહ સ્મિત કરતો ઉત્તર મેળવવાને રાણીના વદન તરફ નજર કરી રહ્યો.

"તમારી આજ્ઞા હશે તો અમે ઉદ્યાનને ઉછેરવા માટે માળણો બનીશું, પછી શું?" તેવા જ હસતા વદને રમાએ ઉત્તર આપ્યો.

“ત્યારે ખરૂં કહો, તમે આ શ્રમ શામાટે લો છો ?”

“એ વાત હું તમને થોડા દિવસ પછી જણાવવાની હતી. પણ હવે પકડાઇ છું ત્યારે આ વખતે જ કહેવી પડશે. આ સ્ત્રી-વિહારોદ્યાનમાં મેં આજે મારે હાથે પેલા ક્યારામાં ગુલાબના છોડ વાવ્યા છે અને તેને જળ સિંચવા માટે હું અત્યારે કૂવાપર આવી છું.”

“તેને માટે તમે હાથે પાણી ખેંચો છો ?” **સૂર્યસિંહ**ની આંખોમાં જરા ક્રોધ અને આશ્ચર્ય જણાયું. “ક્યાં મરી ગઇ બધી દાસીઓ ? આ રહી, આ છોકરી તો તારી પાસે જ ઉભી છે ! કેમ રે અલી **શોભના** ?!” એમ કહેતાં જ **સૂર્યસિંહે** ગુસ્સામાં ને ગુસ્સામાં **શોભના**ના ગાલપર ઠોંઠ મારી દીધી.

ગભરાટની મારી **શોભના** કાંઇ પણ બોલી નહિ; તેમ જ રાજાની આંખમાં આનંદની છાયાને બદલે આકસ્મિક ક્રોધ જોવામાં આવતાં **રમા** પણ ગુપચુપ ઉભી રહી. “બધી દાસીઓ માલ વિનાની છે ! માળણો પણ નાસી ગઇ લાગે છે—રાત્રિ પડ્યા પહેલાં. તમે જાતે પાણી ખેંચો છો, કૂવાને કઠેરો નથી અને પગ લપસી જાય તો શું થાય ? જોજો, હવે કોઇ દિવસ આવો શ્રમ કરતાં !” એમ કહેતો **સૂર્યસિંહ** **રમા**નો હાથ પકડી જૂઇના માંડવા તરફ વળ્યો. **શોભના** પાછળ પાછળ આવવા લાગી. **રમા**એ તેને ઇશારો કરીને મહેલમાં પાછી મોકલી દીધી. **શોભના** એકલી પડતાં હૃદયનો ગભરાટ અશ્રુરૂપે નેત્રોમાંથી વહન કરી રહ્યો.

સૂર્યસિંહ લતામંડપમાં જઇને એક લાકડાના સુખાસનપર પડ્યો. **રમા** પાસેના સુખાસનપર બેસવા જતી હતી, પણ **સૂર્યસિંહે** તેનું બાહુકું પોતા તરફ ખેંચી લેઇને તેને પોતાના જ સુખાસનમાં—પોતે જરા સંકડાઈ બેસીને—બેસાડી. **રમા** અણુમાનતા મન સરખો દેખાવ કરતી, મુખમાંથી આછું—મધુરૂં સ્મિત સ્ફુરાવતી છેવટે બેઠી અને

સ્વામીના બાહુમાં સ્થાન પામી સ્વામીના પુનઃ આનંદી બનેલા મુખ સામે નિહાળી રહી. એકાન્ત મળતાં સૂર્યસિંહે રમાના સ્નેહરસથી દ્રવતા ઓષ્ઠપર એક ચુંબન લીધું અને કહ્યું:–"રમા! વ્હાલી! તને હું એક સવાલ પૂછું તેનો તું તારા ઉંડામાં ઉંડા હૃદયથી જવાબ આપીશ કે?"

"હા, આપીશ; કેમ નહિ આપું? મારૂં ઉંડું અંતર્ તમારી પાસે ખુલ્લું નહિ કરૂં તો પછી કોની પાસે કરીશ?"

"ત્યારે હું કહું છું કે હું બીજી સ્ત્રી પરણું તો? માતાજી આગ્રહ કરે છે કે મારે બીજી રાણી પરણવી." સૂર્યસિંહે હસતી આંખોએ એ પ્રશ્ન કર્યો. રાજમાતાએ સૂર્યસિંહને બીજી રાણી પરણાવવાનો દુરાગ્રહ મૂકી દીધો અને સૂર્યસિંહનું મન તે બાબતમાં ઉદ્વેગરહિત થયું, એટલે જ સ્વલ્પ આનંદની ખાતર આ પ્રશ્ન પોતાની પ્રિયતમાની સમક્ષ મૂકવાનું તે ધૈર્ય ધારી રાખી શક્યો હતો. જ્યારે તેનું મન ખરેખરૂં ઉદ્વિગ્ન હતું, પોતે બીજું લગ્ન કરવું કે ન કરવું તે સંબંધી અનિશ્ચિતતા જ હતી અને પોતાના પ્રશ્નથી અભિલાષવતી નવોઢાને–તેના કમળ સરખા કોમળ હૃદયને–આઘાત થવાનો ભય હતો, ત્યારે તે પ્રશ્ન કરવાની હિંમત તેનામાં નહોતી.

સૂર્યસિંહનો એ પ્રશ્ન સાંભળીને રમા સ્વલ્પ વિચારમાં પડી ગઈ; પણ તુરત જ તેણે જવાબ આપ્યો: "માતાજીનો આગ્રહ હોય અને તમારો વિચાર હોય તો ભલે પરણો."

"રમા! હું પૂછું છું કે તું આ ઉત્તર મુખમાંથી આપે છે કે હૃદયમાંથી? હું બીજું લગ્ન કરૂં તો તારા હૃદયને જરા પણ દુઃખ થાય ખરૂં? તારો જે સ્નેહ અત્યારે મારાપર છે તે તેટલો ટકી રહે ખરો? તારાં નિર્વિકારી નયન તે સમયે ઈર્ષ્યાવિકારી થાય ખરાં?"

"નાથ! જ્યારથી હું રાજવંશમાં જન્મી અને સમજતાં શીખી તથા રાજવંશમાં જ પરણી ત્યારથી શોક્ય હોવાનાં સ્વપ્નો તો મારા મગજમાં જન્મ પામેલાં જ સમજવાં. આપણા રાજાઓ પોતાની ખાલી મહત્તાની ખાતર પણ એક કરતાં વધારે રાણીઓ પરણે છે એ રીવાજ ઘણા વખતથી ચાલ્યો આવે છે એટલે રજપૂત કુમારિકાઓ પોતાનો પતિ બીજી સ્ત્રી કરશે એમ તો માને છે જ; અને તે પ્રમાણે હું પણ માનતી હોઉં તે સ્વાભાવિક છે; પણ સ્વામીના પ્રેમમાં બે ભાગ પડે, સ્વામીનું જે ચિત્ત પહેલાં હમેશાં પોતાપર જ સર્વતઃ રોકાએલું રહેલું હોય તે વિચ્છિન્ન થાય, એ ગમે તેવી પણ કઠિન હૃદયની સ્ત્રીને લાગ્યા વિના તો કેમ રહે? પ્રભુનો પ્રેમ તો આખી સૃષ્ટિનાં સર્વ મનુષ્યોપર વહેંચાયલો રહેવાને નિર્મિત છે; પણ સ્વામીના પ્રેમની અધિકારિણી તો તેની એક અર્ધાંગના છે; તેથી એક ભક્ત બીજા ભક્તપર પ્રભુનો પ્રેમ ઉતરેલો જોઇને ઇર્ષ્યાળુ થતો નથી પણ એક સ્ત્રી તો સ્વામીના મર્યાદિત પ્રેમપ્રવાહમાં ભાગ પડેલો જોઇને ઇર્ષ્યાળુ થાય, દુઃખ પામે, રોષ ધારે, તો તે સર્વ સ્વાભાવિક છે—સર્વ સ્ત્રીઓને માટે પ્રકૃતિસિદ્ધ છે." રમાએ સવિસ્તાર લાંબો ઉત્તર આપ્યો.

સૂર્યસિંહ તે ઉત્તર સાંભળીને હસ્યો અને રમાના કપોલપર ચુંબન લેતાં બોલ્યોઃ "વાહ રમા! ઠીક ગોળ ગોળ ઉત્તર આપ્યો હોં! પણ જ્યારે તું સમજતી હોય કે તારા પર શોક્ય આવવાની છે, તો પછી તેવું સમજી રહેલા મનને હું બીજી રાણી કરૂં તો તેથી દુઃખ શાને થાય?"

"કારણકે હું એક ભક્તના સરખી સમદૃષ્ટિયુક્ત નથી. તમારો પ્રેમ તે પરમાત્માના સરખો અવિચ્છિન્ન પ્રેમ નથી. મનુષ્યના પ્રકૃતિસિદ્ધ ગુણો હોય છે તે તેનાથી વેગળા રહેતા નથી, નાથ! એ પ્રકૃતિ-

ગુણને તમે ક્યાં સમજતા નથી કે મારી પાસે ખુલાસો કરાવો છો?" રમાએ ઉત્તર આપ્યો.

"ઠીક, ઠીક; ત્યારે હું તને દુઃખ ઉત્પન્ન કરીને બીજું લગ્ન કરવા ઇચ્છતો નથી."

"પણ ખરૂં કહોને, માજીએ તેવો આગ્રહ કરેલો ખરો ?" રમાએ સ્વામીના કંઠમાં હાથ ભેરવતાં સહજ પ્રશ્ન કર્યો.

"હા; માજીએ આગ્રહ કરેલો, હું ન પરણું તો મારૂં મ્હોં નહિ જોવાની પણ પ્રતિજ્ઞા કરેલી, છેવટે તારી મરજી જાણ્યા પછી બીજા લગ્ન સંબંધે વિચાર કરવાનું મેં મુલ્તવી રાખેલું પણ હું તને તેવો ઘાતકી–ક્રૂર પ્રશ્ન પૂછી શક્યો નહિ! છેવટે માજીને બહુ કાલા-વાલા કરીને સમજાવ્યાં અને એમના મનમાં જે કાંઇ શંકાઓ ઉદ્‌ભૂત થઇ હતી તેનું સમાધાન કરીને મેં બીજું લગ્ન નહિ કરવા માટે તેમની ક્ષમા માંગી: અને તે સઘળું આ એકલાં રાણી શ્રી રમાકુંવ-રને માટે!" એમ કહીને સહાસ્ય મુખમુદ્રાથી તેણે રમાને પુનઃ ચુંબન લીધું.

"ત્યારે અત્યારે તો માત્ર મારા મનની પરીક્ષા કરવાને જ પૂછ્યું કે? હૃદયમાં પેસીને સઘળું જાણી લેતાં ઠીક આવડે છે હોં!" ર-માએ સ્વામીને ધીમી ઠોંઠ મારી વિનોદ કર્યો.

"રાત્રિ પડી ગઈ. હવે મહેલમાં જઇશું? થાળી પીરસાવાનો વખત થયો." સૂર્યસિંહે સ્વસ્થ થતાં પ્રશ્ન કર્યો.

"હા ચાલો જઇએ; પણ તમને થોડું કહેવાનું મને સાંભરી આવ્યું. બિચારી શોભનાને તમે નકામો ઠપકો દીધો અને મારી."

"એમ કેમ? તે પાસે ઊભી હોય અને પાણી ન ખેંચે? દાસી છે કે કોણ છે?"

"પણ જો મારે તેની પાસે પાણી ખેંચાવવું હોત તો હું પોતે જ તેને આજ્ઞા ન કરત અને તેની પાસે પાણી ન ખેંચાવત? દાસીને આજ્ઞા કરતાં શું મને કાંઇ શરમ થતી હતી? તે તો બિચારી ઘણુંએ કહેતી હતી કે 'હું પાણી ખેંચી આપું છું, તમે તસ્દી ન લ્યો,' પણ મેં જ તેને પાણી ખેંચવા આપ્યું નહિ. મેં નિશ્ચય કર્યો હતો કે મારે હાથે ગુલાબ વાવવા અને મારે હાથે જ કુવામાંથી પાણી ખેંચીને તેને સિંચવું. તેથી હું જાતે પાણી ખેંચતી હતી અને શોભના પાસે ઊભી રહી હતી. જો વાંક ગણો, તો તેમાં મારો વાંક હતો કે મેં શોભનાને પાણી ખેંચવા દીધું નહિ! તેમાં તમે તે બિચારીને અડાવી તે ભૂલ કરી. બિચારી ગરીબ, કાચા દિલની અને નમાઇ બાળકી છે!"

સૂર્યસિંહ વિચારમાં પડી ગયો. પોતે તે મનોહર મુગ્ધ બાલિકાને વ્યર્થ ઠપકો આપ્યો હતો અને દુઃખ આપ્યું હતું તે હવે તેના સમજવામાં આવ્યું. વિશેષ દુઃખ તો તેને એથી થયું કે પોતાનાં નેત્રોને પ્રિય–અતિપ્રિય લાગતી બાલિકાની તેણે રોષમાં ને રોષમાં અવગણના કરી હતી. એક ક્ષુદ્ર કુટુંબમાં જન્મ પામ્યા છતાં શોભનાનું સૌંદર્ય અને માધુર્ય વધતાં જતાં હતાં અને દિવસે દિવસે સૂર્યસિંહના મનનું તેના તરફનું ખેંચાણ વધ્યે જતું હતું. તેને ઠપકો આપતાં છતાં અને ઠોંઠ મારતાં છતાં તેની નિર્દોષ પ્રિય મૂર્તિ તો સૂર્યસિંહનાં નેત્રોમાં રમણ કરી જ રહી હતી. હવે જ્યારે તેને જણાયું કે પોતે શોભના ઉપર દર્શાવેલો ક્રોધ ગેરવાજબી હતો, ત્યારે તે બાલીશ હૃદયને ત્રાસ આપવા માટે તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. તે બોલ્યોઃ "રમા! ત્યારે તે બિચારી શોભનાને મેં વ્યર્થ ત્રાસ આપ્યો છે. દેવની દિકરી જેવી એ ગરીબડી છોકરી ઉપર હાથ ઉગામવો એ મહાપાપ છે."

"એવું તો કાંઈ નહિ. ગમે તેમ તોએ દાસી છે ને? એમાં

પાપ શાનું? પણ વયમાં નાની છે અને બિચારી આખો દિવસ ઓશિયાળી જેવી રહે છે એટલે જરા દયા લાગી આવે." રમાએ કહ્યું.

"દાસી છે એટલે તેની વ્યર્થ પજવણી કરવી તે કાંઇ અપાપ ન કહેવાય; બાળક હૃદયને દુભવવું તે પાપ તો ખરૂંસ્તો!"

એમ વાતો કરતાં કરતાં બન્ને ઉદ્યાનમાંથી પાછાં મહેલમાં ગયાં. શોભનાને આપેલા વ્યર્થ ત્રાસનો કંટક સૂર્યસિંહના દિલમાં ખૂંચતો હતો, અને તેથી અત્યારે તેને ચેન નહોતું. "મેં જ્યારે તેને ઠોંઠ મારી અને ઠપકો આપ્યો, ત્યારે તેનું હૃદય કેવું ચિરાતું હશે? નિર્દોષને મેં દૂષિત કહી ત્યારે તે બિચારીને ત્રાસ તો થાય જ ને? અરે, પણ તે બિચારી પોતાના વાજબી બચાવ કરવાને પણ ઉંચું મ્હોં કરી શકી નહિ! કેવી શરમાળ, કેવી ઓશિઆળી બાળા?" એ જ વિચાર તેના ચિત્તમાં થયાં કરતો હતો. થાળી પીરસાયાના ખબર મળ્યા એટલે તે જમવા ગયો, પણ વિચારશ્રેણીએ હજી તેનો પીછો છોડ્યો નહોતો.

પ્રકરણ ૧૪ મું.

નિર્દોષ આનંદી રમકડું!

જમતાં જમતાં સૂર્યસિંહ ચારે બાજુએ આંખો ફેરવવા લાગ્યો, પણ શોભના ક્યાંય જોવામાં આવી નહિ. બીજી દાસીઓ જ્યારે રાજાજી જમવા બેઠા ત્યારે નિયમ મુજબ હાજર થઈ હતી, પરન્તુ શોભના ત્યાં જોવામાં આવી નહિ. સૂર્યસિંહ જમી રહ્યો પરન્તુ શોભનાને નહિ જોવાથી તેનું ચિત્ત ઉદ્વિગ્ન થયું

હતું તેથી તે દાસીઓના સૂવાના ખંડમાં તપાસ કરવા ગયો, પણ ત્યાં તે **શોભનાને** જોઇ શક્યો નહિ. રસોડે જમવા જવા માટેના માર્ગપર બરાબર નજર જાય તેવી રીતે તે એક ઓરડાની બારી પાસે બેઠો અને **શોભના** જમવા જાય તે સમયની રાહ જોવા લાગ્યો. રાત્રિના દશ વાગ્યા. રસોડું બંધ થવાનો વખત થયો. બીજી દાસીઓ અને ખવાસો રસોડા તરફ જમવા જતાં જોવામાં આવ્યાં, પણ **શોભનાનું** દર્શન ન જ થયું. તેણે એક ચાકરને બોલાવીને **શોભના** અત્યારે જમવા આવી હતી કે નહિ તે સંબંધે રસોઇઆને પૂછાવ્યું તો રસોઇયાએ જવાબ આપ્યો કે ‘મને તેની ખબર નથી!’ આ જવાબથી **સૂર્યસિંહને** રસોઇયા ઉપર ગુસ્સો ચડ્યો, પરન્તુ તુરત જ તેણે ગુસ્સો શમાવી લીધો. તે સમજ્યો કે પોતાની દૃષ્ટિમાં **શોભના** એક પ્રિય મૂર્તિ હતી, પરન્તુ રસોઇયાને મન તો તે એક સાધારણ દાસી જ હતી, એટલે તે **શોભનાને** માટે ખાસ ખબર રાખવાને કાંઇ બંધાએલો ન હતો. **સૂર્યસિંહ** ત્યાંથી ઉઠીને રમાના શયનાગારમાં ગુપચુપ તપાસ કરી આવ્યો, પણ ત્યાંએ શોભના નહોતી! તેનું મન વધારે ઉદ્વેગ પામવા લાગ્યું. મહેલના સઘળા માળ અને દરેક ખૂણે ખૂણો શોધી વાળવાનો હવે તેણે નિશ્ચય કર્યો. તપાસ કરતાં **સૂર્યસિંહના** વાંચવાના ઓરડાની બાજુએ જ એક થાંભલાની ઓથે ખૂણામાં સોડીઉં વાળીને સૂઇ રહેલી **શોભના** તેના જોવામાં આવી. આસપાસમાં દીવાનો પ્રકાશ બહુ ઝાંખો હતો એટલે સાધારણ રીતે કોઇનું ધ્યાન તે તરફ ખેંચાય તેમ નહોતું અને તેથી જ અત્યારસુધી તે **સૂર્યસિંહના** કે બીજા કોઇના જોવામાં આવી નહોતી. **સૂર્યસિંહ** ધીમે પગલે તેની પાસે ગયો અને નીચો વળી તે **શોભના** જ છે કે બીજું કોઇ છે તેની ખાતરી કરવા લાગ્યો. તે ખરેખર **શોભના** જ હતી અને તે સૂતી સૂતી અશ્રુપાત કરતી હતી! **સૂર્યસિંહે** તેને ઓળખી લીધી

અને શોભના પણ પોતાની સામે સૂર્યસિંહને જોતાં જ બેઠી થઇ તથા આંસુ લોહીને ઊભી થઇ.

આટલો સમય મૌન ઊભો રહેલો સૂર્યસિંહ શોભનાને આવી સ્થિતિમાં જોતાં જ બોલ્યો: "શોભના ! તું અહીં કેમ સૂતી છે ? તેં ખાધું કે નહિ ? અને રડે છે શામાટે ?" એમ કહી આશ્વાસન આપતાં તેણે શોભનાના બરડાપર હાથ ફેરવ્યો. શોભનાનાં રોમ કમ્પી ઉઠયાં. તે બાળા કાંઇ પણ ઉત્તર આપી શકી નહિ.

સૂર્યસિંહે ફરી પ્રશ્ન કર્યો: "તું કેમ બોલતી નથી ? મેં તને ઠપકો આપ્યો હતો તેથી શું તું રડે છે ? તું રડીશ નહિ હોં; મેં તને નકામો ઠપકો આપ્યો હતો—મેં તે ભૂલ કરી હતી." સરલ હૃદયનો રાજા એક બાળક દાસી પાસે પણ ભૂલ કબુલ કરતાં અચકાયો નહિ. છતાં શોભના તો અવાચ્ય જ રહી. તે ભૂમિ તરફ નીચી દૃષ્ટિ કરીને ઊભી રહી.

સૂર્યસિંહ બોલ્યો: "તેં ખાધું નથી; જા, ખાઈ લે અને રડીશ નહિ. ગાંડી ! જો તારો વાંક નહોતો, તો પછી તેં કેમ મને તે જણાવ્યું નહિ ? એમ સાચું બોલતાં ગભરાઇએ નહિ હોં. ચાલ, હું તને રસોડે મેલવા આવું."

શોભનાના હૃદયને હવે કાંઇક ધીરજ મળી. રાજાના હૃદયની માયાળુતાના દર્શને તેનાં આંસુ બંધ કરાવ્યાં. ગભરાટ બહુ અંશે દૂર થઈ ગયો અને તે રસોડા તરફ ચાલી; સૂર્યસિંહ પાછળ ચાલ્યો, પણ રસોડું બંધ થઇ ગએલું. બીજી કોઇ દાસી હોત તો સૂર્યસિંહે તેની ભાગ્યે જ દરકાર કરી હોત, પરંતુ શોભના ઉપર તેનો મૂળથી જ પક્ષપાત થયો હતો અને તેથી જ પોતાના ઠપકાના સબબથી ભૂખી રહેલી શોભનાને માટે સૂર્યસિંહે આટલી બધી કાળજી દર્શાવી. રસોડું

બંધ થએલું જોઇને **સૂર્યસિંહ** અચકાઇ ગયો. તેણે તુરત જ રસોઇઆને બોલાવી મંગાવ્યો અને તે જ વખતે રસોડું ઉઘડાવી **શોભના**ને ખાવા આપવાનું કહ્યું.

*   *   *   *   *   *

બીજે દિવસે મધ્યાહ્નને ભોજન લેઇને **સૂર્યસિંહ** પોતાના વાંચવાના ઓરડામાં જરા વિરામ લેવાને બેઠો હતો. હાથમાં કોઈ અંગ્રેજી કવિતાઓનું પુસ્તક લેઇને એક કોચપર પડયો પડયો તે વાંચતો હતો, પરન્તુ આંખો ઘેરાતી હતી અને નિદ્રા આવવાની તૈયારી હતી. એવામાં **શોભના**ની નિર્દોષ અને મનોહર મૂર્તિ બારણામાં આવીને ઊભી એટલે તેની નિદ્રા ઉડી ગઈ. રાજા નિદ્રામાં છે એમ જાણીને બારણામાં જ સ્થિર થએલી **શોભના** રાજાને વિકસિત લોચન સમેત. સ્વસ્થ થએલો જોઇને અંદર આવી. ગઇ કાલની ખિન્નતાનાં કાંઇ ચિહ્નો અત્યારે તેના વદનપર નહોતાં. પહેલાંના જેવું જ નિર્દોષ આનંદી વદન ચંદ્રની પેઠે પ્રકાશી રહ્યું હતું અને વદનપર સુઘડતાથી ગુંથેલો કેશકલાપ મધ્યમાંથી પાડેલી સેંથીવડે ચંદ્ર ઉપર ઝઝૂમી રહેલા કાળા મેઘના કકડા સરખો દેખાતો હતો. કપાળપર કરેલી કુમ્ કુમ્ની ટીલડી બરફના ટુકડાપર રક્તબિંદુ પડેલું હોવાનો ભાસ આપતી હતી. તેનાં વસ્ત્રો બહુ આકર્ષણીય નહોતાં, છતાં સૂર્યસિંહનાં નેત્રોને તેનાં ક્ષુદ્ર વસ્ત્રો સમેત તે મધુર મૂર્તિ આકર્ષક થઇ પડી. તે સ્વસ્થ થતો બોલ્યો: “આવ **શોભના** ! તું કેમ આવી છે ? પછી ગઇ રાત્રે તને રસોઇઆએ ખાવા આપ્યું હતું કે ?”

“જી હા !” સૂર્યની પ્રભા આગળ સુધાકરની તેજસ્વિતા ફીક્કી પડતી હોય તેવી રીતે **સૂર્યસિંહ**ના વદનના તેજથી અંજાતી—લજાતી **શોભના**એ નીચું વદન કરીને ઉત્તર આપ્યો.

"ત્યારે ખરૂં કહે, કાલે શું તું મારા ઠપકાથી જ આટલી દુઃખી થઇ હતી?" સૂર્યસિંહે રસભેર પ્રશ્ન કર્યો અને તે બાળાના વદન-પર બદલાતા વિકારોને અનિમેષ લોચને આનંદપૂર્વક નિહાળી રહ્યો.

પુનઃ **શોભના** અવાચ્ય રહી.

"**શોભના**! તું બહુ શરમાળ છે હોં; હું પૂછું છું પછી જવાબ દેતાં તું શાને શરમાય છે? અહીં આવ, બેસ આ કોચપર અને મને કહે કે શું તું તેથી જ રડતી હતી?" એમ કહેતાં **સૂર્યસિંહે** લાંબો હાથ કરી **શોભનાનું** કાંડું પકડયું.

શોભના જરા આગળ વધી પણ કોચ ઉપર નહિ બેસતાં ઊભી જ રહી અને નીચું વદન રાખી રહીને એક હાથે બીજા હાથના નખ ખોતરતી બોલીઃ "તમારા ઠપકાથી નહિ, પણ મારો વાંક નહોતો તેને લીધે મને દુઃખ થયું હતું; મેં મારાં બાઇને પાણી ખેંચી આપ-વાનું કહ્યું'તું, પણ તેમણે જ મને તેમ કરવા દીધું નહોતું." **શોભના** **સૂર્યસિંહના** રાજમહાલયમાં આવ્યા પછી આ તેના શબ્દો **સૂર્યસિંહે** બીજી જ વાર સાંભળ્યા. જ્યારે તે બોલતી હતી ત્યારે તેના પ્રવાલ સરખા રક્ત અને નાજુક ઓષ્ઠમાં કાંઇ મોહિની ભરી રાખી હોય તેવી રીતે **સૂર્યસિંહ** તે ઓષ્ઠ તરફ નિહાળી રહ્યો હતો અને તેના મધુર તથા મધુકરના ગુંજનશો તીણો ધ્વનિ **સૂર્યસિંહના** કર્ણને આહ્લાદ-જનક થઇ પડતો હોય તેમ જણાતું હતું.

સૂર્યસિંહ બોલ્યોઃ "હા, તે મને તારી બાઇએ પાછળથી કહ્યું હતું, પણ તે વખતે તેં જ કેમ ન કહ્યું? વારૂ, કહે જોઇએ તું અહીં કેમ આવી છે?"

રમાએ કહેલું કોઇ પુસ્તક લેવા માટે તે અત્યારે **સૂર્યસિંહની** પાસે આવી હતી; પણ આટલા વખતમાં તે પુસ્તકનું નામ તે ભૂલી ગઇ અને **સૂર્યસિંહે** આવવાનું કારણ પૂછતાં તે પુસ્તકનું નામ યાદ નહિ

આવવાને લીધે ગભરાટમાં પડી; છતાં તુરત ઉત્તર આપવાને માટે બોલી: “મારાં બાઇસાહેબે આપની પાસેથી કાંઇ પુસ્તક મંગાવ્યું છે.”

“ કયું પુસ્તક ?”

“ભ...ભ...ભાન વિલાત.” જેવું શુદ્ધાશુદ્ધ નામ જીભે ચડી આવ્યું તેવું શોભના બોલી.

સૂર્યસિંહ તે ગરીબડા નાજુક વદનમાંથી પુસ્તકનું અશુદ્ધ નામ સાંભળી ખડખડ હસી પડયો. શોભના પણ શરમાઇ ગઇ. પોતે કહેલા ખોટા નામ ઉપર મન્દ સ્મિત કરતી તે બોલી: “ પુસ્તકનું નામ તો મેં બરાબર ગોખી રાખ્યું હતું, પણ આટલા વખતમાં હું તે ભૂલી ગઇ, મહારાજ!”

“ત્યારે શું તું ભણી નથી? બિલકુલ ભણી નથી ?”

“ના, ના. હું કાંઇ જ ભણી નથી.” શોભનામાં હવે તુરત જ ઉત્તર આપવાનું ધૈર્ય ધીમે ધીમે આવતું જતું હતું.

“ત્યારે તને ભણવાની ઇચ્છા છે ખરી ?”

“હા; કોઇ ભણાવે તો હું ભણું, પણ મને કોણ ભણાવે? મારાં બાઇ મને નિશાળે તો જવા જ ન દે, પછી કેમ ભણાય?”

“ હું તને ભણાવું તો ? ”

શોભના માત્ર હસી. તે મન્દ મધુરૂં હાસ્ય સૂર્યસિંહનાં નેત્રોમાં વિલક્ષણ અસર નીપજાવી રહ્યું. તે વદનપરની લજ્જાલુતાની સુરખી સૂર્યસિંહના હૃદયનું ચુંબકની પેઠે આકર્ષણ કરવા લાગી.

શોભના બોલી: “ મારે માટે તમે એટલી બધી મહેનત ન જ લ્યો; ના, ના, ત્યારે તો મારે ભણવું જ નથી. ”

“ કેમ વળી? એમાં તારે કાંઇ ફીકર કરવાની નથી. હું તારે માટે માસ્તર રાખીશ અને ભણાવીશ; પછી શું ? એમ થાય તો તું ભણીશ ને ?”

"પણ મારાં બાઇસાહેબ હા પાડશે ?" શોભના સોડીયામાં વધુ ને વધુ સંકોચાતી નજરને નીચી જ ઢાળી રાખીને બોલી.

"કેમ હા નહિ પાડે ? તેની રજા હું તને મેળવી આપીશ. કાલથી તારે માટે ભણવાનો બંદોબસ્ત હું કરીશ. તું અહીં આવજે હોં."

"હા જી!" શોભનાએ ટૂંકો ઉત્તર આપ્યો.

"પણ તું મને 'જી' શામાટે કહે છે ?"

શોભના સ્મિત કરતી બોલી: "ત્યારે શું કહું ? 'બાપુ' કહું ?"

નિર્દોષ વદનમાંથી નીકળતા તે 'બાપુ' શબ્દનું સામર્થ્ય સૂર્યસિંહને વિશેષ જણાયું. તેણે કહ્યું: "હા, તું મને ભલે 'બાપુ' કહેજે. હવે જા, લે આ તારી બાઇએ મંગાવેલું 'ભામિનીવિલાસ'નું પુસ્તક." સૂર્યસિંહે પુસ્તક આપવા માટે પોતાનો હાથ લાંબો કર્યો. શોભનાએ સોડીયામાંથી પોતાની કમળદળ સરખી હથેલી બહાર કાઢી લંબાવી અને સૂર્યસિંહે હસતાં લોચને પુસ્તક તેના હાથમાં મેલ્યું. શોભના પુસ્તક લેઇ ચાલી ગઇ. ઓરડાની બહાર નીકળતાં સુધી સૂર્યસિંહ તેની પાછળ–તેની ડોલતી ચાલ તરફ એકી દૃષ્ટે જોઇ રહ્યો. તે ઓરડાની બ્હાર ચાલી ગઈ એટલે સૂર્યસિંહ સુખાસનપરથી ઉઠીને ઓરડાના દ્વારમાં ઊભો. માતાને જોઇને હરિણશાવક છલંગ મારતું ધાઈ આવે તેવી રીતે શોભના ઓરડામાંથી ધીમી ચાલે નીકળીને બહાર જતાં જ હર્ષભેર ઉડતી–છલંગો મારતી દોડી અને ધમધમ કરતી દાદર ચડી ગઈ. તે નિર્દોષ ક્રીડા જોઇને, તે કુમારિકાના સાત્ત્વિક અને રમતિયાળ ભાવ જોઇને સૂર્યસિંહનું હૃદય સ્નેહથી–નિર્મળ પ્રેમથી દ્રવિત થયું. તે પાછો આવીને સુખાસનમાં બેઠો અને શોભનાના જ વિચાર કરવા લાગ્યો.

"અહો, એક ક્ષુદ્ર કુટુંબમાં જન્મ પામેલી પણ કેટલી આનંદી બાળકી છે ? મારે માટે તો ખરેખર તે એક નિર્દોષ આનંદી રમકડું છે એમ કહીએ તો ચાલે. બાળકોને કવિઓએ સ્વર્ગનાં સત્વરૂપ કહ્યાં

છે તે ખરૂં છે. એક બાળક હૃદયને જ મુક્તિનું અધિકારી કહ્યું છે તે પણ ખરૂં છે. કુદરતની વિલક્ષણુતાનું નિરીક્ષણુ કરનારને બાળકમાં જે દિવ્ય અંશ જણાય છે તે સમગ્ર વિશ્વની કોઇ પણુ વસ્તુમાં ભાગ્યે જ જણાશે! ખરેખર તેના હૃદયની નિર્દોષતા એક પરમહંસના હૃદયની નિર્મળતા જેટલી જ શક્તિમતી હશે!

"શોભનામાં મને સૌંદર્ય કરતાં માધુર્ય અને નિર્દોષ ભાવ વિશેષ જણાય છે. તેના તે કુદરની ભાવોને વિકસિત કરવા જ જોઇએ. તેને ભણાવવી પણુ ખરી અને એ નિર્દોષ પુત્રી તુલ્ય બાળકીનો આત્મોન્નતિક્રમ પણુ મારે આનંદપૂર્વક જોવો જોઇએ. ભલે તે એક દાસી રહી. હું તેનો વિકાસ કરીને મારી પ્રજાને અને સર્વને બતાવી આપીશ કે કેળવણીના સંસ્કારો એક હલકા જન્મવાળા બાળકને પણુ કેટલું ઉચ્ચત્વ આપે છે. મને તેથી બે લાભ થશે. એક તો તે મારૂં જીવતું રમકડું મારા આનંદનો મુખ્ય વિષય થઈ પડશે અને બીજું તે ભણીને દાસત્વમાં વિશેષ ચપળ અને કાર્યસાધક થઇ પડશે. રમાને તે સૌથી નાની શોભનાને ભવિષ્યમાં સર્વ દાસીઓનું ઉપરીપણું આપવું પડે તેવો યોગ હું મેળવી આપીશ.

"તે મારાથી ડરે છે! તે બિચારી એમ સમજે છે કે મારા જેવા રાજા પાસે છૂટથી કેમ વાતચીત કરાય? ખરી વાત છે. બીજાં દાસ–દાસીઓના વિનયના સંસ્કારો તેનામાં પણુ વજ્રલેપ થવા પામ્યા હોય તે સ્વાભાવિક છે. તે બિચારી ક્યાંથી સમજે કે તેનામાં છુપાઇ રહેલું આત્મતેજ તેને ઉન્નત કરી શકવાને શક્તિમાન્ છે? તેનામાં જે તેજ રહ્યું છે તે તે બિચારી અજ્ઞ બાળકી નથી સમજી શકતી, પણુ હું તો તે સમજી–જોઇ શકું છું. તેને માત્ર કેળવણી અને સંસ્કારના સુયોગની જ જરૂર છે. ગુલાબનો જંગલી છોડ ભલે સુગંધ વિનાનો હોય, પણુ જો તેને જંગલમાંથી ઉખાડીને વાડીમાં રોપી એક માળીના

નિરીક્ષણ હેઠળ સોંપ્યો હોય તો તે સુગંધી થયા વિના રહેતો નથી. તેવો જ સુયોગ શોભનામાં ગુપ્ત રહેલી સુગંધીને માત્ર યોગ્ય દેખરેખ હેઠળ ખીલવવા માટે સાધવાની જરૂર છે. તે જરૂરીઆત હું પૂરી કરીશ."

શોભના સંબંધી કલ્પનાપરંપરાએ કાવ્યામૃતના નિર્ઝરને જન્મ આપ્યો. જળપ્રવાહની પેઠે રાજાના મુખમાંથી કવિતા સરી પડવા લાગી.

(શાર્દૂલ)

" રે! સૌગંધહીણા ગુલાબ વનના, વાયુ થકી ડોલતા !
" તારામાં કંઈ ગુપ્ત તેજ સુરભી, સંભાર રૂપે ભર્યું;
" ભારેલા અગનિસમું તુજ વિષે, સામર્થ્ય એ છે રહ્યું,
" તેને તું સમજ્યા વિના વનતણો નિવાસ ઈચ્છે સદા.
" રોપ્યો હોય તુંને કદી ઉપવને, પોષ્યો જળે હોય તો,
" તારૂં ગુપ્ત સુતેજ તેહ વિકસી, સૌગંધ તુંમાં ભરે !
" એવો લાભ તું જંગલી સુમનના રોપા, નહીં જાણતો,
" કિન્તુ આવ અહીં, તને ખીલવીને રૂડો કરૂં શોભતો ! ! "

શોભના સરખી નિર્દોષ લાડિલી બાળકી પ્રત્યે **સૂર્યસિંહ**માં પિતૃભાવ જાગૃત થયો. તે બાળકીના ઉન્નતિક્રમમાં તે પોતાનો આનંદ માનવા લાગ્યો, અને તેથી તે ઉન્નતિક્રમ–તે વિકાસક્રમ વહેલો પ્રારંભવાને તેના હૃદયમાં ઉત્સુકતા સ્ફુરી રહી. બાળક **શોભના** કાંઇક કેળવણીના સંસ્કારથી મંડિત થઇને પોતાના અંકમાં પુત્રીભાવે રમે તેવી અભિલાષાનું સ્વપ્ન **સૂર્યસિંહ**ને આનંદિત કરવા લાગ્યું. તે જ સ્વપ્નમાં તે નિમગ્ન બન્યો. તેના હૃદયનું તે સુખ હતું, તેના ચિત્તનો તે આનંદ હતો, તેને મન તે સમયવહન હતું અને તેની ધર્મવૃત્તિને તે એક પરોપકારનું કાર્ય લાગ્યું હતું. અંધકારમાં ડૂબી જતા એક અમૂલ્ય મનુષ્યપ્રાણીને જ્ઞાનપ્રકાશમાં લાવવાનું ઉચિત કાર્ય કરવામાં તેનું કવિત્વ માનતું હતું કે ઇશ્વરને હાથે થતા મોટા અન્યાયમાંથી પોતે ઇશ્વરને નિવૃત્ત કરી તેને પાપનો ભાગીદાર થતાં અટકાવે છે ! !

પ્રકરણ ૧૫ મું.

રમાની પુષ્પમાલા.

"હૃદય ઉછળે હવે મારૂં,
"અને ક્યાં તુજ છે ન્યારૂં ? !
"મરાવે કયમ ન ઊછાળા,
"પ્રિયા ! તુજ પ્રીતિની માળા ? !"

ખબરદાર.

રમણીય મધુરી શોભનાના આત્મવિકાસમાં પોતાના સર્વ આનંદની સમાપ્તિ માનનાર સૂર્યસિંહના ચિત્તનો મુખ્ય વિષય હવે તે થઇ પડ્યો. બીજે જ દિવસે ભદ્રપુરની મુખ્ય શાળાના એક શિક્ષકને શોભનાને ક ખ ગ થી શિક્ષણ આપવા માટે બોલાવ્યો. શોભનાને પણ તેણે પોતાની પાસે પોતાના વાંચવાના ઓરડામાં બોલાવી અને તેને શિક્ષકને સોંપતાં કહ્યું : "જુઓ મહેતાજી ! તમારે માથે હું એક દાસીને ભણાવવાની ફરજ મેલું છું; પણ તે એક દાસી છે માટે તેને ગમે તેમ ભણાવી દઇને વેઠ ઉતારવાનો ખ્યાલ તમે તમારા મગજમાં લાવશો નહિ. તેને મારે ભણાવવી નથી પણ કેળવવી છે, તેના ચિત્તને સુસંસ્કારોથી પોષવું છે, એ બાબત ધ્યાનમાં રાખીને તમને ફાવે તે રીતે એને શિક્ષણ આપવાનું શરૂ કરજો. તેનામાં જે બુદ્ધિમત્તા ગુપ્ત રહી છે તેનો વિકાસ કરવાને માટે વાંચનમાળાનાં પુસ્તકો તમને નિરૂપયોગી લાગવાં જ જોઇએ અને તેથી તમને જે કાંઈ નવાં નવાં સાધનોની જરૂર પડે તે તમે રાજ્યના કોષાધિકારીને લખીને મંગાવી લેજો. શોભનાને અક્ષરજ્ઞાન માટે જ હું તમને સોંપું છું એમ તમે માનશો નહિ. કક્કો અને બારાક્ષરી શી-

ખવાની સાથે જ આપણી ગુજરાતી ભાષાનું અક્ષરજ્ઞાન એક બાળક પણ મેળવી શકે છે; પરન્તુ તેનામાં બુદ્ધિસંચાર વૃદ્ધિ પામે, હું સાહિત્યરસિક છું અને તે સાહિત્યરસિકતાના પ્રદેશના તટપર પણ આવી પહોંચી શકે, અર્થાત્ હું રસિકતાના જળમાં સ્નાન કરતો હોઉં ને તે તેવી જ કુશળતાપૂર્વક તેમાં સ્નાન ન કરી શકે તેની ચિંતા નહિ, પણ તે જળમાં સ્નાન કરતા હુંને તે તટપર ઊભી રહીને આનંદપૂર્વક નિહાળી શકે તેટલું ચાતુર્ય તો તમારા શિક્ષણથી તેનામાં સ્વલ્પ સમયમાં જ આવી જવું જોઇએ; કેમ તમે સમજ્યા કે!"

"જી હા, આપના કથનનો ભાવાર્થ હું સમજી ગયો છું." શિક્ષકે કહ્યું.

"વારૂ, ત્યારે આજથી તમે તેના શિક્ષણનો પ્રારંભ કરો." સૂર્યસિંહે આજ્ઞા આપી.

તે જ દિવસથી શોભનાના આત્મવિકાસક્રમનું પહેલું પગથિયું–અભ્યાસક્રમ શરૂ થયો. મહેતાજીએ પ્રથમ અક્ષરજ્ઞાનની આવશ્યકતા જોઇ, એટલે તેને ક ખ ગ થી શિક્ષણ આપવા માંડ્યું સરલતાની ખાતર કિંડરગાર્ટનનાં સાહિત્યો મંગાવ્યાં, પરન્તુ ક ખ ગ શીખવવા માટેનાં સાહિત્યો ૩–૪ વર્ષના બાળકને જ ઉપયોગી હોય છે. કાંઇક સમજતાં શીખેલી શોભનાને તે સાધનો ઉપયોગી થઇ પડયાં નહિ. તેણે તો મહેતાજી લખી આપે તે પ્રમાણે અનુકરણપૂર્વક કક્કો અને બારાક્ષરી લખવા માંડ્યાં; ધીમે ધીમે વાંચન પણ શરૂ થઇ ગયું અને માત્ર ત્રણ ચાર માસમાં તો એ ચપળ બાલિકાએ વાંચનમાળાની ત્રણ ચોપડીઓ પૂરી કરી વાળી! વાંચન અને લેખનનો પ્રાથમિક શૈલીથી પ્રારંભ થયો એટલે હવે અભ્યાસ સિવાયનાં બીજાં જ પુસ્તકો તેની પાસે વંચાવવાં અને તેમાંનો જે કઠિન ભાગ શોભના સમજી ન શકે તે શિક્ષકે વિવેચનપૂર્વક તેને સમજાવવો એ પ્રમાણે સૂર્યસિંહે સૂચવ્યું.

શોભનાના અભ્યાસની પ્રગતિ કેમ ચાલે છે તે જોવાને અને જાણવાને સૂર્યસિંહ હમેશાં ઉત્સુક રહેતો. તે હમેશાં શોભનાને પોતાની પાસે બોલાવતો, મહેતાજીએ શું શીખવ્યું તે પૂછતો, તેને બીજા સવાલો કરીને તેના અભ્યાસને ઓપ ચડાવવાને યત્ન કરતો અને તેથી જ શોભના આખો દિવસ અભ્યાસમાં રત રહેવા લાગી. પહેલાં સૂર્યસિંહે સર્વે કોઇને જણાવી દીધું હતું કે કોઇએ શોભનાને કાંઇ પણ કામ બતાવવું નહિ અને તેના અભ્યાસમાં કાંઇ ખલેલ કરવી નહિ. પિતૃગૃહેથી પોતે પોતાની સાથે લાવેલી દાસીપર સ્વામીનો પક્ષપાત થએલો જોઇને અને બીજી સર્વ દાસીઓ કરતાં તેને આગળ વધેલી જોઇને રમાને પણ આનંદ થયો હતો અને તેથી તે પણ શોભનાના અભ્યાસની પ્રગતિ તરફ સંતોષ અને આનંદની દૃષ્ટિથી જોતી હતી. રમાની બીજી સર્વ દાસીઓ ભદ્રપુરના રાજમહાલયની જ દાસીઓ હતી અને એકલી શોભનાને જ તે પોતાના પિયેરથી લાવી હતી, એટલે બીજી દાસીઓ કરતાં શોભના તરફ રમાનો પણ પક્ષપાત હોય તે સ્વાભાવિક હતું, કારણકે પિયેરમાં જતાં શોભના એકલી જ તેની સહચારિણી થાય તેમ હતું. પિયેરમાં કે સાસરામાં રમાનું અંતરનું અને સ્વકીય માણસ શોભના સિવાય બીજું કોઇ પણ થાય તેમ નહોતું. આ સર્વ યોગને લીધે રાજા અને રાણી ઉભયનો શોભનાના આત્મવિકાસપ્રતિ અનુકૂળ ભાવ હતો.

ટ્રેનિંગ કોલેજમાં ‘ ટ્રેન ’ થવામાં અને પરીક્ષા પસાર કરવામાં પોતાના જીવનની સફળતા માની ચૂકેલો મહેતાજી વાંચનમાળા સિવાયનાં પુસ્તકો વંચાવવામાં ધાર્યા પ્રમાણે સફળ થયો નહિ. બિચારાએ પ્રાણી, પદાર્થ, વનસ્પતિ, ભૂગોળ, ખગોળ અને ભૂમિતિનાં પાનાં ઉથલાવીને વર્ષો વીતાડયાં હોય, સાહિત્યનું કે બીજાં પુસ્તકોનું મ્હોં પણ જોયું ન હોય, રસિકતા અને અલંકારના જ્ઞાનને નામે શૂન્ય ધરાવતો

હોય, ત્યાં તેવાં પુસ્તકો એક ઉત્સાહિની બાલિકાને વિવેચનપૂર્વક સમજાવી શકે જ ક્યાંથી ? એકાદ પુસ્તકની શરૂઆત કરી. શોભના પાસે તે વંચાવવા માંડ્યું. તેમાંના કઠિન ભાગો સંબંધે વિવેચન કરીને તે તેણે શોભનાને સમજાવવા પણ માંડ્યા. પણ એક વાર તેવું કોઇ વિવેચન સૂર્યસિંહના સાંભળવામાં આવતાં તેને તે વિવેચન પસંદ પડ્યું નહિ. મહેતાજી પણ પૂરી પાધરી રીતે ન સમજી શક્યો હોય તેવા અધૂરા વિવેચનથી સૂર્યસિંહને સંતોષ થયો નહિ. તણે શોભનાને મહેતાજી પાસે શિક્ષણ અપાવવાનું બંધ કર્યું અને શોભનાના અભ્યાસના વિષયને પોતાના હાથમાં લીધો.

હવે તે બાલિકાના વિકાસક્રમની સાધના સૂર્યસિંહને આનંદ તથા સંતોષ આપવા લાગી. પોતાના મનને અનુકૂળ લાગે તેવી રીતે તે શોભનાનો અભ્યાસ આગળ વધારી શકતો. સેવ્ય-સેવક ભાવને સ્થળે ગુરૂ-શિષ્યા અને પિતા-પુત્રીભાવ આવતાં શોભના હવે બહુધા સૂર્યસિંહની પાસે જ તેના વાંચવાના ઓરડામાં રહેતી. સૂર્યસિંહ કાંઇ રાજ્યકાર્યભારના કામમાં બહાર જાય, તેટલો સમય તે રમા પાસે રહેતી; પરન્તુ સૂર્યસિંહ તેના વાંચવાના ઓરડામાં હોય, ત્યારે ભાગ્યે જ કોઇ વાર ત્યાં શોભના ન હોય ! હાલના દેશી રાજાઓના દિવસો જો રાજ્યખટપટો સાંભળવામાં અને તે સંબંધી ચિન્તાઓમાં મગ્ન રહેવામાં ન જતા હોય તો બહુધા ઉંઘવામાં જ જાય છે; પરન્તુ સૂર્યસિંહને કાંઇ વ્યસન નહિ હોવાને લીધે તેનો આખો દિવસ વાંચવાના ઓરડામાં જતો. સૂર્યસિંહના સહવાસથી રમા પણ હવે કાંઇક વાંચતાં શીખી હતી, અને તે તથા તેની દાસી ઉભય સૂર્યસિંહની સરસ્વતીને હીંચોળનારી સખીઓ તુલ્ય હતી. જમાનાની ખટપટો કાંઇક જૂદા જ પ્રકારની હોય છે; પરન્તુ સૂર્યસિંહે તે ખટપટને આવતી અટકાવી હતી એટલે રમાને દાસીઓની કુથલીઓ સાંભળીને

નવા નવા ઘાટ ઘડવામાં સમય ગાળવાની જરૂર પડતી નહિ. તે ભોજન પછી થોડી નિદ્રા લેતી અને પછી સ્વામીએ આપેલું ગદ્ય કે પદ્યનું પુસ્તક વાંચતી. સાંજે **શોભનાને** તથા બીજી કોઇ એકાદ દાસીને સાથે લેઇને " સ્ત્રીવિહારોદ્યાન " માં ફરવા જતી અને દાસી પાસે પાણી ખેંચાવી પોતાના માનીતા ગુલાબપર તેનું સિંચન કરતી. આ રીતે **રમાને** પિતૃગૃહે જનાનાની ખટપટો તથા કરતૂકો વિષે જે કાંઇ મુખોપમુખ જાણવાનું મળ્યું હતું, તેવું કાંઇ **સૂર્યસિંહના** જનાનામાં જોવા તથા જાણવાનું નહિ મળવાથી અને શાંતિ તથા આનંદનું જ સામ્રાજ્ય પ્રસરેલું જોઇને તે ખટપટશાસ્ત્ર તે ભૂલતી જતી હતી અથવા તો તે સંબંધી તેના મનના ખ્યાલો કટાતા જતા હતા, અને રાજકુટુંબમાં વિરલ જણાતી એવી સાહિત્યરસિકતામાં તેના દિવસો ન્યૂનાધિક અંશે પસાર થતા હતા.

* * * * * *

" બાપુ ! આજે તો મારાં બાઇએ એક સંદેશો મોકલ્યો છે. **શોભનાએ** **સૂર્યસિંહના** વાચનાલયમાં પ્રવેશ કરતાં કહ્યું. તે બાળામાં હવે રાજા સાથે છૂટથી વાતચીત કરવાનું ધૈર્ય આવ્યું હતું. અભ્યાસ અને રાજા સાથેના પરિચયે તેનામાં જે ચંચળતા આણી હતી તેથી તે હવે કાંઇક બોલતાં, હસતાં અને પ્રશ્નો કરતાં શીખી હતી.

"હેં, એવો તે શો સંદેશો મોકલ્યો છે ?" **સૂર્યસિંહે** વહાલપૂર્વક પ્રશ્ન કર્યો.

"સંદેશો એ છે કે આજે બપોરના તમે ક્યાંય ફરવા જવાના હો, તો જશો નહિ."

"બપોરનો હું ક્યાંય ફરવા જતો જ નથી, પણ મને એ તો કહે કે શું કામ છે?"

"તે હું કાંઇ જાણુતી નથી." શોભના મન્દ સ્મિત કરતી અને સ્મિતને છુપાવવાને આડું જોતી બોલી. સૂર્યસિંહ તે ભાવને કળી ગયો.

"નહિ, તું જૂઠું કહે છે! તારૂં મ્હોં જ કહે છે કે તે તું જાણે છે છતાં મારાથી છુપાવે છે."

"હા, હું તે કદાચ જાણુતી હોઉં, પણ મારાં બાઇની આજ્ઞા વિના મારાથી આપને તે કેમ કહી દેવાય?" શોભનાએ તેવા જ સ્મિતમય વદનથી તે શબ્દો ઉચ્ચાર્યા.

"એમ કે? ત્યારે તો તું તારી બાઇની દાસી છે અને તેની જ આજ્ઞામાં છે, મારી આજ્ઞામાં નહિ કે?" સૂર્યસિંહે વિનોદની ખાતર એ પ્રશ્ન કર્યો.

"ના મહારાજ! એમ કેમ કહેવાય? હું તો તમારા પગનીએ રજ છું, અને મારાં બાઇનીએ કાંકરી–ના–કિંકરી છું." 'કિંકરી' શબ્દ અભ્યાસમાં શીખેલી શોભનાએ અહીં તેનો ઉપયોગ કર્યો!

"તો પછી તું મારી આજ્ઞા માનીને મને કહે કે તારી બાઇને બપોરે મારૂં શું કામ છે?"

"ના બાપુ! એમ તો ન કહેવાય; મારાં બાઇની વાત તમને ન કહેવાય અને તમારી વાત મારાં બાઇને ન કહેવાય. હું તો બન્નેની દાસી એટલે બન્નેની આજ્ઞા માનવાની." શોભનાએ એકસરખા દઢ ભાવથી કહ્યું.

સૂર્યસિંહ ખુશ થયો અને શોભના તરફ તેણે એક મીઠી દષ્ટિ કરી. તે એક ખરેખરી સુપાત્ર છોકરી છે તેવો તેનો નિશ્ચય બંધાયો. "વારૂ શોભના!"

"હાં બાપુ!" શોભનાએ હાથ જોડયા.

"તારી બાઇને કહેજે કે હું બપોરે અહીં જ હોઇશ."

રમાના સંદેશાનો એ ઉત્તર લેઇને શોભના પાછી રમા પાસે ગઇ અને ઉત્તર કહી સંભળાવ્યો. આજે રમાને મન અતિ આનંદનો દિવસ હતો. લાંબા વખતથી સ્ત્રીવિહારોદ્યાનમાં પોતાને હાથે રોપેલા અને જળસિંચનવડે પોષેલા ગુલાબના છોડવાઓપર પહેલવહેલાં પુષ્પો ઉભરાયાં હતાં. સ્હવારમાં ઉદ્યાનમાં ફરવા જતાં રમાએ તે સઘળાં પુષ્પો ચુંટી લીધાં હતાં અને મધ્યાહ્નને નિવૃત્તિના સમયમાં તે પુષ્પોની એક માળા બનાવીને પોતાના સ્વામીને ભેટ કરવાની તેની અભિલાષા હતી. આ અભિલાષામાં નિમગ્ન રહેલી સુંદરીએ સ્વામીને બપોરે બહાર નહિ જવાનો સંદેશો કહેવરાવ્યો હતો, તેનો હેતુ પોતાને હાથે વાવેલા અને પોતાને હાથે સિંચેલા ગુલાબનાં પુષ્પો પોતાને હાથે જ ચુંટીને–ગુંથીને સ્વામીના કંઠમાં તેનું આરોપણ કરવાનો હતો.

મે મહિનાનો સખ્ત તાપ અને મધ્યાહ્નનો સમય. ધરણી બળું બળું થઇ રહી હતી. છોડવા અને તેપરનાં પુષ્પો મૃતપ્રાય થયાં હોય તેવી રીતે લોથપોથ થઇ ગયાં હતાં. પક્ષીઓ સૂર્યાતાપથી વિહ્વળ બનીને છાંયડાને શોધતાં આમતેમ દોડી જતાં હતાં. સૂર્યસિંહના મહેલની આસપાસની પગથીઓપર ઉડતી ધૂળને બેસાડી દેવાને તેમ જ જરા શીતલતાના સંચારને માટે માળીઓ પાણીનો છંટકાવ કરતા હતા. બગીચામાં આવેલા સઘળા ફુવારા છોડવામાં આવ્યા હતા અને તેથી અન્ય સ્થળે દગ્ધ–પ્રદગ્ધ કરી નાંખે તેવો તાપ હોવા છતાં સૂર્યસિંહના મહેલમાં તેટલો આ તાપ નહોતો, છતાં સૂર્યસિંહથી એ થોડો તાપ અને ઉકળાટ પણ સહન થઇ શકતો નહોતો. પંખામાંથી પણ ગરમ પવન જ નીકળતો હતો. તેથી વ્યાકુળ થયેલો સૂર્યસિંહ માત્ર શરીરપર એક પહેરણ સાથે બગીચામાં ચાલ્યો. માળીઓને આજ્ઞા કરીને આખા બગીચામાંથી સારાં અને સુગંધી પુષ્પો ચુંટાવી જૂઇની વેલીઓવાળા મંડપમાં પોતાને માટે એક પુષ્પશય્યા કરવાની તેણે આજ્ઞા

આપી. રાજાની આજ્ઞા થતાં જ સઘળા માળીઓ હાથમાંનું કામ પડતું મેલીને દોડયા અને થોડી વારમાં ટોપલીઓ ભરીને પુષ્પો ચુંટી લાવ્યા. જૂઇના માંડવાની ઓથે છાંયડામાં એક સ્થળે થોડાં કેળનાં પાતરાં પાથરી તે પર પુષ્પો પાથરી દેવામાં આવ્યાં. તે સર્વની ઉપર કાંટા ન વાગે તેવી રીતે ગુલાબનાં પુષ્પોને સુઘડ રીતે ગોઠવી દેવામાં આવ્યાં. શીતલતાની ખાતર તે ઉપર જરા પાણીનો છંટકાવ કર્યો. માંડવાની એક બાજુએ પણ જરા દૂર એક ફુવારો છૂટતો હતો અને તેની ઝીણી ઝીણી જલધારાઓ કોઈ કોઈ વાર પુષ્પશય્યાપર આછી આછી પડતી હતી. શરીરના તાપને શમાવવાને સૂર્યસિંહ તે સુકોમળ પુષ્પશય્યામાં પડયો એટલે તેની વ્યાકુળતા દૂર થઇ. ત્વચા અને નાસિકા ઉભય ઇંદ્રિયોને પરિતુષ્ટ કરનારી તે પુષ્પશય્યા સૂર્યસિંહના મનોવિહારના પણ એક અમૂલ્ય ક્ષેત્રરૂપ થઇ પડી. પ્રસંગને અનુસરતી કવિતાનો મુખે ઉચ્ચાર કર્યો:

* " ખરેખરો મધ્યાહ્ન ખીલેલો છે આ સમયે,
" અને સૂર્ય આવેલ મસ્તક ઉપરે જણાયે,
" વન, વૃક્ષો, મેદાન, પૃથિવી, બળું બળું થાવાં,
" માર્ગપરે ચાલતા મુસાફર વિરામ લેતા.
" પશુ પક્ષીની ગતિ, કોઇ દિશ નથી જણાતી,
" મૌન રહી સૌ વૃક્ષતળે મેળવતાં શાંતિ !
" જળ-થળ સઘળું શાંત અને નીરવ છે જ્યારે,
" સોળ કળાથી સૂર્યરાય તપી રહે છે ત્યારે ! "

એટલામાં કવિતાના વિષયને બદલાવનારી અને અન્ય વૃત્તિને જાગૃત કરનારી વસ્તુ સૂર્યસિંહને દેખાઇ. બન્ને હાથમાં સંભાળપૂર્વક ગુલાબની માળાને પકડીને, રખેને ગુલાબની કોઈ કળીને પોતાના વસ્ત્રનો સ્પર્શ થવાથી તે ચીમળાઇ જાય તેવા ભયથી, નિર્દોષ વદનવાળી શોભના

* રોળાવૃત્ત.

સૂર્યસિંહ સૂતો હતો તે તરફ આવતી સૂર્યસિંહના જોવામાં આવી. **शशिना च निशा, निशया च शशी, शशिना निशया च विभाति नभः**, તેવી જ રીતે પુષ્પમાળાથી તેનો હસ્ત શોભતો હતો, તેના કમળદંડ સરખા હસ્તથી પુષ્પમાળા શોભતી હતી અને પુષ્પમાળા તથા હસ્તથી તે બાળા સર્વાંગશોભના દેખાતી હતી. હસ્તિની સરખી ઝોલા ખાતી ચાલે તે ચાલી આવતી હતી અને તેના વદનસુધાકરમાં ચમકતી હીરા સરખી આંખો બગીચામાં સૂર્યસિંહ ક્યાં સૂતો છે તે શોધી કાઢવાને મથન કરી રહેલી જણાતી હતી. પુષ્પશય્યામાં સૂતેલો સૂર્યસિંહ એટલે દૂરથી હજી તે બાલિકાના જોવામાં આવ્યો નહોતો, પરન્તુ સૂર્યસિંહ તો કોણીને શય્યામાં ટેકાવી હથેળીપર મસ્તિક મૂકી તે બાલિકાને અનિમેષ લોચને નિહાળી રહ્યો હતો અને અવનવા વિચારોમાં ગોથાં ખાતો હતો.

"અહો ! આ બિડાયલી મનોહર કલિકા જેમ જેમ દિવસો જાય છે તેમ તેમ વધુ ને વધુ વિકાસ પામતી જાય છે. તેના તે વિકાસને હું આનંદની દૃષ્ટિથી નિહાળું છું. તેની મુગ્ધતામાં જેમ જેમ ચંચળતાની પ્રેરણા થતી જાય છે, તેમ તેમ હું આહ્લાદ પામું છું. પરન્તુ એક ચિન્તા કરવાનો વિષય પણ છે. જેમ જેમ તેનો વિકાસ થતો જાય છે, તેમ તેમ તેનું યૌવન વિશેષ નિકટ આવતું જાય છે, અને તેનું યૌવન નિકટ આવતું જાય છે, તેમ તેમ તે મારાથી છૂટી થાય, મારા આનંદનો ધ્વંસ કરે, આજે તે મારૂં નિર્દોષ આનંદી રમકડું છે તો ભવિષ્યમાં તે અન્ય કોઇને આનંદ આપનારી પૂતળી થઇ પડે એ ચિન્તા કાંઇ કેવળ નિર્જીવ નથી !"

સ્વલ્પ સમય સૂર્યસિંહ શૂન્ય સરખો બની ગયો. વિચારતરંગો અટકી ગયા. તે નિર્દોષ પ્રિય મૂર્તિને તે એકીદષ્ટે જોઇ રહ્યો અને હૃદયમાં કાવ્યપ્રવાહને વહેવડાવવા લાગ્યો :

" રે બાલે ! વયમાં વધતી જ્યમ,
" ત્યમ ચિંતા મન ઉપજતી...મમ !　　ટેક.
" હૃદયભૂમિ પર તને ઉછેરી,
" પ્રેમજળે સિં...ચિ...ત કરી...
" સુંદર કોમળ તું મમ લતિકા,
" જાય તને લેઈ અન્ય પરી...　　　રે બાલે !
" 'આ મારૂં ધન' એમ કહે...તો,
" નિજ ગૃહ તુજને લે...ઇ જશે...
" ગૃહીને તારો કરકમલ વિમલ,
" પતિસત્તાથી તું તેની થ...શે !　　　રે બાલે !
" ભાવી વિરહ તારો એ મુજને,
" જ્વલિત કરે છે...અહુ...ણા...થી...
" સાંભરશે મનનું સુખ જે થ...તું,
" સસ્મિત મનહર મુખડા...થી...　　　રે બાલે !
" પ્રાણસખી ! પ્રિય કન્યા મારી,
" ક્યમ ગમશે તું અદૃષ્ટ થ..... તાં...
" એવું એવું મનમાં આ...વે...છે,
" ભાવીતણું ચિત્ત સ્મરણ થતાં...આં...
" ભાવીકથા ચિત્ત નિર્ઝરતાં ! "　　　રે બાલે !

તે શોભનીય મૂર્તિ હજી દૃષ્ટિની સમીપે જ હતી. વિચારદીપક પ્રજ્વલતો જ રહ્યો. વિચાર આગળ વધવા લાગ્યા તેમ તેમ કલ્પના વધારે ને વધારે ઉચ્ચ પ્રદેશમાં ઉડવા લાગી. પોતાના સરખા જ ઐતિહાસિક પ્રસંગો સાંભરવા લાગ્યા. મુખમાંથી ઝરતું કાવ્ય આગળ વધ્યું:

" જ્યમ જ્યમ આગળ વિચાર વા...ધે,
" ત્યમ ત્યમ કંઠ ભરા...ઇ જતો...
" અશ્રુબિંદુ લોચનમાં ચમકે,
" ઘેલો ખરે હું આ...જ થતો...　　　રે બાલે !

" કણ્વ સરીખા તપોનિધિ પણ,
" વિહ્વળ તનયા–વિરહે...થા...ય...
" શ્રી રામતણો વિરહ પિતા...ને,
" ઘાતક ને દુઃસહ થયો ઘા......વ. રે બાલે !
" પામર હું જન શી ગણતી...માં ?
" નશ્વર જગની રીતિ ગણા...ય...
" દુર્ધર માયાના આ ખે...લો...
" હું પામરથી કે...મ કળા...ય ?" રે બાલે !

ચિત્તપક્ષી ઉચ્ચાકાશપ્રદેશમાં ઉડ્ડયન કરતું તત્ત્વજ્ઞાન ભૂમિકા જેટલે ઉંચે પહોંચી ગયું. હૃદય કવિતાના અને તેના વિષયના તાનમાં લીન થયું તથા મસ્તિકને તાનમાં ડોલાવવા લાગ્યું :

" નાટક પાત્રો રંગભૂમિ...પર,
" નાચી, નચાવે દુનિ...યા...ને;
(પણ)" માયાજવનિકા પાછળનું,
" સંતકથન ન ચડે ધ્યા...ને... રે બાલે !
" અવ્યક્તમાંથી આ...વ્યો જે...વો,
" અવ્યક્તને મળી તેમ જવું...
" સંમોહતણા સાગર માં...હે,
" નિમિત્ત સુધી તરતા વ...સ...વું
" પ્રભુ ! લેખ સુધી ભમતા ભ્રમવું !
" ભટકી...રહે...વું !
" રે બાલે ! વયમાં વધતી જ્યમ,
" ત્યમ ચિં...તા બહુ ઉપજતી...મમ !
" હા... આ ! ચિંતા બહુ ઉપજતી મન ! "

શોભનાની દૃષ્ટિની આડે રહેલો સૂર્યસિંહ હવે તેના જોવામાં આવ્યો. કોણીને ભૂમિપર ટેકાવીને હથેળીમાં માથું મૂકી પોતાને જ એકીદૃષ્ટે જોઈ રહેલો સૂર્યસિંહ શોભનાની દૃષ્ટિમાં આવતાં જ—બન્નેનાં

નેત્રો મળતાં જ શોભના શરમાઇ ગઇ—ક્ષોભ પામી ગઇ. સૂર્યસિંહ સાથેનો તેનો પરિચય હવે વધ્યો હતો અને તેથી પહેલાં રાજાની સમીપે ઊભાં રહેતાં જ શોભનાના હૃદયમાં ભય અને ગભરાટ ફેલાતાં, તેને બદલે હવે તેનામાં કોઇ કોઇ વાર માત્ર ક્ષોભ ઉત્પન્ન થઇ જતો અને ભય તથા ગભરાટ તો હવે કેવળ અદૃશ્ય થઇ ગયા હતા. આથી સૂર્યસિંહનાં અને શોભનાનાં નેત્રોનો સમાગમ થતાં જ તે શરમાઇ ગઈ, તેણે આડી નજર કરી અને ક્ષણભર ઊભી રહીને પછી સૂર્યસિંહ તરફ આગળ ચાલી. સૂર્યસિંહને જોયા પહેલાં તે સીધી નજર રાખીને ચાલતી હતી, તેને બદલે હવે તે નજરને તીર્છી કરીને ચાલવા લાગી, જાણે કે પુનઃ નેત્રસંયોગ થવા દેતાં શરમાતી ન હોય, ભય પામતી ન હોય ? !

રાણી રમાકુંવરે ઉછેરેલા ગુલાબના છોડનાં પુષ્પોની માળા સ્વહસ્તે સ્વામીના કંઠમાં આરોપવાની રમાની અભિલાષા હતી; પરન્તુ સૂર્યસિંહ સૂર્યતાપથી અકળાઇને બગીચામાં ચાલ્યો ગયો. રમા પણ આતાપથી આકુળ થઇને શીતળ જળવડે સ્નાન કરવા બેઠી અને તેણે શોભનાને કહ્યું: “ શોભના ! જા, તું જ આ પુષ્પમાલા રાજાજીને પહેરાવી આવ. હમણાં દાસીએ કહ્યું કે રાજાજી બગીચામાં પુષ્પશય્યા કરીને સૂતા છે; એટલે મારાથી બગીચામાં પણ જઇ શકાય નહિ. ”

શોભના બોલીઃ “ પણ તે બગીચામાં ક્યાં આગળ હશે ? ”

“ કોઇ એકાદી કુંજમાં હશે; તારી મેળે તેમને શોધી કાઢજે અને મારીવતી તેમના કંઠમાં આરોપજે, જા.”

શોભના પોતાની બાઇની આજ્ઞાને અનુસરીને પુષ્પમાલા લેઇ નીકળી. રમા શીતલોપચારને માટે સ્નાન કરવા લાગી. શોભના એકાદ કુંજ ફરી આવી પણ ત્યાં ર્યસિંહ જોવામાં આવ્યો નહિ. બગીચાના પશ્ચિમ વિભાગમાં એવી બીજી બે ત્રણ કુંજો બનાવવામાં આ-

વેલી હતી, તે તરફ આજુબાજુએ નજર કરતી અને રાજાને શોધી કાઢવાનો યત્ન કરતી તે ચાલી. જૂઇના મંડપની નજીકમાં આવતાં જ સૂર્યસિંહ તેની દૃષ્ટિએ પડ્યો. સૂર્યસિંહ તેને ઘણે દૂરથી આવતી જોઇ શક્યો હતો અને તેથી જ તેના ચિત્તમાં વિચારદીપક પ્રજ્વલિત થયો હતો; પરન્તુ શોભના તો મંડપની નજીકમાં આવી, ત્યારે જ તેની ઓથે સૂતેલા રાજાને જોઇ શકી અને પોતાને જ મૌન્યપૂર્વક નિહાળી રહેલા રાજાનાં નેત્રોની સાથે તેનાં નેત્રોનો સમાગમ થતાં શરમાઇ ગઇ ! રાજાની સામે નજર કર્યા વિના જ તે તેના તરફ ચાલી. પંદર વીસ ડગલાં ભરતાં તો તે સૂર્યસિંહની સમીપ આવીને ઊભી રહી.

પૂર્વ ક્ષોભની અસર હજી દૂર થઇ નહોતી. તેણે જરા વદન ઉંચું કરી નેત્રોને રાજા સામે દોર્યાં–પુનઃ નેત્રમિલાપ થયો, કિન્તુ એક જ ક્ષણમાં તે પાછાં ઢળી ગયાં–લજ્જાનું આવરણ આવીને ખડું થયું ! એક વાર ફરીથી ચોરીછૂપીથી રાજાની સામે જોઇ લેવાને તેણે તુરત જ પાછાં નેત્રોને તે તરફ મોકલ્યાં–જરાતરા મોકલ્યાં, પુનરપિ નેત્રોનો મિલાપ થયો અને શોભનાએ હવે પહેલાં કરતાં વધુ લજાઇને નેત્રોને ઢાળી દીધાં. હવે ફરી નેત્ર ઉંચાં કરવાનું ધૈર્ય તે લજ્જાતુર બાળામાં રહ્યું નહોતું. નજરને નીચી જ રાખી રહીને તે ધીમેથી બોલી–કાંઇક સંકુચિત સ્વરે બોલીઃ " મહારાજ ! " ' બાપુ ' શબ્દનું સંબોધન આ સમયે તેના મુખમાંથી ન નીકળ્યું. તે આગળ બોલીઃ " મારાં બાપુએ આપને આ ભેટ મોકલી છે, તે સ્વીકારો. તેમણે બહુ ખંતથી શ્રીવિહારોદ્યાનમાં જે ગુલાબના છોડ ઉછેર્યા છે, તેનાં આ પ્રથમ પુષ્પ છે; અને તેની જ માળા બનાવીને આપને તે ભેટ કરવા તેમણે મને મોકલી છે."

" એમ કે ? આ ક્ષુદ્ર પણ અંતઃકરણની ભેટ માટે જ સ્હવારે



રાજનની સામે નજર કર્યા વિના જ તે તેના તરફ ચાલી.

પૃ ૧૮૪.

તું મને ક્યાંય બહાર નહિ જવાનો સંદેશો આપવા આવી હતી ખરું કે શોભના? વારુ, લાવ; હું તેનો આનંદપૂર્વક સ્વીકાર કરીશ." સૂર્યસિંહે કહ્યું.

રમાએ તે પુષ્પમાલા રાજાના કંઠમાં આરોપવાની શોભનાને આજ્ઞા કરી હતી; પરન્તુ પુષ્પશય્યાપર પગ મેલીને રાજાની અત્યંત નિકટ જવાનું ધૈર્ય શોભનામાં અત્યારે નહોતું, તેથી તે પુષ્પમાલાને રાજાના કંઠમાં પહેરાવવા જેટલી હિંમત ધરી શકી નહિ. તે પોતાનો જમણો હાથ લંબાવીને તથા શરીરને જરા નમાવીને હાથમાં પકડેલી માળા રાજાને આપવા માટે એક ડગલું આગળ વધી. પગ પુષ્પો નીચેનાં કેળનાં પાતરાંપર પડચો અને પડતાંની સાથે જ લપસ્યો! પુષ્પમાલાનો સ્વીકાર કરવાને સૂર્યસિંહે જે ક્ષણે હાથ લંબાવ્યો તે જ ક્ષણે શોભનાનો પગ કેળનાં પાતરાંપરથી સરક્યો અને રાજાએ તેને પડતી અટકાવવાને–બચાવવાને તેનો હાથ પકડી લીધો, પડવાના ગભરાટમાં અને રાજાના હસ્તગ્રહણના ક્ષોભમાં શોભનાના હાથમાંથી પુષ્પમાલા નીચે પુષ્પશય્યામાં પડી ગઇ, અને તેનો હાથ રાજાના હાથમાં જ ધ્રુજતો રહ્યો! રાજાએ તે સુકોમળ નાજુક હાથ ખેંચ્યો તો નહીં જ પરન્તુ તેનાથી તે મૂકી પણ દેવાયો નહિ! ચિત્તમાં વ્યાપી રહેલા સંમોહે અને પુનઃ થએલા નયન–મીલાપે રાજાની પ્રેમોત્સુક વૃત્તિને સતેજ કરી તથા તેના ઓષ્ઠદ્વયને ઉત્સુક બનાવી શોભનાના સુકોમળ હસ્તભણી પ્રેર્યા. એક મધુર ચુંબન લેવાઇ ગયું. ધ્રૂજતી બાળાના લજ્જાતુર મુખારવિંદને નીરખવાને રાજાએ દૃષ્ટિને ઉંચી કરી. અરે! તે જ દૃષ્ટિએ જોયું કે સામેના મહેલની એક બારીમાં સ્નાનથી તુરત જ પરવારીને છૂટે કેશકલાપે ઉભી રહેલી રમા આ દૃશ્ય ગુપચુપ જોઈ રહી છે! હાથ મૂકી દેવાયો. રાજાની દૃષ્ટિનું મહેલ તરફ ઉંચે જવું અને હાથ છૂટો થવો તે એક જ ક્ષણની ક્રિયાએ શોભનાની

દૃષ્ટિને પણ મહેલ તરફ ફેરવી. તેણે રમાને જોઇ! તે ભોંઠી પડી. ચિત્ત વધુ ગભરાયું. ઉતરી ગએલે વદને તે એક શબ્દ પણ બોલ્યા વિના મહેલ તરફ પાછી ફરી. સૂર્યસિંહ પોતાના સાહસથી અકળાતો-મુંઝાતો અને પસ્તાતો તથા પોતાની ઉન્મત્તતાને ઠપકો આપતો રમાની પુષ્પમાલા નીચે નેત્રોને ઢાંકીને પાછો પુષ્પશય્યામાં પડ્યો. 'રમાએ આ જોઇને શું કલ્પના કરી હશે?' 'હું શોભનાપર અન્યથા ભાવ રાખું છું એમ શું તેણે માન્યું હશે?' 'અરે, પણ મને જ એ સાહસ કેમ સૂઝ્યું?' 'હવે હું રમાને મારો નિર્મળ ભાવ કેવી રીતે સમજાવી શકીશ?' એવા એવા વિચારોમાં તે બ્હાવરો બન્યો.

* * * * *

પણ રમાએ શું જોયું હતું? પોતાનો સ્વામી પોતાના જ પરિશ્રમના ફળરૂપ પુષ્પમાલાનો કેવી રીતે સ્વીકાર કરે છે તે જાણવાને આતુર થએલી રમા સત્વર નાહી ઉઠી હતી અને શોભના સૂર્યસિંહ પાસે જઈ પહોંચે તે પહેલાં ઉતાવળ ઉતાવળમાં એક સાડી પહેરી લેઇ બગીચા તરફની એક બારી ઉઘાડી બારીમાંથી ડોકું કાઢી સ્વામીની પુષ્પશય્યા દેખી શકાય તેવી રીતે ઊભી રહી. તે બારીમાંથી રમા શોભનાને જૂઇના માંડવાની ઓથે પુષ્પશય્યામાં સૂતેલા સૂર્યસિંહ તરફ જતી જોઈ શકી હતી. કેળનાં પાતરાંપરથી પગ લપસી જતાં લથડતી શોભનાને જોઇને રમાના મુખમાં પણ સ્મિત સ્ફુરી રહ્યું, પરન્તુ સૂર્યસિંહે તેના હસ્તપર ચુંબન લીધું તે દેખાવ બરાબર જોયા છતાં તે મુગ્ધા તેને કળી શકી નહિ. તે સમજી કે પોતાના સ્વામીએ પોતાની પુષ્પમાલાનો જ ચુંબન સાથે સ્વીકાર કર્યો હતો. પુષ્પમાલા તો શોભનાના હાથમાંથી પડી ગઈ હતી અને વસ્તુતઃ સૂર્યસિંહે શોભનાના હસ્તપર જ પ્રેમસૂચક ચુંબન લીધું હતું તેમ રમા સમજી શકી નહિ. નહિ સમજી શકી તેનું કારણ એ હતું કે શોભનાના હસ્ત-

માંથી પુષ્પમાલાને સરી પડતી, રમા એટલે ઉંચેથી જોઈ શકી નહોતી. શોભનાના હસ્તપર ચુંબન લેઇને પોતાનો સ્વામી તે બાળા તરફ પ્રેમ-સૂચન કરે તેમ રમાનું સરલ હૃદય માની શકે તેમ જ નહોતું અને વળી તેને વહેમ પડે લેવું કાંઈ દશ્ય તેણે જોયું નહોતું; છતાં શોભના અને સૂર્યસિંહનાં હૃદયો તો લજ્જા અને ભીતિથી થડકતાં હતાં!

શોભના પરભારી રમા પાસે ગઇ પણુ તેનું વદન પડી ગયું હતું! તેને ભય હતો કે રમા તેને કાઢી મેલશે, અથવા તો કાંઇ બીજી શિક્ષા કરશે. ગમે તેટલું ચપળ—ચંચળ અને ઉન્નત છતાં પણુ છેવટે તે એક દાસત્વમય જ હૃદય હતું! તે નિર્બળ અને મુગ્ધ હૃદ-યમાં રોદન ભરાઇ રહ્યું હતું અને માત્ર એક ટકોરો લાગતાંની સાથે જ હૃદયમાં ભરાઇ રહેલું રોદન આંખોદ્વારા અશ્રુરૂપે સરી પડે તેમ હતું. તે રડવાને જ—રડવાની આશાએ જ રમા પાસે પાછી આવી હતી; પરન્તુ તે નિર્દોષ હૃદયને તેના ભાગ્યે બચાવી લીધું! તે રમા પાસે આવી અને તુરત જ રમા હસતે મ્હોંએ તેની સામે આવીને બોલી: "કેમ શોભના! રાજાજીએ મારી પુષ્પમાલાનો ચુંબનવડે સત્કાર કર્યો અને પછી તે જ માળાને પોતાનાં નેત્રોપર રાખીને તે સૂતા ખરૂં કે?"

"હા બાઈ સાહેબ! પણુ હું તો પડતાં પડતાં રહી ગઇ; તમે જોયું કે?" શોભનાએ ઉત્તર આપ્યો. એક ક્ષણુ પહેલાં જ શોભના શોકાતુર હતી, તેનું હૃદય અત્યારે આનંદિત થયું. રમા ખરા દશ્યને ખોટા સ્વરૂપમાં સમજી છે એમ જાણી લેતાં તે ચતુર બાળાને જરા પણુ વાર લાગી નહિ! હૃદય નિર્દોષ હતું પરન્તુ દૂષિત કાર્યમાં પોતે ભાગ લીધો હતો એવું તે સમજતું હતું, અને તેથી તે હૃદય પોતાનો દોષ ખુલ્લો કરી બતાવે તેવું મુગ્ધ—અતિમુગ્ધ હવે રહ્યું નહોતું. તેણે તે સમયે રમાની અજ્ઞતાનો લાભ લેવામાં જ પોતાનું હિત માન્યું

અને ખરો પ્રસંગ ઉઘાડો કરવા જેવું ભોળપણ–મૂર્ખતા તેણે બતાવી નહિ.

સૂર્યસિંહે સાંજે જનાનામાં પ્રવેશ કરતાં જ રમાનું હસતું વદન નિહાળ્યું. નિર્દોષ શોભનાના વદનપર પણ આનંદની જ છટા તેણે જોઇ. સૂર્યસિંહ તે જોઇને નવાઇ પામ્યો ખરો, પરન્તુ મૌન જ રહ્યો! તેના હૃદયે કરેલું વિપરીત કાર્ય ખુલ્લું કરવામાં કાંઇ જ લાભ નહિ માનીને તે પ્રસંગને તે ગળી ગયો. તે સમયથી તેનું સરલ હૃદય ચોરી કરવાનું શિક્ષણ મેળવવા લાગ્યું!!

પ્રકરણ ૧૬ મું.

નગરચર્ચા.

નિર્દોષ હૃદયો રમાની દૃષ્ટિમાં પણ નિર્દોષ જ રહ્યાં; છતાં શોભના હૃદયથી એટલી બધી ગભરાઇ ગઇ હતી કે એ દિવસ સુધી તે સૂર્યસિંહના વાંચવાના ઓરડામાં ગઇ નહિ! રમા પાસે જ રહીને તે વાંચતી અને રમાને જ કાંઇ ખુલાસો પૂછતી. સૂર્યસિંહ એક વાર સાહસ કરી ગયા પછી પસ્તાયો હતો, પરન્તુ તે સાહસ અન્ય દૃષ્ટિમાં નહિ આવ્યું હોવાથી તેનો પશ્ચાત્તાપ બહુ વખત ટક્યો નહિ. શોભનાની આનંદી મૂર્તિનું દર્શન તે જનાનામાં રમા પાસે જતો ત્યારે કરી શકતો; પણ શોભનાના સંક્ષોભથી તેને બોલાવવાની હિંમત કરી શકતો નહિ. ધીમે ધીમે તે સંક્ષોભ પણ દૂર થયો અને શોભના પુનઃ પૂર્વવત્ સૂર્યસિંહ પાસે રહેવા લાગી, તથા સૂર્યસિંહ તેને અભ્યાસમાં આગળ વધારવા લાગ્યો. બન્ને હૃદયો વચ્ચે જે અંતર પેદા થયું હતું તે ઘસાતું ભુંસાતું ગયું અને

પુનઃ શોભના રાજાની સાથે છૂટથી વાત કરવાની હિંમતવાળી થઇ હતી.

આજે શ્રીવિહારોદ્યાનમાં સૂર્યસિંહ, રમા અને શોભના ફરતાં હતાં. રાત્રિ પડી ગઇ હતી અને અંધકારને નિવૃત્ત કરતા દીપકો બળી રહ્યા હતા. વાતચીતના પ્રસંગમાં શોભના બોલીઃ " હે બાપુ ! વિક્રમ રાજાની પેઠે તમે કેમ નગરચર્યા જોવા નીકળતા નથી ? "

આ પ્રશ્ન સાંભળીને સૂર્યસિંહે મંદ હાસ્ય કર્યું. શોભનાના ચિત્તમાં આ પ્રશ્ન કેવી રીતે ઉદ્ભવ પામ્યો તે સમજવું કાંઇ મુશ્કેલ નહોતું. સૂર્યસિંહ સમજ્યો કે વિક્રમાદિત્યનું ચરિત્ર વાંચવાથી તેના મગજમાં આ પ્રશ્ન જન્મ પામ્યો હોવો જોઇએ. છતાં સૂર્યસિંહે શોભનાના બુદ્ધિવિકાસની કસોટીને માટે પ્રશ્ન કર્યોઃ " હે શોભના ? નગરચર્યા જોવા નીકળવાની શી જરૂર ? "

" ઘણી જ જરૂર; એમ કેમ કહો છો બાપુ ? વિક્રમ રાજા ઘણી વાર રાત્રે નગરચર્યા જોવા નીકળતા અને શ્રી રામ પણ નીકળતા. રાજાને મોઢે તો સૌ સારૂં બોલે પણ જે ખરેખરૂં હોય તે તો લોકો રાજાની પૂંઠે જ બોલે. પોતાની પાછળ સારૂં બોલાય છે કે નરસું એ તો રાજાએ જાણવું જ જોઇએ તો ! "

" શામાટે જાણવું જોઇએ ? " સૂર્યસિંહે એક વધુ પ્રશ્ન કર્યો.

" જ્યારે લોકોના સુખની અને દુઃખની ખરેખરી વાત રાજાના જાણવામાં આવે, ત્યારે જ તે પ્રજાને ન્યાય આપી શકે, અને ખરી વાત રાજાની પૂંઠ પાછળ બોલાય, માટે રાજાએ તે જાણવી જોઇએ." શોભનાએ પોતાની સમજણ પ્રમાણે ખુલાસો કર્યો.

" પ્રજા સુખી છે કે દુઃખી છે એ તો રાજ્યના અમલદારો જુએ છે જ ને ? તેઓ મને સઘળી વાત કહે છે અને એ રીતે મારા જાણવામાં તે આવે છે. " સૂર્યસિંહે મ્હોં ઠાવકું રાખીને કહ્યું.

"અંહ! પણ એ તો પારકે કાને સાંભળેલી વાત ને? તમે પોતાને કાને સાંભળેલી વાત કાંઇ છે?" શોભના વદનને નીચું નમાવતાં બોલી.

"ઠીક, ઠીક, હવે." રમા બોલીઃ "આ છોકરીને વળી આવું આવું ક્યાંથીએ સૂઝી આવે છે?" રમાએ જરા છણકો કર્યો, છતાં શોભનાની ચાણાક્ષતાએ રમાના વદનમાંથી પ્રશંસાનું ઈષત્ સ્મિત સ્ફુરાવ્યું.

સૂર્યસિંહ બોલ્યોઃ "નહિ, નહિ, રમા! એ બિચારીને તું એમ ઉત્સાહહીન કરી નાંખ નહિ. તેના ઉન્નત ભાવોને આપણે પોષવા જોઇએ. જોને, જે રાજધર્મ હું સેંકડો વાર પુસ્તકોમાં વાંચી ગયો હોઈશ, તે બજાવવાનું મને સાંભરતુંએ નથી; ત્યારે એ રાજધર્મ તરફ આ છોકરીનું લક્ષ કેટલા વેગ સાથે પહેલી જ વાર એકદમ ખેંચાયું છે?" શોભનાને તેણે કહ્યુંઃ "ત્યારે, શોભના!"

"કેમ, બાપુ!" શોભના બોલી.

"હું આજે નગરચર્યા જોવા નીકળું, તો તું મારી સાથે આવીશ?" સૂર્યસિંહે પૂછ્યું.

"રાત અંધારી છે; હું બ્હીઉં તો?" બીકનું સ્મરણ ચિત્તમાં આવતાંની સાથે શોભનાનાં રોમ કમ્પિત થયાં. ભયના સ્ફુરણથી તેણે ખભા ઉંચા ચડાવ્યા.

સૂર્યસિંહ હસીને બોલ્યોઃ "ઓ હો! અંધારી રાત છે એટલે તું બ્હી ગઇ કે? સ્ત્રીજાતિનો સ્વભાવજ ભીરૂ હોય છે એમાં ના નહિ. તારામાં આટલું ડહાપણ આવ્યું, પણ જ્યાં મુદ્દાની વાત આવી ત્યાં બ્હી ગઇ! પણ શોભના! હું તારી સાથે હોઇશ, પછી બ્હીવાનું શું? અંધારી રાતમાં જ ખરી રીતે નગરચર્યા જોવાય અને તે પણ આપણે જો અંધારામાં જ અંધારપિછોડી ઓઢીને એકલાં ફરીએ

તો જ જોઇ શકીએ. આજે જ રાત્રે આપણે નીકળીએ, ચાલ, તું આવીશ ?"

"પણ તમે તમારી આંગળી પકડીને મને ચાલવા દેશો ?" શોભનાએ તીર્છી નજર કરતાં પ્રશ્ન કર્યો.

"હા ચાલ. તને હું બ્હીવા નહિ દઉં; પછી તો આવીશને ?"

"હા તો આવીશ; કેમ બા ? બાપુ સાથે હું જઉં ને ?" શોભનાએ ત્યાં ને ત્યાં જ રમાની પરવાનગી માંગી.

"ભલે જા, મને શો વાંધો છે ? પણ ક્યાંય અંધારામાં ફાટી મરતી નહિ !" રમાએ કહ્યું.

"મહારાજા સાથે છે, પછી હું કેમ બ્હીશ !" શોભનામાં હવે કાંઇક બળ આવ્યું.

રાત્રિ આગળ વધી. સ્ત્રીવિહારોદ્યાનમાંથી એ ત્રિપુટી પાછી મહેલમાં દાખલ થઇ. રાત્રિભોજન કર્યું. પોતે રાજાજી સાથે નગરચર્યા જોવા જનાર છે, એ વાત શોભનાએ કોઇને કહી નહોતી; પણ તે અત્યારે મોટા ઉલ્લાસમાં હતી. વિક્રમ રાજા નગરચર્યા જોવા નીકળતા તે કેમ જોતા હશે; નગરચર્યામાં શું શું નવું જોવા-જાણવાનું મળતું હશે; કેવી છાની રીતે હરાતું ફરાતું હશે; એ સઘળા પ્રશ્નો અત્યારે તે બાલિકાના હૃદયમાં ઉપસ્થિત થતા હતા અને તેથી તેની કૌતુહલિક બુદ્ધિએ તેને ઉલ્લાસમાં મૂકી હતી.

છેવટે મધ્યરાત્રિનો સમય થવા આવ્યો. ઘડીયાળમાં બાર ટકોરા થયા કે તુરત જ શોભના સૂર્યસિંહના દિવાનખાનામાં આવીને ઊભી રહી અને ધીમેથી બોલી: "બાપુ ! મધરાત થઇ !"

શોભનાની ઉત્સુકતા ઉપર સ્વલ્પ સ્મિત કરીને સૂર્યસિંહ બોલ્યો: "હા, મને ખબર છે; ચાલ તું આ વસ્ત્રો પહેરી લે એટલે પછી આપણે જઇએ." એમ કહી સૂર્યસિંહે શોભનાને એક ઘેરા રાતા

અને કાળા રંગથી રંગેલો નાનો પાયજામો અને તેવો જ એક ઝભ્ભો પહેરાવ્યો તથા એકસરખા રંગનો ફટકો માથે બંધાવીને તેને રાજકુંવરનો વેશ આપ્યો! પોતે પણ તેવા જ રંગનાં વસ્ત્રો પહેરી લીધાં અને પછી બન્ને જણ રાજમહાલયમાંથી નગરચર્યા જોવા માટે બહાર નીકળી પડયાં.

પ્રકરણ ૧૭ મું.

દુ:ખના દરિયામાં.

જ્યારે ચતુર પુરૂષોને માથે પણ તેઓના ચાતુર્યને નિર્માલ્ય લેખાવનારાં દુ:ખો આવી પડે છે, ત્યારે 'ઉદ્યમ' વાદીઓ 'ભાગ્યચક્ર' જેવા કાંઇ અદસ્ય સામર્થ્યને માનતા થાય છે. **उद्यमे वसति लक्ष्मीः** એ જગન્માન્ય સત્ય છે, છતાં ઉદ્યમના જિજ્ઞાસુઓ ભાગ્યચક્રના કોઇ પ્રતિકુળ આવરણને લીધે ઉદ્યમને પ્રાપ્ત કરી શકતા નથી, ત્યારે તેઓનું ચાતુર્ય, તેઓનું ઉદ્યમતત્પરપણું, તેઓનું બુદ્ધિબળ, એ સર્વ હણાઇ જાય છે.

લતાગૌરીનો પતિ ચંદ્રમણિશંકર એક ચતુર અને ઉદ્યમી યુવક હતો. હવે તો તે લાંબા વખતના મંદવાડ પછી સાજો થયો હતો અને પુન: નોકરીની શોધમાં ફાંફાં મારતો હતો. છ સાત માસના લાંબા મંદવાડમાં અને તેથી વધારે લાંબા નિરૂદ્યમીપણામાં તે બહુ દ્રવ્ય ગુમાવી બેઠો હતો. મૂળથી જ તેની સ્થિતિ સાધારણ હતી અને ભદ્રપુરની નિશાળમાં એક શિક્ષક તરીકે તેને જે કાંઇ પગાર મળી શકતો તે તેનું ઘરખર્ચ પૂરૂં કરવા પૂરતો જ હતો. ચંદ્રમણિશંકરને હરહંમેશ દવાઓ પીવા પાછળ બહુ પૈસા ખર્ચવા પડતા અને તેથી ગામડાનું કરકસર-

વાળું જીવન ગાળવા છતાં તેનો પાંત્રીસ રૂપિયાનો પગાર તેને માટે કાંઇ બચત રહેવા દેતો નહિ. નોકરીમાંથી છૂટી જતાંની સાથે મંદવાડના ઉથલાના રૂપમાં તેનું દુર્ભાગ્ય આવી લાગ્યું અને એક બાજુએ આવક બંધ થઇ ત્યારે બીજી બાજુએ મંદવાડનું એવડુ-ત્રેવડું ખર્ચ ચાલુ થયું. આ ખર્ચ પૂરૂં કરી શકાય તેવી કાંઇ મિલકત ચંદ્રમણિશંકર પાસે નહોતી. મંદવાડના બિછાનામાં પડયાં પડયાં પણ ચંદ્રમણિશંકરને એ ચિન્તા થયાં કરતી હતી કે "હું હવે ઘરનું ખર્ચ કેવી રીતે પૂરૂં કરીશ ?" પરન્તુ લતાગૌરીએ તે ચિંતા સ્વામીને કરવા દીધી નહોતી. ઘરમાં કાંઇ ધન નહોતું છતાં છ-સાત માસના લાંબા મંદવાડ સુધી સ્વામીને એકસરખો પૌષ્ટિક ખોરાક તે આપતી, દવા લાવી આપતી અને પોતે ગમે તેવું લુખ્ખું સૂકું ખાતી તોપણ સ્વામીના શરીરને ગુણકારી થઇ પડે તેવી વસ્તુઓ લાવવામાં તે કસર કરતી નહિ. માંદગી દર્મ્યાન ચંદ્રમણિશંકરે એક બે વાર લતાને પૂછેલું કે "વ્હાલી ! આ બધો ખર્ચનો બોજો આપણાથી કેવી રીતે ઉપડશે ? માટે હવે દૂધ ઓછું કરી નાંખ. દવા એક જ વખત મને લેવા દે અને બીજું પરચુરણ ખર્ચ કમી કરી નાંખ." પણ લતાને સ્વામીની તે કરકસર સંબંધી સૂચના રૂચતી નહિ. તે કહેતી કે "માંદગીમાં કરકસર ના થાય, નાથ ! સાજા થાઓ પછી કરકસર કરજો. અત્યારે તો જેમ બને તેમ કરીને ચલાવી લેવા દો; પછી વળી જોઇ લેવાશે."

"અરે, એ તો ખરૂં; હું ઘણુંએ સમજું છું કે મને પૌષ્ટિક ખોરાકની, દૂધની અને દવાની અનિવાર્ય જરૂર છે; પણ તે સઘળું ખર્ચ કેવી રીતે આપણે કરી શકીએ ? અત્યારે આપણે જેમ તેમ કરીને ચલાવીશું પણ કરજનો મોટો અંબાર થતાં લ્હેણદારો મને ફરીથી માંદો પાડશે એ નક્કી સમજજે ! માટે મારાપર દયા લાવીને હવે ખર્ચ ઓછું કરી નાંખ; મારા ભાગ્યમાં હશે તો હું સાજો થઇશ; નહિતો ભલે થવું હોય તેમ થાય !"

"મંદવાડમાં એ બધી ચિંતા કરવાનું મેલી દો; પછી ચિન્તા કરવાનો બહુએ વખત છે." એમ કહીને લતા એ દુઃખભરી વાતચીતને ટાળી દેતી.

ચંદ્રમણિશંકર મંદવાડમાંથી સાજો થયો, પણ હજી તેનામાં બરાબર શક્તિ આવી નહોતી, છતાં જલ્દી નોકરી મેળવવા માટે તે હવે ઉત્સુક થયો હતો. ઘરનું મોટું ખર્ચ તેના હૃદયમાં સાલ્યા કરતું હતું અને લતાએ કેટલુંએ કરજ કરી મેલ્યું હશે તેનો હજી તેને ખ્યાલ પણ નહોતો. શિવશંકર ડોસા ચંદ્રમણિશંકરની તબીયત જોવા આવ્યા હતા તે બિચારા પૌત્રીની દુઃખમય સ્થિતિ જોઇને પચીસ રૂપિયા આપી ગયા હતા, પણ તેટલી નાની રકમ ક્યાંસુધી ચાલે? જેમ જેમ દિવસ જતા હતા, તેમ તેમ આ દુઃખી દંપતીને મન નિર્ધનાવસ્થાની પાંખ વધારે વિશાળ થતી જણાતી હતી.

લતા પોતાના પિતાની ક્ષમા માંગવા માટે પિતાને ઉતારે જતાં લલિતાએ તેને ભિખારડી કહીને તેનું જે અપમાન કર્યું હતું તે વાચકને વિદિત છે. સરલ હૃદયની લતાને તેથી અસાધારણ દુઃખ થયું હતું. ખરી રીતે તો લલિતા લતા ઉપર કોપાયમાન થઇ હતી તેનું કારણ એ જ હતું કે લલિતા અને કુંદનલાલનો પ્રેમાલાપ લતા ગુપ્ત રીતે સાંભળી ગઇ હતી અને તેથી લલિતા એના ઉપર અસાધારણ રીતે ચીડાતાં તેણે લતાનો તિરસ્કાર કરીને તેને કાઢી મેલી હતી! લતા તે તિરસ્કારને ભૂલી જઇ શકી નહિ અને ઘણા લાંબા વખત સુધી જ્યારે જ્યારે તેને તે પ્રસંગનું સ્મરણ થતું, ત્યારે ત્યારે તેની આંખમાંથી આંસુ ખરી પડતાં. આવે સમયે ચંદ્રમણિશંકર તેને આશ્વાસન આપીને તેના મનોદુઃખને ઓછું કરતો.

* * * * *

ચંદ્રમણિશંકર જૂદે જૂદે સ્થળે નોકરી મેળવવાને ફાંફાં મારતો હતો, એવામાં તેના જાણવામાં આવ્યું કે વૃદ્ધનગરની અંગ્રેજી નિશાળમાં

૩૦ રૂપિયાના પગારના એક શિક્ષકની જગો ખાલી પડી હતી. ચંદ્રમણિશંકરના કોઇ મિત્રે તેને વૃદ્ધનગરથી લખ્યું હતું કે " અહીંની અંગ્રેજી નિશાળમાં ૩૦ રૂપિયાના એક શિક્ષકની જગો ખાલી પડી છે અને હું ધારૂં છું કે તમે શિક્ષક તરીકેનો અનુભવ મેળવ્યો હોવાથી તમને અહીંના હેડમાસ્તર પસંદગી આપશે, પણ બીજા ઉમેદવારો વધારે હોવાથી જો તમે ત્યાંના હેડમાસ્તર સાહેબની ભલામણનો પત્ર મોકલશો તો તુરત જ ચોકઠું બેસી જશે. તમારા હેડમાસ્તર સાથે અહીંના હેડમાસ્તરને મિત્રતાનો સંબંધ છે, તે તમે જાણો છો. " પોતાના મિત્રનો આ પત્ર વાંચીને ચંદ્રમણિશંકરને આનંદ થયો. હર્ષમાં ને હર્ષમાં તેણે લતાને તે વાત કહી. લતાએ પણ સ્વામીના હર્ષમાં ભાગ લીધો અને આનંદથી ઉછળતે હૃદયે કહ્યું: " ત્યારે શું આપણે વૃદ્ધનગર રહેવા જઇશું ? "

"હાસ્તો; શામાટે નહિ ? આ રાજ્યમાં હવે નોકરી મળવાની નથી અને મળે તો ચેન પડવાનું નથી, માટે એક રીતે પરદેશ કે પરગામમાં રહેવું વધારે સારૂં. કેમ તેમાં તારી મરજી ખરી કે નહિ ? હું તો હવે આ ભદ્રપુરમાં રહેવાથી કંટાળી ગયો છું."

"ભલે ત્યારે; તમને સુખ ત્યાં મને સુખ. ભદ્રપુરમાં આટલાં વર્ષો ગાળ્યાં એટલે મને તો ભદ્રપુરમાં જ ગોઠી ગયું છે. પરગામમાં વળી નવી ઓળખાણ કરવાની, અજાણ્યા માણસોમાં રહેવાનું, પણ તેથી શું ? વૃદ્ધનગરમાં નોકરી મળતી હોય તો હું વળી વૃદ્ધનગરને જ ભદ્રપુર માનીને સુખી થઇશ. પણ અહીંના હેડમાસ્તર ભલામણનો પત્ર લખી આપશે ખરા ?"

"હા, કેમ નહિ લખી આપે ? હેડમાસ્તર તો બિચારા મારાપર બહુ જ પ્રેમ રાખતા. મને નિશાળમાંથી જવા દેવા તે બિચારા ખુશ નહોતા, પણ શું કરે ? દિવાનના હુકમ આગળ હેડ માસ્તરનું શું ચાલે ? હજી પણ મારાપર એમની એવી જ પ્રેમદૃષ્ટિ છે, અને

તેથી જ વૃદ્ધનગરમાં મારી નોકરીનું ચોકઠું બેસી જાય તેવો વિશેષ સંભવ છે.”

ચંદ્રમણિશંકરને હવે નોકરીમાં જોડાવાની દઢ આશા ઉત્પન્ન થઇ. આખો દિવસ વૃદ્ધનગર જવાના સુખસ્વપ્નમાં તે નિમગ્ન રહ્યો. પરાયા રાજ્યમાં અજાણ્યા ઉપરીઓના હાથ નીચે કેવી સાવધાનતાથી કામ કરીને ઉપરીઓને સંતોષ આપવો તેનો વિચાર તે કરવા લાગ્યો. ખરેખર ‘આશા’નો કેફ માણસના મગજને અતિમુગ્ધ કરી નાંખે છે. **आशैव जीर्णमदिरा** કહ્યું છે તે ખરૂં છે. તેજ આશાના કેફમાં ચંદ્રમણિશંકર મુગ્ધ બનવા લાગ્યો. તે મુગ્ધતામાં સુખ માનવા લાગ્યો. સાંજ પડી એટલે હેડમાસ્તર નિશાળેથી ઘેર આવ્યા હશે એમ જાણીને તે હેડમાસ્તરને ત્યાં ગયો. હેડમાસ્તર કૃષ્ણશંકર નામના એક નડિયાદી બ્રાહ્મણ હતા. અત્યારે તો પેન્શનને લાયક હતા પણ જુવાનીમાં તેમણે શિક્ષક તરીકે સારૂં નામ કાઢેલું હતું. ચંદ્રમણિશંકરને ઘણે દિવસે પોતાને ત્યાં આવેલો જોઇને હેડમાસ્તરે બહુ આનંદ પ્રદર્શિત કર્યો અને કહ્યું : “તમે ઘણે દિવસે મ્હોં બતાવ્યું; કેમ, હવે તો તબીયત સારી છે ને?”

“જી હા. હવે ઠીક રહે છે. છ—સાત મહિના મંદવાડ ભોગવ્યો પછી કેવી રીતે મ્હોં બતાવી શકું ? આપની કૃપાથી હવે સાજો થયો છું.”

“બહુ ખુશીની વાત, ચાલો. ચંદ્રમણિશંકર ! ખરેખર, નિશાળમાં તમારી મોટી ખોટ પડી છે. તમારી જગ્યાએ નવો માણસ આવ્યો તે માલ વિનાનો છે. હું, બીજા શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ તમને સંભારીએ છીએ ! પણ શું કરીએ ? દેશી રાજ્ય રહ્યું એટલે સત્તા આગળ શાણપણ શું કામમાં આવે ? તમને બરતરફ કર્યા ત્યારપછી પણ મેં દિવાનને ઘણું સમજાવ્યું પણ તે એકના બે થયા નહિ.” પોતાના નિત્યના મીઠાબોલા સ્વભાવથી હેડમાસ્તર સાહેબે ચંદ્રમણિશંકરને સારૂં લગાડયું.

"હા, સાહેબ; આપ તો મારાપર સારો પ્રેમભાવ રાખતા હતા. પણ જ્યાં ઉપરીની મરજી બદલાઇ, ત્યાં આપણે શું કરીએ? આપે લીધેલી તસ્દી માટે હું આપનો આભારી થયો છું."

"એમાં મેં શો ઉપકાર કર્યો છે? મેં તો મારી ફરજ માત્ર બજાવી છે. તમારા સરખા સુશીલ અને લાયક જુવાનને સુખી જોવામાં જ અમારો વૃદ્ધોનો સંતોષ સમાએલો છે." નડિયાદી બ્રાહ્મણે પૂરો વિવેક કરવા માંડયો.

"આપની તે માયાળુતા પ્રશંસાને પાત્ર છે, અત્યારે હું આપને થોડી તસ્દી આપવા આવ્યો છું."

"એમાં તસ્દી શાની? ભલે, ખુશીથી જે કાંઇ કામ હોય તે કહો. તમારા ભલાને માટે હું મારાથી બનતું કરીશ."

"ત્યારે, સાહેબ! વૃદ્ધનગરની સ્કૂલમાં શિક્ષકની એક જગ્યા ખાલી પડી છે. મારા સાંભળવામાં આવ્યું છે કે ત્યાંના હેડમાસ્તર સાહેબ આપના મિત્ર છે અને આપ જો મારે માટે ત્યાંના હેડમાસ્તર ઉપર ભલામણનો પત્ર લખી આપો, તો ત્યાં મારી નોકરીનું ચોકઠું બેસી જવાનો સારો સંયોગ છે."

હેડમાસ્તર સાહેબને આ માંગણી સાંભળીને વિચાર થઇ પડયો. ચંદ્રમણિશંકર ઉપર કૃષ્ણુશંકરનો સારો ભાવ હતો, તે જોતાં ચંદ્રમણિશંકરની આટલી માંગણી તેમણે કબુલ રાખવી જોઇએ. પરંતુ કેળવણીખાતાને લગતા એ વયોવૃદ્ધ ગૃહસ્થના હૃદયમાં એક મોટી બીક હતી. દિવાન તરફના હુકમથી ચંદ્રમણિશંકરને બરતરફ કરવામાં આવ્યો હતો અને તેવા બરતરફ થએલા માણસને માટે ભલામણપત્ર લખી આપવાથી રખેને કાંઇ "કાયદા વિરૂદ્ધ" થઇ જાય, એવી બીકથી ચંદ્રમણિશંકરને ભલામણપત્ર લખી આપતાં હેડમાસ્તર સાહેબ અચકાઇ ગયા. ચંદ્રમણિશંકરની માંગણી સાંભળતાં જ તે એકદમ બોલી ઉઠયા: "નહિ, નહિ, નહિ, ચંદ્રમણિશંકર! વૃદ્ધનગરના હેડમાસ્તર

કાંઇ મારા મિત્ર નથી. એમ વળી તમને કોણે કહ્યું? હા, નાનપણમાં અમે બન્ને સાથે કૉલેજમાં ભણતા, પણ કૉલેજમાંથી છૂટા પડયા પછી અમે કદી એક બીજાને મળ્યા જ નથી, પછી મિત્રતા તો સંભવિત જ કેવી રીતે હોય?"

"કદાચ તેમ હશે; પણ સાહેબ! આપના હાથ નીચે મેં સંતોષકારક કામ કર્યું છે તે આપ જાણો છો. પછી આપ સર્ટિફીકેટ લખી આપો તોપણ મને એથી લાભ થવા સંભવ છે. હું ધારૂં છું કે વૃદ્ધનગરના હેડમાસ્તર સાહેબ આપનું નામ તો નહિ જ ભૂલી ગયા હોય."

"જુઓને ચંદ્રમણિશંકર! તેમને મારૂં નામ યાદ હોય તેથી તમને શો લાભ થઇ શકે? તમે જે સર્ટિફીકેટની વાત કહો છો તે હું સમજ્યો." જરા વિરામ લેઇને, મનમાં બરાબર વિચાર ગોઠવીને મ્હોં ઠાવકું રાખીને હેડમાસ્તર સાહેબ આગળ બોલ્યાઃ "પણ તમને સર્ટિફીકેટ આપવા જેવી સ્થિતિમાં જ હું રહ્યો નથી. તમને ખાતા તરફથી બરતરફ કરવામાં આવ્યા છે અને એક બરતરફ થએલા શિક્ષકને હું હેડમાસ્તર તરીકે સર્ટિફીકેટ આપું અને પછી ખાતા તરફથી તે વિષે મારી પાસેથી ખુલાસો માંગવામાં આવે તો પછી હું શો જવાબ આપું?"

"સાહેબ! આપ મોટા ઓધ્ધેદાર છો અને મારી લાયકી જોઇને, હેડમાસ્તર તરીકે નહિ, તો આપના તરફનું ખાનગી સર્ટિફીકેટ પણ આપી શકો."

આ દલીલમાંથી છટકાય તેમ નહિ હોવાથી હેડમાસ્તર સાહેબે ટુંકામાં જવાબ વાળ્યોઃ "હા એ ખરૂં, પણ તેમ તો મારાથી નહિ બની શકે, ચંદ્રમણિશંકર! સમજ્યાને?"

"સાહેબ! હું અત્યારે દુઃખી અવસ્થામાં છું. આપના તરફથી ભલામણપત્ર મળશે અને મને નોકરી મળશે એવી આશાથી જ

આપની પાસે આવ્યો હતો. આપ મારા તરફ હમેશાં માયાળુતા દર્શાવતા આવ્યા છો અને આપ જો મારા ખાતર એટલી તસ્દી લો તો મારૂં શ્રેયઃ થાય તેમ છે. હું જીવીશ ત્યાંસુધી આપનો ઉપકાર નહિ ભૂલું."

"પણ મારે મારી સ્થિતિની સહીસલામતી વિચારવી ખરી કે નહિ? આ કસુર બદલ દિવાન કદાચ મને 'ડીગ્રેડ' કરી નાંખે-પાયરીમાંથી ઉતારી મેલે તો હું શું કરૂં? માટે તે તો મારાથી નહિ બને!" હેડમાસ્તર સાહેબે પોતાના નિર્બળ મનનું ખરેખરૂં દર્શન કરાવી આપ્યું.

"સાહેબ! ખાનગી સર્ટિફીકેટ આપવામાં ખાતાના નિયમનો કાંઇ જ બાધ આપને નડે તેમ નથી. આપ નકામા હદ ઉપરાંત ભીતિ રાખો છો."

"ભાઈ, એ ભીતિ નથી, પણ સાવચેતી છે. જાગતા રહ્યા સારા. પેન્શનનો હક થવા આવ્યો અને કાંઇ કસુર થઇ જાય તો માર્યા જઇએને! માટે એ તો વાત જ કરવી નહિ."

"ત્યારે આપ એમ કરો. વૃદ્ધનગરના હેડમાસ્તર સાહેબ કૉલેજમાં આપના સહાધ્યાયી હતા, તો તેમનાપર મને એક ખાનગી ચિઠ્ઠી માત્ર લખી આપો. સર્ટિફીકેટમાં આપ વાંધો લેખતા હો, તો ભલે, પણ આવી ખાનગી અને 'confidential' ચિઠ્ઠી લખવામાં કાંઇ જ વાંધો નથી."

ડરકુ પંતુજી બોલી ઉઠયાઃ "ચંદ્રમણિશંકર! કાગળ ઉપર અક્ષર પાડવાની વાત તો તમે મને કહેશો જ નહિ. રૂબરૂમાં તમે કહો તેવી ભલામણ કરી દઉં."

ચંદ્રમણિશંકર નિરાશ થયો. તેને આ તલમાંથી કાંઇ તેલ નીકળે તેમ લાગ્યું નહિ. હેડમાસ્તરના ડરકણપણા ઉપર અને તેમના ખાલી વિવેક ઉપર તેને તિરસ્કાર ઉપજ્યોઃ "કેવો મીઠાબોલો, પણ લુચ્ચો માણસ? પહેલાં તો મારૂં ગમે તે કાર્ય કરી આપવાની હા

કહેતો હતો અને છેવટે એક ખાનગી ચિઠ્ઠી લખી આપવાની પણ ખુશી ના પાડી બેઠો! જગત્ આપમતલબી છે તે કાંઇ ખોટું નથી. પણ તેમાં હેડમાસ્તરનો કાંઇ જ વાંક નથી! વાંક જ કેળવણીખાતાનો છે! એ ખાતાનાં માણસો જ એવાં હોય છે કે જરાજરામાં બ્હી જાય છે! મારામાં લાયકી હોય છતાં ખાનગી સર્ટિફીકેટ આપવા જેટલી જાહેર હિંમત પણ નહિ! બળ્યો આ પવિત્ર પણ દુનિયાદારીમાંથી બાતલ કરી નાંખનારો અને બ્હીકણુ બનાવી મેલનારો ધંધો!"

અત્યંત વિસામણ કરતો ચંદ્રમણિશંકર ખિન્ન વદને ઘેર આવી પહોંચ્યો, તો ઘેર કાંઇક જુદું જ ધમસાણ મચેલું! મોદી ઉઘરાણીએ આવેલો અને "અત્યારે ને અત્યારે મારા રૂપિયા આપો, પછી હું અહીંથી જઇશ" એમ કહી હઠ લેઇ બેઠેલો. બિચારી લતાએ તેને બહુએ સમજાવ્યું પણ એ હઠીલા મોદીએ માન્યું નહિ અને તે તો અડંગો લગાવીને બેઠો! એટલામાં ચંદ્રમણિશંકર આવી પહોંચ્યો. મોદીએ તેની પાસે ઉઘરાણી કરી અને ક્રોધાતુરની પેઠે આંખો કાઢીને કહ્યું કે "માસ્તર સાહેબ! અમારે જ્યારે જોઇએ ત્યારે રૂપિયા કામ ન આવે, ત્યારે પછી વેપાર શાને કરીએ? માટે ઝટપટ રૂપિયા આપી દો. મહીનાના મહીના વહી ગયા તેનો તો વિચાર કરો!"

"એમાં તમે ગુસ્સો શાને કરો છો? જાઓ, કાલે મારી પાસેથી રૂપિયા લેઈ જજો; પછી શું?" ચંદ્રમણિશંકરે શાંતિપૂર્વક કહ્યું અને મોદી બરબડતો ચાલ્યો ગયો.

રાત્રિ પડી. ચંદ્રમણિશંકરે વાળુ કરી લીધું. લતાએ ગૃહકાર્યમાંથી પરવારી બિછાનાં કર્યાં. ચંદ્રમણિશંકર પથારીમાં પડીને વિચારમાં પડ્યો. લતાએ ધીરેથી કહ્યું: "નાથ! તમે મોદીને કાલે રૂપિયા લેઇ જવા કહ્યું, પણ તમે કેવી રીતે રૂપિયા આપશો?"

ચંદ્રમણિશંકરે કાંઇ જવાબ ન આપ્યો. મૌન્યમાં પા કલાક વધુ ચાલ્યો ગયો અને લતાએ સ્વામીને તે જ પ્રશ્ન ફરીથી પૂછ્યો.

ચંદ્રમણિશંકરે કહ્યું: "વ્હાલી! તને ખોટું તો લાગશે પણ આ વખતે મારે તને કાંઇક કહેવું છે."

"ભલે, ખુશીથી કહો. તમે મને નહિ કહો ત્યારે કોણ કહેશે? તમારો બોલ હું માથે ચડાવીશ." લતાએ એકસરખા ધૈર્યથી ઉત્તર આપ્યો.

"ત્યારે સાંભળ. મારી માંદગીમાં તેં દેવું કર્યું તે તો મારા ભલા માટે કર્યું, પણ હવે તેની પતાવટ કરવી જોઇએ તે તો તું સમજે છે. આપણે કેટલી મુસ્કેલીમાં છીએ તે તારા ધ્યાન બહાર નથી. આવે વખતે વ્હાલી જણુસ વેચીને પણ ઘરનો વ્યવહાર ચલાવવો જોઇએ. પછી તું પૂછે કે રૂપિયા ક્યાંથી આપશો, તો શું મને તારા-પર રીસ ન ચડે?"

"તમારૂં કથન હું સમજી. તમે એમ કહો છો કે આવે વખતે મારે મારા અલંકારો વેચી દઇને પણ ગૃહવ્યવહાર નિભાવવો જોઇએ; પરન્તુ અલંકારો આબાદ રાખીને કરજનો પોટલો તમારા એકલાના માથાપર રહેવા દેવો જોઇએ નહિ. પણ નાથ! અત્યારસુધી તમારી માંદગીને લીધે મેં તમારાથી જે કાંઇ ગુપ્ત રાખ્યું હતું તે અત્યારે ખુલ્લું કરૂં છું! સાંભળો. આ એકલા મોદીનું જ થોડું કરજ હવે આપણે માથે રહ્યું છે અને બીજું ખરચ મેં મારી જણસો વેચી દઇને જ કર્યું છે. નિભાવને માટે અલંકારો અળગા કરવામાં મેં તમારી પૂછયાવાટ જોઇ નથી. મારા પિયરનું જે કાંઇ હતું તે હું ખર્ચી ચૂકી છું. તમારી એક વીંટી અને એક છેડો હતો તે પણ વેચી દેવાં પડયાં છે. હવે મારી પાસે માત્ર મારો એક ચંદ્રહાર છે અને તેમાં મારી માતાની છબી હોવાથી હું તેને અળગો કરવાની હિંમત કરી શકી નથી; છતાં આ વખતે મારી માતાની એટલી પ્રસાદીએ હું વેચી નાંખવા—" એટલું કહેવામાં માતાનું સ્મરણ થતાં લતાની આંખોમાં આંસુ ઉભરાઇ આવ્યાં.

આ વાત સાંભળીને ચંદ્રમણિશંકર તો કેવળ હીબકી જ ગયો. તે બોલ્યોઃ "લતા ! વ્હાલી ! આ તું શું બોલે છે ? તું મારે માટે આટલો આત્મભોગ આપી ચૂકી છે અને અત્યારસુધી તે મને તેં જણાવ્યું પણ નહિ !"

"નાથ !" લતા આંખો લૂછતી બોલી : "તમારી માંદગીમાં તમને આ બધી દુઃખવાર્તા કહીને હું શું કરૂં ? વળી તમારી તબીયતને ખરાબ અસર થાય. આથી મેં તમને કાંઇ જ જણાવ્યા વિના સઘળો કાર્યભાર નિભાવ્યો છે. આટલું આ મોદીનું કરજ હવે માત્ર બાકી રહ્યું છે !"

"અરેરે ! લતા ! મારા ઉજ્જવલ રત્ન ! હું તારી ક્ષમાનો પ્રાર્થી છું ! મેં તારાપર અવિચારીપણે દોષ મૂક્યો હતો તેને માટે હવે હું પસ્તાઉં છું ! ત્યારે હવે શું થશે ! મોદીનું કેવી રીતે પતાવી શકાશે અને આગળ નિભાવ પણ કેમ કરી શકાશે ? અને તારી એકની એક પ્રિય વસ્તુનો વિયોગ કરાવવા જેટલો શું હું ઘાતકી થઉં ? ઓ હૃદય! તેમ કરતાં પહેલાં તું કેમ તૂટી પડતું નથી ? લતા ! લતા ! મારા ગરીબ સંસારના ગૃહરત્ન !—"

લતા બોલીઃ "એ વાત જવા દો. તેમ કરવામાં મેં સ્વામીસેવા ઉપરાંત બીજું શું મહાભારત કામ કરી નાંખ્યું છે ? હશે, હવે સૂઇ જાઓ. એમ ઉશ્કેરાશો તો વળી તમારી તબીયતને ખરાબ અસર થશે, માટે અત્યારે શાંત ચિત્તે સૂઈ જાઓ. સ્હવારે મોદી આવશે, તો તેને ગમે તેમ સમજાવી લેવાશે !" તે સ્વામીના મસ્તકને ખોળામાં લેઇને દાબવા લાગી અને ચંદ્રમણિશંકર અનેકાનેક વિચારો કરતો ચિત્તશાંતિને માટે ફાંફાં મારવા લાગ્યો. મોડી રાત્રે લતા પણ બિછાનામાં સૂઇ ગઈ.

પ્રકરણ ૧૮ મું.

જીવનથી કંટાળેલો.

ઉપરાછાપરી માથે આવી પડેલાં સંકષ્ટોથી અને સર્વ દિશાએથી ચિંતા, નિરાશા અને ઉદ્વેગવડે ઘેરાઈ જવાથી ચંદ્રમણિશંકર નિદ્રા લેઈ શકયો નહિ. બિછાનામાં આળોટતાં તે મનને વિચારસાગરમાં ગળકાં ખવરાવવા લાગ્યો. બહુ બહુ વિચારો દોડાવ્યા, પણ ચારે દિશાએ તેણે પોતાને માટે દુઃખ અને દુઃખ જ જોયું ! હેડમાસ્તર તરફથી સારૂં સર્ટિફીકેટ મળવાની તેને આશા હતી–સંપૂર્ણ આશા હતી અને વૃદ્ધનગરમાં નોકરીમાં જોડાઈ જવાની પણ બહુધા સફળ આશા હતી, પરન્તુ મીઠાબોલા સ્વાર્થી હેડમાસ્તર માટેની તેની તે આશા નિષ્ફળ નીવડી અને તે નિરાશ–હતાશ બની ગયો ! કરજમાં ડૂબી ગયો, શરીરસંપત્તિ પુનઃ મેળવી શકયો પણ ગૃહસંપત્તિને ગુમાવી બેઠો ! લ્હેણદાર પોતાને ત્યાં ઉઘરાણીએ આવે અને બે કડવાં વચન બોલી જાય તે ચોખ્ખો વ્યવહાર રાખવાની ઇચ્છાવાળા ચંદ્રમણિશંકરના મનનું એક મોટું દુઃખ થઇ પડયું. નોકરીને માટે તે એટલાં ફાંફાં મારી ચૂકયો હતો કે હવે તેને વધુ યત્ન કરતાં કંટાળો છૂટતો હતો; ઘરની સંપત્તિનું તળીઉં હવે આવી રહ્યું હતું; એટલે કમાયા વિના પેટનું પૂરૂં કરવું પણ હવે અશક્ય થઇ પડે તેમ હતું; સગાંઓમાં સસરા પાસે અઢળક દ્રવ્ય હતું, પરંતુ તેમાંની એક પાઇએ તેને માટે નકામી હતી. લતાના માતામહ બિચારા સાધારણ સ્થિતિના હતા. તેમને માસિક પચાસ રૂપિયાનું પેન્શન મળતું અને તેમાંથી કુટુંબનું પોષણ થતું છતાંએ તે યથાશક્તિ મદદ કરી ગયા એટલે હવે તેમને બોજારૂપ થઈ પડવું તે ચંદ્રમણિશંકરની વિવેકબુદ્ધિને રૂચે તેમ

ન હતું. જે દિશાએ ચંદ્રમણિશંકરનું ચિત્ત નજર કરવા લાગ્યું, તે દિશાએ તેને અંધકાર સિવાય બીજું કશું નજરે પડયું નહિ.

"ઓ પ્રભુ ! ત્યારે હવે હું શું કરૂં? આ દુઃખી જીંદગી, એક ક્ષણભરનું પણ સુખ નહિ! બિચારી લતાએ ગૃહસંપત્તિ વેચી નાંખી, પોતાની પ્રિય વસ્તુને વેચી નાંખવા પણ તે તૈયાર થઇ છે. તે સઘળાનો ભોગ આપીને મારી સેવા સુશ્રૂષા કરી તેણે મને આરોગ્ય પ્રાપ્ત કરાવ્યું, પણ મારા ભાગ્યમાં તે આરોગ્યનું સુખ લખેલું જ નથી! ધંધા વિના ભૂખે મરવાના દિવસો હવે કાંઈ બહુ દૂર નથી! અરેરે, લતા! તેં મને શામાટે મરવા દીધો નહિ! તેં મને સાજો કર્યો તે શું આ દુઃખ માટે? અને તારા મનનું દુઃખ પણ ક્યાં થોડું છે? આટલા દિવસ તેં મારા આરોગ્યની ચિંતા રાખીને મને કાંઈ જણાવ્યું નહિ; અહા! શું તારી સ્વામીભક્તિ ?! ખરેખર, હું એક રત્ન પામ્યો છું, પણ તે રત્ન એક ગરીબડા કબુતરની કોટે બાંધવામાં આવ્યું છે! લતા! લગ્ન પછી હું તને કાંઇ જ સુખ આપી શકયો નથી, બલકે તને સુખમાંથી ઉપાડીને દુઃખમાં નાંખવા માટે જ મેં તારી સાથે લગ્ન કર્યું છે! હાય હાય, બીજું બધું તો ઠીક પણ આ નિર્ધનાવસ્થામાં હવે કેવી રીતે દિવસો ગુજારી શકાશે? ભૂખે દહાડા કેમ જશે? ઓ પ્રભુ! એક ભિખારીના જેટલું બળ મારામાં નથી કે હું ઘેર ઘેર ટુકડા માંગી ખાઉં? આ અસહ્ય સંકષ્ટમાંથી તો હવે મને તારી પાસે બોલાવી લે!"

એટલો વિચાર કરતાં ગભરાટથી ચંદ્રમણિશંકરનું હૃદય ભરાઇ ગયું. તે લતાના પડખામાંથી ખસીને બિછાનામાં જ બેઠો થયો. લતાનું નિર્દોષ વદન જોઇને અને તેણે સહન કરેલાં સંકષ્ટોનું સ્મરણ થઈ આવતાં ચંદ્રમણિશંકરની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. "અરેરે! આ કોમળ પુષ્પમાં પણ પ્રભુએ દુઃખ સહન કરવા જેવું કેવું કઠીન હૃદય મૂકયું છે? મેં તો તેને દુઃખ જ આપ્યું છે, પણ તે સાથે પિતા તરફનું પણ તે બિચારીએ ક્યાં ઓછું દુઃખ સહન કર્યું છે? પિતાનો

તિરસ્કાર—અસાધારણ તિરસ્કાર તે શું નાનું—સૂનું મનોદુઃખ છે? તેને પણ તે ગરીબડી સ્ત્રી ઔષધની પેઠે ગળી ગઇ— ભૂલી ગઇ! અહો! એ ગૃહરત્નને પ્રભુએ શું દુઃખ ખમવાને જ નિર્માણ કર્યું હશે? લતા! વ્હાલી લતા! પણ હવે હું તને વધારે દુઃખરૂપ થવા માંગતો નથી! આ દુઃખોથી કંટાળીને, નિરાશાઓથી ઘેરાઇને, નિર્બળતાથી હતાશ બનીને આ ક્ષુદ્ર જીવનનો અંત આણવો તેને જ હવે હું સુખ લેખું છું; બળ્યું આ દુઃખમાં જીવવું, અને Existence ને માટે struggle કરવું (ભરણ પોષણને માટે ફાંફાં મારવાં); એ કરતાં એક વાર—અને હા, ફક્ત છેલ્લી જ વાર વિષ પીને સૂઇ રહેવું, સહેવું પણ નહિ અને જોવું પણ નહિ, તે શું ખોટું?"

વિચારો અટક્યા. આત્મઘાતનો વિચાર મગજમાં સહસા આવ્યો પરન્તુ તુરત અદૃશ્ય થયો નહિ. હૃદયમાં પ્રવર્તેલી નિરાશાએ આમંત્રેલો છે વિચાર કાંઇક ટક્યો અને ચંદ્રમણિશંકર બિછાનામાંથી બેઠા થઇ ઓરડામાં જઇ આરામ ખુરશીપર પડ્યો. લતાનું નિર્દોષ વદન આંખો સામેથી દૂર થયું અને તે સાથે તેની સ્થિતિનો વિચાર પણ મગજમાંથી દૂર થયો. "છેવટને માટે એક વાર દુઃખ વેઠીને સૂઇ જવું, દેખવુંએ નહિ અને દાઝવુંએ નહિ, નોકરી માટેની પણ ચિંતા નહિ, કે લ્હેણદારને જવાબ પણ આપવો નહિ, એ શું ખોટું? એ વાત ખરી છે કે આ દુનિયાને ભારરૂપ થઇ પડતા ગરીબોએ હવે વધુ વાર જીવવું જોઇએ નહિ. જીવવું તો સુખમાં જ જીવવું અને નહિતો આપઘાત કરીને મરી જવું તે જ સારૂં!" પુનઃ લતાનું સ્મરણ થયું: "હું મરી જઉં તો મારે ફક્ત એક લતાની સ્થિતિની ચિંતા કરવાની છે! પણ એમાં ચિંતા શાની? હું જઇશ એટલે પછી તે તેના પિતાને ત્યાં રહી શકશે અને નહિતો નિરધાર સ્ત્રીઓને માટે દુનિયામાં ઉપકારકોનો તોટો નથી! પોતાની નમ્રતાથી અને માયાળુ સ્વભાવથી તે ભૂખી નહિ રહે પરન્તુ જો હું જીવતો હોઇશ તો થોડા વખત પછી

હું ભૂખે મરીશ અને તે બિચારીને પણ ભૂખે રીબાવીશ! લલિતા! વ્હાલી લલિતા! વૈધવ્ય જ તને સુખરૂપ છે અને મારા જેવા દુઃખી માણુસે મરી જવું એ જ ઉચિત છે! બે દિવસ લોકો વાત કરીને રહેશે, અને તે પણ મારે ક્યાં જોવું છે, કે સાંભળવું છે?"

ચંદ્રમણિશંકર આરામખુરશીમાંથી બેઠો થયો. "જે કરી નાંખવું તે હવે વિચાર કર્યા વિના સહસા જ કરી નાંખું; નહિતો મારૂં ડગમગતું મન મારો હેતુ સિદ્ધ નહિ થવા દે," એમ વિચારતો તે કબાટ ભણી ગયો. તેમાંથી દવાની એક શીશી અને દવા પીવાનો ગ્લાસ કાઢ્યો. શીશીમાં એક ઝેરી દવા હતી, જેનાં બે ટીપાં એક આઉંસ પાણી સાથે પીવાની ડાક્ટરે સૂચના કરી હતી. તે આખી શીશી ચંદ્રમણિશંકરે ગ્લાસમાં રેડી દીધી, અને તે જોતાં જ મન ડગમગ્યું! "અરે! હું આ શું કરૂં છું? હું આ પીશ અને પાંચ મિનિટમાં આ ફાની દુનિયાનો ત્યાગ કરી જઇશ! હાય, પ્રભુ! તેં નિરાશાને કેટલી ભયંકર બનાવી છે? તે નિરાશાએ, તેથી ઉત્પન્ન થતા દુઃખે આજે મને આત્મઘાત કરવાને પ્રેર્યો છે!" એમ બોલતો તે પાછો ખુરશીમાં બેઠો. ડગમગતા મનને દાબી રાખવાને સહસા ગ્લાસને તેણે હોઠે અરકાડ્યો પણ નિર્બળ મને તે પીવા દીધું નહિ! "અરેરે નિર્બળતા! મનની નિર્બળતા! આ ઝેર પીવા દેવામાં પણ તું કેમ તારો પ્રભાવ દર્શાવે છે? શું આ ઝેર પીવાથી હું ભય પામું છું? ના, નહિ જ! ભયની શી જરૂર છે? શરીરથી પ્રાણ છૂટા કરતાં શામાટે ડરવું જોઇએ? ઝેરથી પણ વધારે કડવાં ઔષધો ખાતાં મ્હોં પાછું લીધું નથી, તો પછી આ છેલ્લી જ વારનું એક ઔષધ પી જતાં, મન! તું શાને આટલું બધું નિર્બળ થાય છે? શું તારે હજી જીવવું છે? આ દુઃખોના અંબાર વચ્ચે, આ નિરાશાઓના ઢગ વચ્ચે અને આ અંધકારમય દિશાઓ વચ્ચે શું તારે હજી જીવવું છે? નહિ, નહિ,

હવે તો તારે છેવટને માટે આ ફાની દુનિયાનો ત્યાગ કરીને આ અસહ્ય દુઃખોનો તથા નિરાશાઓનો અંત આણવો જોઇએ !"

મનને દૃઢ બનાવવાનો પ્રયત્ન કરતાં ગ્લાસને આંખો સામે ધરી રાખીને તે ક્ષણભર વિચાર કરી રહ્યો. થોડી વારમાં આંખોમાંથી અશ્રુધારા ચાલી રહી. તેના હૃદયમાં જાગૃત થએલા લતા સંબંધી વિચારોએ તેને વધારે દુઃખી બનાવ્યો હતો. "અરેરે ! ગરીબાઇ ! દુઃખ ! નિરાશા ! તમે મને કેવી સ્થિતિમાં આણ્યો છે ? તમે મને કેવા વિકટ સંજોગોમાં મેલી દીધો છે ? લતા, લતા ! અરેરે ! દિલને ગમે તેટલું કઠિન કરતાં છતાં પણ હું તને ભૂલી જઇ શકતો નથી ! તારો નિર્બળ મનનો પતિ, હા વ્હાલી લતા ! આ સંસારને નિષ્ફળ કરીને, તેથી કંટાળીને, જગતમાં અપકીર્તિ કરીને, તને છોડી દેવા તૈયાર થયો છે !" એટલું બોલતાં ચંદ્રમણિશંકર ઉઠયો અને હાથમાં ઝેરના પ્યાલા સાથે બિછાના તરફ ગયો. લતાનું સ્વપ્નમાં મ્હાલતું તેજસ્વી મુખડું જોતાં જ ચંદ્રમણિશંકરની આંખોમાંથી પુનઃ આંસુ આવ્યાં. તેણે લતાના ચ્હેરાપર હાથ ફેરવ્યો અને પછી તે હાથ તેના માથાપર મૂકી એ નિદ્રામાં પણ સસ્મિત ભાસતા વદનસુધાકર તરફ સ્નેહભરી આંખોએ તે જોઈ રહ્યો. ગરીબડી લતા ! તે બિચારીને પોતાના મસ્તકપર ભ્રમતા વૈધવ્યનું સ્વપ્ન પણ નહોતું ! "**रंकं करोति राजानं राजानं रंकमेव च,** રાજાને રંક અને રંકને રાજા કરનાર પ્રભુની લીલા પોતાને માટે જ ખડી નીવડવા બેઠી છે, એમ આ બિચારીને ખબર નથી ! ગૃહસંપત્તિમાં રંક છતાં સૌભાગ્યવતી હોઇને પોતાને રાજા તુલ્ય માનતી આ નિર્દોષ મૂર્તિ નથી જાણતી કે એક ક્ષણ પછી તે રંકતુલ્ય વિધવા બની જનાર છે; અરે ના, હું જ તેને વિધવા બનાવવા તૈયાર થયો છું ! અહો ! આ નિદ્રામાં પણ સસ્મિત ભાસતો ચ્હેરો હવે હંમેશને માટે રડતો બનશે ! લતા ! વ્હાલી લતા ! તું જીવનભર આ સંસારમાં રડતી રહીશ તેનો દોષ શું તું મને દઇશ ? ના, ના; હું દૂષિત નથી. ગરીબાઇ ન સહન કરી શ-

કનાર મારૂં નિર્બળ મન તને પણ દુઃખી કરવાની મને પ્રેરણા કરી રહ્યું છે! થોડા દિવસ પછી ભૂખે મરવાના દિવસો આપણ બન્નેને માટે આવી પહોંચશે! તે ભૂખથી રીબાઇને મરી જવા કરતાં અત્યારથી જ થોડા દિવસ વહેલું પણ મરવું શામાટે શ્રેયસ્કર ન લેખાય! કાંઇ ફીકર નહિ! લતા! એક વખતની મારી પણ હવે તો પ્રભુને ખોળે સૂતેલી લતા! હું જઉં છું! હું તારો નિર્બળ મનનો પતિ આ સંસારમાં તને એકલી–અટૂલી મુકીને, ગરીબાઇમાં ગોંધાએલો, નિરાશાથી ઘેરાએલો, દુઃખોમાં દબાએલો અને અંધકારમય સંસારમાં આથડતો, હું જઉં છું! પ્રભુ તને સુખી કરો!" એટલું બોલતાં ચંદ્રમણિશંકર હાથમાંનો પ્યાલો મ્હોંની નજીક લાવ્યો. આંખમાંથી ટપકતાં આંસુના બિંદુ પ્યાલામાં પડયાં અને વિષમાં ભેળાયાં!

* * * * *

જે સમયે વદી પંચમીનો ચંદ્ર ઉદય પામતો હતો, નજીક આવતા પ્રભાતનો શીતળ વાયુ આરંભાતો હતો, મધ્યરાત્રિની શાંતિ કાંઇક ભગ્ન થતી જતી હતી, રાજા સૂર્યસિંહ મધુરી શોભનાને સાથે લેઇ અંધારપિછોડો પહેરીને શહેરમાં નગરચર્યા જોવા–સાંભળવા માટે ફરતો હતો, તથા જે સમયે નન્દિની વાટિકામાં કાન્તિલાલ નન્દિનીનાં પત્રોને વાંચતો હર્ષ, શોક અને આનંદથી ચમકતો હતો, મુંબઇમાં વાયોલેટ પોતાના પ્રિયતમના વૈરીના ભયથી નિદ્રામાં પણ ફફડતી હતી, મંગળદાસ શેઠ પોતાના પુત્રનું સ્વપ્ન જોતા હતા, અને જે સમયે ગોપાળરાય શેઠની એક પુત્રી લલિતા લાંબી મુસાફરીના શ્રમથી શ્રમિત થઇને વૃદ્ધનગરના મંત્રીના મેમાન તરીકે એક સુંવાળા 'સોફા' પર શાંત નિદ્રા લેતી હતી, તે સમયે ગોપાળરાય શેઠની દ્વિતીય પુત્રી લતાને માથે વૈધવ્યદુઃખનું વાદળું ઝઝૂમી રહ્યું હતું!!

ભાગ ૨ જો સમાપ્ત.



“ [illegible] ! એક [illegible] માગી, પણ [illegible]

[illegible] ! [illegible] ”

પૃષ્ઠ ૨૦[illegible].